# જગડુશાહ



ગુણવંતરાય આચાર્ય

# જગડુશાહ

[દાનવીર જગડૂશા]

: લેખક :

ગુણવંતરાય આચાર્ય

શ્રી જીવન-મણિ સદ્‌વાચનમાળા ટ્રસ્ટ

હઠીભાઈના દેરા સામે, દિલ્હી દરવાજા બહાર : અમદાવાદ

[ સર્વ હક્ક લેખકને અધીન ]

આવૃત્તિ પહેલી : ૧૯૫૯
પુનર્મુદ્રણ : ૧૯૬૧

કિંમત : ૩ રૂપિયા

: લેખક :
ગુણવંતરાય આચાર્ય
ગુલબહાર, પહેલે માળે
મેટ્રો સિનેમા પાછળ, મુંબઈ-૧

: પ્રકાશક :
લાલભાઈ મણિલાલ શાહ
શ્રી જીવન-મણિ સદ્‌વાચનમાળા ટ્રસ્ટ
હઠીભાઈના દેરા સામે, અમદાવાદ

: મુદ્રક :
સુરેશચંદ્ર પોપટલાલ શાહ : ડાયમંડ જુબીલી પ્રિન્ટિંગ પ્રેસ
સલાપોસ ક્રોસ રોડ : દિગંબરની વાડીમાં : અમદાવાદ

જગતશેઠ જગડૂશાનું આજે એક માત્ર સ્મારક ભદ્રેશ્વરનું જિનાલય;

—એ જેમણે પોતાના બીજા જીવની જેમ જાળવી રાખ્યું છે........તે

**પૂ. આણંદજી બાપાને—**

[ પં. શ્રી આણંદજી દેવસી શાહ ]

અનેક વાતો અને પ્રેમ-પ્રસંગોના
એક સ્વલ્પ ઋણસ્વીકાર લેખે-

—અર્પણ

—ગુણવંતરાય આચાર્ય

# પુનર્મુદ્રણ પ્રસંગે

શ્રી. જીવન–મણિ સદ્વાચનમાળા પોતાનાં પાંચ વર્ષ પૂરાં કરી, છઠ્ઠા વર્ષમાં પ્રવેશ કરવાની તૈયારીમાં છે. પાંચ વર્ષમાં એણે ઓછામાં ઓછા મૂલ્યે રૂપભર્યાં, રંગભર્યાં, સુરભિભર્યાં નાનાં–મોટાં પુષ્પોની ફૂલછાબ ધરી છે. એને સાર્વત્રિક સત્કાર સાંપડ્યો છે, એ આનંદની બીના છે.

મશહૂર લેખક શ્રી. ગુણવંતરાય આચાર્યનું 'જગતશાહ' રજૂ કરતાં અમને ખરેખર આનંદ થાય છે, જેની આ બીજી આવૃત્તિ છે.

મોંઘવારી બેફામ વધતી જાય છે. મોંઘાભાવે પણ સારા કાગળો મળવા દુર્લભ છે: એવા કપરા સમયમાં પણ કરેલ નિરધાર મુજબ આ સદ્વાચનમાળાનું લવાજમ એનું એ રાખ્યું છે: એના કાગળો તથા ગેટઅપ પણ એ જ રાખ્યું છે, બલ્કે વધાર્યું છે, તેની ગ્રાહકોને નોંધ લેવા વિનંતી છે. આશા છે કે દરેક ગ્રાહક બીજા ગ્રાહકો વધારી આપવાની ભાવના સાથે આ સદ્વાચનમાળાને સત્કારશે.

'જગતશાહ' અમને આપવા બદલ સહૃદયી શ્રી. આચાર્યભાઈના અને એમાં પ્રેરક થનાર ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલયના માલિક અને અમારા મિત્ર શ્રી શંભુભાઈના અમે આભારી છીએ. આ ગ્રંથની છાપકામની શુદ્ધિ વગેરે જાળવવા બદલ પં. શ્રી. રતિલાલ દીપચંદ દેસાઈનો અમે આભાર માનીએ છીએ.

—વ્યવસ્થાપક

# અનુક્રમ


કથાપ્રવેશ ... ... ... ... ૩
૧. કંથકોટનો સંઘપતિ ... ... ... ૨૪
૨. ભાઈબંધો ... ... ... ... ૩૯
૩. ગંગા–અવતરણ ... ... ... ૬૧
૪. ચાવડો સંધાર ... ... ... ... ૭૫
૫. જસોદાના ચાંદલા ... ... ... ૯૪
૬. ડાહ્યો દીકરો દેશાવર ખેડે ... ... ... ૧૦૮
૭. રાજા, વાજાં ને... ... ... ... ૧૨૦
૮. સંધારનો કેદી ... ... ... ... ૧૩૧
૯, પિરોટન ... ... ... ... ૧૫૨
૧૦. ભાઈબંધી ... ... ... ... ૧૬૯
૧૧. અડધે રસ્તે ... ... ... ... ૧૮૨
૧૨. તુફાન આયા ! ... ... ... ... ૧૯૯
૧૩. મકરાણનો મગરમચ્છ ... ... ... ૨૧૫
૧૪. પાપ તારું પરકાશ રે ! ... ... ... ૨૨૮
૧૫. પીથલ સુમરો ... ... ... ... ૨૪૨
૧૬. માંડવગઢની જાન ... ... ... ૨૫૯
૧૭. ગધેડાને શિંગડાં ઊગ્યાં ! ... ... ... ૨૭૧
૧૮. અકાલ ... ... ... ... ૨૮૩
૧૯. પંદરની પાળ ... ... ... ... ૨૯૬

# આમુખ

કોઈ રાજા નહિ, કોઈ મહારાજા નહિ, કોઈ અમાત્ય નહિ, કોઈ સેનાપતિ નહિ, છતાં વિક્રમની તેરમી સદીના અંતઃકાળમાં ને ચૌદમી સદીના આરંભમાં ઇતિહાસમાં, લોકકથામાં, ધર્મકથામાં, જગતશેઠ જગડૂશાનું નામ સોળે કળાએ દીપે છે.

લોકકથા તો એની સ્મૃતિને એક અજબ જેવી અંજલિ આપે છે. એને માટે આજ પણ ભાવિકો પૂર્ણ શ્રદ્ધાથી માને છે કે એણે પંદરની પાળ બાંધી છે: એટલે કે વિક્રમની કોઈ સદીના પંદરમા વરસમાં દુકાળ પડે નહિ.

એ સાહસિક સોદાગર હતા. એક બે વાર એમને અકસ્માતથી ઘણો લાભ થયો હતો, અને એ ધન-લાભથી એમણે ઘણો ધર્મ-લાભ કર્યો, ને એમણે સોદાગરોની રમણીય ભદ્રેશ્વરની નગરી બાંધી હતી: આટલી જ વાતોનો ઉલ્લેખ મળે છે. આટલી વાતો જૈન સાહિત્યમાં છે.

બ્રાહ્મણ સાહિત્યમાં, હિંગળાજ માતાને એમણે બીજા કોઈના નહિ, પણ પોતાનાં સ્વજનોનાં બલિ આપીને ટેકરી ઉપરથી નીચે ઉતાર્યાં ને ત્યારથી અઘોર પંથીઓના એ કુલદેવી એમના પ્રસન્નસ્વરૂપે હર્ષિદાને નામે આજ સુધી બિરાજે છે, એવી વાત છે.

અનાયાસે મારે કચ્છમાં જવાનું થયુ. ભદ્રેશ્વરમાં રહેવાનું થયું. એનું રમણીય જિનાલય ને એના ખંડિયેરોમાં ભમવાનું થયું. એમાંથી આ કથાનો ઉદ્‌ભવ થયો છે.

જગડુશા એક ઐતિહાસિક પુરુષ થઈ ગયા છે ને ત્રણત્રણ વર્ષનો ભયંકર અકાળ એ સાહસિક સોદાગરે આખાયે મુલકને ઉતરાવ્યો હતો, અને એથી કરીને 'દાનેશ્વરી' 'જગતશેઠ—જગતશાહ' નું બિરુદ પ્રાપ્ત કર્યું હતું. આટલી વાતની તો ઇતિહાસના સર્વ ગ્રંથો અચૂક અને અફર સાક્ષી પૂરે છે.

એમની એ મહા જીવનસિદ્ધિને આજે સાતસો વર્ષ બરાબર પૂરાં થાય છે, ત્યારે એ પુણ્યશ્લોકી પરમાર્થીને યત્કિંચિત આટલી સ્મરણાંજલિ આપવામાં મન ગૌરવ અનુભવે છે.

ઘાટકોપર

તા. ૧૫-૩-૫૯

—ગુણવંતરાય આચાર્ય

# જગતશાહ

[ જગતશેઠ જગડૂશાહ ]

# કથાપ્રવેશ

આ ઐતિહાસિક નવલકથાની પરાકાષ્ઠાનો કાળ છે વિક્રમ સંવત ૧૩૧૫ની આસપાસનો અથવા ઈસ્વીસન ૧૨૫૯નો.

કોઈ ભયંકર ભૂકંપમાં નાશ પામેલી નગરીનો ભંગાર ચોમેર વેરવિખેર પડ્યો હોય, ને એમાં ચારેકોર સર્વનાશનાં જ એંધાણ ઊભાં હોય, એવા ભંગારની વચમાં, એક હીરો — શાનદાર, પાસાદાર, ઊંચામાં ઊંચા પાણીનો, ગુલાબી ઝાંયવાળો, કોઈ કાબેલમાં કાબેલ કારીગરની શરાણે ચડીને અજવાળાના સત્ત્વ સમો – પ્રકાશના અર્ક સમો – પ્રકાશતો હીરો — પડ્યો હોય એમ ઇતિહાસમાં એ કાળનાં માણસોએ સર્જેલા ને કુદરતે સર્જેલા ભંગારની વચમાં જગતશેઠ જગડૂશાહનું નામ ચમકે છે.

આ ભંગાર ક્યાંથી આવ્યો, આ હીરો ક્યાંથી આવ્યો, એ ખરેખર એક રસિક વિષય છે.

જગડૂશાહ સંબંધી આજે ઉપલબ્ધ સામગ્રીમાં આધારભૂત ગણાય એવી હકીકતો થોડીક છે; આધારભૂત ન ગણાય એવી હકીકતો વિશેષ છે. લોકકથાઓ અનેક છે, દંતકથાઓ અનેક છે, ધર્મકથાઓ અનેક છે, ને એ સહુનો સમુચ્ચય એક એવી ભુલભુલામણી સરજે છે કે જેમાં એકવાર પેઠા પછી બહાર નીકળવાનું મુશ્કેલ બની જાય છે.

આમ છતાં આમાંથી આટલો સાર અવશ્ય નીકળે છે: જગડૂશાહ નામનો એક માનવી થઈ ગયો. એ કોઈ રાજા નહોતો, રાજાનો

મંત્રી નહોતો, લડવૈયા નહોતો, કોઈ જોદ્ધો ન હતો, ક્યાંયનો સૂબો નહોતો, હાકેમ નહોતો; એ કાંઈ જ ન હતો, અને છતાં એ એવો માનવી હતો કે જેણે સાહિત્યકારો, જૈન આચાર્યો, બ્રાહ્મણ પંડિતો અને જનસમાજ તમામની કલ્પનાનો કબજો લીધો હતો.

ભોળો અભણ ગણાય એવો ગ્રામજન — પછી ભલે એ ગમે તે મત, પંથ કે સંપ્રદાયનો હોય — આજ નિઃસીમ શ્રદ્ધાથી માને છે કે આ સૃષ્ટિ જ્યાં સુધી ટકશે ત્યાં સુધી 'પંદરની પાળ' કદીય તૂટશે નહિ ! કોઈ પણ સૈકામાં પંદરમી સાલમાં કદીયે દુકાળ પડશે જ નહિ, કેમ કે જગતશેઠ જગડૂશાએ 'પંદરની પાળ' બાંધી છે.

અનન્ય શ્રદ્ધાથી, આજ લગભગ સાતસો વર્ષ પછી પણ, લોકો માને છે કે મેઘરાજા જેવા સ્વૈરવિહારી ને સ્વેચ્છાચારી દેવે જગતશેઠ જગડૂશાને એવું વચન આપ્યું હતું કે, ભયાનકમાં ભયાનક, માણસ-ભૂખ્યા, કલિરુદ્રાવતારસમા દુકાળદેવે જગતશેઠ જગડૂશાને એ કોલ આપ્યો છે કે, 'આજથી કોઈ દિવસ પંદરની સાલમાં હું પડીશ નહિ.'

લોકોની કલ્પનાનો, શ્રદ્ધાનો અને વિશ્વાસનો આટલો ઘેરો કબજો આજ પહેલાં, આ એક સિવાય, બીજી કોઈ ઇતિહાસપ્રસિદ્ધ વ્યક્તિએ લીધો નથી. દુકાળની સામે, ભલે એક જ વર્ષનું પણ આટલું નિર્બંધ રક્ષણ આપનાર માનવી તરીકે લોકોએ, સાહિત્યકારોએ, આચાર્યોએ, પંડિતોએ, કવિઓએ, પૌરાણિકોએ ઈશ્વરના અવતાર મનાતા રામ અને કૃષ્ણને પણ કલ્પ્યા નથી.

હજારો વર્ષથી ચાલતી આવતી આ દેશની ઐતિહાસિક, સામાજિક, ધાર્મિક પરંપરામાં લોકોની જેવી શ્રદ્ધા આ એક દરિયાસારંગને મળી છે, એવી બીજા કોઈને મળી નથી.

આ દરિયાસારંગની જીવનકથા માટેનાં સાધનો, નક્કર ઐતિહા-

સિક સાધનો નહિવત્ છે. ઐતિહાસિક જડતરની વચમાં એની તસ્વીરને રંગબેરંગી રંગવાના પ્રયત્નો અનેક કવિઓ, પૌરાણિકો અને કથાકારોએ કર્યા છે.

આ પણ એક એવો જ પ્રયાસ છે.

પહેલાં આપણે જગતશેઠ જગડૂશાહના જીવન-મરણનો કાળ આંકીએ. જગતશેઠ જગડૂશાહનો તેજસ્વી અંતભાગ સંવત ૧૨૮૬ થી ૧૩૧૮ સુધીનો. એમના પુરુષાર્થથી ભરેલા એ અંત ભાગના જીવનના આરંભકાળે એમની વય આપણે ચાલીસ વર્ષની આસપાસની મૂકીએ.

શા માટે ચાલીસ જ મૂકવાં ને બે, પાંચ કે દશ વર્ષ વધારે નહિ કે ઓછાં નહિ, એનું કોઈ કરતાં કોઈ ઐતિહાસિક કારણ નથી. એવા કારણમાં માત્ર એક કાઠિયાવાડના ગાધવી બંદર કાંઠે આવેલા હરસિદ્ધ માતાના મંદિર સાથે સંકળાયેલી એક લોકકથા જ છે. એ કથા જગડૂશાને વિક્રમ સંવત ૧૩૦૦ની આસપાસની સાલમાં એક પત્નીના પતિ તરીકે અને સાત પુત્રો અને એક પુત્રીના પિતા તરીકે વર્ણવે છે. એ લોકકથા કોઈ કરતાં કોઈ ઐતિહાસિક સત્ય કહે છે એમ નથી, પરંતુ એની વયના અનુમાન માટે આ એક સિવાય બીજે ક્યાંયથી કશો જ ઉલ્લેખ ઉપલબ્ધ નથી.

એ કથા પ્રચલિત થઈ છે વિક્રમ સંવત ૧૫૦૦ની આસપાસના ગાળામાં; એટલે ચરિત્રનાયકના અવસાન પછી આશરે દોઢસો વર્ષે સામાન્ય જનસમાજનો આવો ખ્યાલ હતો, એમ એ સૂચવે છે. હવે આવા મોટા પરિવારના પિતા થવાને માટે એ કાળે એની વય આશરે પચાસ વર્ષની હોઈ શકે; ઓછી ન હોય એનું કોઈ કારણ નથી, પરંતુ એનો એટલો બધો સમય દરિયાઈ સફરોમાં ગયો હતો કે અંદાજે આટલાં વરસ ગણવાં મને ખોટાં નથી લાગ્યાં.

એ પ્રમાણે જગડૂશાહનો જન્મ વિક્રમ સંવત ૧૨૪૦ થી ૧૨૫૦

ની વચમાં મૂકી શકીએ.

એક ખાસ વાત ધ્યાનમાં રાખવી ઘટે. ભદ્રેશ્વરના સ્વમાનનો – એમના પોતાના સ્વમાનનો – પ્રશ્ન ઊભો ના થયો ત્યાં સુધી જગડૂશાહ ઇતિહાસના આજના ઉપલબ્ધ સાહિત્યમાંથી ફલિત થાય એવા કોઈ પણ રંગમંચ ઉપર આવ્યા ન હતા.

એ પ્રશ્ન પતી ગયો એટલે જગડૂશાહ પાછા ઇતિહાસના રંગમંચ ઉપરથી અદૃશ્ય થાય છે.

અને પાછા દેખાય છે ત્યારે "દુર્વિદગ્ધ દાવાનલ" સમા ભયંકર દુર્ભિક્ષ–દુકાળના વિજેતા તરીકે સંવત ૧૩૧૫-૧૬–૧૭ માં.

* * *

**જગડૂશાહના** જન્મ અને પુરુષાર્થનાં વરસો દરમ્યાન માનવીઓએ ગુજરાતમાં ભયંકર ભંગાર ભરી દીધો હતો !

વિક્રમ સંવત ૧૨૩૪ની સાલમાં દિલ્હીના સુલતાન મોઇઝુદ્દીન ઘોરીએ ગુજરાત ઉપર ચડાઈ કરી. આ ચડાઈમાં માળવા ગુજરાતમાંથી છૂટું પડ્યું. આબુના યુદ્ધમાં તુરુષ્કોની સેનાનો પરાજય થયો. પણ માળવામાં સુલતાન અને પરમારો વચ્ચેનો જંગ ચાલુ રહ્યો.

વિક્રમ સંવત ૧૨૪૫માં નીચેથી દેવગિરિના રાજા ભિલ્લમે ગુજરાત ઉપર ચડાઈ કરી. તાપી, નર્મદા, મહી, સાબરમતી, સરસ્વતી નદીઓ પાર કરતો, ગુજરાતમાં ચારેકોર આગ અને લૂંટ કરતો ભિલ્લમ દક્ષિણમાંથી પ્રવેશ કરીને છેક ઉત્તર સરહદે પહોંચ્યો, અને ત્યાં એનો પરાજય થયો.

વિક્રમ સંવત ૧૨૪૮માં પૃથ્વીરાજ ચૌહાણનો પરાજય થયો. ૧૨૫૧માં ગુલામ સુલતાન કુતુબુદ્દીને ગુજરાત ઉપર આક્રમણ કર્યું. એ વખતે તો એનો પરાજય થયો, પરંતુ બે વર્ષ પછી એ પાછો ચઢી આવ્યો. આબુના યુદ્ધમાં ગુજરાતનો કારમો પરાજય થયો ને

કુતુબુદ્દીન આવીને પાટણમાં વસવાટ કરવા લાગ્યો.

હથોડાના ભયંકર પ્રહાર નીચે કોઈ ખડક ભંગાતો હોય એમ, તુરુષ્કોના હાથે સિદ્ધરાજ – કુમારપાળનું ગુજરાત ભાંગતું જતું હતું. માળવા ગયું. છેક દિલ્હીના પાદર સુધી પહોંચતી ગુજરાતની હદ આબુ સુધી સંકડાઈ ગઈ. કુતુબુદ્દીનના આ વિજય પછી ગુજરાતના પાછા બીજા ત્રણ ટુકડા પડ્યા. સૌરાષ્ટ્ર લગભગ જુદું જ પડી ગયું.

તળ ગુજરાતમાં જયંતસિંહ સોલંકી સર્વેશ્વર બન્યો.

એક ભગીરથ પ્રયાસ કરીને કુતુબુદ્દીનને પાટણમાંથી કાઢ્યો. ગુજરાતની ઘોડેસવાર ફોજ છેક દિલ્હીના પાદર સુધી પહોંચી.

આકાશમાં શિકારવિહારે નીકળતો શકરો ઘૂમતો હોય અને ધરતી ઉપર પંખીઓ અંદર અંદરના કલહમાંથી નવરાં જ ન થતાં હોય એમ, દિલ્હીમાંથી તુરુષ્કોનો ઘેરો પડછાયો આખા ભારત ઉપર પથરાયો હતો, છતાં ભારતના નાનામોટા રાજવીઓ પોતપોતાના રાગદ્વેષો ભૂલવાને તૈયાર ન હતા; એ બધા તો એકબીજાના મુલકનો નાશ કરીને બાપદાદાનાં વેર વસૂલ લીધાનો આત્મસંતોષ મેળવતાં હતાં !

પાટણે કુતુબુદ્દીનનો પરાજય કર્યો ને પાટણની સેના છેક દિલ્હીના પાદરમાં પહોંચી; એમાં માળવા ઉપરથી દિલ્હીના સુલતાનનો કાબૂ છૂટી ગયો. માળવાના બેત્રણ ટુકડા થઈ ગયા હતા; અને એકબીજા ઉપર સરસાઈ મેળવવાને એ ટુકડાઓ અંદર અંદર સંઘર્ષતા હતા. પરંતુ ગુજરાત ઉપરનું પુરાણું વેર વસૂલ કરવાની બાબતમાં બધા એકમત હતા.

એટલે કુતુબુદ્દીન ગુલામને પાટણમાંથી નસાડ્યો ને ગુજરાતની સેના દિલ્હીના પાદરમાં પહોંચી, એટલે એની પીઠ પાછળ માળવાના સુભટ વર્માએ ગુજરાત ઉપર ચડાઈ કરી અને લાટ કબજે લીધું. અને લાટનો ગુજરાતના તાબાનો સામંતસિંહ, એ હવે માળવાના તાબાનો સામંત બન્યો.

લાગલાગટ ચાર વર્ષ સુધી માળવાના સુભટ વર્માની ફોજ ગુજરાતમાં ફરી વળી. એણે ખેતી બાળી, સીમ બાળી, ગામો બાળ્યાં. સુભટ વર્માનું આ અરસામાં અવસાન થયું. એની પાછળ અર્જુન વર્મા આવ્યો. એણે તો પદ્ધતિસર ગુજરાતનો નાશ કરવા માંડ્યો. એની પ્રશસ્તિઓમાં એને ગુજરાતમાં દાવાનલ જેમ ફરી વળેલા વીર તરીકે ઓળખાવાયો છે.

સાત વર્ષના એકધારા ખૂનખાર અને વિનાશક સંગ્રામ પછી ગુજરાતના નામધારી રાજા પાસેથી સોરઠના સર્વેશ્વરનું બિરુદ મેળવનાર શ્રીધર મહેતાએ અર્જુન વર્માનો સોમનાથ આગળ પરાજય કર્યો.

અને દક્ષિણના દેવગિરિના યાદવરાજ ભિલ્લમના પુત્ર સિંહણે વળતે જ વર્ષે – સંવત ૧૨૭૩ માં–ગુજરાત ઉપર ચડાઈ કરી. લાટમાં એણે માળવાના ખંડિયા સામંતને માર્યો, ને નવો સામંત સંગ્રામસિંહ ઉર્ફે શંખ હવે દેવગિરિનો ખંડિયો બન્યો.

આમ ચાલીસ વર્ષમાં તુરુષ્કોની ત્રણ ચડાઈઓ ગુજરાત ઉપર વીસ વર્ષ સુધી ચાલી. એ પછી બીજાં વીસ વર્ષ માળવા અને દેવગિરિનાં આક્રમણો આવ્યાં. એમાં તુરુષ્કોએ બે વર્ષ સુધી અને માળવાએ આઠ વર્ષ સુધી ગુજરાતમાં ઘૂમીને ભયાનક સંહાર ને વિનાશ કરેલો.

આથમતી જ્યોતિનો એક છેલ્લો ઝબકારો હવે થોડા સમય માટે સારાયે ગુજરાતને અજવાળી રહ્યો.

સોલંકીઓના પુરોહિતોનું કુળ છેક દક્ષિણમાંથી એમની સાથે ગુજરાતમાં આવ્યું હતું. એ કુળમાં આ સમયમાં રાજપુરોહિત તરીકે સોમ શર્મા નામના નાગર બ્રાહ્મણ હતા—રાજા ભીમદેવ બીજાનો એ છેક મહારાજ કુમારપાલના કાળથી પુરોહિત.

ભીમદેવ બીજાના રાજકારભારનાં ચાલીસ વર્ષ એણે જોયાં હતાં. એણે ગુજરાત ઉપર સાત વખત પરદેશી સેનાઓને સંહાર વેરતી આવતી જોઈ હતી. એણે દખ્ખણમાં કૃષ્ણા નદીથી ઉત્તરમાં

યમુના નદી સુધી જેનું તેજ છવાયું હતું એ સોલંકી રાજમુગટના ટુકડાઓ થતા જોયા હતા. એણે સામંતોને સ્વતંત્ર થઈ જતા જોયા હતા. એક કાળે દિલ્હીના સુલતાનના તખ્ત ઉપરથી શાસન કરતા ગુજરાતના રાજા ભીમદેવ બીજાને રાજ્ય અને રાજસત્તા વગરના ખાલી રાજમુગટને પકડીને અહીંતહીં નાસભાગ કરતો, એક સામંતના આશરામાંથી બીજા સામંતના આશરા માટે ભટકતો રાજભિક્ષુક બનતો પણ જોયો હતો.

એ પુરોહિતે હવે એક માર્ગ લીધો : એણે સદ્દગત મહારાજા કુમારપાલના માસિયાઈ ભાઈ લવણપ્રસાદ વાઘેલાને મહારાજા ભીમદેવ બીજાની પાસે મહામંડળેશ્વર રાણક તરીકે નિમાવ્યો. પુરોહિતે લવણપ્રસાદને એ પદ સંભાળવાને અને એ પદની જવાબદારી અદા કરવાને સમજાવ્યો, એટલું જ નહિ, પરંતુ આ વૃદ્ધ રાજપુરોહિત પોતાની સાથે બે પોરવાડ વણિક બન્ધુઓને પણ લઈ ગયો.

લવણપ્રસાદ વાઘેલો એ કાળમાં ગુજરાતના જે બહુ થોડા સાચા હિતચિંતકો હતા એમાંનો એક હતો. ભીમદેવ બીજાએ એને સર્વેશ્વર પદ આપીને બીજા બે સર્વેશ્વરો — સોરઠના શ્રીધર મહેતા અને ગુજરાતના જયંતસિંહ — ની સાથે ત્રીજા સર્વેશ્વર તરીકે સ્વીકાર્યો હતો. આ બાપડો રાજા બેઠો હતો તો સિદ્ધરાજ અને કુમારપાળના રાજસિંહાસન ઉપર, પણ એના ભાગ્યમાં કોઈ ને કશું આપવાનું સર્જાયું ન હતું; કોઈ કંઈ પડાવી લે તો એનો સ્વીકાર કરી લેવાનું જ એનું સરજત હતું. ભોળપણ અને નાદાનિયતથી ભારોભાર ભરેલા એના જીવનમાં એનું એકમાત્ર ડહાપણનું કામ સામે ચાલીને કોઈ પણ મોટા પદના અનિચ્છુ લવણપ્રસાદને પોતાના મહામંડલેશ્વર પદે સ્થાપવાનું હતું. ને એમાં પણ રાજા કરતાં રાજપુરોહિતનો હિસ્સો ઘણો મોટો હતો.

લવણપ્રસાદ બહાદુર હતો, ગુજરાતનો હિતચિંતક હતો. અને ગુજરાતના ગૌરવને જાળવવા સિવાય એનામાં બીજી કોઈ મહેચ્છા ન

હતી. પરંતુ પોતાના કુલાભિમાનના નશામાં ચકચૂર બનેલા બીજા અભિમાની સામંતો ને મંડળેશ્વરોની વચમાં આવીને બેસી શકાય એવી એની સ્થિતિ ન હતી.

વાત એમ હતી કે લવણપ્રસાદ વાઘેલાની પત્ની મદનરાણી પોતાના પતિને મૂકીને, પોતાના પતિની હયાતિમાં જ, પોતાની મોટી બહેનના પતિનું—પોતાના સગા બનેવી દેવરાજ પટકિલનું—ઘર માંડવાને ચાલી ગઈ હતી ! એ ચાલી ગઈ તો ચાલી ગઈ, પણ સાથે લવણપ્રસાદ વાઘેલાથી થયેલા પોતાના પુત્રને પણ લેતી ગઈ હતી !

આ અપમાન સામે લવણપ્રસાદ ચૂપ રહ્યો હતો. શા માટે ચૂપ રહ્યો હતો, એના ઘણા ખુલાસાઓ પાછળથી પ્રબંધકારોએ આપ્યા છે. ગમે તેમ, પણ એ ચૂપ બેસી રહ્યો હતો એ હકીકત છે. પોતાની પરણેતરનું અપહરણ કરી જનાર પોતાના સાઢુભાઈ દેવરાજ પટકિલને એણે કોઈ પડકાર કર્યો ન હતો કે એની સામે એણે બીજાં કોઈ પગલાં પણ ભર્યાં ન હતાં.

જેના ઘરસંસારનો આવો ઇતિહાસ હોય એ માણસ અભિમાની મંડળેશ્વરો ને સામંતોની વચમાં પોતાનું સ્થાન કેમ લઈ શકે ? ને એમની પાસે પોતાનું ધાર્યું કેમ કરાવી શકે ?

એટલે જ ગુજરાત ઉપર ખડકાતા જતા સર્વનાશની વચમાં, ગુજરાત ઉપર સતત ચાલતી આવતી પરદેશી ચડાઈઓની વચમાં, રાજા ભીમદેવને બાજુએ મૂકીને જ્યારે સર્વેશ્વરો ધણીરણી થઈ ને બેઠા હતા ત્યારે, સોલંકીઓનો કીર્તિવંત રાજમુગટ ધૂળમાં રોળાતો હતો ત્યારે, લવણપ્રસાદ વાઘેલાનું નામ ક્યાંય દેખાતું નથી. માળવાના સુભટ વર્મા અને અર્જુન વર્માનાં સૈન્યો ગુજરાતની તસુતસુ ભોમનો નાશ કરતાં બે બે વાર એના મંડળના સીમાડા પાસેથી પસાર થયાં, દેવગિરિનું સૈન્ય એકવાર એના પાદર આગળથી પસાર થયું ને ગુજ-

રાતની દક્ષિણ સરહદમાંથી પેસીને છેક સીધું આખા ગુજરાતને ચીરીને ઉત્તર સરહદ સુધી પહોંચ્યું, ત્યાં સુધીમાં—ત્યારે પણ—લવણપ્રસાદનું નામ દેખાતું નથી.

પણ આખરે આ વીર પુરુષ પોતાની પત્નીએ પોતાના ઉપર લાદેલા અપયશના ભાર નીચેથી બહાર નીકળે છે. સાંસારિક ઘટમાળે એની આસપાસ નાખેલી જાળમાંથી આ વીર નર–આ નરસિંહ–મોકળો થાય છે. જ્યારે એનો પુત્ર વીરધવલ ઉમરલાયક થતાં આખી વાત સમજે છે ને પોતાની પતિત માતાનો ત્યાગ કરીને પોતાના અપમાનિત પિતા પાસે આવે છે, ત્યારે વીરધવલને પિતા મહામંડલેશ્વરના આસને સ્થાપે છે. અને ત્યાં જ સોલંકીઓનો રાજપુરોહિત સોમ શર્મા વસ્તુપાળ–તેજપાળની બાંધવબેલડીને લઈને આવે છે.

પછી ગુજરાતનો આ સાચો હિતચિંતક એવો રજપૂતવીર ગુજરાતના ગૌરવને વધારવાને માટે, ગુજરાતને પરદેશીઓથી મોકળું કરવાને માટે, ગુજરાતની નાશ પામેલી જાહોજલાલી ફરીને નવેસરથી સર્જવાને માટે આ ત્રણેય પુરુષસિંહોને છૂટા મૂકે છે: એક વીરધવલ, બીજો વસ્તુપાળ, ત્રીજો તેજપાલ.

એ ત્રણેએ ગુજરાતને ભયમુક્ત કર્યું. એમણે ગુજરાતની અંદર ધસી આવેલાં પરદેશી સૈન્યોનો નાશ કર્યો. એમણે માળવા અને દેવગિરિ અને છેલ્લે દિલ્હી સાથે જુદ્ધો ખેલી સહુના ઉપર આકરા પરાજયો લાદ્યા.

સિદ્ધરાજ અને કુમારપાળના સાહિત્ય, સંસાર, કલા, સ્થાપત્ય અને શૌર્યના જમાનાને એ ત્રિપુટીએ ફરીથી ગુજરાત ઉપર ઉતાર્યો.

વિક્રમ સંવત ૧૨૭૬માં વસ્તુપાળ–તેજપાળ વીરધવલ વાઘેલાના મંત્રી થયા. સંવત ૧૨૭૭માં વસ્તુપાળ મહામંત્રી થયા.

સંવત ૧૨૯૫માં વીરધવલ વાઘેલાનો દેહાંત થયો. સંવત ૧૨૯૬

માં વસ્તુપાળનો દેહાંત થયો.

સંવત ૧૨૯૭માં ભોળા ભીમનું, મહાન વિજયો અને મહાન પરાજયોથી અંકિત થયેલું, લાંબુ અને મોટાભાગનું નામમાત્રનું શાસન પૂરું થયું, અને એનો દેહાંત થયો.

સંવત ૧૩૦૪માં મહામંત્રી તેજપાળના શાસનનો અંત આવ્યો. એનું અવસાન થયું.

વીરધવલ વાઘેલા પછી વીશળદેવ મહામંડલેશ્વર તરીકે આવ્યો. ભોળા ભીમનો પુત્ર ત્રિભુવનપાળ બે વર્ષ માટે નામનો સિંહાસને વિરાજીને સંવત ૧૩૦૦માં અવસાન પામ્યો ને એની સાથે પાટણની ગાદી ઉપરનો સોલંકી શાસનકાળ પૂરો થયો.

ત્રિભુવનપાળ પછી વિશળદેવ વાઘેલો પાટણના સિંહાસન ઉપર બિરાજમાન થયો.

**આ સમયનો** કચ્છનો ઇતિહાસ એક દસ્તાવેજી દાસ્તાન તરીકે સાવેસાવ અંધકારમાં છે. જેટલી લોકકથાઓ, દંતકથાઓ આડોશપાડોશનાં રાજ્યોની સત્તાવાર તવારીખ સાથે સરખાવી શકાય છે, એ પ્રમાણે કાંઇક આવું ચિત્ર ઊઠે છે :—

પુરાતન કાળમાં અફઘાનિસ્તાનની પહાડીઓમાં, અને કોઇક કથાઓને આધારે મિસરમાં, યાદવો રાજ્ય કરતા હતા. એ યાદવોના એક વંશજ નામે નરપતે ગિજનીના સુલતાન ફિરોજશાહને મારીને ગિજની લીધું અને જામનું બિરુદ ધારણ કર્યું. ત્યાર પછી સદ્ગત સુલતાન ફિરોજના ભત્રીજા સુલતાનશાહે ગિજની પાછું લીધું અને

યાદવોનું જામકુળ નીચે સિંધમાં ઊતરી ગયું, અને યાદવો કોઈ અચોક્કસ સ્થળે રાજધાની સ્થાપી રાજ્ય કરવા લાગ્યા.

ગિજનીમાંથી સિન્ધમાં આવનાર પુરુષનું નામ હતું સમા જામ. એના વંશજો અને સાથીઓ સિન્ધમાં યાદવને બદલે સમા રજપૂત તરીકે ઓળખાયા. આ સમા જામની નવમી–દશમી પેઢીએ લાખિયાર ભડ નામનો જામ થયો. એણે નગર સમૈ વસાવ્યું. એ આજનું નગર ઢહા.

આ લાખિયાર ભડને લાખો જામ કરીને એક પુત્ર હતો. કચ્છના દરિયાકાંઠા ઉપર વસતા ચાવડા રાજવીની કુંવરીને એ પરણ્યો હતો; અને એને ચાર પુત્રો થયા હતા. એમાંથી બે મોડ અને મૂનઈ પોતાને મોસાળ ચાવડા રાજવી વીરમદેવને ત્યાં રહેતા હતા.

મોડ અને મુનઈ પોતાના મામાને મારીને ચાવડાઓનો નાશ કરીને ત્યાં રાજ્ય કરવા લાગ્યા. આ મોડ અને મુનઈની છઠ્ઠી પેઢી આપણને લગભગ આપણા કથાકાળ સમીપ લાવે છે.

છઠ્ઠી પેઢીએ મોડ અને મુનઈ બેય ભાઈઓનો નિર્વંશ ગયો. એટલે નગર સમૈના જામ જાડાએ મોડ અને મુનઈના નજીકમાં નજીકના પિતરાઈ હોવાને દાવે લાખા અને લખધીર નામના પોતાના જોડકા પુત્રોને આ ગાદી ઉપર બેસાર્યા. જેમ સમા જામ ઉપરથી સિન્ધવાસી યાદવો સમા રજપૂત કહેવાયા, તેમ જાડા જામના વંશજો તરીકે કચ્છમાં વસવાટ કરવા આવેલા જાડેજા કહેવાયા.

આ બેય ભાઈઓને ચાર ચાર પુત્રો થયા, ને એમણે આંઠ ભાગે આખું કચ્છ વહેંચી લીધું.

કથાકાળે આ આઠેઆઠ વિભાગોનું કામ અંદર અંદર ઝઘડવાનું, એકબીજાનાં ગામો સળગાવવાનું અને એકબીજાનાં ગામો ઉપર લોહિયાળ દાવાઓ કરવાનું હતું!

ગુજરાતના સોલંકી રાજવીઓએ કંથકોટમાં એક કિલ્લો બાંધવા

સિવાય કચ્છ ઉપર ઝાઝું ધ્યાન આપ્યું ન હતું. એક તો નપાણિયો મુલક, વરસાદ થાય નહીં અને રેતી પણ ઘણી : આને લીધે એ એટલું તો કંગાળ હતું કે જાણે એની ગરીબીને દયાપાત્ર ગણીને એના ઉપર આક્રમણ કરવાને કોઈ ફુરસદ જ મેળવતું ન હતું !

સુલતાન મોઇઝુદ્દીન, સુલતાન ગુલામ કુતુબુદ્દીન, સુલતાન ઇલ્તમશ, સુલતાન નાસિરૂદ્દીન, સુલતાન બલબનમાંથી કોઈને ગુજરાતની વાડી મૂકીને કચ્છનું વેરાન પસંદ ન હતું.

માળવાનાં સૈન્યો ગુજરાતમાં એક વખત ત્રણ વરસ ને બીજી વખત બે વરસ સુધી સતત ઘૂમ્યાં હતાં. એમણે પણ કચ્છને લૂંટવા માટે અયોગ્ય ગણ્યું હતું ! દેવગિરિનો રાજા આખું ગુજરાત ખૂંદી ગયો, તોપણ કચ્છને એણે ગણનામાં જ લીધું ન હતું !

આપણા કથાકાળના અરસામાં જ એક તરફ સિંધમાંથી ને બીજી તરફ મારવાડમાંથી બે કોમો કચ્છમાં આવી : કાઠી અને ગોહિલ. અને ઘણું કરીને જેઠવાઓ પણ આ જ ગાળામાં કચ્છમાં આવ્યા હશે. આ ત્રણેય હિજરતી કોમોમાંથી એકેયને કચ્છમાં વસવાટ કરવા જેવું લાગ્યું નહોતું, એટલે એ કોમો કાઠિયાવાડમાં ઊતરી ગઈ.

એટલે આપણા ચરિત્રનાયકના જીવનની પરમોચ્ચ પરાકાષ્ઠાના ઇતિહાસપ્રસિદ્ધ કાળને નજરમાં રાખીને એના જીવનકાળનો જે અંદાજ આપણે સ્વીકાર્યો છે એ ગાળામાં—

ગુજરાત ઉપર સાત પરદેશી ચઢાઈઓ થઈ હતી. એમાંથી તુરુષ્કોનાં સૈન્ય ગુજરાતમાં બે વર્ષ સુધી રહ્યાં. માળવાનાં સૈન્ય પહેલાં ત્રણ વરસ પાકાં ને છેલ્લાં બે વરસ પાકાં ને વચગાળાનાં ત્રણ વર્ષ કાચાં–પાકાં એમ સતત આઠ વર્ષ રહ્યાં.

દેવગિરિનાં સૈન્ય ત્રણ વખત આવ્યાં. એમાં બે વખત લાટ ઉપર, ને એક વખત તો દક્ષિણમાંથી પેસીને સીધા ઉત્તર સરહદ સુધી

પહોંચેલાં. 'ગુજરાતની તસુએ તસુ ધરતીને દાવાનલથી ખાક કરું ત્યારે જ મારા પૂર્વજોનાં અપમાનનું વેર વળે !'–એવી પ્રતિજ્ઞા માળવાના સુભટ વર્માએ કરી હતી, ને પહેલાં ત્રણ વર્ષના ગાળામાં એને પાર પાડવાની જહેમત ઉઠાવવામાં એણે કશી કચાશ પણ રાખી નહોતી.

આ કારણે ગુજરાતમાં જે આર્થિક–સામાજિક ભંગાર ખડકાયો હશે, એની તો કેવળ કલ્પના જ કરવાની રહી.

કચ્છ વિસ્તારમાં પથરાયેલી આ જાગીરો અંદર અંદર ઝઘડતી હતી, અને લૂંટફાટો કરતી હતી.

વિક્રમની પંદરમી સદીના મધ્ય ભાગમાં અને ઓગણીસમી સદીના અંત ભાગમાં–એમ બે વિનાશક ધરતીકંપો આ વિસ્તારમાં થયા હતા. ને એમણે કચ્છની ભૌગોલિક સિકલ ફેરવી નાંખી હતી.

એ પહેલાંના કચ્છમાં ભીમદેવ સોલંકીએ કંથકોટમાં એક કિલ્લો બાંધ્યો હતો એમ દેખાય છે. કચ્છના રણમાંથી તહાર જાતિના લૂંટારાઓને ગુજરાત ઉપર ચડી આવતા રોકવા માટે હોય કે લાખિયાર વિયરો—એટલે કે આજના ભુજના જાગીરદાર લાખા ફુલાણી—ની સોમનાથના રાજા ગ્રહરિપુ સાથેની મૈત્રીને કારણે હોય, ગમે તેમ પણ, રાજા ભીમદેવ પહેલાએ આ પથકમાં એક કિલ્લો બાંધ્યો હતો, ને એનું નામ રાખ્યું હતું કંથકોટ.

મહમદ ગિજનીએ સોમનાથ ઉપર ચડાઈ કરી કે નહિ એ વાત હજી વિવાદરૂપ લેખાય છે. એમ માની લઈએ કે એણે એ ચડાઈ કરી હતી, તો લોકકથાઓ રાજા ભીમદેવને આ કિલ્લામાં આવી વસેલો ગણાવે છે. એ સિવાય આ કિલ્લાનો બીજો ક્યારેય કોઈ ઉપયોગ થયો હોય તો તે જાણવામાં નથી.

આવી જ રીતે ભીમદેવ બીજાએ કચ્છના અખાત ઉપર ભારણાનો કિલ્લો બાંધ્યો હતો, એવો એક લેખ મળે છે. આ સ્થળ કચ્છના

અખાતની સૌરાષ્ટ્રની બાજુ તરફ હતું કે કચ્છની બાજુ તરફ હતું, એ પણ હજી જાણવામાં નથી. કાળાંતરે વિશળદેવ વાઘેલાએ કંથકોટનો કિલ્લો ફરીને સમરાવ્યો હતો.

એ વખતે આજનું પોરબંદર રાજ્ય પણ નહોતું; આજનું ઓખામંડળ પણ નહોતું; આજનું જામનગર રાજ્ય પણ ન હતું.

પરંતુ સૌરાષ્ટ્રના કાંઠા ઉપર ગાધવી બંદરથી માંડીને દ્વારકાં અને પોશિત્રા સુધીના પ્રદેશમાં સંઘાર નામની જાતિ વસતી હતી. સંઘારો એ સાહસિક દરિયાખેડુઓ હતા. ને એમની એ ખેડ વેપાર કરતાં લૂંટને માટે વધારે પ્રમાણમાં થતી હતી. સંઘાર પછી કાળા અને કાબા લોકો ત્યાં વસતા હતા. ને તેઓ પણ વ્યવસાયમાં સંઘારના નાના ભાઈઓ જ હતા!

કચ્છમાં પાટગઢ નામનું ગામ હતું ને ત્યાં ચાવડાઓ રાજ્ય કરતા હતા, એમ કહેવાય છે. આ પાટગઢ ગામ ક્યાં આવ્યું એ તો આજે જાણી શકાતું નથી, પરંતુ ચાવડાઓ હમેશાં જ્યાં હોય ત્યાં, પણ બનતાં સુધી, દરિયાકાંઠે વસતા.

આજે ભદ્રેશ્વર પાસે એક વિશાળ નગરીનાં ખંડિયેરો જમીનમાં દટાયાં હોય એમ લાગે છે. ઇતિહાસમાં ભદ્રાવતી નગરી પહેલી જ વાર જગડુશાહના વખતમાં દેખાય છે, એટલે કદાચ આ ખંડિયેરો પાટગઢનાં હોય તો ના નહીં. અથવા તો ચાવડાઓના મુખ્ય ગઢને પાટગઢ કહેતા હોય, એમ પણ બને. એ જે હોય તે; આપણી પાસે કોઈ પણ જાતના તર્કને સ્થાન મળે એવું કશું જ સાહિત્ય નથી.

કચ્છના ઇતિહાસમાં પણ પાટગઢનું મહત્ત્વ આટલું જ છે કે એને કારણે, એને નિમિત્તે, સિંધના સમા રજપૂતો કચ્છમાં આવીને વસ્યા અને જાડેજા તરીકે ઓળખાયા.

એમની આઠ જાગીરો થઈ. એમાં લખપત, લાખિયાર વિયરો,

કેરા, રાપર અને બાડા એટલાં નામો મળે છે.

એમાં ખેતીનું નામ નહિવત્ હતું, અંદરઅંદર ઝઘડવાનું કામ વિશેષ હતું. આ અધૂરું હોય એમ, ક્યારેક ક્યારેક સિંધના સમા પણ પોતાના આ કુટુંબીઓની જાગીરો ઉપર ચડી આવતા. એકબીજાનાં ઢોર વાળવાં, નાનીમોટી વાતોમાં ચડસાચડસી કરવી, એકબીજાને ભોળવીને મારવા—આવાં કામકાજ ત્યાં ઘણા સારા પ્રમાણમાં ચાલતાં!

વિક્રમની ચૌદમી સદીના અંત ભાગનો—એટલે કે આપણા કથા-કાળ પછીના કાળનો—એક રસિક ઐતિહાસિક ઉલ્લેખ મળે છે: લાખિયાર વિયરોની જાગીર ઉપર ઓઢા જામ નામનો જાગીરદાર આવ્યો, ને એણે પોતાની હદમાંથી તમામ જૈનોને હદપાર કર્યા. આ ઉપરથી ગુસ્સે થયેલા જૈનોએ બાડાના જાગીરદાર રાયઘણજીનો આશરો લઈને લાખિયાર વિયરોની જાગીરમાં લૂંટફાટો કરીને ઓઢા જામને ભારે હેરાન કર્યો હતો.

**આસપાસના** જુદાજુદા પ્રસંગોને સાંકળીને જે કાળને આપણે આપણા કથાકાળ તરીકે આંક્યો છે, તેના પછી લગભગ પચાસ વરસે આ પ્રસંગ બન્યો છે. સાથોસાથ આપણી કથાનો આરંભકાળ ગણી શકાય એવા કાળમાં કંથકોટમાંથી જૈનોને હદપાર કર્યાનો પણ ઉલ્લેખ મળે છે.

એટલે કથાકાળના ગાળામાં કચ્છમાં, ને ખાસ કરીને દરિયાકાંઠા ઉપર, જૈનોની વસ્તી હશે એમ માની શકાય છે. જોકે કચ્છના દરિયાકાંઠા ઉપર ભદ્રેશ્વર જેટલું બીજું કોઈ પ્રાચીન જૈન મંદિર હોય તો તે દેખાતું નથી. કટારિયામાં એક નાનું જૈન મંદિર છે ખરું, અને તે પ્રાચીન પણ છે, પરંતુ ભદ્રેશ્વર જેટલું પ્રાચીન હોય એમ માનવાનું કારણ મળતું નથી.

**કચ્છના** અખાતનો ઇતિહાસ જેટલો આપણી કથા સાથે સંકળાયેલો છે તે આટલો જ છે: વિક્રમની પંદરમી સદીની આખર લગભગ ભદ્રેશ્વર પાસેથી શરૂ થઈને સૌરાષ્ટ્રના સામા બારાડીના કાંઠા સુધી પગરસ્તો જતો હતો; આજે જ્યાં મબલખ પાણી છે, ત્યાં તે કાળે એટલાં પાણી નહોતાં.

આજે કચ્છનો અખાત ભદ્રેશ્વરથી લગભગ પચીસ – ત્રીસ માઈલ નીચેવાસમાં ત્રણ ફાંટા – ખાડી – શેરડામાં ફંટાય છે. એ કાળે લગભગ ભદ્રેશ્વર આગળથી કચ્છના અખાતનો છેડો સાત શેરડાઓમાં રૂંધાતો હતો.

આ સાત શેરડાઓની વચ્ચે આછીપાતળી ખાડીઓ રહેતી હતી, એમાં ભરતી ઊતરતાં કદાચ પાણી રહેતું પણ નહિ હોય. એ આખી વાત આજે કેવળ અંદાજવાની જ રહી, કેમ કે વિક્રમની સોળમી સદીના આરંભમાં જ્યારે જામ રાવળ તે કાળના લાખિયાર વિયરા, અને આજના ભુજમાંથી ભાગ્યા ત્યારે ઘોડા ઉપર બેસીને આ મારગે નાઠા હતા. એટલે ઘોડા ઉપર બેસીને નાસી શકાય એવો માર્ગ ત્યાં હતો. કચ્છના ભૂસ્તરશાસ્ત્રના અહેવાલમાં પણ જ્યારે ત્યારે કચ્છના અખાતમાં જમીન ધસી પડવાના, રેતીના ઢેર રચાવાના ને પછી વીંખાઈ જવાના ઉલ્લેખો મળે છે.

જે સ્થળે ભદ્રેસરનું જૈન મંદિર છે, એની પાછળ એક વિશાળ નગરી ધરતીકંપમાં સીધી જમીનમાં ઊતરી ગઈ હોય એવાં એંધાણો મળે છે. ને દટાયેલાં ખંડેરોની બરાબર મધ્યમાં તીરસોંસરવો દરિયા તરફ જતો હોય એવો જમીનમાં ચીરો છે. આ ચીરાની આસપાસ આજ પણ રાત–મધરાતે જાણે ઘણાં ઘોડાંઓ એકસાથે દોડતાં હોય એવો અવાજ સંભળાય છે. આવા અવાજને માટે કંઈક જમાનાજૂની દંતકથાઓ પણ ચાલે છે. પરંતુ ધરતીકંપની નબળી રેખા ત્યાંથી પ્રસાર થતી હોય એ સંભવ વધારે છે.

**કચ્છના અખાત** સંબંધે એક બીજી વાત પણ જોવાની છે: વિક્રમની પંદરમી સદીના મધ્યભાગમાં ભુજના જાડેજા રાજનો એક પુત્ર દ્વારકા ગયો; ત્યાંના મૂળ વતની કાળાની એક કન્યા સાથે એ પરણ્યો.

અને એ લગ્નના પરિપાક રૂપે વાઘેર નામની કોમ પેદા થઈ. પોતાની આદિવાસી કોમની કન્યા સાથે પરણનાર રજપૂત કુમારને કાળાઓએ ઓખા મંડળનો રાજા ઠરાવ્યો. ત્યાર પહેલાં અહીં કોઈનુંયે રાજ્ય નહોતું; કેવળ સંઘારોનો જ આ પ્રદેશ હતો.

વિક્રમની પંદરમી સદીના આરંભકાળમાં, જ્યારે મહમદ તઘલખે ઘોઘા ઉપર ચડાઈ કરી ત્યારે, ઓખામાં હેરોલ નામની એક જાતિનો પણ ઉલ્લેખ મળે છે.

આ હેરોલ, કાળા, કાબા તમામ સામુદાયિક રીતે દરિયાસ્થાનમાં સંઘારના નામથી ઓળખાતા હતા. એમને ત્યાં રાજ્ય જેવું બહુ ઓછું હતું. જુદા જુદા સંઘારો—મુગલ કાળમાં ચાંચના કોળીઓ—જ્યારે દરિયાચોરી કરતા ત્યારે દરિયાચોરમાત્રને ચાંચ બંદર–ચાંચ બેટનો કોળી માનીને ચાંચિયો કહેવામાં આવતો. ત્યાર પહેલાં દરિયાચોરોને સંઘારના નામથી જ ઓળખવામાં આવતા. એ ચાંચિયાઓ–સંઘરો–ની એક જમાત હતી. એમની જમાત સમસ્તના મુખી ચાવડા મનાતા. પણ સંઘાર કોણ ને ચાવડો કોણ એની તારવણી આજે કાઢવી સહેલી નથી. કોઈ પાંચસો–સાતસો વર્ષ પહેલાં સંઘારની સોહિણી નામની યુવતી સોમનાથના કનકસેન ચાવડા સાથે પરણી હતી અને ત્યારે ચાવડાઓની સત્તા ઓખા મંડળ અને અખાતને સામે કાંઠે કચ્છમાં પણ ફેલાઈ હતી. કાળાંતરે એ સત્તા ઘસાતી ઘસાતી નામશેષ બની ગઈ. સોમનાથ ને બારાડીમાં માત્ર બહુ નાની ઠકરાતો રહી ને એનું પણ મુખ્ય કામ સંઘરો જેવું જ હતું !

વરતુ નદીના મુખ ઉપર આવેલું ગાધવી બંદર એ સંઘરોનું બંદર હતું. એ બંદર ગમે તે સંઘાર પોતાની શાપિત દરિયાખેડ માટે વાપરી શકે. એમાં શરત માત્ર એક : બરડાના ડુંગરની એક કાંધી છેક ગાંધવીના બંદરકાંઠા સુધી આવે છે. એના ઉપર અતિ પ્રાચીન કાળની હિંગળાજમાતા ને ત્યાર પછીની હરસિદ્ધ માતાનું મંદિર

છે. એ મંદિરની ધજા જ્યાં સુધી દરિયા ઉપર દેખાય ત્યાં સુધી કોઈ સંઘાર અંદર અંદર કે બહારના વહાણને લૂંટે નહિ : એ એક અનાદિ પરંપરાની આમન્યા હતી, ને એટલી જ આમન્યા હતી.

સંઘારો પથરાયેલા તો હતા આખાયે ગાધવીના કાંઠાથી તે છેક પોશિત્રા સુધી, પરંતુ એમનાં મુખ્ય થાણાં ત્રણ : ગાધવી, દ્વારકાં અને પોશિત્રા. પોશિત્રામાં ચાવડાઓ સાથે હેરોલ અને કાળાઓનું જેમનામાં લોહી ભળ્યું હતું એવા સંઘાર વસતા હતા. એના મુખીને ચાવડા સંઘાર તરીકે ઓળખાવવામાં આવતો. એટલે એમનામાં ક્યારેક કોઈક કાળે ચાવડાની પરંપરા હશે ખરી. કચ્છના દરિયાકાંઠાના દરિયાસારંગ જેનો ઉપર આ ચાવડો સંઘાર જળો જેવો બેઠો હતો.

* * *

**માનવીના** પુરુષાર્થમાં જ્યારે કળો પેસે છે, ત્યારે કુદરત પણ એના ઉપરથી પોતાની માયાનો પ્રસાદ જાણે સંકેલી લે છે. કચ્છમાં એક વિચિત્ર પ્રકારનો દુકાળ વિક્રમની તેરમી સદીના મધ્યભાગમાં પડ્યો હતો. અને આવો જ દુકાળ સૌરાષ્ટ્રમાં વિક્રમની સત્તરમી સદીમાં પડ્યો હતો. આને ઉંદરિયો દુકાળ કહે છે. લાખિયાર ભડ કે લાખિયાર ઘુરારાના શાસનકાળમાં કચ્છમાં આ દુકાળ પડ્યો હતો. કોઈએ એવો ભયંકર આસમાની પ્રકોપ જોયો નહોતો ને કોઈને એનો સામનો કેમ કરવો એ પણ સમજાતું ન હતું. આભમાંથી ઊતરતાં તીડનાં ટોળાંની જેમ ધરતીના પેટાળમાંથી ઉંદરનાં ટોળેટોળાં ઊભરાઈ નીકળ્યાં હતાં. દરિયાનાં મોજાં જાણે ધરતી ઉપર રેલાતાં હોય, એમ એ નીકળતાં ત્યારે રસ્તામાં એકએક બેબે જોજનના વિસ્તારમાં જે કાંઈ મળે—ઝાડ, પાન, ઢોર–ઢાંખર, જીવતાં માણસો—એને એ ખાઈ જતાં હતાં, એ ગામો ઉપર હલ્લો કરતાં હતાં !

એમનાથી બચવા માટે મોટી મોટી ખાઈઓ ખોદીને એમાં આગ સળગાવવામાં આવતી; પણ એ પણ એમના હુમલાને વારી શકતી નહોતી. એમનો હલ્લો થતો ત્યારે ગામલોક ઘરબાર ઉઘાડાં

મૂકીને, પાછું જોયા વગર, નાસવા જ માંડતું. ને જે કોઈ ભૂલેચૂકે પાછળ રહી ગયું એનાં તો માત્ર હાડપિંજર જ બાકી રહેતાં ! આ ભયંકર પ્રકોપ નીચે એ પ્રદેશનો કેટલોય ભાગ સદંતર ઉજ્જડ અને નિર્જન થઈ ગયેલો. ઉંદરો તો આવ્યા ને પાછા ધરતીના પેટાળમાં અદૃશ્ય થઈ ગયા. પણ પછી વરસો લગી, ગાઉના ગાઉઓ સુધી, માણસની વસતી નહિ, ખેતી નહિ, એવું બધું વેરાન થઈ ગયું.

* * *

**લાખા ધુરારા**ના શાસનમાં એમના જૈન દીવાન–કારભારી હતા કલ્યાણ શેઠ. ને એમને લાખિયાર વિયરાના જૈન વેપારી મેઘજી સાથે રાગદ્વેષ ચાલ્યા કરતો હતો. ક્યારેક તો કલ્યાણજી અને મેઘજીનો રાગદ્વેષ એ જ લાખિયાર વિયરાનું રાજકારણ બનતું. આ ઉપરથી એમ લાગે છે કે જૈનોમાં એક કોમ તરીકેનો સંપ તે કાળે ઓછો હશે.

કદાચ એમ બન્યું હોય : પરમદેવસૂરિ નામના એક જૈન સાધુ વર્ષોથી કચ્છમાં વિહાર કરતા હતા. ને એમના પ્રયાસે સ્થાનિક વેપારી વર્ગમાંથી જૈનો થયા હોય.

સાથેસાથ પાટણમાં મહારાજ કુમારપાળ પછી અજયપાળ સોલંકીનું શાસન આવ્યું હતું. અજયપાળ સોલંકી વિષે ઐતિહાસિક પરંપરામાં સ્પષ્ટ બે મત પ્રવર્તે છે : બ્રાહ્મણ પરંપરા એને પરમ શૈવભક્ત, મહાસમર્થ અને ન્યાયપ્રિય રાજા તરીકે વર્ણવે છે; જ્યારે જૈન પરંપરા એને જૈનધર્મના મહાદ્વેષી અને જુલમી રાજા તરીકે વર્ણવે છે. બ્રાહ્મણ પરંપરામાં એ અવસાન પામ્યો એટલો જ ઉલ્લેખ છે; જ્યારે જૈન પરંપરામાં બીજલદેવ નામના એના એક ચોકીદારે એનું ખૂન કર્યું ને ‘નરકમાં એ કીડારૂપે ગયો’ એમ લખ્યું છે.

આ ઉપરથી એમ સ્પષ્ટ દેખાય છે કે જે સાંપ્રદાયિક દ્વેષ આવતાં સો વર્ષમાં અલાઉદ્દીન ખિલજીના ચરણમાં સમસ્ત ભારતને ભેટ ધરી દેવાનો હતો એ સાંપ્રદાયિક ખટરાગ શરૂ થઈ ચૂક્યો હતો.

અને પાટણના શાસનમાંથી દીર્ઘદૃષ્ટિવાળા શાણા જૈન મંત્રીઓ અદશ્ય થયા હતા.

એટલે અજયપાળના સમયમાં પાટણ અને ગુજરાતમાંથી જૈનોના થોડાંઘણાં કુટુંબોએ હિજરત કરી હોય અને જેમ એમાંનાં કેટલાંક કુટુંબો સોરઠમાં અને કેટલાંક મારવાડમાં જઈને વસ્યાં તેમ કેટલાંક કચ્છમાં પણ જઈ વસ્યાં હોય.

કચ્છમાં આવાં કુટુંબો આ સમયે ગયાં છે કે નહિ એનો કોઈ સ્પષ્ટ ઉલ્લેખ તો મળતો નથી, પરંતુ ગયાં હોય તો નવાઈ નહિ. એ સિવાય સદા ને સર્વદા સંઘશાસન ઉપર મંડિત આ કોમમાં અંદર અંદર ઝઘડા ને તડા દેખાવાનું બીજું કારણ મળવું મુશ્કેલ પણ લાગે છે. બે પ્રગટ અને સ્પષ્ટ જુદી પરંપરા અને જુદી બેસણી હોય તો આ ઝઘડો–મતભેદ–કલહ વધારે સંભાવ્ય બને એટલું જ.

બાકી, એ વાત તો ખરી કે, કચ્છમાં તે કાળના જૈન સમાજમાં બે પક્ષ જેવું તો હતું જ.

## ૧. .... .... .... કંથકોટનો સંઘપતિ

**બહાર** નજર કરો તો ક્યાંય શાંતિ ભાસતી ન હતી. રોજ-બ-રોજ એકાદ બે ગામો લૂંટાયાની કે એકાદ-બે વહાણો ડુબાડ્યાની વાતો સાંભળવા મળતી હતી. ધરતી ઉપર જાડેજાઓ, એમના ભાયાતો, આદિવાસી કોળીઓ, સિન્ધના હિજરતી કાઠીઓ ને મારવાડના હિજરતી ગોહિલો પોતે જંપીને બેસતા ન હતા, અને કોઈને જંપવા દેતા ન હતા! નાની નાની ધાડો ને લૂંટો ચાલતી ન હોય ત્યારે જાગીરોનાં ઘોડાં એકબીજાનો મુલક ધમરોળવાને દોડતાં હોય. રોજ સવારે કોઈકને ત્યાં બાળક જન્મવાના સમાચાર તો ક્યારેક જ આવે; પણ વગડામાં, સીમમાં કે દરિયામાં કોઈક ને કોઈકને મારી નાંખ્યાના સમાચાર તો અચૂક આવે જ આવે! છેક લખપતથી માંડીને તે રોહર સુધી ગામડે ગામડે, ઘરે ઘરે આજ પળોજણ મંડાઈ રહેતી.

એમાં કંથકોટ એક અમૂલખ વિસામો હતો. રણમાંથી તહારો+ લૂંટવા આવતા ને દરિયામાંથી સંઘરો લૂંટવા આવતા. ને આઠ જાગીરદારોમાંથી દરેકને બાકીના સાતનો ભારે ભય. એમાં કંથકોટનો કોટ ખારાપાટામાં મીઠી વીરડી જેવો હતો.

કંથકોટનો કિલ્લો મૂળ તો કોણે બંધાવ્યો હશે, એ જાણવામાં નથી. ઘણુંખરું તો કરણ સોલંકીના રાજ્યમાં, ગુજરાતના સોલંકી શાસને, ગુજરાતની સરહદો ઉપર લડાયક જાતિઓનો વસવાટ કરાવવાની

---

+ એક આડોડિયા જાતિ.

રાજનીતિ અખત્યાર કરી હતી. એમાં કચ્છના રણ અને એમાંથી સિન્ધમાંથી ગુજરાત ઉપર આવવાના માર્ગ ઉપર ઝાલા–મકવાણા જાતિને વસાવી હતી—સિન્ધના સમા રજપૂતોની સામે રક્ષણ મેળવવાને માટે. ત્યારે હરપાળ મકવાણાએ આ કિલ્લો બાંધ્યો હશે. કદાચ કરણ સોલંકીના પિતા ભીમદેવે પોતાની સિંધ ઉપરની ચડાઈ વખતે આ બાંધ્યો હોય, પણ એ તો જે હો તે હો !

કાળાંતરે કચ્છ ગુજરાતના તાબામાં નામનું રહ્યું; અને ગુજરાતના રાજાઓને પણ સિંધની સામે ઊભું રાખવા સિવાય કચ્છનો બીજો કોઈ ઉપયોગ નહોતો. એટલે કચ્છની જાગીરદારી સ્વચ્છંદતા ઉપર ગુજરાતનો કશો કાબૂ ન હતો; તેમ ત્યાં ગુજરાતનો કોઈ સૂબો પણ ન હતો. જાગીરદારી સ્વચ્છંદ અને સંઘારોનો ત્રાસ, કચ્છના એ સંકટોમાંથી એકેય સંકટ ગુજરાતના નામધારી સર્વોપરિત્વે ટાળ્યું ન હતું.

એવો આ કિલ્લો શાંતિના ધામ સમો હતો. ને એ કિલ્લાની અંદર આવેલા એક સુંદર મકાનની અંદર કંથકોટનો સંઘપતિ સોલ રહેતો હતો.

સંઘપતિની હવેલી ત્રણ માળની ઊંચી અને પાકા પથ્થરની બનેલી હતી. હીંચકે સૌથી ઉપલે માળે સંઘપતિ સોલ હીંચતા હતા. એમનો ચહેરો ભાવુક માણસનો હતો. એમની આંખો શાંત સજ્જનની હતી. એમનો પોષાક સાદો હતો. એમની વાણીમાં વિનય હતો.

ઉપલા માળની પરસાળ મોટી હતી. અને કોઈ કિલ્લાની બાંધણીને ઘડીભર વિચારમાં પાડી દે એવી ધીંગી એની દીવાલો હતી. ને એના ઉપર શંખજીરાની રોનક ચડાવી હતી. ચૂનામાં શંખજીરુ ભારોભાર નાંખે તો નર્મદાના પાણીથી ધોવાયેલા આરસનેય ઘડીભર શરમ લાગે એવી ચમક આવે. એવી લીસી, સુંવાળી ને મોઢું દેખાય એવી કાચ જેવી ભીંત ઉપર, ભોંયતળિયે ગાદીતકિયે કોઈ માણસ બેસે તો એનું માથું પહોંચે એટલી ઊંચાઈએ, સળંગ રંગીન પટ્ટો દોરેલો હતો. પટ્ટાની

નીચે થોડે થોડે અંતરે જાતભાતનાં ચિત્રો અને તીર્થંકરોના જીવનપ્રસંગો ચીતર્યાં હતાં. ઉપર સળંગ લાકડા ઉપર માટીકામની રંગીન છત હતી; અને એમાં થોડે થોડે અંતરે કાચનાં ઝુમ્મર મૂક્યાં હતાં.

બરોબર વચમાં એક મહામૂલું ઝુમ્મર હતું. પોતાની યુવાનીમાં જ્યારે સંઘપતિ સોલ પોતે વહાણમાં બેસીને વિજયદ્વીપમાં ગયા હતા ત્યારે ત્યાંથી, મહામૂલ આપીને, ભારે કાળજીથી એ લાવ્યા હતા. પાણીનો પરપોટો હોય એવો એનો કાચ હતો. સમુદ્રનું મોજું હોય એમ એમાંથી પ્રકાશની લહેરો ઊછળતી લાગતી. દખ્ખણના અહીહોલના કોઈ ભારે મોટા બનાજ વીરવણિગા શેઠને માટે એ ઝુમ્મર તૈયાર થયેલું. કારીગરે—ને તેય નેપાલના કારીગરે—જ્યારે એકસો ને આઠ વાર કાચના રસમાં પરપોટા પાડ્યા હતા, ત્યારે આ એક પરપોટો બરાબર ઊઠ્યો હતો. કારીગર તો એમ પણ કહેતો હતો કે એમાં મણિગોન્ડાનાં ચોખ્ખા લીલમનો-પાનાંનો રસ નાંખ્યો છે. એ તો જે હોય તે, પણ જ્યારે સૂર્યનો પ્રકાશ આ ઝુમ્મરને સ્પર્શતો ને ઉપર ઢળી રહેતો ત્યારે એના પ્રકાશમાં એ પરસાળ આખીયે જાણે દરિયાની સપાટી જેવી બની જતી.

દાદર ઉપર લાકડી ઠક ઠક થતી હોય એવો અવાજ આવ્યો.

‘ અરે જગડૂ ! ’ સોલ શેઠે સાદ દીધો.

ઓરડાના પરસાળમાં પડતા બારણામાંથી સોળ-સત્તર વર્ષનો એક જુવાન અંદર આવ્યો.

‘ જી ! ’

‘ જો તો, કોણ આવે છે દાદર ઉપર ? ’

જગડૂ દાદર તરફ ગયો. સોલ શેઠ એના તરફ એકધ્યાને જોઈ રહ્યા.

દાદર ઉપર ઊભા રહીને જગડૂએ કહ્યું : 'બાપુજી ! એ તો જયકાકા છે.'

આટલું કહીને જગડૂ ઉપરથી લટકતા દોરડાને પકડીને દાદર ઉપરથી ઊતરવા માટે એના પહેલા પગથિયા ઉપર પગ લંબાવી રહ્યો.

'એમ ? આમ આવ પાજી !'

જગડૂ ઘણી જ આનાકાનીથી પાછો ફર્યો.

'આ પહેરણ ઉપર ડાઘ શેનો છે ?' સોલ શેઠે પૂછ્યું.

'ડાઘ ?...' જગડૂએ અવાજમાં બતાવી શકાય એટલી નવાઈ બતાવી, 'ડાઘ ?' પોતાના પહેરણ ઉપર નજર કરીને એણે ઉમેર્યું : 'ડાઘ તો ક્યાંય દેખાતો નથી, બાપુજી !'

'આમ છેટો શાને ભાગે છે ? આમ પાસે આવ !'

જગડૂ પ્રત્યક્ષ દેખાઈ આવે એવી આનાકાનીથી વધારે નજીક આવ્યો.

સોલ શેઠે એનું પહેરણ ઊંચું કરીને જરા ઊંચે સાદે કહ્યું : 'અરે ભૂત ! આ પાછળ ડાઘ છે, એ લોહીનો છે. અને આ ઉઝરડા છે એ શરીર છોલાયાના છે !' પછી એમણે અવાજને વધારે તીખો કરીને પૂછ્યું : 'પાછો ગયો હતો કે રખડવા ? આ વાણિયાના છોકરાએ ઊઠીને શું ભાઈબંધો શોધ્યા છે—રખડવા માટે ! એક ભંગી, એક પીંજારો,...એક ભામટો !...અરે, આ કંથકોટના સંઘપતિના છોકરાને આખા ગામમાં ભંગિયા સિવાય બીજો કોઈ ભાઈબંધ જ ના મળ્યો !'

પરસાળ ઉપર લાકડી ઠકરાવાનો અવાજ આવ્યો ને શેઠે જગડૂના શરીર ઉપરના ઉઝરડા ઉપરથી નજર ફેરવીને દાદર સામે જોયું.

આશરે પચાસ–પંચાવન વર્ષનો એક વૃદ્ધ અને દમિયલ દેખાતો, જરા ઠીંગણો, જરા પાતળો, જરા ચિમળાયેલો એવો માણસ, દાદર ચડવાથી લાગેલ શ્રમથી હાંફતો હાંફતો ત્યાં ઊભો હતો.

'અરે જયભાઈ!' સોલ શેઠે જગડૂને થોડીવાર માટે વીસરી જઈને કહ્યું, 'તમે પોતે કેમ આવ્યા ? તમને મેં કહ્યું તો છે કે તમને દમનો રોગ છે, માટે તમારે ઉપર ન આવવું. જે કંઈ હોય તે માણસ જોડે કહી મુકાવવું, ને ખાસ કામ હોય તો મને કહાવવું; એટલે હું જાતે જ પેઢીએ આવી જઈશ.'

'લખમીબાને હમણાં મળ્યો નહોતો, ને તમે રહ્યા ઉપવાસી, એટલે થયું કે દમ તો દમ, જીતવા, આજ તો શેઠાણીબાને મળતો આવું ને તપસીનાં દર્શન પણ કરતો આવું.'

'અરે ભાઈ, જરા ખબર કરી હોત તો, આ તપસી સામે ચાલીને દર્શન આપવા આવત, ને શેઠાણીયે દર્શન દેવા આવી જાત !'

'શું, આ અમારા જગડૂશાહ ઉપર તમે ખીજતા હતા ?' જયભાઈએ વાત વાળી. એ આવીને ગાદી ઉપર બેઠા. પોતાની સામે ગાદીની નીચે લાકડી મૂકી. માથેથી પાઘડી ઉતારી. ખેસથી પરસેવો લૂછ્યો. પછી એમની નજર જગડૂના પહેરણ ઉપર પડી : 'અરેરે ! વળી ક્યાં લોહી કાઢી આવ્યા, વસા ? વધારાનું હોય તો આમ કપડાને પિવરાવવાને બદલે મને જ આપો ને ! વળી ગયા હશો આથડવા !'

'એ જ આ તમારા વસા શાહનું દુઃખ છે ને !' સોલ શેઠે જરા ચીડ ભરેલા અવાજે કહ્યું, 'નથી પેઢી ઉપર ધ્યાન આપતો, નથી ગોરજીને ત્યાં ભણવા જતો કે નથી પંડ્યા પાસે શીખવા બેસતો. જરાક નજર ચૂકી કે જાણે ભાગ્યો જ છે !'

'કેમ વસા !' જયભાઈએ કહ્યું, 'ઘર કાંઈ કરડવા ધાય છે ? વાણિયાના દીકરાએ રખડીને કેદી સાર કાઢ્યા તે તમે આમ રખડો છો ?'

'બોલ ને, આમ મૂગો–મીંઢો કેમ ઊભો છે ? સાવ ખરગધ જેવો નહીં તો !' સોલ શેઠે રોષપૂર્વક કહ્યું.

'ના. ના, એમ નહિ. તમે આમ એનો સાવ કાંકરો કાઢી ના નાંખો! એ ખરગધ હશે ને, તોય એના માથે સોનાનાં શીંગડાં ઊગશે, હો!' જયભાઈએ વાતને હળવી કરવા રમૂજ કરી.

'તમારા મોઢામાં સાકર જયભાઈ!' સોલ શેઠે કહ્યું, 'હું તો આ કપાતરથી થાક્યો હવે! છોકરો જરા બહાર હરેફરે એનો તો મને ક્યાં વાંધો છે? અમેય નાના હતા ને અમેય ભાઈબંધો ભેગા ગોઠ કરતા, ઉજાણી કરતા, બધુંય કરતા, પણ આ છોકરાએ તો ભાઈબંધ ગોત્યા છે કાંઈ!'

જયભાઈ જગડૂ સામે જોઈને હસ્યા: 'સોલ શેઠ અમારા સંઘપતિ. જાગીરદારને કામ હોય તો બાપડો જીવ એમને રાજગઢે ન બોલાવે, પણ જાતે સામો આવે! ને તમે એમના ટિલાત, વસા કુટુંબના તમે મોભી. ને તમારા ભાઈબંધ જુઓ તો એક પરભુ પંડ્યાનો માંડી વાળેલ ચોખંડો, બીજો ઓલ્યો કોળી વટલ્યો તુરક થયો એનો ખીમલી ને ત્રીજો...હા ત્રીજો...' જયભાઈ ખડખડાટ હસ્યા—જાણે ચોમાસાના ભોગાવામાં પૂર ગાજ્યું: 'ત્રીજો...ઓલ્યો... પાણા સારનારા હરિયા ભંગીનો દૂદો!' જયભાઈ એકદમ ગંભીર બન્યા: 'અરે, અમારા વસા કુટુંબના મોભી, વસા શાહ! તમે ઓલી જૂની કહેતીયે નથી સાંભળી?–

'સરખેસરખાં ગોતીએ શેણ સગાઈ ને મિત્ત.'

'આવા ભાઈબંધોમાંથી પાંચ માણસમાં આપણી આબરૂ શું? ભંગી ને તુરક ને ભામટા તે કાંઈ આપણા ભાઈબંધ હોય?'

'કેમ, જીભ સિવાઈ ગઈ છે? બોલતો કેમ નથી? તારી બાને તો રોજ બનાવે છે, અને મને તો ગગો મોઢું બતાવતાંય શરમાય છે. હવે દે જવાબ જયભાઈ કાકાને!'

'બાપુ! જગડૂએ કહ્યું: 'મને ગામના બીજા છોકરાઓ જોડે ફાવતું નથી, ને આમની સાથે ફાવે છે. ભાઈબંધીમાં મારે ક્યાં

દીકરા–દીકરી વરાવવાં છે ? ભેગા હરીએ છીએ, ફરીએ છીએ, ને બે ઘડી આનંદ કરીએ છીએ. અને ઘેર આવીને નહાઈ લઉં છું.'

'અરે ગાંડાભાઈ !' જયભાઈએ કહ્યું, 'ભાઈબંધીમાં દીકરા–દીકરી વરાવવાં ભલે ના હોય, પણ આપણે તો નાતજાતમાં વરવું છે ને ? જરા વિચાર તો કરો મારા ભાઈ! વાણિયાનો દીકરો, વહેવારિયાનો દીકરો સોળ–સત્તર વરસનો થાય ત્યાં સુધી જો બાપનો થડો અરઘોપરઘો ના સાચવે તો નાતમાં એને કન્યા કોણ આપે ? તમારાં મા–બાપ તો તમને આવી વાત ના કહે.'

'ના શું કહે ? કહી કહીને તો જીભના કૂચા વળી ગયા કે આમ નજર કર.: સંઘમાં બાર–બાર તેર–તેર વરસના છોકરા કંઈક વરી ગયા અને તારા જેવડાને ઘેર તો છોકરાં ઘૂઘરે રમવા માંડ્યાં; ને અમારા પગ ઘસાઈને ગોંઠણે આવ્યા તોય તારી વાતનો પાટલો કોઈ માંડતું નથી. બાપલા, તારે નાક ના હોય તો કાંઈ નહિ, પણ અમારા નાક સામે તો જરા જો ! પણ સાંભળે છે જ કોણ ! પણ હવે તો હદ આવી ગઈ છે! આજ હવે મારી ધીરજ ખૂટી છે. હવે તો આડે લાકડે આડો વહેર ! આ ભંગિયા હરિયાને ને આ તુરક ખીમલીના બાપ તુરકાણ કોળીને ગામ બહાર જ કાઢી મૂકું. પછી તું જાજે રમવા એમની સાથે !'

'બાપુ, એવું ના કરશો. પરમદેવસૂરિ જો સાંભળશે કે સંઘપતિએ પોતાના ખાનગી રોષને કારણે રાજ પાસે અન્યાય કરાવ્યો છે તો...તો...તમારું આ વર્ષીતપ અધૂરું રાખી મૂકશે.'

'આ છોરોયે મારા માથાનો પાક્યો છે ને કંઈ! માળે કોઈ કારડિયા રજપૂતને ઘેર અવતરવાને બદલે મારે ઘેર જન્મ લીધો છે, તે એય હેરાન થાય છે ને મનેય હેરાન કરે છે!' સોલ શેઠે કહ્યું, 'ઠીક, હવે જા. ને આ વાગ્યું કર્યું છે એની દવા લઈ લેજે, સમજ્યો ?'

વાઘની બોડમાંથી બકરું છૂટયું હોય એમ જગડૂ ત્યાંથી નાઠો.

એના ગયા પછી સોલ શેઠે કહ્યું : 'કેમ જયભાઈ ! ખાસ કંઈ કામે કે અમસ્થા ? શું કામ તકલીફ લીધી ?'

'ના, આમ તો એમ કે શેઠ વર્ષી તપ કરે છે ને હમણાંથી ખેમકુશળ પૂછ્યા નથી, તો પૂછતો આવું ને તપસીનાં દર્શન પણ કરતો આવું. અને વળી થોડુંક કામ પણ છે.'

'ભલે આવ્યા. કહો, એવું શું કામ છે ?'

'આ એક વાત તો જાણે એ કે, શેઠ, તમે કહેતા હતા કે ગામમાં કોઈ ગરીબગરબા ને અપહોંચ માણસનું કામ આપણે કરી છૂટવું; એવું કામ તો અમે પેઢી ઉપર કરીએ છીએ, ને તમને પૂછતા પણ નથી. પણ આજે પૂછવા જોગ વાત બની છે.'

'શી ?'

'પાલણપુરની પોઠ આવી છે. લાખો નામે વણઝારો એ લાવ્યો છે. કોટના દરવાજા બંધ એટલે બાપડો બહાર પાદરમાં જ પડ્યો રહ્યો.'

'આપણા ગઢની બહાર ?'

'ના, ભીમકોટની બહાર.'

'ગાંડો જ ને ! ગઢ બહાર તે પોઠ લઈને રાત રહેવાતું હશે ? તે સમીસાંજમાં ગામ ભેળું થતાં શું થાતું હતું ? નહિ તો આગલા ગામમાં રાત રહેવામાં શું વાંધો હતો ?'

'આગલા ગમમાં એને વાંધો હતો ને એની જ વાત મારે તમને કરવાની છે. ખંભાતથી પોઠ ભરીને વીરુગામ થઈને પાટડી ઉપરથી એને જવું હતું માળવામાં. ત્યાં સાંતલપુર આગળ દેદારજી જાડેજાના માણસોએ એની પોઠ લૂંટવા માગી, એટલે એ આ તરફ ભાગ્યો, અને અથડાતોકુટાતો સાત શેરડાને મારગે થઈને સોરઠમાં ઊતરવાને આમ વળ્યો.'

'બાપડો જીવ કાંઈ દુઃખી થયો ને ! ક્યાં વીરુગામ ! ક્યાં

પાટડી ! ક્યાં માંડલ ! ક્યાં......ભીમકોટ !......અટાણે તે પોઠ લઈ જવાનો સમો છે ? ને એમાંય ભાઈમાર કચ્છમાં ? હજી ધણી-માર સારા, પણ ભાઈમાર ભૂંડા ! હં, પછી ? '

' પછી આ પહેલાંની રાતે પાંખાગઢમાં રહ્યો. ત્યાં ગજનજી જાડેજાએ એને ગામમાં રહેવાની ના પાડી. '

' કેમ ? વળી એ જાગીદારને શું થયું ? '

' કોણ જાણે, લાખા પાસેથી કાંઈ ન મળ્યું, એમ હોય કે પછી ધારી હોય અનાજની પોઠો ને નીકળ્યું હોય મીણ એ કારણ હોય !'

' મીણ ? મીણ વળી પોઠમાં ક્યાંથી ? '

' એની પોઠ મીણની જ હતી ! '

' મીણની ? એ તો* ભારે અપશુકનિયાળ કહેવાય ! મીણને તો વાપરે મીણા લોક માળવામાં. આંહીં શું કામ છે મીણનું ? '

' એટલે તો આ પોઠને એ માળવામાં લઈ જતો હતો—મીણા-લોકોના મુખી પાસે. '

' તો તો વાંધો લેવામાં ગજનજીનો વાંક કાંઈ ન ગણાય. જો જાણે તો સંઘ પણ વાંધો લે, ને વાણિયાનો દીકરો તો પછી વણઝારા સામે જુએ પણ નહિ. '

' જી, એટલે ગજનજીને ખબર પડી ને લાખાને પાંખાગઢમાંથી બહાર કાઢ્યો. લાખાને થયું કે સાત શેરડાને માર્ગે જઈને સોરઠમાં

* એ કાળમાં મીણનો વેપાર અપશુકનિયાળ ગણાતો. માળવા અને ગુજરાતની સરહદ ઉપર મીણા નામના લોકો રહેતા હતા. એ લોકોનો મુખ્ય ધંધો માણસો અને ઢોરોને પકડી આણીને વેચવાનો. એ ઉપરથી જીવતાં માણસો જેમાં ઢોરની જેમ વેચાય એનું નામ મીનાબજાર પડ્યું. સોયથી મીણ ત્રોફીને એ લોકો માણસો અને ઢોરોના ચહેરામહોરા બદલાવવામાં કુશળ હતા. એ ઉપરથી મીણાલોકો વાપરે એ મીણ કહેવાયું ને એનો વેપાર અપશુકનિયાળ મનાયો.

ઊતરી જઉં; સોરઠના કોળી, કાળા ને કાબા વહાણના ચામડામાં મીણ વાપરે છે.'

'એ વળી નવું!'

'હા. આપણી તરફ ચામડામાં આપણે માછલીનું તેલ વાપરીએ. બારાડીમાં મીણ ને ત્યાં શંખજીરા જેવી ચિરોડીની પીળી માટી થાય છે એ વાપરે.'

'માળા કાબા અમસ્તા કહ્યા છે! અપશુકનિયાળ તે ઠેઠના અપશુકનિયાળ! એના ધંધા પણ મીણા જેવા જ ને!'

'પુરાણમાં કહ્યું છે કે દુર્યોધને પાંડવોની ગાય વાળવાને માટે પણ કાબો જ પસંદ કર્યો હતો, ને એ કાબાને માછીમારની બે છોકરીઓ પરણાવી હતી. એમાં એકનો પરિવાર એ ઓખાના કાબા ને બીજાનો પરિવાર એ મીણ દેશના મીણા.'

'ત્યારે તો એક ગીધની બે પાંખ જેવા એ! હં, પછી?'

'આ ઈ ભીમકોટની બહાર, ગઢની બહાર પરવાડે પડ્યો રહ્યો. ત્યાં રાત્રે ધુરારાના માણસો ફેરો કરવાને નીકળેલા તે લાખાને મારી મારીને અધમૂઓ કરી નાંખ્યો ને એનાં બળદિયા ને ગધેડાં ઉપાડી ગયા!'

'ધુરારાના માણસોએ? એ વળી આ તરફ ક્યાંથી?'

'અરે શેઠ, આખા કચ્છમાં જાડેજાના માણસો—તરક, કોળી, સીદી—જ્યાં જુઓ ત્યાં બસ રાત ને દિવસ ભમ્યા કરે છે; અને ક્યાંક અનાજ જોયું, કાપડ જોયું તે લઈને બસ હાલવા જ માંડે છે! કચ્છમાં ક્યાં કોના માણસ ફરે છે, એમ પૂછવા કરતાં તો એમ જ પૂછો ને કે ક્યાં કોના માણસ ફરતા નથી?'

'ના, એમ નહિ. પણ ધુરારાના માણસો આટલે આઘે નીકળી આવ્યા હોય તો આપણા ગામેય સંભાળવા જેવું! સાંભળ્યું છે કે આપણા કંથકોટના જાગીરદાર બાપુ રાયલજીનું મન કોઈકને મનમાળે બેઠું હતું ને ધુરારા એને ધરાર ઉપાડી ગયો, ત્યારથી બેયને ખટકી

છે. પછી તો લાગ જોઈને આપણાવાળા રાયલજી બાપુએ ધુરારાના કુંવરને માર્યો હતો. ત્યારથી...ત્યારથી...' સોલ શેઠે ઉમેર્યું, 'પણ, એનું આપણે શું? સહુના કર્યાં સહુ ભોગવશે. પણ આપણે આપણી વાત કરો ને.'

'હા શેઠ, આ લાખો આપણી પાસે આવ્યો છે. બાપડાનો એક હાથ ભાંગ્યો છે, એક પગ ભાંગ્યો છે. માંડ ઘસડાતો ઘસડાતો પેઢીએ આવ્યો છે.'

'શું કામ?'

'એ કહે છે કે મારું મીણ તમે રાખો ને મને માળવાની હૂંડી લખી આપો.'

'મીણનું આપણે શું કામ છે? ને આપણે થોડા કાળા ને મીણા સાથે વેપાર કરીએ છીએ?'

'મેં પણ એમ જ માન્યું હતું; તોય થયું કે વાત તમારે કાને તો નાખું. પછી તમને એમ ના થાય કે જયભાઈએ સાત પેઢીની રસમ તોડી.'

'રસમ?......હા......આપણી રસમ સાચી જયભાઈ! પણ તે તો કોઈ માણસના ખપની ચીજ માટેની ને? આપણે થોડો જ ચોરીનો માલ સંઘરીએ છીએ? ચોરીનો ન હોય તોપણ ચોર લોકોને ચોરી કરવામાં મદદ કરે ને બીજા કોઈનેય કાંઈ કામ ન આવે એ માલ પણ ચોરીનો જ માલ કહેવાય ને? કોઈ સારા કામમાં, કોઈ વેપારના કામમાં, કોઈ શાહ જોગ માણસને મીણ શું કામ આવે? સારા માણસને મીણ વગર ન જ ચાલે એવું તો નથી ને? કોઈ સારા કામમાં કોઈ ક્યાંય મીણ વાપરે ખરું કે?'

'શેઠ, હું પણ એ જ કહેતો હતો. મેં એને કહ્યું: 'લાખા! કોઈ પણ વણઝારાની, કોઈ પણ વહાણિયાની, કોઈ પણ વહેવારિયાની

બજારમાં વેચવાની ચીજ બીજે ન ખપે એ અમારી પેઢી લઈ જ લે; અમારી પેઢીના પગથિયે ચઢ્યો ઘરાક કે વછિયાત પાછો ન જાય એ અમારું નીમ. પણ બાપલા, ચીજ તો જોઈએ ને કાંઈક વેપાર જોગી! વેપાર જોગ બાબત હોય તો અહીં એનો ઘરાક ન હોય તો છેવટે પરદેશમાં હોય. પણ તું આમ સાવ મીણાગરું મીણ લઈને હાલ્યો આવ ને પછી પાછો કરગરે એ કામ કેમ આવે?'—શેઠ, મેં એને આવો સીધો જવાબ આપી દીધો.'

'એ કરગરતો હતો?'

'ગરજવાન માણસ શું ના કરે? એ કરગરે, હવે આગળ ડગ નથી ભરાતું એવાં બહાનાં કાઢે, આંખમાંથી બે આંસુડાંય પાડે...'

'તો શું એ એમ કહેતો હતો કે મારાથી હવે આગળ હલાય એવું નથી?'

'હાસ્તો. ધુરારો ઘા કરે એ ઘા કાંઈ મોળો હોય? ને બાપડા વણઝારાનું ગજું પણ કેટલું?'

'એ રોતો હતો?'

'હા. રુવે તો ખરો જ ને. પોઠમાં બીજો માલ હશે એ બધો લૂંટાઈ ગયો. પોઠનાં બળદિયા ને ગધેડાંય લૂંટાઈ ગયાં. અને મીણનો ઘરાક કોઈ ન મળે!...પછી બાપડો માથે હાથ મૂકીને પોકે પોકે ના રુવે તો બીજું શું કરે?'

'જયભાઈ! એ મીણ સાટવી લ્યો!'

'સાટવી લઉં? મીણ? એ મીણનો વેપલો ખેડવા નીકળ્યો હતો તો એની આવી અવદશા થઈ! હવે એ અપશુકનિયાળ મીણ આપણે શું કામ ઘરમાં ઘાલવું છે? આવું વહેમનું જોખમ આપણે શું કામ વહોરવું જોઈએ?'

'જયભાઈ! હું મીણ નથી સાટવતો, લાખાનાં આંસુને સાટવું છું! બાપડો સાવ ખુવાર થઈને આપણે આંગણે આવ્યો. બાપડાની

એક વણઝાર આખી ડૂકી ગઈ. હવે ફરી બીજી વણઝાર તો બાપડો બાંધે ત્યારે ખરો. એ બાપડો અહીં હાથ–પગ ભાંગીને બેઠો છે, અને એનાં બૈરાં–છોકરાં માળવામાં રાહ જોતાં હશે.

'જો આપણે આવે વખતે એને સહાય કરીશું તો, જયભાઈ, આ લાખો માળવામાં જઈને શું કહેશે તે જાણો છો? એ કહેશે કે 'કચ્છમાં કંઈ બધા જ લૂંટારા નથી, બધા જ ધાડપાડુ નથી, બધા જ દયાહીન નથી: અરિહંતની દયાનો ઝરો હજીય કચ્છમાં વહે છે; હજીય કચ્છમાં માણસ વસે છે.' માટે લાખાને એના મીણના પૈસા હિસાબે થાય એટલા આપી દો, વાલમા હજામને બોલાવીને એના હાથેપગે લેપ કરાવીને પાટો બંધાવો, ને એને એક સારું ઘોડું અપાવો. એટલે એના ઉપર બેસીને એ પોતાને મારગ જાય.'

'જી. મને થાય છે કે હું પૂછવા ન આવ્યો હોત તો સારું હતું!'

'કુળની રીત સાચવવાનું કામ ખાલી વહુવારુ ને દીકરીઓનું જ થોડું છે? કુળની રીતને ખાતર એ બાપડીઓ કેટકેટલાં અણગમતાં કામ કરે છે ને કેટકેટલું સહન કરી લ્યે છે! તો પછી કુલની રીત મરદનેય પહોંચે તો ખરી જ ને?'

'મને હતું જ કે સોદો કરવા જેવો તો નથી, પણ તમે કરવાના ખરા: હું તમને ઓળખું ને! એક એક આંસુનું ટીપું જો એક એક દ્રમ્મ બની જાય તો આપણી પેઢી દ્રમ્મથી ચિકાર ભરાઈ ગઈ હોત.'

'જવા દો એ વાત હવે જયભાઈ! થઈ ગઈ એ થઈ ગઈ. તમે કહેતા હતા ને કે તમે એક બીજું કામ લઈને આવ્યા છો!'

'હા શેઠ! માંડુગઢના પરમાર દેવપાલના વહેવારિક અમરાશાનો ગોર મારે ત્યાં મહેમાન થઈને આવ્યો છે. એ આપણા જગડૂ માટે અમરાશા શેઠની પુત્રીનું માગું લઈને આવ્યો છે.'

'આપણા જગડૂ માટે?'

'હા. એ નીકળ્યો તો છે શોધવાને કોઈ સુપાત્ર જણને. એ ધારા જઈ આવ્યો, ભિન્નમાલ જઈ આવ્યો, મોડાસા જઈ આવ્યો, પાટણ જઈ આવ્યો, પણ ક્યાંય એનું મન માન્યું નહિ. આંહીં તપાસ કરવાને મારે ઘેર આવ્યો. ઘર આપણા લાયકનું, કુળ પણ આપણા લાયકનું, એટલે મેં એને આપણા વસા શાહની વાત કરી.'

અચાનક સોલ શેઠને કાંઈક યાદ આવ્યું: 'જગડૂ તો ક્યાંય આટલામાં નથી ને?' સોલ સેઠે મનની આશંકા બતાવી: 'પહેલાં જરા જોઈ લઉં કે એ આટલામાં નથી, પછી આગળ વાત કરીએ.' સોલ શેઠે પોતાનો ધીમો અવાજ એકદમ મોટો કર્યો ને હાક પાડી: 'જગડૂ! જગડૂ!'

સોલ શેઠનાં ઓછી ઉંમરનાં શેઠાણી બહાર આવ્યાં: 'કોનું, જગડૂનું કામ છે? એ તો બહાર ગયો છે.'

**પો**તાના પિતા સોલ શેઠ અને એમના મુનીમ જયભાઈને વાત કરતાં મૂકીને લાગ મળતાં જ જગડૂ ત્યાંથી નાઠો.

બે બે પગથિયાં સામટા દાદર ઊતરતાં એ અંદરના ઓરડામાં ઊતર્યો. છેલ્લે પગથિયે એણે કૂદકો માર્યો, ને બરાબર એ વખતે બારણા-માંથી પેસતી એની માતા લક્ષ્મી સાથે એ સીધો અથડાયો.

'મર મૂઆ!' માએ કહ્યું, 'જરાક આંખ તો ઉઘાડી રાખ, આમ વાંદરાની જેમ ઠેકાઠેક કરે છે તે! માથું ભાંગી નાખ્યું, જોતો નથી?'

'મા! તને વાગ્યું? મને તો એમ કે ઓરડામાં કોઈ નથી!"

'તને તો એમ પણ લાગે તો નવાઈ નહીં કે આખા ઘરમાં તારા સિવાય બીજું કોઈ જ નથી!'

'ના...ના...ના...મા!...તને વાગ્યું નથી ને?...ના...ના ...હું જાઉં છું.'

ફરીને પાછો કૂદકો મારીને દોડીને જતા જગડૂને એની માએ હાથ ઝાલીને રોક્યો: 'તે આમ ક્યાં હૂંડી ભરવા જતો હો એમ જાય છે? ઘરમાં તો તારો જીવ ટકતો જ નથી! ક્યાં જવું છે અત્યારે?'

'ના...બા.. મારે...કામે જવું છે. જરૂરી કામ છે; હમણાં પાછો

આવીશ...હો...આ...હમણાં જ...'

'ઊભો રહે, ઊભો રહે! તારું 'હમણાં' એ જાણે મને ખબર જ ન હોય ને! કાલ કહેતો હતો કે હમણાં આવીશ; અને કહીને ભાઈ સાંજના ગયા તે રાંધ્યાં ધાન રાતે ઠરી ગયા પછી આવ્યા. શું કામે કુંવર, બહાર જવું છે તમારે?'

'મા, ખાસ કામ છે.'

'તારા બાપનું કામ છે? તારા બાપુ તને મોકલે છે?'

જગડૂને થયું, હા કહું તો તત્કાલ છૂટકો થાય; બાપુજીનું કામ હોય તો મા રોકે નહિ. પણ એ જૂઠાણું બોલવાનો એનો જીવ ના ચાલ્યો: 'ના, બાપુજીનું કામ તો નથી...'

'તે ક્યાંથી હોય?' માએ કચકચાવીને કાંડું પકડયું, 'કુંવર ઘરમાં પગ ધરીને રહે તો બાપ કાંઈક કામ ચીંધે ને? તારા બાપુજીને કામ બતાવવાનો વખત પણ ક્યાં તું આપે છે? બોલ, અત્યારે ક્યાં જવું છે?'

'કહ્યું ને બા, કે કામ છે. હું કાંઈ ખોટું કહું તને?'

'ના રે, તું કોઈ દિવસ ખોટું કહે ખરો? તું તો સતવાદીનો...'

'હા...બોલ ને!' જગડૂએ હસીને કૂદકો મારતાં કહ્યું, 'બોલ ને, કેમ ચૂપ રહી ગઈ? કહેવા જતી હતી કે તું તો સત્યવાદીનો દીકરો...પછી ખ્યાલ આવ્યો ને કે હું ખરેખર સતવાદીનો દીકરો જ છું! મારા બાપુજી કદી જૂઠું બોલ્યા છે ખરા?...કેવી બંધાઈ ગઈ! કેવી બંધાઈ ગઈ બોલતાં! લે હવે મને જવા દે!'

'તે તું આમ મને બોલતાં બાંધીશ એટલે હું તને બહાર ભટકવા જવા દઈશ, એમ? ક્યાં જવું છે એ કહે.'

'એ કહું તો પછી જવાબ દઈશ?'

'કંઈક કહે તો ખબર પડે.'

'આપણે તો સીધા માણસ. આપણને આવી ગોળ ગોળ વાત પસંદ નહિ. જો, અમે ચાર ભાઈબંધો મળવાના છીએ, અત્યારે જ !'

'તે અમને ખબર જ હતી કે કુંવર ક્યાં આઢવા જાય છે ! કુંવરનાં લખણ ન જાણતી હોઉં તો ને !' માએ જગડૂના હાથને વધારે જોરથી પકડી રાખ્યો. 'પણ જગડૂ ! તારી આ ભાઈબંધીથી તારા બાપ કેટલા નારાજ છે એ તું નથી જાણતો ? કે પછી જાણે છે છતાં જાણીજોઈને તારા બાપને હેરાન કરે છે ?

'હું જાણીજોઈને મારા બાપને હેરાન કરું ખરો, મા ? તું આ શું બોલે છે ? પણ બાપુજી મારા ઉપર કારણ વગર ચિડાય છે.'

'કારણ વગર ? સોળ–સત્તર વરસનો દીકરો ભણે નહિ, ગણે નહિ, પેઢીએ બેસે નહિ, ભીખમગા ભામટાના છોકરા, ઢેઢભંગીના છોકરા ને કોળીતરકના છોકરા સાથે આખો દિવસ આથડ્યા કરે, એ બધું તારા બાપુને ગમવું જોઈએ, એમ ને ?'

'જો બા, કોણ કહે છે કે હું ભણ્યો નથી, ગણ્યો નથી ? કાં તો પૂછ ગોરજીને ને કાં તો પૂછ પાંડેને, ને કાં તો પૂછ જયકાકાને. એનાં સરવૈયાંના ટાંટિયા નથી મળતા ત્યારે મોઢેથી કડકડાટ સરવાળા કરી દેવાને જયકાકાનો જેતો કામ નથી આવતો ત્યારે તો હું જ કામ આવું છું. પૂછ એમને, હોરમઝ, માબર ને વિજયનાં નાણાં ને માપ કચ્છી નાણાં ને માપમાં ફેરવવાં હોય ત્યારે જયકાકાનેય સાતપાંચ થાય છે. ત્યારે આ તારો જગડૂ જ કામ આવે છે, હો !'

'ડાહ્યો મારો દીકરો ! વહેવારિયાના દીકરાને હિસાબ તો આવડે જ ને ! પણ ત્યારે તું પેઢીએ કેમ બેસતો નથી ? તું પેઢીએ બેસે તો તારા બાપુ કેટલા રાજી થાય ! એનો બોજો કેટલો ઓછો થાય !'

'મા, એ તો કોણ જાણે, પણ મને તો એમ સવાર–બપોર-સાંજ કાઉસગ કરીને બેઠા રહેવું ના ગમે. લીધા ને દીધા, તોળ્યા માપ્યા ને ભર્યા, ને એવું બધુંય કરનારા તો પેઢીમાં ક્યાં ઓછા છે ?

એ બાબતમાં તો જયકાકા દમિયલ છતાં હજી બીજાનો દમ કાઢે એવા છે! ને કાલ સવારે મારા બે ભાઈઓ રાજ ને પદમ પણ તૈયાર થઈ જશે.'

'તો પછી અમારા આ મોટા કુંવર શું કરશે? પેઢીએ બેઠા વગર છૂટકો છે તારે વહેલો કે મોડો?'

'મા! તને શું કહું? કાઉસગ કરીને મારાથી બેસાય નહિ; મારે તો હાલવું-ચાલવું-ફરવું જોઈએ. અરે, હું તો શું, મારું આસને હરતુંફરતું જોઈએ; તો મને ગમે.'

'એટલે વાણિયાના દીકરાએ આખા ગામમાંથી નંગમાં નંગ જેવા ભાઈબંધ ગોતી કાઢચા! એ તારા ભાઈબંધ સાથે આમ વગડામાં ભમવામાં તારાં આસન હરતાંફરતાં રહેતાં હશે, કેમ'

'બા, જ્યારે ને ત્યારે તું મારા ભાઈબંધોનો પીછો કેમ પકડે છે? પોતપોતાના બાપોને માટે એ બાપડા થોડા જવાબદાર છે? દૂદાનો જનમ હરિયા ઢેઢને ત્યાં થયો, એમાં દૂદાનો શો વાંક? ચોટલીમૂંડા ચોખંડનો જનમ પરભુ ગોરને ત્યાં થયો ને પરભુ ગોરે એનું નામ ભાંગનો લોટો પીને અનંગતરંગ કનકકિશોર પાડયું એમાં ચોખંડાનો શો વાંક? ખીમલીનો જનમ વટલેલ કોળીતુરકને ઘેર થયો એમાં બિચારા ખીમલીનો શો વાંક?'

'એ અમે કયાં કહીએ છીએ તને?'

'બીજું શું?'

'અમે તો ભાઈ, તને હાથ જોડીને કહીએ છીએ કે કોઈનો વાંક નહિ, કોઈનો ગુનો નહિ. પણ અમે તારાં માબાપ થયાં એમાં અમારો વાંક તો નહિ ને?'

'મા!'

'તો મારા કુંવર! જરા તારા બાપની આબરૂ સામે જુઓ,

જરા એમની પ્રતિષ્ઠા સામે જુઓ, જરા એમના માનમોભા સામે જુઓ! પાંચમાં પુછાય એવો તારો બાપ. પાંચમાં માગ મુકાવે એવું તારું કુળ. ને તું ઊઠીને એ બધાયને અવગણીને આવા હાલીમવાલી સાથે ભાઈબંધી કરે?'

'મા, તું ત્યાં જ ભૂલે છે. તું માને છે કે એ હાલીમવાલી છે, પણ એમ નથી. એય એમના કામકાજમાં મોભાવાળા છે ને એમનેય એમના વળના પાંચ માણસ પૂછે છે, હો! ચોખંડાનો બાપ પરભુ ગોર; સાંજ પડે સિત્તેર બાયડીઓ ને ભાયડાઓ એની પાસે હાથ જોવરાવવાથી માંડીને વારતિથિ પૂછવા જાય છે. તેં જ પદમને કેટલી વાર મોકલ્યો, એ કહે ને? દૂદાનો બાપ હરિ ભલે જાતનો ઢેઢ રહ્યો, પણ પથરાનો જાણકાર ને કડિયા કામનો કારીગર બીજો એવો શોધ્યો જડે એમ નથી. આ આપણે હવેલી બાંધવી હતી ત્યારે એને ઘેર ધક્કા ખાઈ ખાઈને જયકાકાના જોડા ઘસાઈ ગયા હતા, એ ભૂલી ગઈ? ને ખીમલી? ભલે ને એ તરક રહ્યો ને કોળી રહ્યો; પણ એ કંઈ બીજા તરક જેવો છે? બીજા કોળી જેવો છે? છે કોઈ એના જેવો ભરતનો કારીગર? પેઢીમાં માલનો ભારે ભરાવો થાય ને સળી મૂકવાનીયે જગા ન હોય, ને એમાં પાંચસો ગુણો ભરવાની હોય, ત્યારે જયકાકા પોતે એને તેડવા જાય છે, હો!'

'મારા કુંવર! એની અમારી ક્યાં ના છે? કાં તો તું અમારી વાત સમજતો નથી ને કાં તો તારે સમજવી નથી. નાતજાતનો મોભો, ધરમનો મોભો, રાજદરબારનો મોભો, એવું કંઈક તો છે કે નથી? કે દુનિયા આખી ભેળસેળ થઈ ગઈ ને રાજાભોજ ને ગાંગો તેલી એ બે વચ્ચે 'ટકે શેર ભાજી, ટકે શેર ખાજાં' જેવું છે? મુલકમાં કોઈ સંઘપતિ હોય, કોઈ ઢેઢ હોય, કોઈ માંડીવાળેલ ભંગેરીનો દીકરો હોય, કોઈક મજૂર–કારીગર હોય, ને સહુ પોતપોતાના કામમાં બળિયા હોય, એટલે બસ 'ટકે શેર ભાજી, ટકે શેર ખાજાં' ની જેમ સહુ

સરખા ? એ બધાં શું રાજદરબારમાં, પંચમાં, મહાજનમાં, સંઘમાં એક જ આસને બેસવાવાળા છે ?'

'એ તો મા, મેં એકવાર સૂરિજીનેય પૂછ્યું હતું. ભગવાને જો માણસોને એકસરખાં કરવા ન ધાર્યાં હોત તો એ કેમ દરેક માણસને એક જ હૈયાઉકલત આપત ? સારામાં સારો વેપારી હોય તે વેપારમાં શૂરોપૂરો, પણ કડિયાકામનો તો એને કક્કોય ન આવડે. જેને મજૂરીના ભરત આવડે એને કોઈના હાથ જોતાં ન આવડે, ને સૂરજ, ચંદર ને મંગલ–શનિની વાતો એનાથી ન ઉકેલાય. ભગવાને માણસોને ઊંચનીંચ રાખવા ધાર્યાં હોત તો વગડાનાં પશુની જેમ પોતાનાં કામકાજ અને વહેવાર અંગેની બધી જ આવડતો આપી હોત; તો એ વેપાર પણ કરત, ઘર પણ બાંધત, મજૂરીની ભરત પણ કરત, જોશ પણ જોત ને અનાજ પણ ઉગાડત. તો તો ખબર પડત, કોણ ઊંચો ને કોણ નીચો. પણ આ તો વેપારી હોય એ ભલે પાંચ વેપારીમાં પુછાય, પણ કડિયાની નાતમાં એને પૂછે કોણ ? ને કડિયાને બ્રાહ્મણની નાતમાં કોણ પૂછે ? ને બ્રાહ્મણને મજૂરની નાતમાં કોણ પૂછે ? સહુ સહુની નાતમાં સહુ મોટા ગણાય, સારા ગણાય ને બીજાનો ભાવ ન પુછાય; તો પછી મોભાની ને ઊંચનીચની ને એવી વાતો ક્યાં રહી ?'

'તેં પોતે સૂરિજીને આમ પૂછ્યું હતું ?'

'હા.'

'તો શું કહ્યું એમણે ?'

'એમણે કહ્યું કે બેટા, હજી વધાને મોટો થા એટલે આ વાત તને જાતે સમજાશે; ચાલતા આવતા આવા સવાલના જવાબ તો, જાતે જ જ્યારે જે સૂઝે તે સાચા.'

'હશે. એ વાત પડતી મૂક. હમણાં તો એટલું સમજ કે તારે માટે અમારે કોઈકનાં મેણાંટોળાં સાંભળવાં પડે છે; નાતમાં તારી વાત થઈ શકતી નથી અમારાથી !'

'મા, મારી વાત કરીને શું કામ છે? હું તો છું જ રખડેલ! તારી હોંશ પૂરી કરે એવા મારા બીજા બે ભાઈ તો છે.'

'અરે વાહ! તને મૂકીને જો રાજનું સગપણ થાય તો તો મારે વાવ–કૂવો જ પૂરવો પડે, સમજ્યો?'

'જા, જા, મા! એવું તે શું બોલતી હોઈશ? વાવકૂવો પૂરનારી બીજી ઘણીય છે. ખબરદાર, જો વાવકૂવો પૂરવાનું ફરી કહ્યું છે તો! બાકી મને પરણાવીને શું કામ કોઈકનો બાપડીનો ભવ બાળવાની વાત કરે છે?'

'ગાંડા! પોતાનો ભવ બાળવાને આવશે એ તારો ભવ સુધારશે! હવે આડી વાતે ખળાં ભરાય છોકરા! જો તારે મને નાતમાં નીચું જોવરાવવું ના હોય, વાવકૂવો પુરાવવો ના હોય, તો......'

'તો શું, મા?'

'તો આ ઢેઢભંગી ને કોળીનાળીની ભાઈબંધી મૂકી દે!'

'મા!'

'દીકરા મારા, એમ કરતાં તારું મન કચવાય છે, એ શું હું નથી જાણતી? પણ હું, તારા બાપ ને તું–આપણે બધાંય–આપણી કુલપરંપરા આગળ લાચાર છીએ, સમજ્યો? સોળ વરસ તો તને ઉછેરીને મેં મોટો કર્યો. ત્રણચાર વરસથી આ ભાઈબંધી જાગી. એ છોકરા ખરાબ છે એમ હું નથી કહેતી, પણ ધાર કે તારે તારાં માબાપ ને તારા ભાઈબંધો વચ્ચે પસંદગી કરવાની વેળા આવે તો?'

'એવી વેળા આવે તો, સાંભળીને રાજી થા મા, હું મારા ભાઈબંધોને છોડી દઈશ!'

'ડાહ્યો મારો દીકરો!'

'હા. તારો દીકરો પછી ડાહ્યો જ થશે, એવો ડાહ્યો કે સવારથી તે સાંજ સુધી દુકાનને થડે બેસશે ને ખાઈપીને જાડો થશે. પછી તો

એને ઊઠવાના ટેકા માટે લાકડાની ઘોડી જોઈશે, ચાલવાના ટેકા માટે લાકડાની લાઠી જોઈશે, ને એને બાળવાને માટે લાકડાની ભારી જોઈશે !'

'જગદૂ !'

'થયું મા ! તારી વાત તને મળી ગઈ. બાપુજીને જોઈતું હતું એ એમને મળી ગયું. પછી જગદૂ જગદૂ શા માટે કરે છે ? મા, હવે મને રાતદિવસ જગદૂ કહીને બોલાવીશ નહિ, ખાલી વસા કહેજે. કેમ કે દુનિયામાં બીજાથી જુદું નામ ધારણ કરીને દુનિયાથી હું કાંઈક જુદો માનવી થઈ શકું એમ તમે રહેવા દીધું નથી ! હવે તો મારા બાપદાદાની અટક વસા. એમાં આજ સુધીમાં સેંકડો–હજારો વસાઓ થઈ ગયા હશે, અને ભવિષ્યમાં સેંકડો–હજારો થશે. એ સેંકડો માનવજંતુઓમાં મારો પણ એક પામર જંતુ તરીકે જ સમાવેશ કરજો ! કહે મા, મારા ભાઈબંધોની વિદાય લેવાને હું જઈ શકું કે નહીં ? મારા ભાઈબંધો સાથેની ભાઈબંધી પૂરી કરવા એમને છેલ્લી વાર મળવાને જાઉં કે ન જાઉં ?'

'તને માઠું લાગ્યું, દીકરા ?'

'આમાં માઠું લાગ્યાની વાત નથી મા ! હવેથી તમારી અક્કલ પ્રમાણે મારે ચાલવું એમ તમે ઠરાવ્યું છે, એટલે પૂછું છું.'

'તો શું માબાપની અક્કલ પ્રમાણે દીકરાઓએ ચાલવું નહિ, એમ તારું કહેવું છે ?'

'માબાપની અક્કલ પ્રમાણે જો દીકરાઓ ચાલતા હોત તો બાપ કરતાં દીકરા સવાયા થાત જ નહિ ! ને આશીર્વાદ તો બધાય એક જ આપે છે કે તારા બાપ કરતાં સવાયો થજે !'

મા આ જાતની દલીલ માટે તૈયાર નહોતી ને આવા સવાલ-જવાબો એણે વિચારેલાયે નહિ. પોતાની વાતથી દીકરાને બહુ ખોટું લાગ્યું છે એટલું જ એનું માતૃહૃદય સમજી શક્યું. છોકરો આજે

વિચિત્ર વાતોએ ચડી ગયો.' હમણાં વાત પડતી મૂકો ! આમ તો એ હૈયાનો સમજુ છે, માબાપને માટે એને લાગણી પણ છે; તો વળી કાલે વાત ઠેકાણે આવી જશે. અને ' દિવસ વીત્યા ' ના તત્ત્વજ્ઞાનમાં ઊછરેલી ને એ જ્ઞાનમાં સંતુષ્ટ એવી માતાએ વાત મૂકી દીધી : ' જા તાર જવું હોય તો, પણ આવજે વહેલો, હોં ! '

* * *

આજે પોતાના ભાઈબંધોને મળવામાં જગડૂને રોજના જેવો આનંદ ન હતો. રોજ એની મા, એના બાપ, એના વાણોતર જગડૂને એક જ વાત કહેતાં કે વાણિયા–વહેવારિયાનો દીકરો ઊઠીને કોળીનાળી ને ઢેઢભંગીના છોકરાની ભાઈબંધી કરે એ તો બાપના મોભા ઉપર પાણી ફેરવ્યા જેવું ગણાય. એને એ વાતો કોઠે પણ પડી ગઈ હતી. આરસના પથ્થર ઉપરથી પાણી સરી જાય એમ એ એના મનમાંથી સરી જતી.

પણ આજ વાત કાંઈક જુદી હતી. આજે દમના રોગી એવા જયભાઈ બે દાદરા ચડીને એના બાપને આ વાત કરવા આવ્યા હતા. જયભાઈ તો એના બાપના ભારે વિશ્વાસુ મુનીમ. એનો બાપ જો શેઠ હતો, તો જયભાઈ કાકો શેઠનોય શેઠ હતો. હજી એના બાપને પૂછ્યા વગર કોઈક કામ થાય, પણ જયભાઈને પૂછ્યા વગર તો કાંઈ જ ન થાય ! એવા જયભાઈએ આજ સુધી ' વસા ' શેઠના ભાઈબંધોમાં ક્યારેક મોઢામોઢ બે વેણ અછડતાં કહેવા સિવાય ઝાઝો રસ લીધો ન હતો. જયભાઈ જગડૂને વસા શેઠ કહીને બોલાવતા. એમના કુટુંબની અવટંક વસા. એટલે સોલ શેઠ એ મોટા શેઠ ને એનો મોટો પુત્ર જગડૂ, જે આ પેઢીનો ભાવી માલિક ગણાય, એ વસા શેઠ. બાપ જેવો બાપ બેઠો છે, પછી વસા શેઠને શું ફિકર હોય ? પણ એનામાં હૈયાઉકેલત સારી છે, એટલે જ્યારે એનું ચિત્ત ધંધામાં લાગશે ત્યારે એના બાપથી સવાયો નહિ થાય તોય બાપદાદાનું નામ તો રાખશે જ. બાકી તો ભાઈ, એની ઉંમર અત્યારે રખડવાની છે, તો

ભલેને થોડો વખત રખડે. પણ જ્યારે નવાણુના ધક્કા લાગશે ત્યારે ખાવાનાં ધાન પણ નહિ ભાવે તો રખડવાનું તો સૂઝશે જ ક્યાંથી? —જગડૂના રખડૂપણાની વાત પોતે છાનામાના કે અજાણતાં સાંભળી હોય એમ જયકાકાએ ઘણાયને આવો જવાબ આપેલો. કંઈક વાર જગડૂના બાપને પણ એમણે આ જવાબ આપેલો. આવા સહૃદય અને કિશોર માનસના પાકટ કાકા પણ આજ કેમ ફરી બેઠા?

ઘણીવાર જયભાઈ કાકા કહેતા કે વાણિયાનો દીકરો એક ને એક બે થાય એ સમજે તે ફાવે; બાકી બધા ફીફાં ખાંડે. તો એક વાત તો આ કે આજે જયભાઈ કાકા ઘરે કેમ આવ્યા? ને પેઢીના કોઈ ગુપ્ત કામે આવ્યા હોય તો આ વાત આજે આમ કેમ કરી?

એની બા પણ આજ આમ ગંભીર કેમ થઈ ગઈ? છેક આપઘાતની વાત કરવા સુધી એ કેમ ગઈ? તો શું આ ભાઈબંધી માને આપઘાત કરાવે એવી છે? શા માટે? પોતે શેઠિયાનો દીકરો છે ને આ બાપડા ગરીબ છે એટલે? એટલા માટે કાંઈ મા આવી વાત કરે?

—જગડૂના મનમાં આવી આવી ગડમથલ ચાલી રહી; અને એણે એના ભાઈબંધોને મળવાના આનંદને ફીકો કરી દીધો.

એકાએક જગડૂને માના બોલ યાદ આવ્યા. જાણે આખી વાતચીત અત્યારે જ થતી હોય એવા ભણકારા એના મનમાં ઊઠ્યા.

હં...હવે એક ને એક બે જેવી વાત એને સમજાઈ ગઈ: વાત એની સગાઈની થતી લાગે છે......તો શું પોતાને ઘેર પત્ની આવે તો આ ભાઈબંધો છોડવાના? શું એ પત્ની આ ભાઈબંધોની ગરજ સારશે?

ત્યાં કોઈએ વાંસા ઉપર ધપ્પો માર્યો. ચમકીને એણે ઊંચું જોયું: ઓત્તારી! આ તો પોતે વિચારમાં ને વિચારમાં રફાલેશ્વર સુધી

ચાલ્યો આવ્યો હતો ! ભાઈબંધોને મળવાનું આ સ્થાન હતું. ને એને ધપ્પો મારનાર હતો પરભુ ગોરનો ચોખંડો.

કંથકોટ ગામમાં એકંદર આવડત ગમે એટલી હોય, પણ વિદ્યા તો એકંદરે કાંઈ ખાસ ગણનાપાત્ર નહોતી. પણ જે કાંઈ હતી તેમાં પરભુ ગોરનું નામ પહેલું નહિ તો પહેલાની આસપાસ તો મુકાતું. હા, કયારેક ભાલ ને નળકાંઠાના વિસ્તારમાંથી હેમપ્રભસૂરિ આવતા, તો ક્યારેક જેનો કોઈ નક્કી નિવાસ નહોતો એવા મુનિ પરમદેવ પણ આવતા, અને ત્યારે કંથકોટ વિદ્યાની પ્રભાથી જાણે ઊગતા સૂર્યની સોનેરી આભાથી દીપતું. પણ એ પરિભ્રમણશીલ અને ચોમાસાની વાદળીની જેમ અજાણ્યા આવી ચડતા મુનિઓ સિવાય કંથકોટ ગામમાં જાગીરદારથી માંડીને તે દૂદાના બાપ હરિયા ઢેઢ સુધીના બધાય એકમતે કબૂલ કરતા કે પરભુ ગોર એ ભારે વિદ્વાન બ્રાહ્મણ છે.

પરભુ ગોરને મન જે બ્રાહ્મણ ચોખંડો ન હોય એ બ્રાહ્મણ જ નહિ. પરભુ ગોરને પાંચ સો ડગલાં દૂરથી પણ બ્રાહ્મણ તરીકે ઓળખી કઢાય એવાં બ્રાહ્મણનાં લક્ષણ ચાર : માથે મૂંડો—સૂરજના તાપમાં ચકચકે એવો; શિર પણ ચોટલી; અંગે ઉઘાડો ને ઉપર જનોઈ; ગોઠણ સુધી પહોંચતું પોતિયું ને નીચે પગ ઉઘાડા. આમ આભથી તે પાતાળ સુધી બ્રાહ્મણ બે વાત રાખે નહિ ને બે વાત ખાસ રાખે : ન રાખે માથે કાંઈ શિરછત્ર, કે ન રાખે પગમાં ઉપાન, કે કાંટારખાં, ખાસ રાખે માથે શિખા ને અંગે ઉપવીત. આમ જે ચારખંડો હોય એ જ બ્રાહ્મણ; બાકી બધા લોટમાગા. એટલે પરભુ ગોરના દીકરાનું નામ તો હતું સોમજી, પણ એને ઘરમાં સૌ લાડમાં, અભિમાનમાં, ફુલામણે ચોખંડાના નામે બોલાવતા ! ત્યારથી સોમજી નામ કોઈને યાદ ના રહ્યું, કેમ કે ઘરનું ફુલામણું નામ તે બહારનું બોલાવણું થઈ ગયું. બ્રાહ્મણત્વનાં આ ચાર પ્રગટ લક્ષણો સિવાય ચોખંડાને પૂરેપાધરો એક શ્લોક પણ નહોતો આવડતો. ને એ ઘેર જાય ત્યારે ચોખંડાની મા એને રોજ ચોટલીબોળ નવરાવીને જ ઘરમાં પગ મૂકવા દેતી. એટલે

દૂદા સાથેની એની દોસ્તીથી આ બ્રાહ્મણી પણ અજાણમાં તો નહોતી જ.

પણ બ્રાહ્મણના ઘરમાં ચોખંડો આમ તો ઉપયોગી અંગ જેવો હતો : એની માનો એ જમણો હાથ હતો, ને એના બાપની ધર્મ-મર્યાદાની સરાણે ચડનારી જીભ પણ સિવાઈ જાય એવો પગનો સાજો હતો. એ સીમમાંથી જોઈએ એટલું બળતણ વીણી લાવતો. એ ગામનું છાણુ ઉપાડી લાવીને એવાં છાણાં થાપી નાંખતો કે સતવારી કે ભતવારીયે શું થાપશે ? ઘરમાં ગારગોરમટી કરવી હોય તો મસાલો-માત્ર એ ભેગો કરે, ખૂંદે, ગૂંદે. એ ગમે એટલે દૂરથી પાણી સારી આવતો, રસોઈમાં પણ માને મદદ કરતો. બીકબિકાળવું હોય ને દંડો લઈ ને નીકળી પડવું હોય તો એ એનું કામ. વળી ખારવા-કોળીના બાપનાં શ્રાદ્ધ ને છોડીઓનાં લગન પણ એ અગડંબગડં કરીને પતાવી આવતો. આમ એ પરભુ ગોરના ઘરમાં ઘણું મોટું આર્થિક અંગ બની ગયો હતો.

ઉંમર તો એની વરસ સોળ–સત્તરની, પણ ભારે હાડેતો અને ભારે મજબૂત. એકવાર ભીંત પડી ને માથેનો મોભ નળિયા સોતો નીચે પડ્યો તે ચોખંડાએ એક હાથે ટેકવી રાખેલો. એકવાર દરબારી સાંઢિયો શિયાળામાં વકરીને ગામમાં આવ્યો. જ્યાં સાંઢિયા ને ઊંટની વસતી ઝાઝી હોય ત્યાં આ એક કાયમની બીક : સાંઢિયોમાત્ર શિયાળામાં વકરે, ને સાંઢિયો એ તો ધણીમાર જનાવર કહેવાય. ઘોડો, ગાય, ભેંસ, બળદ એ બધાં વિશ્વાસુ જનાવર; ગમે તેવા વટકમાં હોય તોય ધણીને ન મારે, ને સાંઢિયો તો પહેલો ધણીને જ મારે ! વળી સાંઢિયાના મોઢાનાં જડબાં એવાં ઘડાયાં છે કે એ બચકું ભરે તો એ જડબાં પાછાં એની મેળે ન ઊઘડે, કોઈ કે લાકડી ભરાવીને ઉઘાડવાં જોઈએ. એટલે સાંઢિયાની વસતી વધારે હોય ત્યાં આ સાંઢિયો વકરવાની મોટી બીક. ને કંથકોટમાં સાંઢિયા ઘણા. દરબારી પસાયતામાત્ર ક્યાંય ફરે કે લોટઝોટે જાય તે સાંઢિયા ઉપર ચડીને જાય. એટલે જાગીરદાર

ને એના ભૂમિયાનું સાંઢિયા–ખાતું જોરમાં.

પછી, સીમમાં જેમ શિયાળ હડકાઈ થાય ને ઢેઢને માટે સાદ પડે તેમ, સાંઢિયો હરાયો થઈને જો ગામમાં ભૂંકતો થાય તો ચોખંડાને માટે સાદ પડે. પહેલાં પહેલાં તો પરભુ ગોર આ માટે વાંધો લેતા, પણ એકવાર એમની પાછળ જ જ્યારે સાંઢિયો પડ્યો ત્યારે એમને ચોખંડાનું ગામલોક માટેનું મહત્ત્વ સમજાયું. ચોખંડો એક હાથમાં ઢાલની જેમ ભરાવેલું ખાસડું ને બીજા હાથમાં પરોણો લઈને નીકળે; ખાસડું સાંઢિયાના મોઢા સામે ધરે ને સાંઢિયો મોઢું લંબાવે તો ફડ કરતો પરોણો ઝીંકે. આમ તો સાંઢિયાનો ગુરુ રબારી, પણ આ કામમાં રબારીનો ગુરુ ચોખંડો. ગામલોક એને હોંસથી લોટ પણ આપતું ને કહેતુંય ખરું કે માળો છે ને કંઈ મલેછ જેવો !

આવા ભાઈબંધનો ધબ્બો વાંસામાં પડે એટલે કોઈ ઇમલાને નાના સરખા ધરતીકંપનો આંચકો થાય.

'હાં વસા !' ચોખંડાએ કહ્યું : 'કેમ મોડો થયો આજે ?'

'નીકળાય ત્યારે ને !' જગડૂએ કંઈક નિરાશા સાથે કહ્યું.

'હા, છે તો એવું જ. આ મનેય મારી બા કહે કે બળતણ લાગવું છે ને ડોસાને કાંઈક કસુતર હશે તે નહાવું છે તે પાણી લઈ આવ. મેં કહ્યું : લાવીએ છીએ. અને એમ કહીને સરક્યો. ભલા તારે શું કસુતર હતું ?'

'ના. અમારા ઘરમાં કોઈ કોઈના ઉપર હાથ ન ઉપાડે.'

'ને આપણે તો હવે રીઢા થઈ ગયા છીએ ! દોસ્ત, જીભ ચલાવે એના કરતાં હાથ ચલાવે એ સારું. એક–બે વાર જરા વસમું લાગે; પણ પછી તો રીઢા થઈ જઈએ, ને એકવાર રીઢા થયા એટલે પછી બારે પડ મોકળાં.'

'અમારા ઘરમાં જીભને બદલે હાથ ચલાવતા હોય તો તો જાણે

સમજ્યા : આ બે પરોણા ખાઈ લીધા ~~એટલે વાંકગુનો~~ ભૂંસાઈ ગયો. પણ આ તો બધા ભાઈ...ભાઈ...કરીને પછી એવી કાતર જેવી જીભ ચલાવે કે બિચારો દરજી કપડાં શું કાતરશે ! ભવભવના સંબંધ જોતજોતામાં કાતરી નાંખે ! '

' એ તો પછી એમાંય રીઢા થઈ જઈએ. પણ લે, આ ચુનારડા સોતો દૂદો આવ્યો. દૂદાએ આજ હરિયા ઢેઢને ગાપચી મારી લાગે છે. કાં દૂદા, આ શું, ચુનારડું ઉપાડીને કેમ આવ્યો ? ક્યાંય ચઢવા જવું છે કે શું ? '

' બાપા કહે કે જા ભાઈ, ભૂમિયાના ઘરને લૂણો લાગ્યો છે તે જરા ચૂનેલું કરી આવ. તે હું તો હા કે ના કહ્યા વગર હાથમાં લીધું ચુનારડું ને આવ્યો આંહીં ! '

' ભલે આવ્યો. હેં ભાઈ દૂદા, પણ તને આજ વસો કંઈક ઉદાસ લાગે છે કે નહિ ? '

' હા. તું કે'છ ત્યારે એમ લાગે છે ખરું. આજ એ કાંઈક ઉદાસ છે ખરો. વસો એમ ઉદાસ થાય એવો તો નથી. કાં તો એના બાપા એને પેઢીએ ખોડવા માંગતા હશે કે કાં કોઈક વીસનખી લાવીને એને નાથવા માગતા હશે. '

' હા, અલ્યા, એ વાત સાચી ! અમારે ઘેર માળવાનો એક ગોર આવ્યો છે ખરો. તે કોઈક શાહની દીકરી માટે વર ગોતવા જ આવ્યો છે, એમ મારી મા કહેતી હતી. ને અલ્યા, હવે મને યાદ આવ્યું......બરાબર યાદ આવ્યું......'

' શું ? ' પાછળથી એક અવાજ આવ્યો.

' લે, આ તો મલેછ પણ આવી પહોંચ્યો ને શું ! '

મલેછ એટલે ખીમલી. કંથકોટનો એક કોળી તુરક થયો હતો ને એ એક વટલેલ બાઈ લાવ્યો હતો. એનું અસલ નામ શું હતું

એની તો હવે કોઈને ખબર ન હતી, પણ બધા એને તુરકકોળી જ કહેતા. એ તુરકકોળીનો છોકરો ખીમલી. ભાઈબંધો એને મલેચ્છ કહીને બોલાવતા. ને એમાં એને કશું અજુગતું કે અપમાનજનક લાગતું જ નહિ.

'આ વસાના બાપની વખારમાં જગા નથી ને કોઈક નવો માલ આવ્યો છે તે ડોસો ગયો છે ત્યાં ભરત કરવા, ડોસી ગઈ છે પાણી ભરવા ને આપણે બંદા ભાગ્યા આમ!'

'અલ્યા મલેચ્છ!' ચોખંડાએ હાથ ઉપાડીને કહ્યું, 'જરા છેટો રહીને વાત કર. જેના તેના વાંસામાં ધબ્બા મારે છે તે તારે તે હાથ છે કે હથોડા? છેટો રહીને વાત કર મારા બાપ! પણ એ તો જાણે ઠીક, હું આ દૂદાને કહેતો હતો, ને હવે તને પૂછું છું, કે આ વસો આજ કંઈક ઉદાસ જેવો નથી લાગતો?'

'આ ઈ તું કહે છે એટલે એવો લાગે છે ખરો. પણ તું શું વાત કરતો હતો કોઈક ગોરબાપાની?'

'એ જ તો છે આ વસાની ઉદાસીનું કારણ, સમજ્યો? એ ગોર વસાને હેરાન કરવાને આવ્યો છે.'

'કહેતો હો તો ઉપાડીને મૂકી આવીએ રણમાં—ભલે બાપડો ખરગધ જોતો ને ઝાંઝવાનાં જળ પીતો!'

'માળો મલેચ્છ ફાંધો એટલે બસ તરતબુદ્ધિ તરકડો! પણ કાંઈક વાત સાંભળ, એના ઉપર કાંઈક વિચાર કર, કે આ બસ, પાણો જ ફેંક્યો!'

'આપણું તો ભાઈ, એવું! આપણને કાંઈ બ્રાહ્મણ–વાણિયાની જેમ પૂંછડું જો, પગ જો, માથું જો, ધડ જો, મુદ્દો જો, અરથ જો ને એવી એવી વાતો ન આવડે. આપણે તો ભાઈ ધડ દઈને એક ઘા ને બે કટકા કરવાવાળા!'

'અરે પણ માળા મૂરખ! એ ગોર છે કોઈક મોટા શેઠનો ને મોટો શેઠિયો છે વળી કોઈક મોટા રાજનો! ગોરને એમ ગામના ખેડુ, કોળી કે ખારવાની જેમ નધણિયાતો ન સમજતો, હો! જરા વાત તો સાંભળ!'

'પણ કંઈક બોલ તો ને!'

'આ ઈવિડો ઈ ગોર, આજ સવારના પહોરમાં હું પૂજા કરીને ઊઠચો...'

દૂદો હસ્યો–જોરથી હસ્યો; ચોખંડા સામે ચુનારડું લાંબું કરીને હસતો હસતો બેવડ વળીને બોલ્યો: 'પૂજા કરીને તું ઊઠચો?... પૂજા?...પૂજા?...તું...તું...પૂજા...?'

'સરખી રીતે વાત સાંભળવી છે કે ધબ્બો ખાવો છે? આ અમારે ઘેર ક્યાંક ગામ–પરગામથી ગોર આવે ને ત્યારે જખ મારીને મારે જ પૂજામાં બેસવું પડે છે! નાહી–ધોઈ પીતાંબર પહેરીને કપાળમાં ત્રિપુંડ તાણીને બેઠો હોઉં તો ઘડીભર મારી માનેય એમ થાય કે જાણે સાક્ષાત્ શંકર ભગવાન બેઠા છે! ને કોઈક કન્યાનો બાપ હોય ને સાપનો ભાર માથેથી ઉતારવા આવ્યો હોય તો વળી મારા ગળામાં એ ભારો પરોવીયે દે ને કપાળમાં ચાંદલોયે કરી લ્યે! પણ હજી સુધી કોઈ કરતાં કોઈ કન્યાનો ગોર–બાપ આવ્યો જ નથી કે આ શંકરજતિનાં કાંઈ ઠેકાણાં પડે!'

'હેં અલ્યા, આપણાં માબાપને આપણને પરણાવી દેવાની આટલી તલપાપડ કેમ થતી હશે? છે એટલાંનુંય પૂરું થાતું નથી તો વળી એક વધારાનું માણસ શું કામ લાવતા હશે? આ વસા શેઠને તો જાણે ઠીક: ગાંઠમાં ગરથ ઘણો એટલે એને તો જાણે એ બધું પોસાય.'

'હું એ જ વાત કરતો હતો, ત્યાં તું વચમાં કૂદી પડચો. ઈવિડો ઈ ગોર મને પાસે બેસાડીને વસા શેઠની બધી વાત પૂછતો હતો: ગામમાં એની છાપ કેવી? ભણતર કેવું? દુકાને બેસે છે કે નહિ?

ગામમાં એને માટે શું કહેવાય છે? છોકરો પાણીદાર ખરો કે નહિ? એના બાપની દુકાન કેવી?'

'માળો આ તે કોઈક સૂબો આવ્યો હોય કે ચાવડો સંઘાર આવ્યો હોય ને બાનની ભાળ કાઢતો હોય એવું કર્યું આ ગોરબાપાએ તો! તે એ પરદેશીને વળી આટલી પેટપીડ શું કામ?'

'બંદાએ તો વસા શેઠનું બરાબર વાટી નાંખ્યું, હો! પહેલાં ચિચોડામાં ઘાલ્યો, પછી ખાંડણિયામાં નાખ્યો, પછી કુંડીમાં રોળ્યો! એવું વાટી નાખ્યું, એવું વાટી નાખ્યું કે ચણાની દાળનાં ભજિયામાં જેમ દાળનો દાણો ન દેખાય એમ! મારા બાપ તો ઘણાય ઇશારા કરતા રહ્યા ને મારી બા પણ મને બહાર બોલાવતી જ રહી, અને મેં બંદાએ તો ઠંડે કલેજે, શિવરાતની ભાંગ લઢે એમ, વસાને બરાબર લઢી નાંખ્યો!'

'તે તારા ભાઈબંધનું આવડું બધું વાટી નાંખવાનું કોઈ કારણ?'

'એ તું ભગત એટલે ના સમજ, ભામણ થયો હો તો સમજ.'

'પણ તું તો ભામણ મૂઓ છો ને! સમજાવ તો ખરો કે તેં ભાઈબંધે ઊઠીને ભાઈબંધનું દળી નાંખ્યું શું કામ?'

'તુંય મલેછ મૂઓ છો ને. જો, સાંભળ, આ ગોરબાપો શું કાંઈ અમસ્થો સુંવાણે ટાંટિયાતોડ કરવાને છેક માંડુગઢથી કંથકોટ આવ્યો છે? અરે, કોઈકનું નાળિયેર લઈને નીકળ્યો હશે એ તો. અમારે ત્યાં અલકમલકના ગોર આવે એટલે અમે તો પગમાંથી પારખી જઈએ કે ગોરબાપાનાં પધારવાં કેમ થયાં છે? ને એ શું કાંઈ અમસ્તો વસાનું પૂછતો હતો? અરે ગાંડા, વસાના બાપની તો આખા મલકમાં આબરૂ. વળી એમની પેઢીનીયે ભારે નામના. શેઠ તો પાંચમાં પુછાય એવા. વળી કુળવાળા, વળી પોરવાડ, વળી જૈન; જેટલા સાધુસંત

આવે એની સેવાચાકરી કરે ને એ બધાં પરભોમમાં જાય એટલે શેઠનાં ગુણગાન કરે.'

'તે કરે જ ને. બીજા કોઈનું ગજું છે વસાના બાપ જેટલો ઘસારો સહન કરવાનું? મારો બાપ તો કહેતો હતો કે બીજાને ઘેર અનાજ નથી દેખાતું એટલી તો વસા સોલ શેઠને ઘેર મહેમાનનાં પગની ધૂળ ભેગી થાય છે! એ તો જે ચોકડાં ખમે એ ગોળ પણ ખાય; ને જે ખાઈ–ખવરાવી જાણે એનાં ગુણગાન પણ ગવાય.' મલેછે સૂર પૂરાવ્યો.

'ખાવાવાળો તો મલક આખો પડચો છે; પણ ખવરાવવાવાળાની જ બોલબાલા છે ને!' દૂદાએ કહ્યું: 'પણ એમાં તારે પથરો કાં ફેંકવો પડચો? કે પછી ભામણની આંખમાં જ ઝેર કે કોઈનું સારું ખમાય જ નહિ!'

'એક ભગતડો ભંગી ને બીજો મલેછ. તમારામાં અક્કલ કેદી આવશે? સમજ્યો નહિ. આ બીજા કોઈ સોલ શેઠની શેહમાં તણાઈને ના બોલે. જો હું ના બોલું તો ગોરબાપા બીજા કોઈને પૂછે; ને પૂછે એટલે વસાનો ખેલ ખલાસ. વાણિયાનો છોકરો ગમે એવો સારો હોય, સમજુ હોય, અક્કલમંદ હોય, બહાદુર હોય, પણ જો બાપની દુકાને બેસે નહીં તો એની સોગઠી ઊડી સમજવી. આ મેં જો એમ ના કર્યું હોત તો ગોરબાપો વસાના કપાળમાં ચાંદલો જ કરીને જાત! આવું ખોરડું એને બીજું કચાં મળે?'

'તે એમાં તારા હાથમાં શું આવ્યું?'

'ગાંડા, આપણી વાત જુદી ને શેઠશાહુકારની વાત જુદી. આપણા માટે આપણાં માબાપ વહુ લાવે ને, તો એને આવતાવેંત ઘરકામમાં એવી જોતરી દે કે બાઈ બાપડી સાસુ આડે વરને ભાળે જ નહિ ને ઘરકામમાં એવી દટાઈ જાય કે વરને જોવાય પામે માંડ માંડ! ને આ વાણિયા ને શેઠ ને શાહુકારને ઘેર ઘરકામ તો નોકરો

કરતા હોય એટલે ઘરનાં માણસ તો બધાં પાટલેથી ખાટલે ને ખાટલેથી પાટલે કર્યા કરે. પરણીને આવી હોય, જુવાન હોય, વળી નવરાશ પણ ખૂબ હોય, એટલે પછી એ આ વસાને મારે કે તારે ભાગે આવવા જ ન દે, હો! એક તરફથી વસાના ચાંદલા થાય ને બીજી તરફથી આપણી ભાઈબંધી બંધ! આપણે કંઈ થોડા કોઈ બચરવાલ આબરૂદાર ઘરબારવાળાના ભાઈબંધ થવાને લાયક છીએ?'

'ના, ના, એમ તો નહિ. એવું મેં તમને ક્યારે કહ્યું?' જગડૂએ પહેલી જ વખત જીભ ઉઘાડી.

'તું કહે કે ના કહે, ગામ આખું કહે છે ને! સહુ સહુના ઘરમાં સવાશેર. તારાં માબાપ તને એમ કહેતાં હશે; મારાં માબાપ મને એમ કહે છે કે તું બ્રાહ્મણનો છોકરો ઊઠીને આમ ભગત ને મલેચ્છ ને વાણિયાના છોકરા સાથે ફરે એમાં જ આવો ભૂત જેવો થયો છે!' ચોખંડાએ કહ્યું.

'માળું એય સાચું, હો! મનેય મારો ડોકરો રોજ કહે છે કે આપણે મજૂર માણસ, બેઠાડુ માણસ સાથે હળીએ–ભળીએ તો કાલ તાવડી તડાકા કરવા લાગે! આજ આપણા જેવાને એક દનિયુંય ભાંગવાનો અવસર છે ખરો?'

'હવે એ તો બધાયના બાપ પોતપોતાના વખત ભૂલી જઈને છોકરાને ઉપદેશ દેવા બેસી જાય છે કે બ્રાહ્મણ–વાણિયાના ને મલેચ્છના છોકરા ભેગો રખડીશ તો હાડકાં હરામનાં થાશે! એમને તો બેઠાં બેઠાં માગી–ભીખી–ધૂતીને ખાવું છે! આપણને હાડકાં હરામનાં કર્યાં નો પાલવે.' દૂદાએ કહ્યું.

'તે આ ભગતડો વળી ગામને ઉપદેશ દેવા નીકળ્યો—માગી–ભીખી–ધૂતીને...ને અમારા રોટલા તારો બાપ પૂરતો હોય તો ના પૂરે. આંહીં કાનખજૂરાનો એક પગ ભાંગ્યો તોય શું ને ના ભાંગ્યો તોય શું? એક જજમાન ઓછો...' ચોખંડો ઊકળી ઊઠ્યો.

'અલ્યા બામણા ! હું પોતે કાંઈ બોલ્યો છું કે મારા ઉપર આમ તાતા તાવ કરતો આવ્યો ? આ તો મારો બાપ મને હાથમાં ચુનારકું પકડાવીને જે કહે છે એ તને કહ્યું.'

'તો ઠીક. બાપાઓને તો એવી ટેવ પડી ને માવરું તો નાત-જાતમાંથી કન્યાઓ લાવવા સિવાય બીજી વાત જ કયાં જુએ છે ? આપણે નથી કોઈનું કાંઈ બગાડતા. આપણા ઘરનાં કામકાજ કરીએ છીએ. પછી ભેગા થઈને વાતો કરીએ, રમીએ, ખેલકૂદ કરીએ એમાં એમનું જાય શું ?' ચોખંડાએ કહ્યું.

'તે હેં ચોખંડા !' મલેછે કહ્યું, 'આ વસાની વાત તું લાવ્યો છે તે એ વાત તારા શાસ્તર જેવી કે સાચી ?'

'આપણને કોઈ થોડી વાત કરે છે ? પણ મને એ માંડુગઢના ગોરના ચાળા સારા ના લાગ્યા. એ બાપડો ભમ્યો છે બહુ. એના પગ પણ કાંઈક થાકયા છે. તે મને એમ થયું કે માળો કયાંક 'અઠે હી દ્વારકાં' કરી નાખે તો ના નહીં !'

'તો વસાની જાનમાં જવા થશે; એમાં ખોટું શું છે ?'

'લે રાખ, રાખ, વસા શેઠની જાનમાં મારો ને તારો ભાવ કોણ પૂછવાનું હતું ?'

'પણ આ વસો તો છે ને ?'

'અરે, એનેય કોણ પૂછવાનું હતું ?'

'તો ?......'

'તો–માં એક વાત : જો મારો દાવ લાગ્યો તો તો જાણે ઠીક કે વસો બચ્યો; નહિ તો આપણી ભાઈબંધીના ખાટલાના ચાર પાયામાંથી એક તૂટયો સમજો !'

'તે આપણે પ્રતિજ્ઞા લઈએ કે આપણી ભાઈબંધીમાં વાંધો નહિ આવે એમ જો માબાપને સાસરાવાળાં લખી આપે તો જ પરણવું;

નહિતર ના પરણવું !' મલેછે સૂચના કરી.

'તે તારે પરણવું છે કે નહિ એ તને પૂછવા આવશે, ખરું ? અરે, એ તો ઘરમાં લાલ ગાભામાં વીંટીને એક ઢીમચું મૂકી દેશે ને કહેશે કે આ અમારા ખીમલિયાની વહુ !'

'તો એવી વહુ આપણે ના જોઈએ.'

'અરે બાપ, કહી કહીને જીભના કૂચા વળી ગયા કે તારે વહુ જોઈએ છે કે નહિ એ કોઈ તને પૂછવાનું જ નથી ને! મોટી વાત તો એ છે કે તારાં માબાપને વહુ જોઈએ છે!'

'આ વસો કેમ કંઈ બોલતો નથી ? એને કાં તો આ ભાઈબંધો વીસરાવા માંડયા ને વહુ યાદ આવવા માંડી લાગે છે!'

'ના ભાઈ, ના, એમ નથી. પણ મારાં મા ને...બાપ......મારાં મા ને બાપ......'

'અલ્યા, એ શું છે ?' એકાએક દૂદાએ આંગળી ચીંધી, 'આ શું દેખાય છે ?'

આભમાં આંધી ચડી હતી, ને વેગથી આગળ ધસતી હતી.

'વંટોળિયો લાગે છે.' ચોખંડાએ કહ્યું, 'વંટોળ નથી જોયો કોઈ દિવસ તે આજ પૂછવા બેઠો ?'

'ના, આ વંટોળ જેવું નથી લાગતું.' દૂદાએ કહ્યું, 'એવું નથી લાગતું; આ તો કાંઈક જુદું જ લાગે છે.'

'દૂદાની વાત સાચી છે.' જગડૂએ કહ્યું, 'આ વંટોળ જેવું નથી લાગતું. વંટોળ હોય તો ગોળગોળ ઘૂમરી ખાય, ને થાંભલા જેવો થઈને ઉપર ચડે. આ ગોળ ગોળ ઘૂમરી નથી ખાતું; આ તો એમ ને એમ દોડતું આવે છે—જાણે ઘોડાં દોડતાં હોય એમ !'

'ઘોડાં......ઘોડાં......તો...તો...ગામ ઉપર......'

ત્યાં તો પોતાના ચાર પગ પૂરા પહોળા કરીને પેટ જમીન

સરસું ઘસાય એમ લાંબી લાંબી ફલાંગે દોડતી આવતી સાંઢણી દેખાઈ—જાણે પવનવેગી ન હોય એવી !

ચારે જણ એ સાંઢણી સામે જોઈ રહ્યા.

'અરે, આ તો ઉઘો નોતિયાર !' સાંઢણીનું આખું અંગ ધૂળથી ખરડાઈ ગયું હતું. એને મોઢે ફીણ ઊડતાં હતાં. ભાઈબંધો પાસેથી સાંઢણી પસાર થઈ ત્યારે સાંઢણીસવારે બૂમ પાડી : 'ભાગો !...... ભાગો......છોકરાઓ !......ગઢમાં ભાગો !...ચાવડો સંઘાર કંથકોટ ભાંગવા આવે છે...ભાગો !... ભાગો !...ભાગીને ઝટ પોતપોતાના ઘરભેગા થઈ જાઓ ! આ તો જીવતો કાળ આવે છે, કાળ !'

## ૩ .... .... .... ગંગા-અવતરણ

**જયભાઈ** વાણોતર ગયા એટલે સંઘપતિ સોલ શેઠનાં ગૃહલક્ષ્મી અંદર આવ્યાં. નામ તો એમનું હતું રાજલક્ષ્મી, પણ બધાં એમને લક્ષ્મી કહીને જ બોલાવતાં, ને એમને સોલ શેઠના વહેવારની લક્ષ્મી જ માનતાં. શેઠે પોતાની બાજુમાં ખાટ ઉપર એમને બેસવાની જગા કરી આપી. પ્રૌઢ દંપતી પ્રૌઢત્વના શીળા ઓજસભર્યા દાંપત્યની હૂંફ અનુભવતાં હીંચવા લાગ્યાં.

'આ જયભાઈ કેમ આવ્યા હતા? કાંઈ ખાસ કામે?'

'હા. પણ કામ તો હતું એમને મારા કરતાં તમારું વધારે.'

'એવું તે શું કામ હોય?'

આપણા ગામમાં પરભુ ગોરને ઘેર આજે એક મહેમાન આવ્યા છે. એ મહેમાન છે અમરાશાના ગોર. અમરાશા એટલે માંડુગઢના પરમારરાજ દેવપાલના વડા વ્યાવહારિક. અમરાશાના આ ગોર પોતાના યજમાનની કન્યાને નાટે કોઈ સુપાત્ર ઠેકાણું શોધવા નીકળ્યા છે. શોધતાં શોધતાં આંહીં કંથકોટ આવ્યા છે.'

'આપણા જગડૂની વાત છે?'

'હા. પરભુ ગોરે આંગળી ચીંધ્યાનું પુન્ય કર્યું છે, સમજી?'

'આપણા ઘરની વાત હોય ત્યાં પરભુ ગોર તો ટેકો આપે જ.'

'પરભુ ગોરે જયભાઈને વાત કરી. પછી જયભાઈ ને ગોર બેય

મળ્યા. વાતો થઈ. હવે જયભાઈ અમરાશાના ગોરને લઈને આંહીં આપણે ત્યાં આવશે.'

'એ ઘર કેવું ગણાય ?'

'અરે ગાંડી, અમરાશાનું ઘર કેવું ગણાય એ પૂછે છે ? આજકાલ માળવો આખો સળગ્યો છે. ગઈકાલના બહાદુર રાજાના બે દીકરાઓ અંદર અંદર લડીને એકબીજાને ખુવાર કરી રહ્યા છે. માથે દિલ્હીમાં મ્લેચ્છ સુલતાન બેયના ખુવાર થવાની વાટ જોઈને બેઠો છે એટલુંય એ સમજતા નથી.'

'ભાઈઓ ભાઈઓ એકબીજાને ખુવાર કરે એ કાંઈ નવું નથી. એટલે આઘે માળવાની વાત ક્યાં કરો છો ? આંહીં જ નજર કરો ને ! આંહીં પણ સગાભાઈઓ ને સગા ભાઈઓના દીકરાઓ પણ ક્યાં બાઝવામાંથી ઊંચા આવે છે ? પણ એમાં અમરાશાના ટકા કેટલા ? ને જે વાણિયો રાજખટપટમાં સંડોવાય એ ઊભો રહે કેટલા દિવસ ?'

'પૂરી વાત તો સાંભળ : આ માળવાવાળા અંદર અંદર બાઝે છે ને એકબીજાનાં ગામો સળગાવે છે, ત્યારે અમરાશાએ માંડુગઢમાં લોકો માટે આશરો ઊભો કર્યો છે. માંડુગઢના એક પરમાર ભાયાતને પડખે એ ઊભા રહ્યા છે. એમણે ત્યાં નવ નિધિ ઠાલવી દીધા છે અને ગઢ તો કોઈ કાળકોઠા જેવો બાંધી દીધો છે ! ને એમાં જેને આશરો લેવો હોય એને એ આશરો આપે છે, જેને ત્યાં વસવું હોય એને વસાવે છે. અરે, બાણુ લાખ માળવાને દિલ્હીના સુલતાને લૂંટ્યો, દેવગિરિવાળાએ લૂંટ્યો ને હવે બાકી રહ્યું છે એ ભાઈ ભાઈ અંદર અંદર ઝઘડીને હાથે કરીને ખુવાર કરે છે ! એમાં માળવામાં આજે એક અમરાશા જ એવા છે,' જેની સામે લોકો મીટ માંડે. એ તો થંભ છે થંભ ! વઢવું કોઈની સાથે નહિ, દબાવું કોઈનાથી નહિ, ગમે તેમ કરીને ગઢની વસતી વધારવી એ જ એનું કામ ! વેપારરોજગારને

રક્ષણ આપવા નાગા બાવાની મોટી સેના રાખી છે.આજ માળવાના રાજના ધણી તો જે થાય તે—અવન્તીવર્મા થાય કે સુભટ વર્મા થાય, દેવગિરિવાળા થાય કે પછી દિલ્હીનો સુલતાન થાય—પણ માળવાની વસતીનો ધણી તો છે એક અમરાશા! એ વસતીની ઓથ છે એક માંડુગઢ, ને એનો આશરો છે એક દેવરાજ પરમાર. વંકો નર વંકા ગઢમાં સાવઝની જેમ ગર્જે છે. ને હેસિયત નથી કોઈની કે લાખની સેના લઈ નેય માંડુગઢની કાંકરી પણ ખેરવે. મલકમાં આજકાલ રાજાઓ તો ઘણા છે, દીવાનોય ઘણા છે, ને ફોજ પણ ઘણી છે, પણ સાચો રાજા એક માંડુગઢનો દેવરાજ પરમાર, સાચો કારભારી એક અમરાશા, ને સાચી સેના એક માંડુગઢની! જેણે એવા રાજાને ટકાવી રાખ્યો, જેણે એવી સેનાને ટકાવી રાખી ને એવા ગઢને ઊભો કર્યો એ આ અમરાશા!'

'ત્યારે તો આપણી બરાબરનું કહેવાય!'

'હા. એમાં ના કેમ કહેવાય? હું મારે મોઢેથી ભલે ના બોલું, પણ કોઈક જાણકાર હોય તો એને આપણાથી ચડિયાતો ગણે તોય ના નહિ. એની ધરમની આસ્થા પણ પૂરી. શાસનનો એ મહાભક્ત છે. સૂરિવરો, મુનિરાજો, યતિઓ—સહુની એ ભાવપૂર્વક સેવા કરે છે.'

'તમે તો એને બહુ છાપરે ચડાવો છો!'

'હું છાપરે નથી ચડાવતો; એ તો એની પોતાની મેળે જ છાપરે ચડીને બેઠો છે. દેવગિરિ ને સુલતાન ને પરમાર રાજાઓની સેનાઓની ધૂળની આરપાર પણ આખો માળવો જેને જુએ છે, એવો છે એ તો!'

'એ એવો હશે તો આપણું ઘર પણ ક્યાં મોળું છે!'

'ગાંડી! કોઈક બીજાનાં વખાણ જેવાં હોય એવાં વાંચીએ, એમાં આપણું થોડું મોળું થઈ જવાનું હતું?'

'ના. પણ હું તો મારા ઘરની ધણિયાણી ને મુલકમાં મોટામાં મોટા શેઠની સામે પણ મારું ઘર જરાય મોળું નથી, એમ માનનારી! હું પહેલાં મારું ઘર સંભાળું.'

'આપણા ઘરને કોઈ મોળું કહે નહિ, કહી શકે પણ નહિ.'

'તો બસ. છોકરી કેવી છે? આપણું ઘર દીપાવે એવી છે?'

'એ તો હશે જ ને? એમાં કાંઇક પણ મોળું હોત કે કચાશ હોત તો તો પાડોશમાં જ ગમે તેવાની સાથે એને ઠેકાણે પાડી દીધી હોત! આ તો સાચો હીરો હશે એટલે જ ગોર એને લાયક ઝવેરીને શોધવાને આવા કપરા કાળમાં ને મુસાફરીનાં આવાં વસમાં જોખમ ખેડીને આખી ગુજરાતમાં બધે ભમી ભમીને કચ્છમાં આવ્યો હશે.'

'છોકરીનું નામ નહિ ખબર હોય.'

'નામ જસોદા.'

'વાહ! મારો જગડૂ ને એ જસોદા—એક જ રાશિ થઈ. જનમ-કુંડળી જોઈને કરો નક્કી.'

'એના ગોરને તો આવવા દે. તેલ જો, તેલની ધાર જો. એમ કાંઈ મારે ને તારે એકલાંએ થોડું નક્કી કરવાનું છે? સાચું નક્કી કરવાવાળી તો આરાસુરમાં ચાર હાથવાળી બેઠી છે.'

'પણ હવે તમે ચિકાશ ન કરતા, ગમે તેમ કરી નક્કી જ કરજો. જગડૂને હવે નાથ્યા વગર ચાલે એમ નથી. હવે એના ગળામાં હાંસડી ને પગમાં સાંકળ નાખવી જ જોઈએ. નહિ તો એ સાવ રખડૂ થઈ જશે.'

'અરે, તુંય નકામી ઉપાધિ કરે છે. હજી છોકરો છે, જુવાન લોહી ચટકા ભરે છે, તો ભલેને કરી લ્યે થોડી લાલાલાલી!'

'પણ તમે એના ભાઈબંધો જોયા છે? વાણિયાના દીકરાના ભાઈબંધ કોણ? તો કહે, એક ભામટો, એક તુરક—કોળી—પિંજારો ને એક ઢેઢ! માંડુગઢવાળા ગોર આ જાણે તો કેવું કહેવાય?'

'ગોર બાપડો કાંઈ જનમથી તો ડોસો નહીં હોય ને? એય

કયારેક તો જુવાન હશે ને ?'

'વાત કરવામાં તો તમને મારે કયાં કહેવું પડે એમ છે ? વળી જયભાઈ પણ છે. પરભુ ગોરનો ટેકો છે. જગડૂના ભાઇબંધોની વાત ગોરને કાને ન જાય એવું કરવું જોઈએ. આ ઈ એક વાત સિવાય તો મારો છોકરો લાખ રૂપિયાનો છે.'

'કરશું, બધુંય કરશું.'

'ના. પણ તમે જોજો. બાકી સામેવાળા–મેઘજી શેઠવાળા–તો કહેવાય આપણા સગાં ને આપણા સમધરમી, પણ એ તો એવા છે કે આપણું ગળું હાથમાં આવે તો પગ ન પકડે! સાચું પૂછો તો મારા છોકરાની આવી ભાઇબંધીનો ડેઢફજેતો કોઈએ કર્યો હોય તો એમણે જ કર્યો છે! એમને કાને જો આ ગોરની વાત જાય ને તો પાણો નાંખ્યા વગર ના રહે.'

'હવે એવી ખોટી વિમાસણ શીદને કરે છે? વાત કરવાવાળા કાંઈ અંજળ ને વિધાતાને થોડા ટાળી શકે છે? માણસ પુરુષાર્થ ગમે એટલો કરે, પણ આખરે તો ધાર્યું ધરણીધરનું જ થાય છે ને ?'

'નસીબની વાત તો મોટી જ છે. પણ આપણે મહેનત તો કરવી જોઈએ ને!...ઓ...ઓ...અરે...મા!'

વાત કરતાં કરતાં શેઠાણીના કંઠમાંથી ચીસ નીકળી ગઈ. શેઠાણીના માથા ઉપર ઉપરથી કાંઈક જોરથી પછડાયું.

'શું છે? શું છે?' કરતા સોલ શેઠ પણ પોતાની બેઠક ઉપરથી ઊભા થઈ ગયા.

'મારું માથું ફૂટી ગયું!' લક્ષ્મીએ માથું બે હાથથી દાબતાં કહ્યું, 'માથેથી કાંઈક પડયું!'

'શું ?'

જોયું તો, બરાબર ખાટની વચ્ચે, છત ઉપર ટાંગેલી હાંડી તૂટીને શેઠાણીને માથે પડી હતી; ને પડીને શેઠાણીના હાથની ઝાટક ખાઈને, મોટા અવાજ સાથે, શેઠાણીના પગ આગળ ફરસબંધી ઉપર અથડાઈ હતી ને અચાનક ચમકેલાં શેઠાણીના પગની ઠોકર ખાઈને મોટા તીખા રણકાર સાથે જરા દૂર ઊછળી પડી હતી ને ત્યાંથી દડતી દડતી દાદર તરફ ધસી રહી હતી.

એ તો અહિહોલની હાંડી! પાણીના પરપોટામાં મેઘધનુષની ઝાંયવાળું આકાશ જકડાયું હોય એવી અને કાગળથીયે પાતળા બિલોરી કાચની હાંડી! જેમ જેમ દિવસ વધતો જાય તેમ તેમ એના રંગની ઝાંય ફરતી જાય—એવી કે એની ઝાંય ઉપરથી કેટલા પહોર સૂરજ ચડ્યો છે એ સાફ કહી શકાય. આ હાંડી તો અમૂલખ હતી. સાત પેઢીના કારીગરે સાત પેઢીની પોતાની કલાને એક જ ફૂંકમાં ભરીને* મયલાપુરની નિગંઠવાડમાં એને સરજી હતી. એક ખાસ વહાણમાં શેઠે એને કંથકોટમાં આયાત કરી હતી.

શેઠાણીને એ મયલાપુરી હાંડી ખૂબ પ્યારી હતી—જાણે સાત ખોટની પેટની દીકરી હોય એવી! એ હાંડીને દડતી દડતી છેક દાદર પાસે પહોંચેલી જોઈને શેઠાણી સફાળા દોડ્યાં. એમ કરતાં સાડલાનો છેડો પગમાં ભરાયો ને એમની જરા ભરાવદાર કાયાએ લોંચી લીધી. એ પાછાં સાવધ થાય એ પહેલાં તો એ હાંડી દાદરની કિનારી સાથે વેગથી અથડાઈને-ઊછળીને દાદરના પગથિયાં ઉપર પછડાઈ, અને ત્યાંથી દડતી દડતી, એક એક પગથિયે રણકાર કરતી, ટક્કર લેતી છેક નીચે ફરસબંધી ઉપર જઈ પડી! મકાનની બાંધણી જૂના જમાનાની એટલે ભોંયતળિયાનો દાદર સાવ સામે ને મયલાપુરી હાંડીએ એ દાદરની પણ રણકાર કરતી સફર આદરી! પહેલે ને બીજે પગથિયે મોટી ટક્કર

---

* મયલાપુર : આજનું મદ્રાસ. વિક્રમની પંદરમી સદી સુધી દક્ષિણના મૂળસંઘના નિગંઠો–જૈનો–નું મોટું થાણું. ત્યાંની કાચની કારીગરી ખૂબ વખણાતી હતી. ને ઈરાન, અરબસ્તાન વગેરેમાં એની ભારે માગ રહેતી.

આવી એટલે મયલાપુરીએ દાદરનાં પગથિયાં છોડીને સીધી નીચે પછાડ ખાધી. શેઠાણીના કાળજામાં તીર વાગે એમ એની પછડાટનો રણકાર ચોમેર ગાજી રહ્યો, અને પછી સર્વત્ર શૂન્યકાર છાઈ રહ્યો.

પોતાના પ્રાણથીયે અધિક પ્યારી એવી આ મયલાપુરી હાંડીની આ દુર્દશા જોઈને શેઠાણી ગમગીન બની ગયાં! અરેરે, કેટલાં જતનથી એને જાળવી તોય આજે એના હજાર કટકા થઈ ગયા હશે. શેઠાણી એ કટકા એકઠા કરવા નીચે ઊતરવા માંડ્યાં.

'એમાં આટલી બધી ગમગીની શાને? આ તો કાચ કહેવાય; જરાક ટક્કર લાગે તો ફૂટી જવાનો એનો ગુણ. આપણે એવી બીજી હાંડી લાવીશું. બસ, થયું?'

'પણ એના કટકા તો હું જ ભેગા કરીને ક્યાંક જાળવીને નાંખી આવીશ. થયું શું?—કાંઈ ખબર ન પડી. જુઓ તો ખરા, એની સાંકળ તો હજી પણ એમ ન એમ જ ટીંગાય છે!'

શેઠ નવાઈ પામીને ઉપર જોઈ રહ્યા: સાંકળ જેમની તેમ જ લટકતી હતી. કિનારી ફરતી લોઢાની કડી પણ એમની એમ જ હતી. આ તો જાણે હાંડીમાં જીવ આવ્યો હોય અને પોતાની મેળે જ આજ વરસોનો પોતાનો આશરો મેલીને અંદરથી સરકી ગઈ હોય...કે પછી કોઈ અકસ્માતે એની કિનારનો કંદોરો જ ભાંગી ગયો હોય......

નીચેથી શેઠાણીએ જોરથી સાદ દીધો ને થોડી વારમાં તો એ જાણે ઉતાવળાં–અધીરાં દાદરનાં પગથિયાં ચડી આવતાં હોય એમ ધબકારા સંભળાયા. ધફધફ કરતાં એ ઉપર આવ્યાં. એમનો ચહેરો અતિ પ્રસન્ન હતો; એમના હાથમાં એ હાંડી હતી—સાવેસાવ સાજી!

એમણે બે હાથમાં પકડેલી હાંડીને આગળ કરતાં કહ્યું: 'અરે, જરા જુઓ તો ખરા, મારી હાંડી આબાદ બચી ગઈ, રજેરજ બચી

ગઈ! એમાં એક તરાડ પણ નથી પડી ને એની એક નાની સરખી કરચ પણ નથી ખરી! કેવી નવાઈની વાત!'

શેઠે નવાઈ પામીને હાંડી હાથમાં લઈને જોયું તો આટલા સખત પછડાટનું નાનું સરખુંયે નિશાન હાંડી ઉપર ન હતું! ક્યાંયથી રજ પણ ખરી નહોતી. ક્યાંય નાની સરખી તરાડ તો શું, તરાડનો આભાસ પણ દેખાતો ન હતો. હાંડીનો કંદોરો પણ અણીશુદ્ધ સાબૂત હતો!

શેઠ હાંડી સામે જોઈ રહ્યા—બસ જોઈ જ રહ્યા! એ ઉપર ઝૂલતી સાંકળ ને ત્રણ પાતળી સાંકળે બાંધેલા લોખંડના ગાળા સામે જોઈ રહ્યા. એ ફરીને હાંડીના કંદોરા ઉપર આંગળી ફેરવી રહ્યા. હાંડીમાં ક્યાંય અદીઠ પણ મારની અસર નથી એ જોવાને એમણે હાંડીને એક આછો ટકોરો માર્યો. જવાબમાં એમણે ચોખ્ખો રણકાર સાંભળ્યો. ફરીવાર એમણે લોઢાના ગાળા સામે જોયું, હાંડીના કંદોરા સામે જોયું, અને પછી દીર્ઘ નિશ્વાસ મૂકીને એક પણ શબ્દ બોલ્યા વગર, હાંડી પાછી શેઠાણીને આપી. પોતે વિચારમાં મગ્ન બનીને ચૂપ-ચાપ ખાટ ઉપર બેસી ગયા—જાણે પૂતળું બની ગયા હોય!

આશ્ચર્યથી શેઠાણી બોલ્યાં: 'અરે, તમને એકાએક શું થયું?'

'કાંઈ નહિ.'

'ના, કાંઈક છે. આ તો જાણે મારી હાંડી ન તૂટી એનો તમને અફસોસ થતો હોય એવું દેખાય છે! થયું શું એકાએક તમને? આમ મૂંગા કેમ બની ગયા?'

'ના, કાંઈ નહિ.'

'ન બોલો તો મારા સમ છે તમને; ન બોલો તો તમે મને મરતી ભાળો!'

'હું કહીશ એ તારાથી સહન થશે?'

'પણ છે શું?'

'આજથી આપણી પડતી શરૂ થાય છે! હવે આપણા પડતા દિવસ બેઠા લાગે છે!'

'આ તમે શું કહો છો?'

'સાચું કહું છું.'

'શા ઉપરથી?'

'આ હાંડી ઉપરથી.'

'હાંડી ઉપરથી? મને પ્રાણથીયે પ્યારી આ હાંડી ફૂટી હોત તો મને કેટલું દુ:ખ થાત! એ ન ફૂટી એમાં તમે નિસાસા નાંખવા બેઠા ને આમ પથ્થરના પૂતળા જેવા થઈ ગયા? મારી વહાલી ચીજ બચી ગઈ એનો તમને હરખ નથી? ને ઊલટાના અમંગળ વાણી ભાખવા બેઠા છો?'

'સાચે જ, મને એમાં આપણું બહુ અમંગળ ભાસે છે.'

'પણ શું કામ?'

'લક્ષ્મી! જો અને સમજ. વિધાતા ચેતવે છે દરેક માણસને. એ કોઈને ઘેર બેપિયો કે કાસદ કે કાગળ નથી મોકલતી. એની વાણી અગમનિગમની હોય છે. એના સંકેત સમજવા જેવા હોય છે. જે ન સમજે એ આખરે હેરાન થાય છે.'

'આમાં હું તો કાંઈ ના સમજી.'

'તો જો, લક્ષ્મી! આ હાંડી કાચની. કાચનો ગુણ શું? ઉપ-રથી પડે એટલે ફૂટી જવું. પણ આ હાંડી ન ફૂટી! હાંડી કાચની—બિલોરી કાચની. એ તારા માથા ઉપર અફળાઈ, તારા પગની લાતે ચડી, આરસની ફરસબંધી સાથે એકવાર અથડાઈ, દાદરનાં પગથિયાંને ટપ્પે ટપ્પે અથડાઈ, બીજા દાદર ઉપરથી છેક નીચે પહોંચીને પથ્થર

જડ્યા ભોંયતળિયા સાથે મોટા અવાજ સાથે અથડાઈ. એ રણકાર તો તેં પણ સાંભળ્યો હતો. એક શું, એક હજાર હાંડીનો કચ્ચરઘાણ વળી જાય એટલો માર આ એક હાંડી ઉપર પડ્યો; તોય એ ન ફૂટી. એ શા માટે ન ફૂટી એ તું જાણે છે ?'

'ના. હું તો ફક્ત એટલું જાણું કે એ ના ફૂટી.'

'એનું કારણ એ કે એ હાંડી આપણે ત્યાં હતી; બીજા કોઈને ઘેર હોત તો એના હજાર ટુકડા થઈ ગયા હોત. પણ આપણે ત્યાં હતી માટે જ એ ન ફૂટી—આપણા ઉપર વિધાતાની એટલી દયા સમજવી છે કે જેનો ગુણ વેંત ઊંચેથી પડે તોય હજાર કટકા થવાનો છે એ હજાર વેંત ઊંચેથી પડી તોય એનો એક પણ કટકો ન થયો ! એ કંઈ હાંડીની કારીગરી કે કરામત નથી; એ તો આપણા ઉપર વિધાતાની દયા છે. એની દયાની આ ટોચ ગણાય. એટલે અત્યારની ઘડીથી આપણા પડતા દિવસ શરૂ થયા માનજે !'

'તમે તો જ્યારથી સૂરિજીનો સંગ કેળવ્યો છે, ત્યારથી આવાં આવાં ગાંડાં કાઢવાનું મન કર્યા કરો છો. એક કાચની હાંડી ન ફૂટી એ વાત ઉપર આવડી મોટી કલ્પનાની ઇમારત ?'

'લક્ષ્મી ! જે કાળ આવે છે એની સામે આંખો બંધ કરીને બેસવાથી શો લાભ ? જરા ઉપર જો; તને ઉપર ગાળામાં, સાંકળમાં ક્યાંય ભાંગતૂટ લાગે છે ? આ તારી હાંડીની કોરમાં ક્યાંય કંદોરો તૂટ્યો લાગે છે ? જરાક વિચાર તો કર : તો પછી આ હાંડી પડે જ કેમ કરી ? અને છતાં એ પડી; તે મને ને તને વિધાતાનો સંદેશ આપવાને, કે સબૂર, વાણિયાના દીકરા, હવે ચેતી જા ! હવે તારો ખરાબ કાળ આવે છે. ખત્તા ન ખાવા હોય તો સમયને ઓળખી લેજે !'

શેઠના ગંભીર બનેલા ચહેરા ને એથીયે ગંભીર બનેલા અવાજ સામે શેઠાણી ચૂપ રહ્યાં. હાંડી હવે એમને અકારી થઈ પડી હોય

એમ એમણે એને જરા અછડતી અળગી કરી. હાંડી એમના ખોળામાંથી ખસી ગઈ, નીચે પડી ને એના સેંકડો ટુકડા ચારેકોર વેરાઈ ગયા! શેઠાણી ચકિત આંખે એની સામે જોઈ રહ્યાં. શેઠે જરા સ્મિત કર્યું.

'અરે, નીચે કોણ છે?' શેઠે સાદ દીધો.

'એ આવી શેઠ!' કહેતી કામવાળી બાઈ શામળી ઉપર આવી.

'શામબાઈ!' શેઠે કહ્યું, 'તમે જરા ઝડપથી જાઓ ને આપણી દુકાને જયભાઈને કહો કે શેઠ હમણાં ને હમણાં ખીમલીના બાપ તુરકપિંજારાને યાદ કરે છે.'

અને પછી, જાણે કશું જ ના બન્યું હોય એમ, શેઠે હસીને કહ્યું: 'લે, હવે આ કટકા વાળી લે. ને હાં, તું પેલા ગોર આપણે ત્યાં આવે ત્યારે એને શું કહેવાનું કહેતી હતી?'

શેઠ ને શેઠાણી બેય હાંડીના ટુકડાઓ વાળીને ભેગા કરવા લાગ્યાં. શેઠાણીએ કડવે અવાજે કહ્યું: 'હવે હું કાંઈ કહેવાની નથી! મને તો વાતની શરૂઆતમાં જ અપશુકન થયાં લાગે છે! હવે મને થાય છે કે એ વાત પાટે જ નથી ચડવાની!'

'પાટે ચડાવવાની મહેનત કરવી એ આપણું કામ; છતાં, ધાર કે, એ પાટે ન ચડે તો એમાં હું કે તું શું કરીશું?'

'આ કાળમુખી હાંડીને બસ અત્યારે જ પડવાનું સૂઝયું! એણે ને તમે તો મારી બધી હોંશ ભાંગી નાંખી!'

'હજી વસમા દિવસ આવ્યા નથી, ત્યાં જ તું આમ હારી ગઈ? અરે ગાંડી! વિધાતાના લખ્યા લેખ પણ ફરે છે—જો ધણી-ધણિયાણી એકચિત્ત હોય તો.'

પરંતુ શેઠાણીનું મન અત્યારે કોઈ વાતમાં લાગતું ન હતું.

'તમે મારી હોંશમાત્ર બધી ભાંગી નાંખી ! મને તો હતું કે માંડુગઢ જાન લઈને જઈશું. મારો કુંવર હાથીએ ચડીને પરણશે. બળવાન વેવાઈનો આદરસત્કાર પામીશું. માંડુગઢમાં દીકરાના લગનનો વહેવાર કરી, દાનપુન્ય કરીને આનંદ પામશું. પણ તમે તો મારી બધી હોંશ ભાંગી નાખી !' શેઠાણી અફસોસ કરતાં બોલ્યાં.

'લખમી, ગંગા નદી કૈલાસ પર્વતના શિખર ઉપર હોય છે ત્યારે એની કિંમત નથી અંકાતી; એ તો જ્યારે નીચે ઊતરે છે, ધૂળમાં રગદોળાય છે, એની નિર્મળ કાયા મેલથી મ્લાન થાય છે, ત્યારે જ એ પતિતપાવની થાય છે. એમ સુખના શિખરે બેઠેલો માણસ કાંઈ જ કરી શકતો નથી. માણસની મરદાનગી ને પુરુષાર્થ ને માણસાઈના રંગ તો ગંગાની જેમ પડતા દિવસોમાં જ ખીલે છે.'

'તમે તો એક કાચની હાંડીમાં જાણે આખો હિમાલય ભર્યો કે આખી ગંગાનાં નીર ભરી દીધાં ! શું તમારો સ્વભાવ !'

'ઠીક ત્યારે, જવા દે એ વાત. પણ વાણિયાનો દીકરો જો ચેતતો ના રહે તો શા કામનો ? તને તો ખબર છે ને લખમી, કે 'ચેતતો નર સદા સુખી !' બાકી વિધાતાએ કયે સમયે કોને માટે શું લખ્યું છે એ કોણ જાણી શકે ? પાટણ જેવા પાટણમાં પણ તુરક પેસીને વરસ એક રાજ કરી ગયા ! ને એકવારના તુરક વિજેતા, સુલતાનનો પરાજય કરનાર અને અભિનવ સિદ્ધરાજનું બિરુદ ધરાવનાર ભોળા ભીમદેવ જેવા મહારથીને પણ આજે વનવગડે રઝળવું પડે છે ને ? જેને ઘેર હજાર સામંત નોકરી કરતા, એને આજ પોતાના એક સામંતની દયા ઉપર જીવવાનો વખત આવ્યો ! સમયના વારાફેરા છે એ તો ! એ જીરવી જાય એ જગ જીતી ગયો. માટે કહું છું, તું શાંત થા, સ્વસ્થ થા. બાકી એટલું ખરું કે ચેતતો નર સદા સુખી.'

થોડી વાર થઈ ને નીચેથી ખબર આવી કે શેઠનો બોલાવ્યો તુરકપિંજારો નીચે આવ્યો છે. એટલે શેઠ નીચે ગયા.

તુરકપિંજારો—બધા એને તુરક નામથી જ બોલાવતા અને પિંજારો કહેતા, પણ ખરી રીતે એ જાતનો કોળી ખારવો હતો. ક્યારેક એ વટલ્યો હશે કે નહિ વટલ્યો હોય, પણ બધાએ માની લીધું કે એ વટલીને તુરક થયો છે. ને એ વાત સામે એણે કદી વાંધો પણ લીધો ન હતો. પણ ખારવાનો એનો ધંધો ટળી ગયો. ખારવો બધાય ધંધા કરી શકે. એ તુરકપિંજારાનો ધંધો પણ કરતો, મજૂરીનો પણ કરતો, ને ભરતનો કારીગર તો સાત જનમનો ખારવો પણ ન હોય એવો એ હતો. થોડી જગ્યામાં વધારેમાં વધારે માલનો સમાવેશ કરવો એ તો ખારવાની આવડત; પણ આ તુરકમાં તો એ આવડત કળા તરીકે દીપી ઊઠી હતી. જાતનો જે તુરક મનાય એ વૈમનસ્યથી ભરેલા, શંકાના ઝેરથી ભરેલ વાતાવરણમાં રહે. પણ મજૂરીની એની કળાએ આ તુરક માટે સમભાવનું નહિ તો છેવટે સહિષ્ણુતાનું વાતાવરણ તો સર્જ્યું જ હતું.

'અરે તુરક,' સોલ શેઠે કહ્યું : 'તારું આજ ખાસ કામ છે.'

'હાજર છું શેઠ સાહેબ!'

'આમ પાસે આવ. તું જાતનો ખારવો છો ને તને ખબર છે કે વિશ્વાસે તો વહાણ ચાલે.'

'હા, બાપા! વિશ્વાસ ઉપર તો આખો મુલક ચાલે છે; વિશ્વાસ ન હોય તો આજકાલ આંગણેય કોણ ઊભું રાખે?'

'હવે સમજ્યો. આપણી વખારમાં તું જ કામ કરે છે ને હમણાં?'

'હા, શેઠ. પેલા વણઝારાનું મીણ આવ્યું છે, તે એનો સમાસ કરું છું. તમે સંઘના શેઠે ઊઠીને આ મીણ ક્યાં સાટવ્યું?'

'તને એનું અચરજ લાગે છે ને? પણ મીણનુંય કામ છે ભાઈ, ને એ કામ તારા જોગું જ છે. કામ ખાસ વિશ્વાસનું છે. આમ આવ, તને સમજાવું.'

**ગઢની** દોઢીને અડીને ઊભા કરેલા એક નાના પણ ધીંગા બારણામાંથી ગઢની પરસાળમાં જવાય. ગઢમાં ગઢ જેવા દરબારગઢની એ પરસાળ.

એમાં તકિયાને અઢેલીને, સામે તલવાર રાખીને, ગાદી ઉપર દેખતાં જ જોરાવર અને ક્રોધી લાગે એવો એક માણસ બેઠો હતો. એની બાજુમાં એક ઊંચો ને લાંબો ભાલો પડચો હતો.

એની ચામડી લાલ હતી. એની આંખો લાલ હતી. એના થોભિયાના વાળ લાલ હતા. એના ચહેરા ઉપરની કરડી રેખાઓ પણ અગનના દોરા જેવી લાલ હતી.

એ હતો રાતો રાયલજી. એના શરીરની ચામડી ને એના મનના રંગને કારણે લોકો એને રાતો કહેતા હતા. એ હતો કચ્છના આઠમા ભાગનો ધણીરણી, કંથકોટનો જામ રાયલજી.

એની પાસે હાંફથી ઢગલા જેવા થઈને પડતા અરજણે તૂટતા અવાજે કહ્યું : ' બાવા !...કટક આવે છે !...કટક...આવે છે ! '

રાતો રાયલ જામ હસ્યો. એની નઠોર બરછટતાથી ક્ષણભર તો જાણે દીવાલો પણ સ્તબ્ધ બની ગઈ. આસપાસ બેઠેલા કામદાર, મહેતા, મુનીમ પણ પલવાર કંપી ઊઠચા. હવામાં જાણે ક્ષણભર મૂંગી ભયંકરતા છાઈ રહી.

'કોણ, લાખિયાર વિયરાનો લાખો જામ આવે છે કટક લઈને? સગાભાઈ ઉપર?...ભલે આવે!...ભલે આવે!...એક મા ને એક બાપથી જન્મેલા બે સગા ભાઈ કેમ ભેટે છે, એય મલક ભલે જોવે! ...ને એમાંથી કોણ ધરતીએ ઢળે છે ને કોણ ઘોડે ચડે છે એય મલક ભલે જોઈ લે!...હાલ્યો આવ...મારા બાપ!...હાલ્યો આવ!...લાખા ધુરારા...હાલ્યો આવ! તું ધુરારો તો હું રાતો...બેમાંથી કોનો રંગ રહે છે, એ મલક ભલે જોઈ લે!...મારા બાપ...હાલ્યો આવ!'

ભારે હાંફથી અરજણનો કંઠ જાણે રૂંધાતો હોય એમ એ સાંઢણી-સવાર રબારીએ માથું ધુણાવ્યું. હાથના ચાળાથી એણે ઇશારત કરી કે એ કટક લાખા ધુરારાનું ના હોય.

'લાખો જ હશે. કચ્છમાં બીજા કોનું ગજું છે કે રાતા રાયલની સામે આંખ પણ ઊંચી કરે? આમ તો લાખોય આ સાવઝની ડણક આગળ ભે ખાઈ જાય; પણ એને એના કુંવરનું વેર લેવું છે ને, એટલે વળી હિંમત કરી હશે.'

'ના...બાપુ,...ના...'

'હવે ના શું? તને રબારાને એમાં શું સમજ પડે? અમારા ઉપર ક્યારે કોનું કટક આવે એ અમે સમજીએ કે તું? તો તો બાપ, તું રબારી થયો એય જખ મારવા ને અમે જામ થયા એય જખ મારવા! કેમ બોલ્યા નહિ, કામદાર?'

કામદાર હીરા શેઠે માથું ધુણાવ્યું: 'એ તો લાખા જામને એમ છે કે બાવાએ એના કુંવરને દગાથી માર્યો. એની ખટક એના મનમાં કોઈક દુશ્મને ભરાવી છે. મને તો લાગે છે કે આ કલ્યાણશેઠવાળાનું જ કામ હોય, બાવા!' જૈનોના બે પક્ષ વચ્ચે દ્વેષ સળગતો હતો; એને વાચા આપવાની તક લેતાં હીરા શેઠે કહ્યું.

લાખિયાર વિયરોના સમયમાં જૈનોના બે મોટા પક્ષ હતા: એક

મૂળ કચ્છના વાસી; ને બીજા પાટણ ઉપર કુતુબુદ્દીને વિજય કરીને વાસ કર્યો ત્યારે ત્યાંથી નાસીને કચ્છમાં વસવાટ કરવા આવેલા પોરવાડો. પાટણથી આવેલો જૈન સંઘ જેમ વેપાર–વણજમાં કુશળ હતો તેમ રાજકારણની કાબેલિયતની એની પરંપરા પણ ત્રણસો વર્ષ જેટલી જૂની હતી. મૂળ કચ્છી સંઘ વેપાર–વણજ, વણઝાર ને પારાવારીમાં પારંગત હતો. એમને રાજકાજ બધું કેવળ ખૂની ભભકાની પરંપરા જેવું લાગતું.

'કામદાર ! કુળદેવી આશાપુરાને વચમાં રાખીને કહું છું કે એનો કુંવર ભૂલો પડ્યો છે એય મને તો ખબર નહિ. મને તો એમ કે કોઈક રજપૂત બાપડો ભૂલો પડ્યો છે પોતાના ભૂમિયા સાથે. મને જ્યારે ખબર પડી કે એ તો મારા ભાઈ લાખાનો કુંવર છે, એટલે રોટલા ખાવા નોતર્યો. અમે એક જ ભાણે ખાધેલું, હો ! એ પાછો લાખિયાર જતો હતો, ત્યાં તડકો લાગ્યો કે કોણ જાણે શું થયું, પણ એનું પેટ છૂટી પડ્યું ને એ મરી ગયો ! હવે લાખો કહે છે કે તેં. ઝેર દઈ ને મારા કુંવરને માર્યો ! આજકાલ તો ભાઈ, ધરમ કરતાંય ધાડ આવે છે !'

'હાસ્તો બાવા ! આપણે ભલા ઝેર આપીએ શું કામ ? એ કાંઈ થોડો લાખાનો ટિલાત હતો ? એ મરી જાય તો લાખા જામનાં બે ગામ આપણને થોડાં મળવાનાં હતાં ? ને આપણે ઝેર આપીને માર્યો હોય તો ભલા, ખરખરે પણ શું કામ જઈએ ?' હીરા શેઠે કહ્યું : 'વળી આંહીં આપણા રાજમાં શોક પણ શું કામ પાળીએ ?'

'અરે ભાઈ, ઘણુંય લાખાને કહેવરાવ્યું, પણ એણે તો એક જ વાત લીધી કે કોઈ વાતે લાખિયારમાં પેસવા જ નહિ દઉં. મારા દીકરાનું નામ લઈ ને આવ્યા છે એટલે આજ કનડ્યા વગર પાછો જવા દઉં છું, પણ તારો જે ખુલાસો હોય એ મને કંથકોટના પાદરમાં કરજે. તારા કોટના ધૂળના ટીંબા ઉપર ઊભો રહીને તારી વાત

સાંભળીશ ! રાયલજીએ કહ્યું, ‘ જોયું ને, ભાઈના દીકરાની કાણે ગયા એનું ફળ ! હું તો ઘણોય નહોતો જતો, પણ કામદાર, તમે જ મને પરાણે પરાણે મોકલ્યો. ’

‘ જવું જોઈએ, બાવા, જવું જોઈએ. આ તો આપણા પેટમાં પાપ નહોતું, પણ કંઈક પાપ હોય ને તોય જવું જોઈએ. દુનિયામાં લોકવ્યવહાર પણ કંઈ ચીજ છે ને ! અને બાવા, આપણે ખરખરે ગયા અને એણે સામો વિવેક ન જાળવ્યો, એમાં મુલકમાં ભૂંડું કોણ લાગ્યું—એ કે આપણે ? ’

‘ આ એ જ આવ્યો હશે. કોઈક બાઈએ ચડાવ્યો હશે એટલે ઘોડાં લઈને હાલી નીકળ્યો હશે ! આ એ જ હોય, બીજું હોય કોણ ? ’

‘ એનું મોત જ એને આંહીં તેડી લાવ્યું લાગે છે બાવા ! કંથકોટના પાદરમાં એને મારીને એનું માથું જ હવે તો લાખિયારના ગઢની રાંગ ઉપર લટકાવવું જોઈએ ! ત્યારે—એનો જીવ અવગતે ભમતો હશે ને ત્યારે—એને ખબર પડશે કે ધિંગાણા ને દંગા ને લડાઈમાં રાયલ જામના પગરખામાં પચાસ લાખાનાય પગ નહિ પેસે ! ’

‘ ધ્યાન રાખજો કામદાર, હવે આપણે દયાને નામે, ભાઈને નામે કે કુટુંબને નામે ભૂલ નથી કરવી. ’ રાયલ જામે મૂછે તાવ દેતાં કહ્યું, ‘ હવે તો આપણે આપણી નામનાનો દેશમાં ડંકો વગાડી દેવો છે. કંથકોટ તો પાધર થતું થાશે, પણ લાખિયાર ઉપર મીઠું ન વાવું તો મારું નામ રાયલ જામ નહિ ! ’

‘ જીયો રા, જીયો ! જીયો, જામ બાવા ! ’ હીરા શેઠે લલકાર આપ્યો : ‘ આ એક લાખા ધુરારાની ફાંસ વચમાંથી નીકળે તો પછી લખપત ને સુંથરી ને સાંવણ તો આટાલૂણમાં છે ! પછી નગર સમૈના પીથલ સૂમરાની આંખમાં મીઠું ! ને બાવા, આમ તો હવે ગુજરાત-

માંય પોલું જ છે, હો ! સાત સાત પરદેશી ચડાઈઓમાં એ દેશ આ જ લૂંટાઈ–મૂંડાઈ ગયો છે. એનો રાજા ભીમદેવ આજે ચોરના માથાની જેમ રઝળતો ફરે છે, અને પાટણમાં કોઈક સામંત ધણી થઈ પડયો છે. વળી, સોરઠમાં કોઈ, આબુમાં કોઈ, અને ધોળકામાં કોઈ સત્તા પચાવીને બેસી ગયો છે. અને ગુજરાતમાં તો અત્યારે દેડકાની પાંચશેરી જેવી સ્થિતિ પ્રવર્તે છે. પણ હજી ત્યાં કોઈ વાલિયો કારભારી નથી આવ્યો, ત્યાં કરી નાખવા જેવું છે આ બાવા ! '

' કરશું, એય કરશું. સમો આવે એટલી જ વાર છે. રજપૂતાણીને પેટ અવતાર લીધો છે તે કાંઈક આવું તેવું કર્યા વગર થોડા જ રહેવાના છીએ ? '

રબારી અરજણે પોતાનો શ્વાસ કબજે લીધો. એણે કહ્યું : 'બાવા ! લાખો જામ નથી આવતો ! '

' તને રબારાને શું ખબર પડે ? તેં કટકના મોવડીને જોયો છે ? '

' હા, બાવા ! '

' લીલા વાઘા પહેર્યા હોય, વરરાજા જેવો વેશ હોય, ને ઘોડા ઉપર કલગી હોય ને ભાલામાં નેજો હોય, એવો છે ને એ ? મોવડી કોને કહેવાય એ તો તને ખબર છે ને ?

' હા બાવા ! મોવડીને મેં પંડોપંડ જોયો છે. એના વાઘા લીલા નથી, પણ કાળા છે. મેં એનો નેજોય જોયો છે; એ આશાપુરાનો નથી; એ તો કાળો છે, કાળો ! ને નેજાને માથે માણસની ખોપરી છે ખોપરી ! '

' સંઘાર આ તો !...ત્યારે તો એ નેજો સંઘારનો !...' હીરા શેઠ ચીસ જેવા અવાજે બોલી ઊઠ્યા, 'નક્કી ત્યારે તો સંઘાર જ આવ્યો !'

' હા કામદાર ! એ તો હું ક્યારનો કહું છું. કટક લઈને આવનાર લાખો જામ નથી; એ તો ચાવડો સંઘાર છે. '

'ચાવડો સંઘાર ?' રાયલ જામે કહ્યું, 'ત્યારે ક્યારનો મોઢામાંથી એમ ફાટતો કેમ નથી ? ચાવડો સંઘાર તો વહાણોનો રાજા, દરિયાનો રાજા. એ વળી આંહીં રણમાં, રણના રાજા સામે, ક્યાંથી ચડી આવ્યો ? ભલે આવ્યો, બાપ, ભલે આવ્યો ! એને એનો કાળ અહીં તેડી લાવ્યો લાગે છે ! આંહીં કંઈ વહાણ હાંકવાનાં નથી, આંહીં તો ઘોડાં હાંકવાનાં છે, ઘોડાં ! ને ઘોડાં હાંકવાનો ઇલમ તો જાડેજાએ માના દૂધમાં જ પીધો છે. અરે, છે કોઈ હાજર ?'

ચાર ભૂમિયા હાજર થયા : 'ખમા બાવાને !'

'કોઠાનો મરફો વગડાવો ! ડંકા–નિશાન વગડાવો !'

ધનાન...ધનાન...ધીજાંગ...ધફ...ગઢના કોઠા ઉપરનો મરફો અને તોતીંગ નગારું ચાર દાંડિયાના ઘાવથી ગાજી ઊઠ્યાં ને આસપાસ સંદેશ લઈ ગયાં કે સીમમાં માણસ હોય, ઢોર હોય, ગઢની બહાર જે કોઈ ગઢનો માણસ હોય એ સાબદા થઈને ગઢમાં આવી પહોંચજો ! દુશ્મનનો હુમલો આવે છે.

પાંચ ડંકા ધીમા ને પાંચ ઉતાવળા, એમ ડંકા ગાજી ઊઠ્યા ને ગઢની અંદરની વસતીમાંથી બધા મરદ, હાથ ચડ્યાં હથિયાર–પડિયાર લઈને, નીકળી આવ્યા. રાજના ભૂમિયાઓ પણ માથે જાતભાતનાં લોઢાં લાદીને ઊભા થઈ ગયા. ગઢના બે દરવાજામાંથી એક દરવાજો બંધ થયો. બીજો દરવાજો, જે કોઈ બહાર હોય એ આવી પહોંચે એની રાહ જોતો, છેક છેલ્લી ઘડીએ બંધ થવાનો હતો.

'હાં, હમીર, પસાયતા, ભૂમિયામાત્રને અડીખમ તૈયાર રાખજો ! અને તમે બધા સાબદા રહેજો, અને ઘોડાં સંભાળી લેજો ! મોકો આવ્યે ગઢની બહાર નીકળવાનું છે. હું સાથે હોઈશ. ને પથુ, વીસલ, તમે અમારી વાંસે ગઢ બંધ કરીને કોઠા ઉપરથી ધિંગાણું જોતા રે'જો, અને વહાર પણ સાબદી રાખજો ! ને...ને......'

હથિયારોના ખડખડાટ, વસતીની સજાવટ અને ઘોડાની હાવળના અવાજોની વચમાં રાયલ જામ ને હીરો શેઠ ગઢના કોઠા ઉપર ચડ્યા.

ચારેકોર રણ ને ઝાડપાન વગરની રણ જેવી સપાટ જમીન નજર પહોંચે ત્યાં સુધી લંબાતી હતી. એમાં ક્યાંય આડશ નહોતી, ક્યાંય છુપાવાની જગ્યા ન હતી. રણના ચોમાસાના વોકળાના ભોગાવા સિવાય ધરતીમાં ક્યાંય નાની સરખી કરચલી પણ પડી ન હતી; અને ઓથ લેવા કામે લાગે એવું એકાદ ઝાડ પણ ન હતું.

ગઢના કોઠા ઉપર રાયલ જામ ચડ્યા. એમણે સામે એક નજર કરી, ને નર્યાનીતર્યા ક્રોધના જ્વાલામુખી સમા એ બની ગયા. જ્વાલામુખી ફાટતો હોય એવા અવાજે એમણે સાદ દીધો: 'ક્યાં છે ઓલ્યો રબારો! એને અહીં હાજર કરો!'

જામ રાયલના ક્રોધને કારણ હતું, સ્પષ્ટ કારણ હતું: ચાવડો સંઘાર, એના દળકટક સાથે, ગઢ લગોલગ આવી પહોંચ્યો હતો! સીમના માણસો જે કોઈ બહાર રહી ગયા હોય તે હવે અંદર આવી શકે એમ નહોતું. પોતાના ભૂમિયાઓને પડ મળે, પોતાના ઘોડાઓને પડ મળે, પોતાને ધિંગાણા માટે પડ મળે એવું પણ હવે રહ્યું ના હતું. કોઠાના ઉપરથી ચાવડાનું કટક ચોખ્ખું દેખાતું હતું. એક પ્રચંડ ગજકાય ખરગધ ઉપર સવાર થયેલો કાળા વાઘાનો, કાળા નેજાનો ચાવડો સંઘાર પોતે પણ હવે તો સ્પષ્ટ દેખાતો હતો.

ચાવડાએ નીચેથી રાયમ જામને જોયો. એણે બૂમ પાડી: 'રાયલ જામ! મારી સંઘાર–સુખડી લાવ, નહિતર આજ આ ગઢને પાડીને પાધર કરીશ!'

સંઘાર–સુખડી એટલે વસતીમાત્ર હથિયાર–પડિયાર મૂકીને અને ભૂમિયામાત્ર લોઢાં છોડીને એક બાજુ રહે ને સંઘારો એક દિવસ સુધી નિરંતરાય ગામ લૂંટે. આવી સંઘાર–સુખડી સંઘારો છેક સિંધથી તે

સોપારાના કાંઠા સુધી ઉઘરાવતા, એમનાં વહાણો પહોંચે ત્યાં સુધી ઉઘરાવતા. પણ વહાણ મૂકીને રણમાં ઘોડાં લઈને સંધાર–સુખડી ઉઘરાવવાની વાત તો સાવેસાવ નવી હતી.

બે ભૂમિયાએ બાવડે ઝાલીને અરજણ રબારીને હાજર કર્યો. રાયલ જામે અરજણને જોઈને ચીસ જેવા અવાજે ત્રાડ પાડી: 'દગાખોર!'

અરજણ રબારી તો હેબતાઈ જ ગયો.

'પાપિયા, દગાખોર!' રાયલ જામે ખૂબ ઉશ્કેરાઈને કહ્યું: 'ચાવડો આટલો પાસે આવી ગયો ત્યારે તું મને કહેવા આવે છે? તેં એનું મોરાપું ખાધું લાગે છે!'

'બાવા! મોરાપું ખાધું હોય તો હું ચેતવવા જ શીદ આવું? ને હું ક્યાં રાજનો ચાકર પણ છું? હું ક્યાં તમારા ચોવીસમાંથી એકેય ગામનો પસાયતો કે વરતણિયો છું? આ તો મેં ચાવડાને જોયો ને તમને ચેતવવા આવ્યો એનોય ગુનો મારો!'

બાપડા અરજણને ક્યાં ખબર હતી કે ખરાબ સમાચાર લાવનારા, અથવા તો ગમે તેવા સમાચાર લાવ્યા પછી જો એમાંથી ખરાબી ઊગી નીકળે તો એવા વાવડ લાવનારા, સદાકાળ ગુનેગાર જ મનાતા આવ્યા છે!

'દગાખોર! તારે મને સૂતો વેચવો હતો ને? લે, લેતો જા!'

અને જામ રાયલે પોતાના લાંબા ભાલાથી અરજણને કોઠાની ભીંત સાથે જડી દીધો! અરજણની કાળી ચીસ હવામાં વેરાઈ ગઈ. ને એના લોહીના છાંટા રાયલ જામ ઉપર છંટાયા.

પરંતુ રાયલ જામને ગમે એટલો ક્રોધ ચડ્યો હોય તોય અરજણને મારેલો ભાલો ચાવડા સંઘારને કશી ઇજા કરે એમ ન હતો. ફાટી નીકળેલા ક્રોધને માંડમાંડ કાબૂમાં લાવીને રાયલ જામે ગઢનો

બચાવ કરવાના ઉપાયો વિચાર્યા.

ગઢના બેય દરવાજા બંધ થઈ ગયા. દરવાજા ઉપરના કોઠા ઉપર સીસાના ઢગ ખડકાયેલા રહેતા, ચૂલા ભરેલા રહેતા. તે સળગાવી એની માથે સીસાનાં બકડિયાં ગરમ થવા લાગ્યાં. તેલ બોળેલી મશાલો બહાર રાખવામાં આવી. ભૂમિયાની ફરતી ચોકી ગઢની રાંગ ઉપર બેસી ગઈ.

દરવાજા તોડવાને ચાવડા સંઘારનું કટક ગઢના દરવાજા સાથે આફળ્યું. ઉપરથી પડતો ઊકળતા સીસાનો ધગધગતો રસ, સળગતા કાકડા વગેરેથી એ પાછું હઠયું. ત્રણ ત્રણ વાર એમણે બારણાં તોડવા મથામણ કરી, અને ત્રણે વાર એને પાછું પડવું પડયું. સીડીઓ મૂકીને રાંગ ઉપર ચડવાના એકસામટા ચાર–પાંચ ઠેકાણેથી પ્રયાસો થયા, પણ વસતીએ સીડીઓને અને સીડી ઉપરના માણસોને ધકેલી નીચે પાડ્યા. ચાવડા સંઘારે રાંગની અંદર સળગતી મશાલો ફેંકી કે જેથી અંદર આગ લાગી જાય. એ મશાલોને વસતીએ બુઝાવી નાંખી.

ને એમ ને એમ રાત પડી. ગઢની રાંગ ઉપર ઠેકાણે ઠેકાણે મોટાં તાપણાં કરીને ભૂમિયાઓ રાંગની ચોકી કરતા હતા. ગઢ એટલો ઊંચો હતો ને રાંગ એટલી હૈયારખી હતી કે બચાવ કરનાર ભૂમિયા સાવધ રહે તો એમને નીચેથી આવતાં તીરથી કાંઈ ઇજા ન થાય; બલ્કે તેઓ ધારે તો ઉપરથી તીર ચલાવીને નીચે નજીકમાં રહેલાને ઇજા કરી શકે.

ચાવડો રાતે ગઢને ઘેરીને પડ્યો; ભૂમિયાઓ ગઢની રાંગની જાગતી ચોકી કરતા રાત આખી જાગતા રહ્યા.

આ બધું કારભારું હીરા શેઠના હાથમાં હતું. જામ રાયલ બેઠા બેઠા થોભિયા ચાવતા હતા ને જાણે રિસામણે હોય એમ બેઠા હતા: ગઢમાં પુરાઈ રહેવું ને પથ્થરની રાંગની ચોકી કરવી એ તો રાંડીરાંડ પણ કરી શકે; એમાં રજપૂતની શોભા શી? મોકળું મેદાન

હોય, બેય બાજુથી જણેજણુ, ઘોડેઘોડાં ભટકાતાં હોય, તલવારો તાળિયો પાડતી હોય, પોતે કટકનું ખળું કરતો, ને ‘ જે અંબે ! જે અંબે ! ’ના લલકાર લેતો કટકના મોવડી ભણી વધતો હોય તો એ ધિંગાણું ખેલનારને ખેલવામાં, સાંભળનારને સાંભળવામાં તે જોનારને જોવામાં કંઈ રસ પણ પડે.

લડાઈમાંયે, ધિંગાણામાંયે હવે રંડવાણું પેઠું એના અફસોસમાંથી જ રાયલ જામ ઊંચા આવતા ન હતા. કોઈક કાંઈ પૂછે તોય રાયલ જામ કડવા અવાજે કહેતા કે: ‘ એ બધું તમે હીરા શેઠને પૂછો; એ વાતો એ વાણિયો જાણે ! આ તે કાંઈ રજપૂતની લડાઈ છે ? ’

વારે વારે ગઢની બહારથી ચાવડાના કટકમાંથી મોટા અવાજના જાણે ગબારા ઊડીને ગઢમાં આવીને ફાટતા : ‘ એ જામ રાયલ ! આમ બાઈડીની જેમ હાથમાં ચૂડી પહેરીને શું બેઠો છે ? મરદાનગીની વાતો તો બહુ બહુ કરતો હતો ! મરદ હો તો પડમાં આવ; નહિતર બલોયાં પહેર, બલોયાં ! ’

બે–ત્રણ વાર તો પથ્થર સાથે બંધાઈને બલોયાંની જોડ પણ ગઢમાં આવીને પડી.

જામ રાયલ બેઠા હતા. હીરો શેઠ ઊભો હતો. વસતીમાંથી સંઘપતિ સોલ શેઠ પણ ખભે કામઠી, ભાથામાં તીર ને ભેટમાં જમૈયો ધારણ કરીને આવી પહોંચ્યા હતા.

એવામાં બલોયાની એક જોડ પથ્થર સાથે બંધાઈને ત્યાં જ આવીને પડી. ને બહારથી ‘ વાહ મરદ ! વાહ રાયલ જામ ! વાહ રાયલ જામ ! ’ ના ઉપાલંભથી ખદબદતા અવાજોના રીડિયારા સંભળાયા.

ક્રોધથી ભાન ભૂલેલા જામે પોતાના ભૂમિયાઓને સાદ દઈને એકવાર ગઢમાંથી બહાર નીકળવાની કોશિશ કરી જોઈ. પણ, એની આવી જ કોઈ ઉતાવળી ચાલને માટે ચાવડો તૈયાર હોય એમ,

ગઢનાં બારણાં ઊઘડ્યાં ન ઊઘડ્યાં ત્યાં તો ચાવડાના સંઘારો ગઢમાં પેસવા માંડ્યા. માંડમાંડ એમને પાછા કાઢ્યા, માંડમાંડ ગઢના દરવાજા પાછા બંધ થયા ને દસબાર ભૂમિયા બહાર રહી ગયા, તે કપાઈ ગયા!

સોલ શેઠે જામ રાયલને ધીરજના લાભ વર્ણવી બતાવ્યા: “આપણે ગમે તેમ તોય સમય સર સાવધ થયા છીએ. હજી એ લોકો ગઢમાં પેસી શક્યા નથી, પેસી શકશે નહિ. આપણે આમ ને આમ મહિનો કાઢી નાંખીશું, પણ ચાવડાથી મહિનો નહિ કઢાય.’

પરંતુ રાયલ જામના હૈયા ઉપરથી આ વાતો, જાણે પથ્થર ઉપરથી પાણીની જેમ, સરી જતી હતી. એને તો કોઈ પણ રીતે ધિંગાણું કરવું હતું; ચાવડાને બતાવી જ દેવું હતું! ને બીજા કશા કરતાં એની આવી આંધળી રજપૂતવટનું ગઢ ઉપર મોટું જોખમ હતું.

ને એ જોખમની સોલ સંઘપતિને મોટી ફિકર હતી; હીરા શેઠનેય એની ફિકર હતી.

એવામાં જગડૂ દોડતો એના બાપની પાસે આવ્યો, બોલ્યો:

‘બાપુ! આ ધિંગાણું જો આમ ચાલશે ને તો જામ વહેલા કે મોડા પણ ગઢનાં બારણાં ઉઘડાવીને પોતે રણરંગ માણવા નીકળી પડશે ને વસતીને લૂંટાવી દેશે! એમને જોઈએ છે કેવળ વશેકાઈ. જો ચાવડાને જ જીવતો ઝાલીને એમને આપીએ, તો વશેકાઈ વધે કે નહીં, કે કંથકોટના જામે કાળઝાળ ચાવડાને જીવતો ઝાલ્યો ખરો?’

સંઘપતિ સોલ હસ્યા: ‘બાપ, તું હજી બાળક છો ને ધિંગાણાં એ તો મોટેરાનાં કામ છે.’

‘ના. પણ ચાવડાને જીવતો પકડી લાવ્યા હોઈએ તો?’

‘અરે ગાંડા! એવો હજામ હજી ક્યાં પેદા થયો છે, કે જે સિંહના નખ ઉતારવા જાય?”

વધુ કંઈ બોલ્યાચાલ્યા વગર જગડૂ ત્યાંથી ખસી ગયો. એણે એના ભાઈબંધોને એકઠા કર્યા અને પોતાની વાત સમજાવી. ભાઈબંધોને કામ તો કરવા જોગ લાગ્યું ને કરીએ તો રંગ પણ રહી જાય, એમ પણ બધાએ કબૂલ કર્યું. પણ એમની પાસેય સોલ શેઠના સવાલનો જવાબ નહોતો કે એવો હજામ ક્યાંથી કાઢવો, કે જે સાવજના નખ ઉતારવા જાય?

'તમે જરા ચાલો તો ખરા! આપણે આ પથકની સીમમાં શું અમસ્થા રખડચા છીએ?'

ચારે ભાઈબંધો ત્યાંથી સરકી ગયા.

આવડો મોટો ગઢ! હંમેશા સાંજટાણે ગઢ બહારથી ગોધન ઘેર આવે ને ગોરજમાંથી સંધ્યાની છાંટ દૂર થાય ત્યારે ગઢના દરવાજા બંધ થાય. પછી કોઈ એકલદોકલ બહાર રહી ગયો હોય એને માટે ગઢની એક બારી ઉઘાડી રહે. ને એય આરતી ટાણે બંધ થઈ જાય. પછી જે બહાર હોય એને રાત બહાર રહેવાનું. આ કાયદાનું હંમેશ કડક રીતે પાલન થાય. અને ભો જેવું હોય ત્યારે તો એમાં મીનમેખ ન થાય.

પરંતુ આ રખડુ ભાઈબંધોને રાત પડે તે પહેલાં આવવું પોસાય નહિ; ને આખી રાત બહાર રહેવુંય પોસાય નહીં. એમને એક વેળા એક ઘોરખોદિયું મળી ગયું હતું. સપાટ પ્રદેશનું આ શિકારી છતાં બીકણ જનાવર એ કચ્છની ધરતીની પેદાશ છે.

જરખના આગલા પંજા પાવડા જેવા હોય છે ને એનું જડબું ઘણું લાંબું ને ભારે આકરી પકડવાળું હોય છે. નાનાં નાનાં કૂતરાંને એ ઉપાડી જાય છે, દાટેલાં મુડદાંને એ ખોદીને ઉપાડી જાય છે; અને ભોંય ખોદીને એ સસલાંનેય પકડી જાય છે. આ જરખની એક ખાસિયત હોય છે: એના આવવા-જવાનો મારગ જમીન નીચે હોય છે. પણ એનાં બેય મોઢાં એ ધૂળથી અને ઝાંખરાંથી એવી કુદરતી

રીતે ઢાંકી દે છે કે એની કોઈ નેય ગંધ સરખી નથી આવતી. જગતમાં આ એક જ જનાવર એવું છે, જે શિકારી હોવા છતાં ઢોરને એની ગંધ સરખી નથી આવતી.

ફરતા વીસ હાથમાં માણસ બેભાન થઈ જાય એટલી દુર્ગંધ એનામાંથી વહે છે, છતાં શિકારી કૂતરા એનો પીછો પકડી શકતાં નથી. પોતાની ગંધ અને પોતાનો માર્ગ દોરવાની એનામાં એવી તો અજબ કરામત હોય છે કે ચાલાક ને ચકોર ગણાય એવાં રબારીનાં ચોકિયાત કૂતરાંને પણ એ પાછળથી ગળામાંથી પકડે છે ત્યારે જ કૂતરાંને એની હાજરીનો બહુ મોડો મોડો ખ્યાલ આવે છે.

એનું મૂળ નામ જરખ, પણ એનું લૌકિક નામ ઘોરખોદિયું. એની પાછળ પડેલો શિકારી જમીન નીચેના જવાના એના માર્ગની મથાળે જ ઊભો હોય તોય એને એના માર્ગની ખબર ના પડે—ભૂતપ્રેતની કથાઓમાંથી ઘણા મોટા ભાગની કથાઓનું ઉત્પાદક આ જનાવર એટલું ચાલાક હોય છે!

ઘોરખોદિયાએ પાડેલો આવો એક છાનો માર્ગ આ ભાઈબંધોના જાણવામાં હતો. ને માણસને ઘોરખોદિયાની તો બીક હોતી જ નથી; બલ્કે માણસ જ્યાં એકવાર એના છૂપા માર્ગમાં પગ મૂકીને ચાલ્યો હોય ત્યાં એ પછી પગ પણ મૂકતું નથી. ભાઈબંધોનો આ માર્ગ એમની રખડવાની મોજનો હતો. ને મસાણ ને કબ્રસ્તાનની બાજુના આ માર્ગના એમના ઉપયોગમાં રાતમધરાતે એમને પડકારે એવું પણ કોઈ ન હતું.

એટલે મોડી રાતે ભાઈબંધો કિલ્લાની બહાર નીકળી ગયા.

ચાવડા સંઘારનો પડાવ તીર, ભાલા કે ગોફણોના ઘાથી દૂર હતો; પડાવને ફરતાં તાપણાં બળતાં હતાં. અને તાપણાનો પ્રકાશ રેલાય એનાથી દૂર ચારે ભાઈબંધો જમીન સરખા સપાટ સૂતા રહ્યા.

જગડૂએ ચારેકોર નજર ફેરવી. અંધારામાં નજર ટેવાતી ગઈ. ને પછી એણે ચાવડા સંઘારનો નેજાવાળો પડાવ શોધી કાઢ્યો.

થોડીવાર એ એમ ને એમ જ પડ્યા રહ્યા. સંઘારના ઓરડામાં ખાવા–પીવાનો વૈભવ ચાલતો હતો. નોતિયારોનાં, કંથકોટના ગઢની બહાર રહી ગયેલાં કંઈક ઘેટાં ને બકરાં આજે આખાં ને આખાં શેકાતાં હતાં. વચમાં તાપણાં ફરતા ચાર–ચાર પાંચ–પાંચ સંઘારોની જમાવટ થઈ હતી ને એમની વાતોનો શોર આંહીં સુધી સંભળાતો હતો. મૂળ પડાવથી આઘે આઘે એક તાપણાનો પ્રકાશ બીજા તાપણાના પ્રકાશને ચૂમે એ રીતે ફરતાં તાપણાંઓ ગોઠવ્યાં હતાં. આખો પડાવ જાણે અજવાળાના ગઢથી રક્ષાયો હતો. ને ત્યાં એક એક માણસ બેઠો બેઠો ચોકી કરતો હતો.

ક્યાંય સુધી ચારે ભાઈબંધો પડ્યા રહ્યા. આખરે પહેલાં કંટાળ્યો ચોખંડો. ચોખંડાએ જગડૂને પૂછ્યું : 'વસા ! આપણે આમ ક્યાં સુધી પડ્યા રહેવું છે ? મને તો પેટમાં દુઃખવા આવ્યું.'

જગડૂએ મોઢા ઉપર આંગળી મૂકીને કહ્યું : 'ચૂપ !'

'પણ...આમ તો ઊંઘ આવી જાય...'

જગડૂએ ધીમેથી એના કાનમાં કહ્યું : 'આ દૂદો ઊંઘી ગયો છે; તને ઊંઘ આવતી હોય તો તુંય માંડ ઊંઘવા ! એમાં આમ અકળાય છે શું ?'

'પણ મારું કામ પડે તો મને જગાડજે, હો !'

'ભલે.'

'પણ ત્યારે આપણે આંહીં આવ્યા છીએ જખ મારવા ?'

'જખ નહિ જરખ મારવા !'

'ક્યાં છે એ ?'

‘વાલજી ! હવે વાત ન કર; સાવ મૂંગો મૂંગો પડયો રહે.’

‘ભલે.’

દૂદો તો આંખો મીંચીને પડયો જ હતો. ચોખંડો પણ પડયો રહ્યો. ખીમલી પણ લાંબો પડયો હતો. જગડૂ પણ અંધારામાં અંધારાના ટુકડા જેવો થઈને, જમીન સરસો પડયો પડયો ચારેકોર જોતો હતો. એની છાતી થડક થડક થતી હતી. ઉશ્કેરાટથી એના હાથ–પગ કંપતા હતા. અસૂઝ ઇન્તેજારીથી એ એક પળ પણ સ્થિર રહી શકતો ન હતો. પરંતુ પોતાની એ આખીએ ઇન્તેજારી ઉપર સવાર થઈને એ કંથકોટના કિલ્લાના બાંધકામ વખતે નકામા ગણીને ફેંકાયેલા એક પથ્થરની પાટ જેવો પડ્યો રહ્યો.

સમય ધીમે ધીમે, અતિ ધીમે જવા માંડ્યો. હવે ભોજન શરૂ થયું. કંથકોટનાં ઘેટાં–બકરાંની ભારે તારીફ કરતા કરતા સંધારો એકબીજાને હોકારા–પડકાર કરતા ખાવા–ખવરાવવા લાગ્યા. ચાવડો સંધાર પણ પોતાના નેજાની નીચે મૂંગો મૂંગો ભોજન લઈ રહ્યો.

ધીમે ધીમે, એક પછી એક નાના–મોટા ઘડા નીકળવા માંડયા. ચાવડા અને સંધાર બેયને કાંઈ મળ્યું હોય તોય દારૂમાં, ને ગયું હોય તોય દારૂમાં ! દરિયા ઉપરનાં એમનાં ભીષણ પરાક્રમો ને નઠોર કામો પણ દારૂના નશામાં જ થતાં. અને એમણે વિજયો મેળવ્યા તેય દારૂના નશામાં ને પરાજયો મેળવ્યા તેય દારૂમાં. એમણે રાજ મેળવ્યાં તેય દારૂમાં, ને ખોયાં તે પણ દારૂમાં !

ધીમે ધીમે દારૂની વહેંચણી થવા લાગી. અને પડાવને ભરી દે એવો ચાવડા સંધારનો અવાજ મધરાતે સાવજ ગરજે એવો સંભળાયો :

‘જો કોઈ દારૂના નશામાં બેભાન થશે તો એને હું ઊભો ને ઊભો ચીરી નાંખીશ ! હું હમણાં બધે જોવા નીકળું છું. ભૂલશો મા, સામે દુશ્મન બેઠો છે. ને એ પણ ભૂલશો મા કે તમારી વચમાં ચાવડો સંધાર બેઠો છે !’

ચાવડો સંધાર ઊઠ્યો. એની આગળ એના નેજાવાળો હતો, પાછળ પોતે ચાલતો હતો. એ બધે ફરી વળ્યો. કાઈકને એણે બે લાતો મારી, કોઈકને થપાટ મારી; અને એક–બે ઠેકાણે તો એણે ભાલા સાથે અપરાધીઓને ભોંયમાં જડી દીધા! એમ ફરતો ફરતો છેવટે એ પાછો પોતાને સ્થાને આવીને બેઠો.

વળી એક પહોર વીત્યો. માઝમ મધરાત જામી. તાપણાં ધીમે ધીમે પોતાનું લાલ નૂર ગુમાવવા લાગ્યાં. ધીમે ધીમે બધા શોર શમ્યા.

જગડૂએ ચોખંડાને જરા ઢંઢોળ્યો, એના કાનમાં કહ્યું: 'વાલજી, જાગી પડ, પણ અવાજ ન થાય, હોં!'

'હેં......હેં......'

જગડૂએ એના મોઢા ઉપર હાથ દીધો: 'ચૂપ, સાવધાન!'

'હું જાગું જ છું.' ખીમલીએ કહ્યું.

'હુંયે.' દૂદાએ કહ્યું.

ચારે જણા સાવધ થયા.

'હવે શું?' ચોખંડાએ પૂછ્યું, 'પાછા જવું છે ને?'

'હા, પણ જરા વાર છે!' એના કાનમાં જગડૂએ કહ્યું, 'હવે હું કહું તેમ કરો! આગળ હું, બીજો ચોખંડો, ત્રીજો દૂદો ને ચોથો ખીમલી: એમ એક પછી એક વાંસે ને વાંસે જ, જમીન–સરસા ને સરસા જ, આપણે આગળ વધવું છે. જોજો, કોઈ જમીનથી આંગળ જેટલો પણ ઊંચો ન થાય, હો!'

ધીમે ધીમે ધીમે, જાણે અંધારામાં જ પાતળો સળ પડતો હોય એમ, ભાઈબંધોની આ સાંકળ પેટ ઘસતી, જાણે મગરમચ્છ સરકતો હોય, ઢેઢગરોળી સરકતી હોય એમ, આગળ વધી.

તાપણા પાસેનો ચોકિયાત સંધાર ઝોકાં ખાતો હતો. એની

પાસે કોઈ સંગાથ હતો નહિ, ને ભાંગતી મધરાતમાં એ એકલો હતો.

એકાએક કોઈ રાઠોડી પંજાએ એનું ગળું ભીંસીને પકડયું—જાણે બિલાડીએ ઉંદર પકડયો. બાપડો જરા સરખોય અવાજ કાઢી શકયો નહિ ! બિચારાના પ્રાણ જતાં વાર ન લાગી !

પડાવમાંથી કદાચ કોઈ જુએ તો ચોકિયાત બેઠેલો લાગે એમ પડાવ તરફ પીઠ રાખીને દૂદો બેઠો. અને સંઘારના શબને દૂર ઘસડીને એનાં કપડાં કાઢીને ચોખંડાએ જેમતેમ પહેરી લીધાં.

પછી જાણે બેઠા બેઠા થાકયો હોય એમ ચોખંડો ઊઠયો. આંટા મારતો મારતો એ બીજા તાપણા પાસે ગયો. બીજા તાપણા પાસે અર્ધ નિદ્રામાં બેઠેલો ચોકિયાત એને જોઈને ઊભો થયો : 'કેમ ?'

ચોખંડાએ નાક પર આંગળી મૂકીને ચૂપ રહેવા ઇશારત કરી અને ગઢ તરફ આંગળી ચીંધી.

બીજો કહે : 'ગઢ ઉપર કંઈ હલચલ દેખાઈ ? એમ હોય તો હાલ, નાયકને ચેતવીએ.'

ચોખંડાએ હાથની ઇશારત કરીને એને સમજાવ્યું કે પહેલાં ખાતરી કરવી જોઈએ. ખાતરી કરવાને ચોખંડાની સાથે એ આગળ વધ્યો. પળવારમાં તો એ બિચારો પહેલા સંઘારને મળવા જમરાજાને ત્યાં પહોંચી ગયો ! એની જગ્યાએ ખીમલી ગોઠવાઈ ગયો.

નખશિખ સંઘારના ગણવેશ જેવા વેશમાં સજ્જ થઈને ચોખંડો ને જગડૂ ચાવડાના પડાવની અંદર આગળ વધ્યા.

ચાવડા સંઘારના નેજા આગળ ઘોડાંઓની હારની હાર બાંધી હતી. એમણે ઘોડાં છોડી નાંખ્યાં ને બે–ચાર ઘોડાંને પાછળ ડામ દીધા. ઘોડાં ભડકયાં. ભારે આકળી હાવળ નાંખીને એક ઘોડો ઊભે પટે ભાગ્યો ને પાછળ બીજાં ઘોડાં નાઠાં !

પછી તો વચમાં જે આવે તેને અડફેટે ચડાવતાં ઘોડાં આંધળાં-ભીંત બનીને નાસવા માંડ્યાં: આગળ ડામની વેદનાથી પીડાયેલા ઘોડા અને પાછળ એનું અનુકરણ કરનારાં ઘોડાં ને તે પછી જ્યાં ત્યાં બાંધેલાં બીજાં છૂટાં-છવાયાં ઘોડાં એમનું જોઈને દોરડાં તોડી-છોડીને દોડવા લાગ્યાં.

પળવારમાં આખો પડાવ કોલાહલથી ઊભરાઈ ગયો: 'ઘોડાં નાઠાં!...ઘોડાં નાઠાં!...પકડો!...પકડો!'

અને જેમ શોર વધ્યો તેમ ઘોડાં વધારે ભડકીને આંધળી દોડધામ કરી રહ્યાં. કંઈક સૈનિકો અડફેટે આવ્યા, કંઈક અડફેટથી બચવા માટે દોડધામ કરી રહ્યા. આખા પડાવમાં અવ્યવસ્થા અને દોડધામ મચી ગઈ; ચારેકોર આભઊંચો શોરબકોર ઊઠ્યો.

કંઈક ઘોડાં તો ઊભેપાટ નાઠાં, કંઈક માંડમાંડ હાથમાં આવ્યાં.

સંધારો હવે પૂરા જાગ્યા હતા અને અંદરોઅંદર સવાલ કરતા હતા: 'આમ બન્યું કેમ? આ કામ કોનું? શું, લાગ જોઈને કોઈ દુશ્મન પેસી ગયો? કે પછી ઘોડાં બંધાયાં જ હતાં ઢીલાં? અરે ભાઈ, વીસ ગાઉનો પંથ ખેડીને આવ્યા છીએ તે થાક ચડી ગયો હોય...તપાસ કરો! દુશ્મન હોય તો પકડો! જે કોઈ વાઘની બોડમાં હાથ નાંખવા આવ્યો હોય એને એક વાર બતાવી દો કે આ કોઈ રેંજીપેંજી રજપૂતનો નહિ પણ કાળઝાળ સંધારનો ડાયરો છે!... અરે ભાઈ...ઘોડાં કેટલાં પાછાં હાથ આવ્યાં?—ચાવડો પહેલો સવાલ એ પૂછશે એનો જવાબ શું દેશું?'

'અને ચાવડો? એ વકરેલા સાવજની ડણક હજીયે કાં ન સંભળાય? જરાક સંચર થાય તો જે સૌથી પહેલો જાગે અને સહુથી પહેલો ગાજે, એનો અત્યારે અવાજ સરખો કાં ન સંભળાય? એના દીદાર કાં ન દેખાય?' ઠેર ઠેર પ્રશ્ન ઊઠ્યો.

કોઈકે કહ્યું: 'ભાઈ, જરા જોજો હો. ચાવડાએ આપણને

છાંટાપાણી સામે ચેતવ્યા હતા. આપણે એની ચેતવણી સાંભળી છે કે નહિ એની કસોટી કરવાને ચાવડાએ પોતે જ તો આ કર્યું ન હોય ? એ તો ચાવડો છે. ચાર આંખો લઈને ફરે છે...જરાક અણસાર આવે ને ફલાંગ મારીને સામો ગાજનારો ચાવડો અમસ્તો ચૂપ ન રહે, હો ! એ હજી સુધી ચૂપ છે એમાં જ એણે કંઈકના ઘાટ મનમાં ઉતારી નાખ્યા હશે, હો ! એનો ક્રોધ તો ભયંકર છે, પણ એની મશ્કરી તો એથીય વધારે ભયંકર છે ! '

ચાવડાની આ બાજુ કોઈથી અજાણી ન હતી, એટલે બધા જ અસ્વસ્થતા ભરેલું મૌન જાળવી રહ્યા.

પણ જેમ જેમ વખત વીતતો ગયો તેમ તેમ એમને ચાવડાનું સદંતર મૌન વધારે ને વધારે અસ્વસ્થ બનાવવા માંડયું.

આખરે બે માણસો માંડમાંડ હામ ભીડીને ચાવડાના નેજા તરફ ગયા. ને એમણે ત્યાં જે જોયું એથી નર્યા અચરજથી થોભીને ઊભા રહી ગયા. નર્યા વિસ્મયથી એમણે હાકલ મારી. એ સાંભળીને સંધાર વડેરાઓનો આખો ડાયરો ત્યાં દોડતો આવ્યો. બધા જ આશ્ચર્યથી સ્તબ્ધ થઈને ઊભા.

ચાવડાનો નેજો ત્યાં હતો, ચાવડાનાં હથિયારો ત્યાં હતાં, ચાવડાની બિછાત ત્યાં હતી, એની સદા માનીતી ને ઘડીભર પણ એના અંગથી વેગળી નહિ પડતી એની તલવાર પણ ત્યાં હતી, પણ—

—પણ ત્યાં ચાવડો સંધાર ન હતો !

## ૫ .... .... .... જસોદાના ચાંદલા

**કંથકોટની** અંદર સવાર પડી ને ગઢની અંદરની વસતી હેલારે ચડી—જાણે દરિયામાં પૂનમની ભરતી ચડી. સવારના પહોરથી જ રાયલજીના દરબારગઢ આગળ માણસ ટોળે વળવા લાગ્યું હતું.

વાત આવી હતી, ને કાનોકાન આખાયે ગઢમાં ઘેર ઘેર ગવાઈ ગઈ હતી: સોલ સંઘપતિનો જુવાન છોકરો જગડૂ ને એના ત્રણ ભાઈબંધો રાતમાં ને રાતમાં ચાવડા સંઘારને જીવતો પકડી લાવ્યા હતા! સંઘપતિ સોલની હવેલીની બહાર પગ પણ ન મુકાય એટલાં બધાં માણસો એમને બારણે ભેગાં થયાં હતાં. ને બધાને એક જ વાતની ઇન્તેજારી હતી કે આ વાત સાચી કે ખોટી?

ભલા, ચાવડો સંઘાર—દરિયાલાલનાં ચોરાસી બંદરમાં જેના નામની હાક વાગે, જેનું નામ સાંભળતાં દરિયાનાં વહાણો, શકરાનો પડછાયો પડતાં પંખી ભાગવા માંડે એમ ભાગવા માંડે, જેના નામ સાથે અનેક નઠોરતાઓ ને ભીષણતાઓ જોડાઈ હતી એ ચાવડો સંઘાર—જીવતો ઝલાય ખરો? હજી તો એ કાલે ગઢને ઘેરીને ઊભો હતો. કાળઝાળ સંઘાર જાણે આભમાંથી પ્રગટ્યો હોય એમ દરિયા ઉપરથી રણમાં આવ્યો હતો, સાથે કારમાં કટક લેતો આવ્યો હતો. એણે રણરંગીલા રાયલ જામનેય ગઢમાં ભિડાવી દીધો હતો ને કંથકોટમાંથી ચકલું સરખુંયે બહાર ફરકી ન શકે એવું કરી દીધું

હતું; એમાંથી આ જુવાનિયા ગઢમાંથી બહાર કેવી રીતે ગયા, બેલારમાં બેઠેલા સાવઝને જાણે કાન પકડીને લાવતા હોય એમ એના કાળઝાળ કટકની વચમાંથી કટકના મોવડીને કાન પકડીને કેમ કરી લાવ્યા ?...કેમ લાવી શક્યા ?...

ભલા, ઝાઝી વાતની તો ખબર નથી, બાકી એક વાત તો સાચી : ગમે તે કારણે હો, પણ પાછલી રાતે સંધારના દળમાં હાકોટા–પડકારા બહુ થતા હતા ખરા; હવામાંથી ચળાઈ ચળાઈને ગઢમાં મોટો શોરબકોર આવતો હતો ખરો; ને ઘોડાંના ડાબલા પણ સંભળાતા હતા ખરા !

ત્યારે ભૂમિયાઓએ રાંગ માથે ચડી ચડીને એ જોયું પણ હતું. કહે છે કે હીરો કામદાર ને રાયલ જામ પણ રાંગ ઉપર ચડી ચડીને જાતે જોતા હતા કે રખે આ દોખી(દુશ્મન)નું કટક પાછલી રાતે ગઢ ઉપર તો ચડી નથી આવતું ને ? પણ એવું તો કાંઈ જાણે ન નીકળ્યું. જે કાંઈ કોલાહલ હતો એ કટકમાં જ હતો ને એમના ઓડામાં જ શમી ગયો હતો.

ને ત્યારે ઘણાએ ધાર્યું કે જ્યાં ચાવડાનું નામ પડયું ને જ્યાં સંધારનું કામ પડયું ત્યાં દારૂ તો વચમાં સમજવો જ. ચાવડો જુદ્ધે ચડે કે ખાલી ગામતરે ચડે તો, હજી રોટલા વગર નીકળે, અરે, હથિયાર વગર પણ નીકળે, પણ દારૂ વગર તો ઘર બહાર પગ પણ ન મૂકે ! ચાવડાનું ગયું જ બધું દારૂમાં ! એટલે કાંઈક એવું ને એવું જ તોફાન હશે, એમ કામદાર અને રાયલજીએ સમજી લીધેલું.

આ એક ગોકીરો સંભળાયો હતો. એ ઘડી બે ઘડી ચાલ્યો ને પાછો દિવાળીની ભોંકોઠીની જેમ સમાઈ ગયો.

આ સિવાય બીજી કોઈ વાત સાંભળી નથી, જાણી નથી. હા, સવારનો પોહ ફાટતાં, ઘાસમાં જેમ દેવતા પ્રસરે એમ, અફવા પ્રસરી

ગઈ હતી કે ચાવડો સંઘાર જીવતો ઝલાયો છે ને એને જીવતો ગઢની અંદર લઈ આવ્યા છે! સંઘપતિ સોલના જુવાન દીકરા જગડૂએ પોતાના ભાઈબંધો સાથે આ સાહસ કર્યું છે! — આવી વાત કાનોકાન સાંભળી છે ખરી; સાચીખોટી તો રામ જાણે!

બરાબર રાશવા દિવસ ચઢ્યો, ને સોલ શેઠની હવેલીનાં બારણાં ઊઘડ્યાં. અંદરથી એક વેલ નીકળી. ને એ ઉઘાડી વેલની વચમાં એક માણસને બાંધેલો હતો.

ઊંચું કદાવર હાડ, કાળો વેશ, કાળી દાઢી ને કાળા કેશ, આંખો જુઓ તો લાલઘૂમ!

આ એ જ ચાવડો સંઘાર! એ જ ચાવડો સંઘાર!......

મારગમાં માણસની ભીડ વચ્ચેથી ગલી પડી ગઈ ને એની વચમાંથી વેલ નીકળી. ચારેકોરથી મોટો શોર ઊઠ્યો: 'ચાવડો સંઘાર!...... ચાવડો સંઘાર!...ચાવડો સંઘાર!...'

એને જોવાને માણસો પડાપડી કરવા લાગ્યાં. પણ વેલને ફરતા ભૂમિયાના ભાલાની વાડે લોકોને આગળ વધતા રોક્યા.

વેલની પાછલ જગડૂ ને ચોખંડો, દૂદો ને ખીમલી ચાલતા હતા. લોકો એમની સામે આંગળી ચીંધી ચીંધીને એકબીજાને બતાવતા હતા: રાયલ જામ ને એના જાડેજા જોદ્ધા ગઢમાં ભરાઈ રહ્યા ને આ ચાર જુવાનડા, કાળા નાગને મદારી પકડી લાવે એમ, આને પકડી લાવ્યા! આ બસ, એ જ ચાર જુવાનિયા: એક વાણિયાનો, એક બ્રાહ્મણનો, એક તુરકપિંજારાનો ને એક ઢેઢનો દીકરો! ખરા મર્દ!'

'આ પેલી જ ટોળી ને?'

'હા. માળા પણ નીકળ્યા ને કંઈ વડનાં વાંદરાં હેઠાં પાડે એવા! માળા ચારેય રખડુ! પણ એમણે રખડી જાણ્યું ખરું!'

દરબારગઢની દોઢી આગળ બેય બાજુ ભૂમિયા ને પસાયતા

હથિયારબંધ ઊભા હતા. એની સામે પાર લોકોનાં ટોળાં મુલકમાં જેના નામનો કાળ–ડંકો વાગતો હતો એવા વંકા ને વકરેલા દીખીને જોવા ઊભા હતા.

વેલ આવી, ઊભી રહી. ભૂમિયાઓએ બંધ છોડ્યા. ને વેલમાંથી ચાવડો સંધાર નીચે ઊતર્યો.

'આવો, સંધાર આવો!' જામ રાયલ ભયંકર કટાક્ષથી બોલ્યો: 'તમે જ્યાં આવવાનું નામ લઈને નીકળ્યા હતા ત્યાં જ આવ્યા ખરા—પણ જરા જુદી રીતે!'

પોતાની મૂછના વાળોને દાંતમાં ચાવતાં ચાવડાએ ચારે તરફ નજર ફેરવી. ભલે દાઢ ભાંગી નાખી હોય ને મદારીના બંધનમાં હોય, તોય કાળો નાગ ઓછો ભયંકર લાગતો નથી: ચાવડાના ચહેરા ઉપર એવી ભયંકરતા બેઠી હતી.

'દગો!...' ચાવડો એટલું જ બોલ્યો. અને એટલું બોલીને ચૂપ રહ્યો.

'કોણ, ચાવડો સંધાર દગાની ફરિયાદ કરે છે?' જામ રાયલે કહ્યું, 'અને મારે ને તારે કાંઈ વેર નહિ ને મારા ગઢ ઉપર તું ચડી આવ્યો—રાત માથે લઈને આડફાટ રસ્તેથી—એ તો જાણે દગો નહીં પણ રજપૂતવટ હશે, કેમ?'

ચાવડો ચૂપ રહ્યો. જામ રાયલ પણ ચૂપ રહ્યો. લોકો પણ ચૂપ રહ્યા. પળવાર જાણે ભારે બોજવાળું મૌન ત્યાં આવીને બેઠું.

'અરે બાદલજી!' જામ રાયલે સાદ દીધો.

ભૂમિયાનો મુખી ને કંથકોટનો કોટવાલ બાદલજી આવ્યો.

'આ ચાવડા સંધારને ગઢની રાંગે ઊભો રાખો, ને ઝાંપડાને મોકલીને સંધારોને કહેવરાવો કે તમારો મુખી અમારી કેદમાં છે.

એને જીવતો જોવો હોય તો તમે બધા ગઢથી એક જોજન છેટે જઈને પડાવ નાંખો. બાકીની વાત અમે ચાવડા સાથે સમજી લેશું !'

પછી ચાવડા સંઘાર સામે જોઈને રાયલ જામે પૂછ્યું : 'તારે કાંઈ કહાવવું હોય તો તારોય સંદેશો ભેગાભેગો કહી દેવરાવીએ.'

ચાવડો હસ્યો : 'મારો સંદેશો ? મારો સંદેશો જો કહાવી શકાય જાડેજા જામ તમારાથી, તો કહેવરાવજો કે ચાવડા સંઘારનું જે થવાનું હોય તે થાય; એની કોઈ પરવા ના કરશો, પણ આ ગઢની એક કાંકરીયે ઊભી રહેવા ના દેશો !'

જામ રાયલના ચહેરા ઉપર ભયંકર રેખાઓ ઊપસી આવી. એમની આંખમાંથી પ્રગટતો આગના શોળ જેવો ઉગ્ર આવેશ જાણે જોનારને દઝાડી રહ્યો.

'અમે તો જાડેજા, સમજ્યો, સંઘાર ? કાળા નાગની સાથે રમનારા ને કાળા નાગને રમાડનારા. તારો આ સંદેશ પણ અમે અક્ષરેઅક્ષર કહાવીશું ! કામદાર, બોલાવો ઝાંપડાને !'

ભૂમિયો ઝાંપડાને બોલાવવાને ગયો.

'બાદલજી ! લઈ જાઓ આ ચાવડાને. ગઢ ઉપર શૂળી ઊભી કરો. ને સંઘાર કટક જો ગઢ તરફ એક પગલું પણ આગળ માંડે ને તો ચાવડાને શૂળીએ ચડાવી દેજો !'

'જી, બાવા !'

'અને આપણા કટકને તૈયાર કરીને ગઢના દરવાજા આગળ એકઠું કરો. સંદેશાનો શો જવાબ આવે છે એ જોઈએ. પછી સંઘારનું પાણી માપી લેશું.'

'પાણી એમ ન મપાય, રાયલ જામ ! તમે તો મોડ મુનાઈના વંશજ. એટલે મરદનાં પાણી કેમ મપાય એની તમને તો ખબર

ન હોય, પણ પાણી માપવું હોય તો આપો મારા હાથમાં એક તલવાર અને પછી આપણે માપીએ કે કોનું પાણી જોરાવર છે? આટલી તમારી વસ્તી, આટલા તમારા ભૂમિયા, આટલા તમારા પસાયતા, એ બધું છતાં જો હું ગઢ સોંસરવો બહાર નીકળી જાઉં તો તમે હાર્યા, ને ન નીકળું તો હું હાર્યો!' સંધારે જાણે પડકાર ફેંક્યો.

થોડીવાર તો રાયલ જામ વિચારમાં પડ્યો; એને આ પડકાર સાલી રહ્યો. પણ કામદાર હીરા શેઠે કાનમાં કહ્યું : 'બાવા! નાગ સાણસામાં પકડાયો છે, પછી ઝેરનાં પારખાં કરવાનું કાંઈ કારણ? કાંઈ કારણ વગર, કાંઈ લાભ વગર, આપણાં બે–પાંચ ભૂમિયા મરાવવા? એ તો આમેય મૂઓ છે ને આમેય મરવાનો છે. એને હવે વચારે નહાવાનું ને નિચોવવાનું શું છે?'

રજપૂતરાજને એના સ્વભાવ મુજબ વાણિયાની સલાહ પ્યારી ના લાગી. ચાવડો પકડાયો પકડાયો તોય એને માથે એક કહેણ મૂકી જતો હતો, એનું એને લાગી આવતું હતું!

કામદાર જામ રાયલની વિમાસણ સમજી ગયો. એણે ઉમેર્યું : 'બાવા! સંધાર એકલો છે એમ આપ માનો છો? લખપતવાળા ને સાંધણવાળાની એને હૂંફ ન હોય તો દરિયો મૂકીને એ આટલે આઘે દોડ્યો આવે ખરો? સાત શેરડેથી આવ્યો હોય તોય રાપર ને લાખિયારનો એને વસીલો હોય. સંધાર દરિયો મૂકીને રણમાં આવ્યો છે ને વહાણ મૂકીને ઘોડે ચડ્યો છે, એ કાંઈ પોતાને ભરોશે નહિ.'

હોઠ પીસીને જામ રાયલે માથું ધુણાવ્યું. આ વાત એ પોતે પણ વિમાસતા હતા. સંધાર વહાણો મૂકીને ઘોડે ચડીને રણમાં આવ્યો ક્યાંથી? કાં તો બારાડીમાંથી સાત શેરડાના મારગે આવ્યો હોય, ને કાં તો મહોઈ આગળ ઊતરીને કંઠીમાંથી આવ્યો હોય. બેય ઠેકાણે પોતાની સાથે દુશ્મનાવટ રાખતા એવા ભાઈઓની જાગીરો હતી.

એ જાગીરો સોંસરવો સંધાર પડચો તો એને કયાંકથી કાંઈક ચેતવણી તો મળે ને! આ તો છેક પાદરમાં આવીને ઊભો રહ્યો ત્યારે...તે ભાઈ, એય વાત કામદારની સાચી કે આજકાલ સગા ભાઈનો પણ ભરોસો કરાય એવું ક્યાં રહ્યું છે?'

ચાવડો તિરસ્કારથી હસ્યો : 'એક તો બાપડા અમારા ભાણેજાં ને એમાં વળી વાણિયાએ કાન કરડ્યા. ચાલો બાદલજી, મને લઈ જાઓ; તમારી તરવાર તો જોવા ન મળી, હવે શૂળી તો જોઈએ!'

અને રાયલ જામ તરફ પીઠ ફેરવીને લોકોના ટોળાની સામે ચાવડો સંધાર ચાલવા માંડચો.

ચતુર કામદાર સમયનો રંગ પારખી ગયો : ચાવડો વાતનો રંગ ફેરવતો હતો, પોતાના બંદીવાસ ઉપર મરદાનગીના ઓપ ચડાવતો હતો!

કામદારે તરત જ હાકલ મારી : 'અરે નાયક! આ ચાવડાને એના કટકમાંથી જીવતો ઝાલી લાવનાર છોકરા જગડૂને આંહીં બોલાવો બાવા પાસે'!

કારમો ઘા વાગ્યો હોય એમ ચાવડો થંભી ગયો. લોકોએ એની ચમક જોઈ. ચાવડો વાત ભલે ને બહાદુરીની કરે, પણ એના ભર્યા કટક-માંથી એને જીવતો પકડી લાવનારો તો આપણો જુવાન છે ને! તલ-વારો તાણ્યે, મૂછના આંકડા ચડાવ્યે ને મરડનાં વેણ ભાંખ્યે કાંઈ થોડી મરદાનગી આવે છે! ભાઈ, સાચી મરદાનગી તો આનું નામ! ભોંણુમાં હાથ નાખીને કાળા નાગને બહાર ખેંચી કાઢે, એમ આ જુવાન જગડુ ભર્યા કટકના ઓડામાંથી ચાવડાને ઝાલી લાવ્યો! એણે એક જ ઝાટકે સંધારના કટકને હેઠે બેસારી દીધું ને ગામને નિર્ભય કર્યું. બાકી તલવારના તાલોટા લેવામાં મરદાનગી હોત ને તો તો લુહાર માતર મરદાનગીનાં શીંગડાં ઉગાડત પોતાને માથે!

સોળ વરસના પાતળિયા છોકરાને આવતો જોઈને લોકમાત્ર

એની સામે જોઈ રહ્યા. એની પાછળ એના ત્રણ ભાઈબંધો હતા. ક્યાં કાળઝાળ અંગારા જેવો આ ચાવડો ને ક્યાં જુવાનીમાં પગ મૂકતા આ ચાર જણા! છોકરાઓ તો છોકરાઓ, પણ ભારે કરી એમણે! હજી મૂછ ઊગી નથી, છતાં ભલભલા મૂછાળા ને દાઢીવાળાનાં પાણી ઉતારી દીધાં એમણે!

જામ રાયલની સામે જગડૂ બે હાથે પ્રણામ કરીને ઊભો રહ્યો.

'છોકરા!' જામ રાયલે કહ્યું: 'હવે તને અમે છોકરો નહિ કહીએ; તું તો ખરેખરો મરદ છો મરદ! તને તો મરદને છાજે એવી બક્ષિસ હોય. લે આ!' અને જામ રાયલે પોતાની મૂઠવાળી તરવાર જગડૂને જાતે પહેરાવી.

'કામદાર! મરદને એની મરદાઈને છાજે એવી પહેરામણી અમે આપી છે. એના ત્રણેય સાગરીતોને હજાર હજાર કોરી આપજો!'

ચાવડો કેદમાં હોય ને ચાવડો પોતે ગમે એટલા ફૂંફાડા મારે તોય સંઘાર કટક હવે ડંખ મારી શકે એવો સંભવ કોઈને દેખાયો નહિ. લોકોએ ચાવડાને જોઈ લીધો; અને એને જીવતો ઝાલનારા જુવાનોનેય જોઈ લીધા.

રાયલ જામ ને કામદાર મસલત કરવાને અંદર ચાલ્યા ગયા. ગઢના દરવાજા પાસે હવે ભૂમિયાઓ જમા થવા માંડ્યા હતા. ને કામદારે મુનીમને ત્રણે ભાઈબંધોને આપવાની બક્ષિસનો હવાલો આપ્યો હતો, એટલે મુનીમ એ ત્રણેનેય લઈ ગયો. ને જગડૂ પોતાના ભાઈબંધોની રજા લઈને પોતાની હવેલીએ પાછો ગયો.

આજે એના ઘરમાં એના માટે જુદી જાતનું સ્વાગત તૈયાર હતું. દીકરાએ ઉઠાવેલા જોખમથી એની માની છાતી તો હજીયે થડક થડક થતી હતી; અને પોતાના પુત્રના આવા સાહસથી સોલ શેઠની છાતી હજીયે ફુલાતી હતી. સંઘના ચારપાંચ શેઠો પણ આવીને બેઠા હતા અને પોતાની નાતના એક જુવાને ધિંગાણાનો આખો

રંગ પલટાવી નાખ્યો એના ઉપર પોતાની ખુશી જાહેર કરતા હતા.

જગડૂએ ચાવડા સંઘારને એકલે હાથે ઝાલ્યો એ વાતની બધાને ભારે નવાઈ હતી; ને આખી વાત સાંભળ્યા પછીયે એમનું અચરજ શમતું ન હતું.

'માળું જરખ પણ ગજબનું નીકળ્યું, હો ! આ દુનિયામાં કોઈ ચીજ કે પ્રાણી નકામાં નથી, એનો આ કેવો સચોટ પુરાવો !' જગા શેઠે કહ્યું.

'હા, ભાઈ ! જરખની તો સામે પણ ના જોવાય, તો પછી એની પાસે તો જવાય જ શાનું ? જતાં જ બેભાન થઈ જવાય ! અમારો પૂનો રબારી કહેતો હતો કે જરખની પાસે જતાં તો જે મોરછા આવે ને, એમાં ને એમાં તો કંઈક માણસ મરી જાય છે ! ભાઈ, આવું જાનવર આજ બિચારા ચાવડાને ભારે થઈ પડયું !'

'એ તો ભાઈ, આખા કટકની વચમાં પેસવાની ને પેસીને મારવાની આવડત જોઈએ, છાતી જોઈએ ! ને સોલ શેઠના જગડૂની છાતી તો ભાઈ, ગજબની નીકળી !' ત્રિભુવન ઠક્કરે કહ્યું.

ત્રિભુવન ઠક્કર પોતે છાતીવાળા માણસ. એ જ્યારે કોઈની હામનાં વખાણ કરે ત્યારે એ વખાણ કરવા જોગ જ હોય !

ને સંઘના આગેવાનો, મોવડીઓ પોતાના દીકરા જગડૂનાં કોઈ વાતમાં વખાણ કરે એ દિવસ જ સોલ શેઠે કદી કલ્પ્યો ન હતો. આજ એ સાચેસાચ ધન્યતા અનુભવતા હતા.

આગેવાનો વીખરાયા, કેમ કે પરગામના–માંડુગઢના ગોરને લઈને પરભુ ગોર આવી પહોંચ્યા હતા. માંડુગઢના અમરાશાનું નામ બધાએ સાંભળ્યું હતું. ભાઈ ભાઈના ઝઘડાઓમાં, સામંત સામંત વચ્ચેના ઝઘડામાં, તુરુષ્ક સુરત્રાણની ચઢાઈઓની વચમાં માળવામાં પોતાના

જાતભાઈઓને જાળવી અડીખમ બેઠેલા અમરાશાનું નામ તો કોણે ના સાંભળ્યું હોય? 'ઘર પડો, ઘરા પડો, પણ માંડુગઢ તો મેરુ હુવો!'—પોતાના ગામ માંડુગઢમાં પોતાના જાતભાઈઓને અને બીજી વસતીને જાળવી બેઠેલા અમરાશાએ માંડુગઢને આવી ચારણી આબરૂ અપાવી હતી.

ને એવા અમરાશાની કન્યાનું નાળિયેર લઈને ગોર ફરતો–રખડતો કંથકોટ મુકામે આવી ચડચો હતો. ને એ નાળિયેર ઉપર તો કંથકોટમાંયે કંઈક બાપોની નજર ઠરેલી હતી.

ઊઠતાં ઊઠતાં જગા શેઠ ત્રાંસી આંખે અમરાશાના ગોર સામે જોતા જોતા, જાણે સોલ શેઠ સાથે સંઘના વહેવારની વાત કરતા હોય એમ, બોલ્યા: 'સંઘપતિ, તમારો જગડૂ આમ તો રખડુ, પણ આજ તો એણે કાટિયા વરણનીય આબરૂ લીધી, હો! પણ હવે જરાક છોકરાને કબજામાં રાખજો, હો! જરખની પાછળ ભમવું ને કોળી, ઢેઢ ને ભામટાના છોકરા સાથે વનવગડે રાતદિવસ રઝળવું એ કાંઈ આપણું કામ છે?'

અને સોલ શેઠને રામરામ કરીને, ફૂંકીફૂકીને કરડતા ઉંદર જેવું ચૂંચૂં ચૂંચૂં જેવું હસીને, જગા શેઠે વિદાય લેવા માંડી ને એની પાછળ પાછળ બીજાઓએ પણ પગરખાંમાં પગ નાખવા માંડચા.

'એ જરા ઊભા રહેજો મહાજનના શેઠિયા!' અમરાશાના ગોરે સાદ દીધો, 'તમે બધા આંહીં છો, એનાથી રૂડું બીજું શું?'

બધા ઊભા રહ્યા.

ગોરે કહ્યું: 'આ અમારા જજમાન અમરાશા માંડુગઢના સંઘ-પતિ ને માંડુગઢના રાજા દેવરાજ પરમારના કારભારી; એ શેઠ અમરાશાની દીકરી જશોદાનું નાળિયેર સંઘપતિ સોલ શેઠના દીકરા જગડૂશાના હાથમાં આપ્યું છે. સહુ હવે ગોળધાણા ખાઈને જજો!'

'અરે, પણ ગોરબાપા! આંહીં તો ડખો છે. ઊંટડો કઈ બાજુ બેસે એ હજી કહેવાય નહિ. તમારે આટલી બધી અધીરાઈ શું કામ જોઈએ? નાળિયેર આપવું હોઈ તો આપજો, પણ હમણાં જરા થોભી જાઓ તો? તેલ જુઓ, તેલની ધાર જુઓ!' જગા શેઠે કહ્યું. એમના અવાજમાં એમની અભિલાષા તૂટતી હતી એના ભંગારનો નાદ જાણે રણકતો હતો.

'શેઠ, આ તો બ્રાહ્મણનાં વેણ, ગોરનાં વેણ; એ એક વાર નીકળ્યાં એ નીકળ્યાં. પણ એમાં એક બીજી વાત પણ છે, જરા એય સાંભળતા જાઓ: અમરાશા શેઠની દીકરીનું નાળિયેર સ્વીકારવું એ કાંઈ સહેલી વાત નથી. માટે જરા અમરાશા શેઠનો સંદેશો પણ સાંભળતા જાઓ!'

'અમરાશા શેઠનો સંદેશો? અમને?'

'હા. જેને હું આ નાળિયેર આપું એને મારે એ સંદેશો પણ આપવાનો છે, ને તેય પંચના સાંભળતાં આપવાનો છે. હું ઉત્તરમાં મુલતાનથી માંડીને તે દખ્ખણમાં મદુરા સુધી રખડ્યો. આમ તામ-લૂકથી તે દ્વારકા ને સોમનાથ સુધી રખડ્યો, પણ ક્યાંય મને અમ-રાશા શેઠનો સંદેશો ઝીલી શકે ને આ નાળિયેર લઈ શકે એવો જુવાન નજરમાં બેઠો નહિ. થાક્યોપાક્યો એક-બે દિવસનો આરામ કરવાને અનાયાસે હું આંહીં રોકાયો. હવે આંહીં આ નાળિયેર આપીને જઉં છું, ને સંદેશોય સંભળાવતો જઉં છું.'

પછી ગોરે સોલ શેઠને કહ્યું: 'શેઠ, તમારા મોટા દીકરા જગ-ડૂશાને બોલાવો ને!'

માએ લાડકોડથી શણગારેલો જગડૂ બહાર આવ્યો.

ગોરે કહ્યું: 'આવો મહેતા!' અને પછી ગોરે એના કપાળમાં ચાંદલો કર્યો, હાથમાં નાળિયેર આપ્યું, સોનાના એકાવન દ્રમ્મ આપ્યા,

અને ગંભીર બનીને કહ્યું :

‘ કંથકોટના સંઘપતિ પોરવાડ શેઠ સોલના સૌથી મોટા પુત્ર વસા જગડૂશાહ ! તમારા હાથમાં માંડુગઢના પરમાર રાજા દેવરાજના કામદાર અને સમસ્ત માળવાના જૈન સંઘ ને વસતીના અભયદાતા અમરાશા શેઠની મોટી દીકરી જશોદા એટલે કે યશોમતીનું નાળિયેર મૂકું છું. એ નાળિયેર લેશો ? ચાવડા સંઘારને તમે નાથ્યો ને તમારું એ પરાક્રમ સાંભળીને હું આ નાળિયેર આપવાને આવ્યો. પણ ચાવડા સંઘારને જીવતો ઝાલવા જેવું આ નાળિયેર ઝાલવું સહેલું નથી, હો !’

‘ નાળિયેર તો તમે પોતે હાથમાં મૂક્યું છે; પછી કેમ પૂછો છો ગોર, કે લેશો ? ’

‘ કેમ કે એ નાળિયેરની સાથોસાથ અમરાશાનો સંદેશો પણ આપવાનો છે. એ સંદેશો જેનાથી ન ઝિલાય એ આ નાળિયેર પાછું આપી દે ! ને જે એ સંદેશો ઝીલે એ જણ એ સંદેશાનો અમલ કર્યા પછી માંડુગઢ જાન જોડીને આવે ! અરે, માંડુગઢ જાન જોડીને શું કામ આવે ? એવું શું કામ કરે ? હુકમ કરશો તો અમરાશા શેઠ પોતે સામે ચાલીને પોતાની દીકરી પરણાવવા આવશે. ’

‘ એવો તે શો સંદેશો છે ? ’ જગડૂએ પૂછ્યું, ‘ ગોરબાપા ! આંહીં મારા બાપ બેઠા છે, પાછળ મારી મા ઊભી છે, આ બધા સંઘના શેઠિયા હાજર છે. બધાયના દેખતાં–સાંભળતાં કહું છું કે આ નાળિયેરનો મને મોહ નથી. તમારા મનમાં હજી પણ કાંઈ ખટકો હોય તો હજી પણ એ પાછું લઈ લો. પણ એક વાત કહી મૂકું છું, સંદેશો સાંભળ્યા પછી તો નાળિયેર પાછું નહીં જ આપું ! ’

‘ શાબાશ જુવાન ! મારે પણ એવો જ જણ શોધવો હતો— મારા જજમાનની લક્ષ્મી જેવી દીકરી માટે ! જેણે પાંચે ઇન્દ્રિયો વતી તીર્થંકરોને ભજ્યા હશે ને પાંચ આંગળીઓથી સૂરીશ્વરોની સેવા

કરી હશે એ જ મારા જજમાનની ભાગ્યવંત સુલક્ષણી કન્યાને વરશે. હવે બાપ, અમરાશા શેઠનો સંદેશો સાંભળી લે.'

'જી!'

'અમરાશા શેઠ કહાવે છે કે આજકાલ અને હવે પછીનાં પચાસ–સો વરસનો આખો જુગ મહાકપરો આવે છે. રજપૂતવટ ભાંગી ગઈ છે. સુલતાન સુલતાન, રાજા રાજા, ભાઈ ભાઈ, સામંત સામંત અંદર–અંદર લડે છે ને એકબીજાને લૂંટે છે. અને પાડા પાડા લડે ને બિચારા ઝાડનો ખો નીકળે એમ આમાં સરવાળે તો વસતીનો અને એના વેપાર-રોજગારનો જ ઘાણ નીકળે છે. ઘાણીમાં તલ પિલાય એમ વસતી પિલાય છે ને ચિચોડામાં શેરડી નિચોવાય એમ એ નિચોવાવાની છે. મહા બૂરો કાળ આવી રહ્યો છે. સિંહણ જાદવ, સુભટ વર્મા પરમાર ને અજયપાળ સોલંકી જેવા નઠોર–કઠોર રાજવીઓને પણ દેવ કહાવે એવો મહા બૂરો કાળ આવી રહ્યો છે, સમજો કે, આવી જ પહોંચ્યો છે!

'મેં–અમરાશાએ મારી ગજાસંપત પ્રમાણે મારા જાતભાઈઓ ને વસતીમાત્ર માટે માંડુગઢનો આશરો ઊભો કર્યો છે. આજ માળવો આખો સળગે છે ને ભલે હજી પણ વધારે સળગે, પણ માંડુગઢમાં માણસની માણસાઈને અને નારીના શીલને, વસતીના ધંધારોજગારને ને વેપારીના વેપારને અભય છે. મેં એક સાદા ને સામાન્ય રજપૂતમાંથી સાચો પ્રજાપ્રતિપાલ સર્જ્યો છે.

'આજ માળવાનો વારો, તો કાલ ગુજરાતનો વારો. માટે મારી દીકરીનું નાળિયેર જે હાથમાં ઝાલે એ મારા માંડુગઢની જેમ ગુજરાતમાં પણ એવો જ કોઈક આશરો ઊભો કરે, જેને ન તો કોઈ સુલતાન સતાવી શકે, ન તો કોઈ રાજા તોડી શકે કે ન તો કોઈ લૂંટારુનાં ધાડાં લૂંટી શકે; અને જેમાં બેસીને વસતી એને ધંધો કરે, મહાજન

એનો વેપાર કરે, ને એ આશરાને એક અરહંતનું–શાસનદેવનું ને બીજું મારા જમાઈનું રામરખવાળું હોય. એવો એક આશરો ઊભો કરે, પછી જ મારો જમાઈ જાન જોડીને માંડુગઢ પરણવા આવે; ને એવો જમાઈ હુકમ કરે તો હું દીકરીનો બાપ ઊઠીને સામેથી જાન જોડીને મારી દીકરી પરણાવવા આવું !'

પળવાર તો સહુ સાંભળી જ રહ્યા; કોઈ કાંઈ બોલ્યું જ નહિ, બોલી શક્યું જ નહિ.

ગોરે પૂછ્યું : 'કેમ વસા ! હવે કહો, તમારા હાથમાં મેં અત્યારે મૂક્યું છે એ નાળિયેર છે કે મુસીબતોનો સરપાવ ?'

'ગોરબાપા !' જગડૂએ કહ્યું : 'તમે તો મારા બાપને ઠેકાણે કહેવાઓ. તમને વધુ તો શું કહું ? પણ મારે મન આ નાળિયેર જ છે ને એ આજથી તમારા જજમાનની મારી પાસે થાપણ છે.'

'ભલે જુવાન, ભલે ! પણ વાણિયાનો દીકરો થઈને થાપણ ઓળવી જઈશ મા હો ! નહિતર મારા જજમાનની દીકરીને જનમ-ભર કુંવારા રહેવું પડશે ને એનું પાપ તારે માથે પડશે !'

**ખાટની** સાંકળ ઉપર બે હાથ અને ખાટ ઉપર એક પગ ટેકવીને લક્ષ્મી ઊભી રહી. એના ચહેરા ઉપર મૂંઝાયેલો રોષ, ફણા માંડેલા નાગની જેમ, બેઠો હતો. એણે જરા ઊતાવળે અવાજે કહ્યું :

'કોઈ દિવસ તમારી સામે ઊંચે સાદે બોલી નથી, પણ આજ બોલી જવાય છે મારાથી. આવી નઠોર મશ્કરી તમે સહન કેમ કરી? એ નાળિયેર ગોરના માથામાં જ પાછું કેમ ના માર્યું?'

સોલ શેઠે જરા સ્મિત કરીને કહ્યું : 'પણ તારા દીકરાએ મારા સુધી વાત જ ક્યાં પહોંચવા દીધી? મને ન તો ગોરે પૂછ્યું કે ન તારા દીકરાએ પૂછ્યું કે આ વાત તમને ગમે છે કે નહિ? પછી મારે કહેવાનું જ ક્યાં રહ્યું?'

'પણ તમે મૂંગા કેમ રહ્યા? તમે ગોરને ના કેમ ના કહી? તમે આપણા જગડૂને વાર્યો કેમ નહિ? તમે આ નવીનવાઈના ગોર ને એના નવીનવાઈના નાળિયેર ને તમારા નવીનવાઈના સપૂત સામે વારાફરતી જોવામાંથી ઊંચે જ ક્યાં આવતા હતા કે જગા મહેતા સામે તમારી નજર પણ જાય? એ પાઘડી બળ્યો મૂછમાં કેવો હસતો હતો! સંઘ જેવા સંઘના સંઘપતિનું આવું અપમાન થયું એના ઉપર એ તો જાણે કાખલી કૂટતો હતો! એ તો જાણે ઠીક! એ ક્યાં કોઈના સારામાં કોઈ દિવસ રાજી રહ્યો છે? પણ તમે કેમ આવું અપમાન સહન કરી ગયા એ તો મને કહેશો ને?'

‘ અપમાન ?……કોનું ?……મારું ?……’

‘ હું ભૂલી, લાખવાર ભૂલી, તમારું નહીં, આપણું. તમારું હોય, મારું હોય, આપણું હોય, ગમે એનું હોય, પણ અપમાન એ અપમાન ! એ તમારે કેમ મૂંગે મોઢે સ્વીકારવું પડ્યું એ જ મને કહો ને ! નકામી આડી વાત શું કામ કરવી પડે છે ?

‘ હું આડી વાત નથી કરતો લક્ષ્મી ! હું એ જ વાત ફરી ફરીને મનમાં સંભારી જોઉં છું. ગોરે શું કહ્યું ? જગડૂએ શું કહ્યું ? એનો વિચાર કરતાં, એમાં મને સાચે જ, અપમાન જેવું કંઈ નથી દેખાતું. ’

‘ હવે એ અમરાશા માંડુગઢનો મોટો શેઠિયો હોય તો એના ઘરનો ! ને એની દીકરીને એવો વર જોઈતો હોય તો ભલે એ ગમે ત્યાંથી ગોતી લે. પણ…પણ…’

‘ પણ શું…? ’

‘ મને કાંઈ સૂઝતું નથી : શું કહું ને શું ના કહું ? પણ તમે સાવ ચૂપચાપ બેઠા રહ્યા એનાથી તો મારું માથું ભમી ગયું ! કોઈક કારડિયા રજપૂતને મોકલાવાય એવો સંદેશો મારા ધણીને–વાણિયાના દીકરાને–મોકલ્યો ? મારાથી તો આ ગામમાં હવે ઊંચું માથું રાખીને ચલાય એવું જ ના રહ્યું !’

‘ એટલું બધું શા માટે ? શા માટે ન ચલાય ? ’

‘ શું હું સાવ લેખામાંથી જ ગઈ ? ગામમાં વાણિયાના છોકરાઓ છે ને એ પરણેય છે. ને મારો છોકરો નહીં પરણે ? કંઈક માગાં નાખનારા આવી ગયા છે આપણા ઘરનો ઉંબરે, તો આવા નાળિયેર વગર શું ઓછું રહી જતું હતું મારે કે તમારે ? ’

‘ લક્ષ્મી ! કાળ જ એવો વિચિત્ર છે, એટલે પછી આપણા છોકરાને માટે વિચિત્ર નાળિયેર આવે એમાં આમ અકળાય છે શું ?

અમરાશા એ કોઈ સાધારણ માણસ નથી. ગોર મહારાજે કહી એ વાત પણ સાચી છે. માંડુગઢને આજ એણે એવું જ બતાવ્યું છે. દિલ્હીનો સુલતાન કે ધારાનો પરમાર ફોજની ફોજ લઈને જાય ને તોય એમનો કોઈનોય ગજ ત્યાં વાગે એમ નથી—એવી ઓથ ઊભી કરી છે ત્યાં તો એણે !'

'તે શું મારા ઘરની આબરૂ લેવા માટે ?'

'ગાંડી ! એના ગોરે કહ્યું એ સાચું છે. અમરાશા જુદી માટીનો માનવી છે. ને એના ઘરની કન્યા પણ એવી જુદી માટીની જ હશે. સાંભળ્યું નહિ, એના ગોરે કહ્યું એ, કે એ આખો મુલક રખડી રખડીને થાક્યો, પણ અમરાશાનો પડકાર ઝીલે એવો પાણી-વાળો એને ક્યાંય ના દેખાયો. એણે તો ઊલટી આપણી આબરૂ વધારી.'

'ભલેને આપણી આબરૂ ના વધે. મારે તો મારો છોકરો બીજા છોકરા પરણે એમ જ પરણાવવો છે—એ લાખ વાતે એક વાત ! એની છોડીને જનમકુંવારી રાખવી હોય તો રાખે; ને કોઈક બીજો મળે તો ભલે એને પરણાવી દે ! હું તો હમણાં જ ગોરને કહેવરાવું છું કે ગોરબાપા, જો નાળિયેર આપવું હોય તો સીધી રીતે આપો; તો અમે જાન જોડીને વાંસોવાંસ આવીએ છીએ; નહિ તો તમારું નાળિયેર તમે તમારે પાછું લઈ જાઓ !'

'જોજે, ઉતાવળી થઈને ક્યાંક એવું કહેવરાવી બેસતી નહિ, હો ! એ નાળિયેર નથી મને આપ્યું કે નથી તને આપ્યું. એ તો સીધું જગડૂના હાથમાં આપ્યું છે. જગડૂને પૂછી જોયું છે ?'

'હવે એમાં એને શું પૂછવું છે ? વહુ તો મારે જોઈને લાવવી છે ને ?'

'લક્ષ્મી ! એક વાતની તને યાદ દઉં : તું પેલી હાંડીવાળી વાત વીસરી ગઈ તો નથી ને ?'

‘વળી પાછી એ જ વાત સંભારી?’

‘અરે ગાંડી! આજકાલ વાણિયામાત્રને ઘેર, વેપારીમાત્રને ઘેર એ વાત એક યા બીજા રૂપે થયા જ કરે છે. તને લક્ષ્મી, એમ નથી લાગતું કે તારા મોઢાનાં આજનાં વેણ એ તું નથી બોલતી, પણ પીઠ વાળતી વિધાતા બોલે છે?’

‘વળી પાછી એ જ વાત? તમે મને ગાંડી ગાંડી કહ્યા કરો છો, પણ આ ઘરમાં ખરેખર ગાંડી વાત કોણ કરે છે?’

‘કોણ જાણે કેમ, પણ મારા હૈયામાં ભણકારા ઊઠ્યા જ કરે છે કે એ વાત ગાંડી નથી, વિધાતાના સંકેતની છે. તું જ વિચાર કર, જો વિધાતાએ પીઠ ના ફેરવતી હોય તો તું આવી વાત મોઢામાંથી ઉચ્ચારે પણ ખરી? અમરાશા જેવો અમરાશા, માંડુગઢની વસતીનો ધણી—જે ગઢ આગળ દિલ્લીના સુલતાનની ફોજ થંભી જાય છે, ધારાના પરમારની સેના રોકાઈ જાય છે; જે ગઢ આગળ ચોર, લૂંટારા, બહારવટિયા, ડફેર, આડોડિયા પણ હાથ ઘસતા રહી જાય છે, એવા વંકા ગઢનો વંકો અમરાશા—આ આખાયે દેશના વાણિયાના છોકરાઓમાંથી પોતાની દીકરીને માટે એક તારા છોકરાને લાયક માને, ને એની ગણતરીમાં ભૂલ હોય તો પોતાની દીકરીને જનમકુંવારી રાખવાનું જોખમ ખેડે; તારા દીકરા ઉપર ભરોસાની આવડી મોટી હૂંડી લખી નાંખે...’

‘પણ તો પછી પરણાવી દે ને?’ લક્ષ્મીએ અકળાઈને કહ્યું.

‘કસોટી કથીરની નહિ, પથરાની નહિ, સોનાની થાય, હીરાની થાય. એમાં આમ અકળાવું શું?’

‘તો ભલે મારો છોકરો કથીર રહ્યો, ભલે પથરો રહ્યો! એ તો જ્યારે બાપની પેઢીએ બેસશે ત્યારે, સહુને ઘેર ઘીને ઘડે ઘી થઈ રહે છે એમ, મારેય સૌ સારાં વાનાં થઈ રહેશે!’

'ગાંડી! તું તો એકલી તારી જ વાત કૂટયા કરે છે ને મારી વાત તો સાંભળતી જ નથી! પણ હવે એ વાત જ છોડી દે. તારા દીકરાએ નાળિયેર લીધું ત્યારે એ તને કે મને પૂછવાયે રોકાયો નહોતો. બાકી તો છેવટે એ પણ વાણિયાની દીકરી જ છે ને! જરા ધીરજ ધર. વિધાતાએ ધાર્યું હશે એ થશે, ને વખત વખતનું કામ કરશે. જરા તેલ જો, તેલની ધાર જો. એ તો એમ પણ કેમ ન બને કે અમરાશાના માથું ભાંગી નાખે એવા સંદેશા પછી જગડૂનું મન ઠેકાણે આવી જાય અને એ કોળી, પિંજારા ને ઢેઢની ભાઈબંધી મૂકી દે ને દુકાને ચિત્ત ચોટાડીને બેસે? આ એટલું થાય ને તોય ઘણું છે. બાકી એક વાત કહું તને, અમરાશા જેવું ઠેકાણું મળતું હોય ને તો વરસ બે વરસ રાહ જોવામાં કાંઈ વાંધો જ નહિ. ને વરસ બે વરસમાં તો અમરાશા પોતે જ લગનની ઉતાવળ કરવા માંડશે. ગમે તેમ તોય આપણે દીકરાનાં માબાપ ને એ દીકરીનો બાપ; વહેલીમોડી પણ મને કે તને નહિ ચઢે એટલી ફ્રીડીઓ એને ચડશે.'

'આ એમ થાય તો...તો...'

ત્યાં માતાપિતાની વાતને અરધેથી કાપતો હોય એમ જગડૂ અંદર આવ્યો.

'લ્યો, બા પણ આંહીં જ છે ને શું? બાપુજી!'

'આવ. કેમ, કાંઈ કામ હતું?'

'જી. હું તમારા આશીર્વાદ માગવા આવ્યો છું.'

'આશીર્વાદ? શા માટે?'

'હું તમારી વિદાય લેવા આવ્યો છું. બાપુજી, બા, તમે બેય મને આશિષ આપો!'

'વિદાય? આશીર્વાદ? કાંઈ ગાંડો તો નથી થયો!' જગડૂની માતા લક્ષ્મીએ કહ્યું: 'આંહીં તને શી ખોટ છે? આંહીં જ કામમાં

મન પરોવીશ તોય ઘેર બેઠે ગંગા છે.'

'ના બા, હું ડાહ્યો છું ને ડાહ્યો દીકરો તો દેશાવર ખેડે.'

'ગાંડા! અમરાશા શેઠના સંદેશાએ તારી રઝળવાની ટેવને ઘટાડવાને બદલે ઊલટી વધારી મૂકી કે શું? મને તો એમ કે કાનના પડદા તોડી નાખે એવી એની વાત સાંભળીને હવે તું જેવા તેવા હલકા વરણની ભાઈબંધી મૂકી દઈશ ને પેઢીએ બેસી જઈશ. વહેલોમોડો તારા બાપના પગરખામાં પગ મૂકીશ. ત્યાં આ નવું તૂત શું લાવ્યો?'

'બા! આજ સુધી મારા મનમાં જાણે ધુમ્મસ છાયું હતું. બાચકા ભરું પણ ભરાય નહિ. જાણે કાંઈક દેખાય છે ને નથી દેખાતું, એવું મારું મન સંતાકૂકડી રમતું હતું. મારો જીવ પેઢી ઉપર બેસવાની ના પાડતો હતો. પેઢીનાં પગથિયાં આગળ પહોંચું ને જાણે મારા હૈયામાંથી સાદ જાગતો: 'જઈશ મા! ત્યાં જઈશ મા! એ તારું કામ નથી. ત્યાં પગ મૂકીશ ના! પણ મારું કામ શું એ મને સૂઝતું ન હતું. જાણે કાંઈક શોધ્યા કરતો હોઉં ને મને મળતું ના હોય એમ હું અત્યાર સુધી હવાતિયાં મારતો હતો. પણ આજ મારું કામ મને સૂઝી ગયું છે.'

'ન જોયો હોય મોટો સૂઝવાવાળો તે! હું તને કોઈ વાતે આંખ આગળથી અળગો કરવાની નથી, સમજ્યો?'

'બા, મારું કામ મને સૂઝી ગયું છે; હવે મને રોકીને તું શું કરીશ? નકામી રઝળપાટમાં જ મારી જિંદગી જશે ને ક્યારેક આ ચાવડા સંધારના જેવા કોઈક મામલામાં મારું કમોત થશે. એમાં મારો, તારો, બાપુજીનો કે કુળનો શો શુક્કરવાર વળશે? મા! મારી જુવાનીને આજ પડકાર થયો છે. શું તું એમ માગે છે કે મારી ઊગતી જુવાનીને સંકેલીને મારા બાપ કરતાંયે ડોસો થઈને હું દુકાને બેસી જઉં?'

'અમરાશાના ગોરની વાતથી તારું માથું ભમી ગયું લાગે છે!'

'એમની વાત ખોટી પણ શું છે? એ તો વાણિયાના દીકરાને ભગવાને જેવો ઘડવા ધાર્યો એવો એને પડકાર મળ્યો છે. એ પડકાર અમરાશાનો છે. અમરાશાનો એ પડકાર તો ખરી રીતે મારી જુવા-નીને છે. મા, આખા દેશ ઉપર જોરતબલી, બળાત્કાર, આગ, ખૂન અને લૂંટનું સામ્રાજ્ય છાયું છે. સુલતાનો, સૂબાઓ, ફોજદારો, રાજાઓ, જાગીરદારો, ગરાસદારો મુલક આખામાં લૂંટ કરવા જાય, પણ મારે ઘેર તો ભીખ માગવા જ આવે, એવું મારે કરવું છે. લૂંટાય તો મુલકમાં કોઈ બાદશાહથી પણ નહિ, માંધાતાઓથી પણ નહિ, અને ભીખ તો રાજા–મહારાજાને પણ આપે, સુલતાનને પણ આપે, એનું નામ સાચો સંઘપતિ, એનું નામ સાચો વાણિયો અને એનું નામ જ સાચો શેઠ! બા, મને જવા દે. મારી જુવાની સાદ કરે છે. ત્યાં તું મને રોકી રાખીશ? એ પડકાર ઝીલતાં કદાચ હું મરી જઉં તો એ મોત પણ ઊજળું હશે; ને એ પડકાર ઝીલીને હું જીવતો રહું તો મા, આ મુલક આખો પોતાને ભૂલી જશે તોય મને નહિ ભૂલે. કાળ કોઈની અદબ નથી રાખતો, પણ મારી અદબ જરૂર રાખશે.'

'દીકરા!...'

'બા! આ પડકાર...આવો પડકાર એક જુવાનને મળે અને તે પણ એની મા અને એના બાપની હાજરીમાં મળે, સંઘની વચમાં મળે...પછી...કાં તો હું ચાવડા સંઘારથીયે વધારે અધમ કોટીએ જાઉં ને કાં નો હું અમરાશા કરતાંયે ઊંચી કોટીએ જઈ પહોંચું—બા, આ બે સિવાય હવે ત્રીજો માર્ગ મારે માટે ઉઘાડો નથી. આશિષ દે બા, મને જવા દે!'

સોલ શેઠે ધીરગંભીર સ્વરે પોતાનાં પત્ની લક્ષ્મીને કહ્યું: 'લક્ષ્મી! આશિષ આપો તમારા પુત્રને! હવે મારાં ને તમારાં હજાર

વલખાં ને વલોપાત છતાં પણ એ ઘરમાં રહેશે નહિ. ભલે ડાહ્યો દીકરો દેશાવર ખેડે ! જાઓ બેટા, અરિહંત ભગવાન તારી રક્ષા કરો ! શાસનદેવે તારું કલ્યાણ કરો ! લક્ષ્મી, એને આશીર્વાદ આપો ! વિદાય આપો !'

× × ×

માતાપિતા પાસેથી વિદાય લઈ ને જગડૂ હવેલીની બહાર નીકળ્યો.

ત્યાંથી એ પરભુ ગોરને ત્યાં ગયો. ગોરને ત્યાંથી ખબર મળ્યા કે ચોખંડો ઘરમાં બળતણ નથી તે લાકડાં વીણવાને વગડામાં ગયો છે.

ચોખંડાને ઘરેથી જગડૂ કોળી તુરક પિંજારાને ત્યાં ગયો. પિંજારો ત્યાં ન હતો. પિંજારાની પત્ની ખીમલીને ધમકાવતી હતી : 'રોયા ! તારો બાપ મજૂરી કરી કરીને તૂટી જાય ને તારે ધિંગાણે જવું છે ?'

ખીમલી હસતો હતો : 'મા, જરા મારી પણ વાત તો સાંભળો ! અરે, એ સાંભળીને તો તું ભવાઈ ભૂલી જા ભવાઈ ! શું મજા આવી ! શું મજા આવી ! મારું તો હસવું જ માય નહિ. ને મોટેથી હસું તો વળી કોઈક આવી ચડે. નેજા પાસે ચાવડો સૂતો હતો. એનાં નસકોરાં એવાં બોલતાં હતાં કે જાણે રાતે કૂતરાં સામસામાં ઘૂરકતાં હોય ! એક તો કઠણ જમીન, તેમાં વળી રણની ખારી ધરતી ને અમે પગે ઉઘાડા એટલે અમારો તો જરા સરખોય અવાજ ન થાય.'

'માળા ચોર જેવા છો, ચોર જેવા !' માએ ટહૂકો કર્યો. થોડીવાર જાણે એ ધમકાવવું જ ભૂલી ગઈ.

'બાકી અમે અવાજ કર્યો હોત ને તોયે એ ચાવડો સાંભળવાનો ન હતો. એક તો એનાં નસકોરાંનો અવાજ જાણે બિલાડાં બાઝતાં હોય એવો; ને બીજું થાકચોપાકચો ખૂબ પીને પડેલો. મેં તો હળવે પગે એના માથા આગળ જઈ ને એનું નાક જ દબાવ્યું. નાક દબાયું એટલે એનું મોઢું ઊઘડી ગયું ને મોઢું ઊઘડયું કે તરત વસાએ

મોઢામાં ડૂચો ખોસી દીધો! પછી વસો એની છાતી ઉપર ચડી બેઠો ને મેં એના વાળ પકડીને માથું નીચે ભોંયમાં ચારપાંચ વાર ઝીંક્યું. બિચારાથી મોઢેથી બોલાય નહિ; છાતી ઉપર વસો ચડી બેઠેલો; હું વાળ પકડીને માથું દબાવીને બેઠેલો; બાપડાનું મોઢું જોયું હોય ને...હોય ને!......મા, સંભારું છું ને મને હજીય હસવું આવે છે!'

'તે રોયા, બેઠો બેઠો હસ્યા કર! ને ત્યાં તારો બાપ બાપડો મજૂરી કર્યા કરે! પણ તને આમાં જશ શું મળ્યો?'

'અરે બા, આ હજાર કોરી!......'

'હ...જા...ર...કોરી!...તને?...ઓલ્યાને કૂતરું ઢસડે એમ ઢસડી લાવ્યો એમાં?...ને આંહીં તારો બાપ ઢસરડા કરી કરીને સવારથી સાંજ સુધી કૂચે મળે છે ને હાડકાં ગાળે છે ત્યારે માંડ એક કોરી ભાળે છે!'

'ત્યારે એમ છે મા! બોલ, કામ સારું કે નહીં?'

મા માથું ખંજવાળવા માંડી: 'મેર રોયા, આમાં અવળું પડે તો ઘાણીમાં નાંખીને તેલ કાઢે ને તારા બાપને તો અવળું પડે તો બહુ બહુ તો પાયલી ઓછી મળે કે માર પડે તો વળી હજામનો એકાદ પાટો બંધાવવો પડે; બીજી તો કોઈ ઉપાધિ નહીં ને!'

'અરે, પણ અમારી વાત પૂરી સાંભળ તો ખરી. પછી તો અમે ચાવડાને બાંધ્યો—દોરડુંય એનું ને કાયાયે એની! પછી અમે ચારે જણા એને જમીન સરસો ઢસરડીને ઉપાડી લાવ્યા! આમ તો સંઘાર બધા ઘોડાની પળોજણમાં પડ્યા હતા, ને દોડાદોડ કરતા હતા. પણ વખત છે ને કોઈક જોઈ જાય એટલે ચાર છેડે ચાર દોરડાં બાંધીને વચમાં એને ઢસડતા આવ્યા. બાપડો બોલવાનું મન કરે તો માર ડૂચો! આમ બિચારો અધમૂઓ થઈ ગયો ને એને મોરછા આવી ગઈ!'

'તે આવે જ ને! તમે તો માળા કસાઈ જેવા છો!'

'પણ બા, આ હજાર કોરી...'

'હા, એ છે.'

ત્યાં જગડૂ આવી પહોંચ્યો.

'અરે વસા! દોસ્ત, અત્યારે ક્યાંથી?'

'આવો, વસા શેઠ, આવો!'

'હા. બા, પણ મારે જરા ખીમલીનું કામ છે.'

'આ આવ્યો.' કહીને ખીમલી ઊઠ્યો.

ઘર બહાર ગયા પછી જગડૂએ કહ્યું: 'દોસ્ત, તારી રજા લેવા આવ્યો છું.'

'કેમ?'

'હું હવે જાઉં છું.'

'ક્યાં?'

'ખબર નથી; અક્કલ દોરી જશે ત્યાં જઈશ.'

'તો આપણે ક્યારે આઢવું છે?'

'આપણે?'

'હાસ્તો. હુંય ભેગો—તું રઝળવા જા તો રઝળવામાં, કમાવા જા તો કમાવામાં—જ્યાં જાય ત્યાં.'

'તારી બા......'

'વસા, હજાર કોરી આપી છે ઘરમાં. મારી બાનો સ્વભાવ એવો છે કે પહેલાં ગાળો દેશે અને થાકશે એટલે પછી રજા દેશે.'

'ચાલ, દૂદાની રજા લઈ આવીએ.'

દૂદાને ત્યાં પહોંચ્યા તો, હરિયો રાજમાં ગયો હતો—કામદારની ડેલીમાં કાંઈક કામ હતું—અને દૂદો તૈયાર જ હતો.

'મારી નાતનો તમને વાંધો ના હોય તો મને...'

'ગાંડા, આંહીં ગામમાં તારી નાતનો વાંધો ના આવ્યો તો પર ગામમાં તે આવતો હશે ?'

ત્યાં માથે લાકડાંની ભારી ઉપાડીને આવતો ચોખંડો મળ્યો.

વાત સાંભળીને ચોખંડાએ ભારી જમીન ઉપર ફેંકી દીધી ને જનોઈ કાઢવા માંડી.

'અલ્યા ભામણ ! બાપડી જનોઈએ શું બગાડયું છે તારું ?'

'ના, બગાડયું તો કંઈ નથી. પણ દરિયે જવું હોય ને તો જનોઈ કાઢી નાંખીએ ને પાછા આવીને પછી દેવદીવો કરી બ્રાહ્મણને જમાડીને પાછી પહેરી લઈએ; જનોઈ અભડાય નહિ એ માટેની આ રીત કરી મૂકી છે.'

'રોજ મારા ભેગો ફરે છે, એમાં તારી જનોઈ નથી અભડાતી ?' દૂદાએ પૂછયું.

'હવે એ અભડાવું-અભડાવું તો જાણે સમજ્યા ! હું તો મારા બાપને કહું છું કે મારે નથી જોશ જોવા ને નથી ગોરપદાં કરવાં. આપણે તો સિપાઈ-બ્રાહ્મણ છીએ. પણ આ તો આગળથી કરી મૂકયું છે ને ! લ્યો ત્યારે ચાલો !'

'ઊભો રહે. એમ ચાલવા કયાં માંડવું છે ? તું આ ભારી મૂકી આવ અને તારા બાપની રજા લઈ આવ !'

'એમાં રજા શું લેવી છે ? એ તો આપમેળે જાણશે આપણે જાશું એટલે !'

'ના, એમ નહિ. આપણે કોઈએ રજા લીધા વગર નથી જવું.' જગડૂએ કહ્યું : 'યાદ રાખો, આપણે જઈએ છીએ કમાવા; રઝળપાટ કરવા નથી જતા ને કોઈ એમ કહે એમ નથી કરવું.'

'તું તો ભાઈ ભારે વેદિયો ! પણ ઠીક, રજા લઈ આવું ! હમણાં ડોસા ના નહિ પાડે—હજાર કોરીની ગરમી છે ને !'

'હવે પછી ભેગા ક્યાં થઈશું ?'

ત્રણે જણ જગડૂ સામે જોઈ રહ્યા : હેં વસા ! ક્યાં મળશું ? અને ક્યારે જશું ?'

'ચાવડા સંઘારવાળા મારગની કોઈને હજી ગંધ નથી. એટલે આજ રાતે–મધરાતે એ મારગે જ નીકળી જવું.'

'ક્યાં જશું ?–એ જાણીને મારે કંઈ કામ નથી. આપણને ઉત્તર, દખણ, પૂરવ, પચ્છમ બધુંય સરખું છે. આ તો જરા જાણવા ખાતર પૂછું છું.'

'એનો પણ મેં વિચાર કરી રાખ્યો છે. વાત એમ છે કે મારા બાપનું વહાણ લઈને હું જઉં એમાં મારી વશેકાઈ શી ? ચાવડો સંઘાર આવડું કટક લઈને ઠેઠ ગાધવીથી કે પોશિત્રાથી આંહીં સુધી કાંઈ પગરસ્તે ન આવ્યો હોય. ને કદાચ પગરસ્તે સાત શેરડાના મારગથી આવ્યો હોય તોપણ લૂંટનો માલ વહી જવાની ગણતરીએ એણે ક્યાંક વહાણ તો મંગાવ્યાં હશે જ—કાં વાગુરે કે કાં નકટીમાં એનાં વહાણ લાંગરેલાં હશે. વળી અત્યારે એ સાવચેત પણ નહિ હોય. માટે આ સંઘારનું ને રાયલજીનું પતી જાય એ પહેલાં જ ઘા મારવો જોઈએ, સમજ્યા ?'

'આજ રાતે જરખવાળે નાકે !'

'બરાબર ! આજ રાતે જરખવાળે નાકે !'

## ૭. .... .... ....રાજા, વાજાં ને....

કાળઝાળ ચાવડો સંઘાર જીવતો ઝલાયો ને હવે પોતે એને ગઢની રાંગ ઉપર શૂળીની નીચે ઊભો રાખીને આખાયે સંઘાર કટકને ડારી રહ્યા છે, એ વાત ઉપર જામ રાયલજીના આનંદનો પાર ન હતો.

સંઘાર કટકમાં વિમાસણ ભારે હતી. ચાવડા સંઘારે જે સંદેશો કહાવ્યો હતો એ કાનિયા ઝાંપડાએ બરાબર કહ્યો હતો, પણ સંઘાર કટકની વિમાસણ એની એ રહી.

ગઢમાંથી ચકલુંય બહાર ન ફરકી શકે એવો પાકો પહેરો ગોઠવવામાં આવ્યો હતો. છતાં ચાવડા સંઘારને કોણ આવીને ક્યારે જીવતો ને જીવતો ઝાલી ગયું? હુરમના+ સોદાગરો, સિન્ધના તુરકાણો, ભરૂચના સોલંકી, ખંભાતના સીદી સુધ્ધાં જેના નામથી ત્રાસ પામે એ ચાવડો સંઘાર એના કટકની વચમાંથી જીવતો ઝલાય કેમ? એ વાતનું બધાને ભારે અચરજ હતું; અને ઊંડે ઊંડે ભારે ભો પણ હતો.

સંઘાર કટકની વિમાસણ વસમી હતી. અને એમનામાં જે પાછલી બુદ્ધિના હતા એ કહેતા થયા કે: 'આપણે તો દરિયો જાણીએ; દરિયો મૂકીને ધરતી ઉપર લૂંટ કરવાનું કામ આપણું નહીં. અમે તો પહેલેથી કહેતા હતા, પણ અમારું સાંભળે કોણ?'

ગઢ ભાંગવો એ આમેય રમત વાત નહોતી; એમાં વળી ચાવડો

---

+ હુરમ-હોરમઝ, હોરમૂજ.

દોરનાર ન હોય ત્યારે તો એ વાત જીવ સાટેની જ હતી ! ચાવડો જાય ને ગઢ ન ભાંગે તો ?...પાછળ ભાગતાં ભોં ભારે પડે તો ? એક વાત હતી : રાપર ને લાખિયારવાળાએ કોલ આપ્યો હતો કે તમે કંથકોટને લૂંટો કે પાડીને પાધર કરો એમાં અમારે વચ્ચે ન આવવું ! વાત સારી લાગે ત્યારે વચન તો ઘણા આપે, પણ વાત વણસે ત્યારે વચનને કોઈ વળગી રહે ખરા ? વાત વણસી એટલે ધારો કે એ ગરાસિયા રાયલ જામને સારું લગાડવા નીકળે તો ? જાગીરદારનો ભરોસો શો ? એના બોલનો ઇતબાર કેટલો ? નિરાંતે લૂંટ કરવા આવનારાને, ચાવડા સંઘારને સામાવાળા ગૂપચૂપ સેરવી ગયાનો ઘા ભારે વસમો પડચો હતો. પોતાના ખેડુને હવે વગર વિઘ્ને સંતાપી શકીશું ને ખેડુનો સંતાપ જોઈને નિરાંતે કસૂંબા લેતાં લેતાં મોજ કરીશું, એવી ગણતરીએ કોઈ ભૂમિયો જાય ને માથામાં લાકડીનો ઘા પડતાં જેમ તમ્મર ખાઈ જાય ને તમ્મર કરતાંયે અજાયબી ને અચરજથી વધારે પીડ પામે, એમ સંઘાર કટક પીડાતું હતું. એને ખબર જ નહોતી પડતી કે, ચાવડાને ઉપાડચો કેવી રીતે ? ને જેમ ચાવડાને ઉપાડચો એમ બીજાનેય નહિ ઉપાડે એનો ભરોસો શો ?

એટલે સંઘારો ન તો રાયલ જામનો સંદેશો જીરવી શકચા કે ન તો ચાવડા સંઘારનો સંદેશ જીરવી શકચા.

પૂરા ત્રણ દિવસ આમ વિમાસણમાં ગયા. આખરે રાયલ જામે ધીરજ ખોઈ—સંઘારો પડાવ ઉપાડે એની. પોતાની ધમકીનો એ ઢંઢેરો પીટી શકતો હતો, પણ એનો અમલ કરી શકતો ન હતો. કેમ કે સંઘારોને ગઢ ઉપર આવતા રોકવાનું એકમાત્ર હથિયાર ચાવડો સંઘાર હતો. અગર એ પોતાની ધમકીને અમલમાં મૂકવાનો શોખ પૂરો કરે તો ? સંઘારો કંથકોટ ઉપર હુમલો કરે તો ? સંઘારોનો પોતાનો જ હુમલો જાણે ભારે ભીંસ કરનારો થઈ પડે. પણ બીજો ને વધારે મોટો ભય તો બીજો હતો ને એના તરફ કામદાર હીરા શેઠે આંગળી ચીંધી ત્યારથી એ હરપળે વધતો જતો હતો. તે એ કે

રાપરના હમીરજી કે સાંતલપુરના દેદારજી કે લાખિયાના લાખા ધુરારા કે બાડાના ગજનજી—આ ચારની ચોવીસીની વચમાં પોતાની ચોવીસી આવેલી ! અને એ ચારે એના પિતરાઈ ભાઈઓ, અને ચારેયની દાનત ખોરા ટોપરા જેવી—લાગ મળે એટલી જ વાર !

એટલે, ન કરે નારાયણ ને ચાવડા સંઘારને શૂળીએ ચડાવી દીધા પછી સંઘારો કંથકોટ ઉપર આંધળો હુમલો કરે ને એની ભીંસનો લાભ લઈને આ ચારમાંથી કોઈક એક, બે, ત્રણ કે ચારે ચાર જો ઝૂકી પડે તો ? તો કંથકોટની કાંકરીયે ના બચે. ને એક મજબૂત ને જીવતા ગઢ સિવાય એ જમાનામાં ચોવીસીની આવક ખવાય પણ નહિ કે ભાઈઓની વચમાં રહેવાય પણ નહિ.

એટલે હીરા શેઠ કામદારે રસ્તો કાઢ્યો : સંઘારો પોતાનાં ઘોડાં મૂકીને જાય—એટલો દંડ સંઘારને. પછી ચાવડો સંઘાર પણ બંદી-વાસમાંથી છૂટો અને એનું કટક પણ બીજાં હથિયાર–પડિયાર ભલે લઈ જાય—' પાછા ફરતાં રસ્તામાં કોઈક તમને સતાવે તો તમારે તમારો બચાવ કરવા એ જોઈએ ને ! ' ને સંઘારો દરિયે ચડે ને કચ્છની ભૂમિ છોડી જાય ત્યાં સુધી સંઘારનો કપાલધ્વજ કંથકોટના કિલ્લાની રાંગ ઉપર ફરકતો રહે. બસ આટલું જ; કામદારને આથી કાંઈ વધારે જોઈતું ન હતું; ને જામ રાયલને વધારે મેળવવાની આશા પણ ન હતી.

હા, એક શરત ખરી : કંથકોટ ચોવીસીમાંથી પસાર થતાં કાંઈ વારોફેરો કરવાનો નહિ. કંથકોટ ચોવીસી મૂકચા પછી રાપર ચોવીસીમાં સંઘારને જે કરવું હોય તે કરે; પછી ઠેઠ નકટી સુધી સંઘારને કરવું હોય એ કરે. એનું જોખમ પણ એને ને એનું હાંસલ પણ એને !

સંઘાર ન તો જામ રાયલનો સંદેશ કબૂલી શકતા હતા કે ન તો ચાવડા સંઘારનો સંદેશ ઝીલી શકતા હતા. ને પોતાની લીધી વાત પાર પાડવા માટે ખાનાખરાબ થઈ જવાનો રજપૂતી ટેક તો સંઘરાને

કોઈ દિવસ વર્યો જ ન હતો. એટલે એમણે હીરા શેઠનો મધ્યમ માર્ગ સ્વીકારી લીધો.

× × ×

એક દિવસે ગઢની રાંગ ઉપર જામ રાયલજી અને એમનો કોટવાલ બાદલજી ઊભા હતા ને એમણે સંધાર કટકને દૂર દૂર ક્ષિતિજમાં સમાતું જોયું. એમનાં પાંચસો ઘોડાં ઘોડારમાં બંધાયાં હતાં. એમનો નેજો બુરજ ઉપર ફરતો હતો. સંધારો આવ્યા હતા ઘોડે પણ પાછા જતા હતા ઉઘાડી દોડે! રાયલજીના અઢીસો ઘોડેસવારો એમની પાછળ પાછળ એમને કંથકોટ ચોવીસી બહાર મૂકી આવવા જતા હતા.

રાયલજીએ નિરાંતનો શ્વાસ લીધો: 'હાશ! એક બલા ગઈ!'

'હા બાવા!' બાદલે જવાબ આપ્યો, 'એક તો ગઈ, પણ બીજી હજી બાકી રહી ગઈ!'

'કોઈ નથી રહી બાદલજી, હવે કોઈ નથી રહી! મેં ગાધવીના સંધારોનો પરાજય કર્યો. એનાં પાંચસો ઘોડાં છીનવી લીધાં. મારી ફોજમાં હવે પાંચસો અસવાર નવા આવતાં એ બમણી થશે. સંધારોનો નેજો ઝૂંટવી લીધો, મારા ગઢની રાંગ ઉપર ટાંગ્યો ને ચાવડો સંધાર એનું ભૂંડું મોં લઈને ભાગ્યો! આ ખબર સાંતલપુર, રાપર ને લાખિયાર પહોંચે ત્યારે એમના છક્કા છૂટી ના જાય તો મને કહેજો! હવે ભલે લાખિયારથી લાખો એના દીકરાનું વેર લેવા હાલ્યો આવે!'

'બાવા! એ તો આપની મત એમ કહેતી હશે, પણ મારી મત બીજું કહે છે.'

'શું કહે છે?'

'આ તો ઘરમાં ઘો પેઠી છે!'

'ઘો?'

'હા બાવા!'

'ઘરમાં?'

‘ હા, બાવા ! ’

‘ એટલે કે કંથકોટમાં ? ’

‘ હા બાવા, હા ! ’

‘ અરે કોઈ સંઘાર રહી ગયો હોય તો પકડીને પૂરી દો હેડમાં.’

‘ આ ઘો તો સંઘારની નહીં, બીજી છે.’

‘ વળી બીજી કઈ ઘો ? ’

‘ ગઢમાં જ છે બાવા ! ’

‘ ગઢમાં ઘો હોય તો બે હાથમાં બે જડબાં પકડીને ચીરી નાખું ! હું જામ રાયલ કોઈ રેંજીપેંજી સાધુ–ફકીર નથી. પણ ઘો ક્યાં છે એ તો બતાવો ! ’

‘ બાવા, આ વાણિયા ! ’

‘ વાણિયા ?...કંથકોટના જૈન વાણિયા ? બાદલજી, તમે હીરા કામદાર ને સોલ સંઘપતિની વાત કરો છો ? ’

‘ હા બાવા ! ‘ ચેતતો નર સદાય સુખી ’ એમ શાસ્તરમાં કહ્યું છે, એ સાવ સાચું છે. ’

‘ પણ એમનાથી ચેતવા જેવું શું છે ? આખો સંઘ હથિયાર–પડિયાર લઈ ને ગઢને થોભો દેવા નીકળ્યો હતો, એ તમે ન જોયું ? ’

‘ હા બાવા, એ જ ઉપાધિની વાત છે ને ! ’

‘ અરે, તમે તે કાંઈ ગાંડા થયા છો બાદલજી ! ઊલટાના એનો જ એક જણ ચાવડા સંઘારને જીવતો ઝાલી લાવ્યો હતો એના કટકની વચમાંથી ! ને ત્યારે તો આ શૂળીનું વિઘન કાંટે ગયું. અરે, આપણને તો કાંટોય નથી વાગ્યો; ઊલટાની શૂળીયે વાગી સંઘારને ને કાંટાયે વાગ્યા સંઘારને. ’

‘ હા, એ જ બાવા, એ જ ! ’

‘ પણ એમાં તો રાજી થવા જેવું કે ચેતવા જેવું ? ’.

'બાવા ! હું કાંઈ કંથકોટનો જામ નથી; હું તો ખાલી ગઢનો કોટવાલ છું. મને ચેતવા જોગ લાગે તો કહેવાનો મારો ધરમ. પછી બાવા જાણે ને એમની વાત જાણે.'

'પણ કાંઈક સમજાવો તો ખબર પડે !'

'આ તો હું એક નહિ, આખી જાડેજા જમાત ને રજપૂત જમાત વાત કરે છે બાવા ! લડવું, વઢવું, ધિંગાણાં કરવાં, મારવું, મરવું, ગઢ જાળવવા, એ કામ રજપૂતનાં; એમાં બ્રાહ્મણ-વાણિયાને શું ખબર પડે ? ને ધંધો કરવો, વેપાર કરવો, એ કામ વાણિયાનાં; એમાં રજપૂતને શું ખબર પડે ? પણ બાવા, વાણિયા હથિયાર લઈને નીકળે—ભલે ને ગઢને સાચવવા બહાર પડે—એ વાત ચેતવા જેવી તો ખરી જ. કાલ ઊઠીને એ એમની વેપારની રીતરસમ ધિંગાણામાં લાવે તો ? આપેલા બોલ પાળવા, લીધેલા દામ પાછા આપવા, આવકના ગજા પ્રમાણે જ ખરચ કરવું—આવી આવી વાણિયાશાહી તેરિગ જો રાજરીતમાં આવવા માંડે તો પછી 'દલાલને ને રાજને દિવાળું નહિ' એ કહેતી જ ખોટી ઠરે. ને રાજને પાઘડી ફેરવવાનો વખત આવે. રાજ પાસેથી આ લોકો નાદારીનો ઢંઢેરો માગે !'

'હા...માળું...એ...વિચારવા જેવું તો ખરું.'

બાદલજીએ ઝેર વાવવા માટે લાયક જમીન જોઈ લીધા પછી મોકળાશથી પોતાનું કામ ચાલુ રાખ્યું. રજપૂત બેઠા રહ્યા ને વાણિયા મેદાન મારી ગયા એ વાત કર્ણોપકર્ણ બીજા જાડેજાઓમાં પહોંચે, એ વિચારથી બાદલજીના શૂરાતન ને ધીંગાણાનો રજપૂતી ઇજારો વિષાદ પામ્યો હતો. બાદલજીને મન વાણિયાઓએ રજપૂતોનાં મોઢાં કાળાં કર્યાં હતાં.

એને લાગ મળ્યો. કાચા કાનના, તરતબુદ્ધિ ને ફટાકિયા જેવા મિજાજના રાયલ જામના કાનમાં બાદલજીએ કાલકૂટ સીંચવા માંડયું :

'બાવા! આપ જ જુઓ, ગઢના દરવાજા બધાય બંધ હતા, તોય સંઘાર કટકની વચમાંથી એના જણ ચાવડાને ઉપાડી લાવ્યા!'

'હા...આ...માળું!'

'એટલે કે ગઢમાંથી બહાર આવવા–જવાના છાના મારગ એમણે કરી રાખ્યા છે, એમ તો ખરું જ ને?'

'એમ તો...એમ તો...માળું...'

'બાવા, એવા છાના મારગ હોય ને એની એને ખબર હોય તો રાજને જાણ કરવી જોઈએ ને? ગઢને પળવારમાં કાણો કરે એવી વાત એમનાથી ખાનગી રખાય કેમ? પણ બાવા, મારું તો અનુમાન છે કે જો દુશ્મનને પકડીને ગઢમાં લાવવાનો ખાનગી મારગ હોય તો એ જ મારગે બહારના દુશ્મનોને એ ગઢમાં દાખલ પણ કરી શકે ને? લાખિયારના લાખા ધુરારા,...રાપરના...'

'બસ, હવે હું તારી વાત સમજી ગયો: દુશ્મન જોડે ભળી જાય તો ભારે પડી જાય આ વાણિયા, એ તારી વાત ખરી!'

'એટલે જ તો બાવા, કહું છું ને, વખત આવ્યે કોઈક ને કોઈક દુશ્મન જોડે ભળી જવાનો મેલો વિચાર મનમાં ના હોય તો આવા મારગની વાત એ છાની કેમ રાખે? વાત આપણાથી છાની રાખી એટલુંય પાપ તો ખરું ને?'

'હા...પાપ તો ખરું, સાત વાર ખરું!'

'ને બાવા, ભરકટકમાંથી ચાવડાને જીવતો પકડી લાવી શકે એ વળી ગઢમાંથી આપને પકડીને લાખાને કે દેદારને કે ગજનજીને ન સોંપે એનીયે શી ખાતરી? આ તો ફરજ લેખે મારી વાત આપને કરી, પછી તો બાવા, જેવી આપની મત્ય! કોટવાળ તરીકે મારે આપને ચેતવવા જોઈએ કે આવી વસતી માથાભારે તો ખરી!'

'તારી વાત સાવ સાચી. ને મનેય એક વાત સૂઝે છે.'

'જી, બાવા !'

'સંધાર આંહીં શું કામ આવ્યા હતા, જખમારવા? ના, લૂંટવા. વાણિયા પાસે દામ ઘણા છે એ લૂંટવા. એટલે કે આંહીં વાણિયા હોય, વાણિયાના દામ હોય ત્યાં સુધી, ભાવાતોના વેર ઉપરાંત, આડોડિયા ને લૂંટારા ને સંધારોનો પણ ભો તો ખરો ને?'

'હાસ્તો બાવા ! આકડે મધ હોય તો બધાય વાઘરી લેવા દોડે !'

'હું બેઠો છું ત્યાં સુધી બીજા વાઘરીને થોડા પહોંચવા દઈશ? તો જાઓ બાદલજી, વાણિયામાત્રને પકડી પકડીને એનાં ઘરબારમાં જે કાંઈ હોય એ ખાલસા કરો ને પછી એ તમામને આપણી ચોવીસીમાંથી હાંકી કાઢો ! આપણે માથાભારે વસતી મુદ્દલ ના જોઈએ ! આ હુકમનો તરત અમલ કરો !'

રજપૂતોને પોતાની વીરતા બતાવવાનો અવસર ના મળે તો મળેલા વિજયમાંય એમને રસ ન રહે; ને પરાક્રમ બતાવવાનો અવસર મળે તો પરાજયમાંયે એમને નહાનમ ન લાગે !

ત્યારે રજપૂતીનો આવો યુગ હતો ને બાદલજી એ યુગનો માનવી હતો. બાદલજી અને એના પસાયતા, વરતનિયા ને ભૂમિયા તમામને પણ આજ સુધી પરહદની વસતીની લૂંટ કરવાની વીરતા બતાવવાનો અવસર મળ્યો હતો. એટલે ગામની જ વસતીના એક ભાગને, ખુદ જામના જ હુકમ નીચે, લૂંટવાનો આવો અમૂલખ અવસર એ જવા દે એમ ના હતું. વાણિયાએ એમનાં નાક કાપ્યાં હતાં. ને એના બદલામાં એમનાં ગળાં કાપવાના હુકમ એમને ના મળ્યા, એનો એમને અફસોસ રહી ગયો !

બદલાયેલી રૂખની ખબર પણ ઘેર ઘેર ભૂમિયા ઊભા રહ્યા એના ઉપરથી જ પડી. સોલ શેઠની હવેલી અને પેઢી ઉપર બાદલજી ને એના વરતનિયા આવ્યા. એમણે રાજનો હુકમ સંભળાવ્યો ને પેઢીના માણસોને પહેરેલે લૂગડે બહાર કઢ્યા. પછી પેઢીમાં, પેઢીની વખારમાં જે

માલ હતો એ ચૂંથવા માંડ્યો, ફેંકવા માંડ્યો. ક્યાંક દટાયેલા દામ હોય તો એ શોધવાની મથામણ થઈ રહી. મોંઘો માલ રાજભંડારે મોકલવામાં આવ્યો; સોંઘો માલ વરતનિયા ઉપાડવા માંડ્યા.

‘આ શું છે ?’

‘એ તો મીણ છે.’

‘ફટ રે તમને ! વાણિયા થઈને મીણનો વેપાર કરો છો ? એમાં જ તમારાં પાપ તમને ખાઈ ગયાં ! જાઓ, તમારું મીણ તમે લઈ જાઓ. આંહીંથી અપશુકન કાઢો ! બાકી વખાર આખીને કડી મારો !’

તુરત પિંજારો વખારમાં હતો. બાદલજીએ એને કહ્યું :

‘અલ્યા પિંજારા ! આંહીંનો તું ભરતિયો છે ને જાણીતો છે. જો કામની એક પણ ચીજ ગઈ છે ને તો તારી ખાલ ઉતારી નાંખીશ. ચાલ, આ મીણ બહાર કાઢી નાંખ ! ને જો, આમાં તારા લાભનીય વાત છે ને તારા મોતનીય વાત છે ! કાંઈ કામનું હોય ને ક્યાંક ભંડાર્યું હોય, છુપાવ્યું હોય, ભરત કર્યું હોય તો બતાવી દેજે !’

સોલ શેઠ ને લક્ષ્મી શેઠાણીને પણ રાજનો ચહેરો–મહોરો નપાવટ થવાની ખબર એમના ઘરને વરતનિયાઓએ ઘેરો નાંખ્યો ત્યારે જ પડી. એમણે શેઠ અને શેઠાણીને પહેરેલ લૂગડે બહાર કાઢ્યાં, નોકર–ચાકરનેય બહાર કાઢ્યાં, અને પછી કહ્યું : ‘શેઠ ! આ તમારાં શેઠાણીને કહી દ્યો, દાગીના પહેર્યા છે એ બધા ઉતારી આપે !’

‘મારા પહેરેલા દાગીના ?...’

‘શેઠ, ઝાઝી ટકટકમાં માલ નથી ! અમારે પરાણે ઉતરાવવા પડે...ને પછી તમે કહેશો કે રાજના માણસોએ અમારાં બૈરાં ઉપર હાથ નાંખ્યો. માટે છાનામાના ઉતારી દો !’

શેઠાણીએ દયામણી નજરે ને આજીજીભર્યા અવાજે કહ્યું : ‘ભાઈ ! આ એક મારી સૌભાગ્યની ચૂડી...’

'તે ચૂડી ભલે પહેરી રાખો, પણ માથેથી ચીપ ઉતારી દો!'

કળકળાટ કરતાં પુરુષો, સ્ત્રીઓ, બાળકો એક ઠેકાણે ભેગાં થયાં.

એમનું સર્વસ્વ હરી લેવાયું હતું. એમનાં ઘરો ખાલસા થયાં હતાં. એમની પેઢીઓ ઉપર કડી લાગી ગઈ હતી. એમનાં માલ-મિલકત, સરસરંજામ તમામ અંદર હતાં.

વસતી તો જોઈ જ રહી.

પરભુ ગોરનો મિજાજ ઊકળી ઊઠ્યો : 'અરે, આવો અન્યાય ને કોઈ કાંઈ બોલે નહિ! બ્રાહ્મણ, લુહાર, નવ નાર, બધા જોઈ જ રહે!'

ગામ વચ્ચોવચ્ચ ધૂર્જટિના અવતારશો એ નીકળ્યો.

'અરે મહારાજ! જરા મોં સંભાળીને બોલો, જામ બાવા સાંભળશે તો તમારું આવી બનશે!' બાદલજીએ કહ્યું.

'તો ભલે જામ બાવાયે સાંભળે ને ભલે તમારી રજપૂતાણીઓ પણ સાંભળે. આ તમારાં પરાક્રમો સાંભળવા ને સંભળાવવાનેય કોઈક તો જોઈશે ને! સાંભળો રજપૂતાણીઓ!...વીરાંગનાઓ!...જેના નામના પથરાયે પૂજાય છે એવી સતીઓ, તમેય સાંભળો : વાણિયાઓએ સંઘારને થકવ્યા. ને હવે તમારા કંથ સંઘારને થકવનાર વાણિયાને થકવે છે!...રંગ દેજો હો રજપૂતાણીઓ!...તમારા સિંહ જેવા બાળકોના બાપાઓને!...'

'અરે પરભુ ગોર! જરાક જીભ સંભાળીને તો બોલો!'

'અરે બાપ રાયલ જામ! તું તો મોડ ને મુનઈનો વારસદાર. બાપ, જીભ છૂટી જાય, વાણી છૂટી જાય એવાં તારાં કામ જોઈને પછી જીભ કેમ સંભાળાય? રંગ છે બાપ, રાયલ જામ, રંગ છે તુને!'

પરભુ ગોરને મરાય નહિ; નહિ તો બ્રહ્મહત્યાનું પાતક લાગે. તો તો ગઢમાં ને ડેલીએ ડેલીએ રજપૂતાણીમાત્ર સળવળે. ને પરભુ ગોરને બળજબરીથી ચૂપ પણ ન કરાય.

'ગોર, પણ જોઈએ શું તમારે?'

'આ અન્યાય મારાથી નહિ સહેવાય રાયલ જામ! મેં વાણિયાનું લૂણ ખાધું છે. એનાં ગોરપદાં કર્યાં છે ને રાજા અન્યાય કરે તો એની સામે માથું ઉપાડવાનું કામ મારું છે. હું આ ગઢ ઉપર મારું લોહી છાંટીશ. પણ મારા જીવતાં મારા રાજાને હાથે મારા જજમાનને અન્યાય નહિ થવા દઉં. સમજ્યા, રાયલ જામ?'

'એ તો માથાભારે થયા છે. વળી તમારે ને એમને શું? તમે બ્રાહ્મણ, એ જૈન. એના દેવને તમે ગાળ દો ને તમારા દેવને એ ગાળ દે, આવો તમારો વહેવાર. છાનામાના ઘેર જઈને બેસો ગોર! તમે તમારું કામ કરો, અને રાજને રાજનું કામ કરવા દો. હવે રાજમાં માથાભારે વસતીનું પોસાણ થાય એમ નથી!'

'રાયલ બાપુ, મારું કામ હવે ઘેર નહિ પણ આંહીં છે. વસતી તમારે રાખવી ન રાખવી એ તમારી મત, પણ એને લૂંટીને પછી હાંકી કાઢવી એ ક્યાંનો ન્યાય? પહેરેલે લૂગડે માણસ જાય ક્યાં?'

'બાદલજી! આ પરભુ ગોર આડો ફાટચો છે. ને આંહીં ગઢ માથે લોહી છાંટે ને એની પાછળ આખી બ્રાહ્મણની નાત ધારણું કરે તો આપણે તો ઠીક, પણ ગઢમાં બાઈઓનાં મન કોચવાય એવું છે. એટલે વાણિયાને એમની ઘરવખરી સાથે જાવા દો. ભલે પરભુ ગોર રાજી થતો ને વાણિયાને ભલે હું નહિ તો મારો ભાઈ આવીને મારગમાં ખંખેરી જતો! બોલો ગોર, હવે તો રાજી ને?'

'હા, બાવા, રામરામ!'

'રામરામ......કેમ?'

'બસ બાવા, હુંય એમના ભેગો ચાલી નીકળીશ! આવા અન્યાયના રાજમાં રહીને મારે શું કરવું?'

'તો જાઓ, કરો તમારું કાળું! બાદલજી, વાણિયોમાત્તર આજ રાત પડતાં સુધીમાં ગઢમાં ન હોવો જોઈએ.'

કકળાટ કરતાં બાળબચ્ચાં ને ફફડાટ અનુભવતી સ્ત્રીઓથી અને ઘરવખરી કે માલમિલકતથી ભરેલાં અને પુરુષવર્ગથી વીંટળાયેલાં ગાડાં કંથકોટમાંથી ચાલી નીકળ્યાં. હિજરાયેલાં માનવીઓની વણઝાર ઉપર રાયલ જામ ને એના ભૂમિયા નઠોરતાથી જોઈ રહ્યા !

નજર પહોંચી ત્યાં સુધી ગાડાંની હેડ ચાલી જતી એમણે જોઈ. પછી રાયલ જામે કહ્યું : 'હાશ, એક પાપ ગયું આ ! બાદલજી, તમે મારું ધ્યાન દોર્યું ને, ત્યાર પછી એ વાણિયા આંહીં હોત ત્યાં સુધી નિરાંતે ઊંઘ ન આવત. લાખિયારમાં વાણિયા, આંહીં પણ વાણિયા, વળી અંદર અંદર સગા; ને એમનાં સગપણ પણ આપણાં જેવાં પોચાં નહિ—એ તો ગુંદર જેવાં ચીકણાં. સાંભળ્યું છે કે એ લોકો તો પોતાનાં સગાં પાછળ ખુવાર પણ થઈ જાય.'

'હા બાવા ! ધારો કે લાખો કંથકોટ ઉપર ચડી આવે—ને વહેલો મોડો એ આવવાનો જ, એનો કુંવર મરી ગયો, પણ એ એને ભૂત થઈને વળગ્યો છે—તો વાણિયાનું ભલું પૂછવું. સગાં સગાંમાં તાણ થાય ને ચાવડાને જેમ કટક વચમાંથી જીવતો ઉપાડી આવ્યા તેમ માળા ક્યાંક મને સૂતો ઉપાડીને ગઢની બહાર લઈ જાય તો ? હવે ઊંઘ નિરાંતે આવશે.'

ગાડાં ચાલ્યાં જ ગયાં. આગળ સોલ શેઠને જોઈને રાપરના જામે કહ્યું : 'સોલ શેઠ, તમને ઓથ આપું, તમારું ગામ વસાવવાની ભોંય તમે ખોળી કાઢો.'

શેષ સમુદાયને રાપરમાં મૂકીને ચાર-પાંચ શેઠ સોલ શેઠની આગેવાની નીચે જગ્યાની શોધમાં ચાલી નીકળ્યા.

'આપણે આપણું ગામ વસાવવું હોય તો આપણે ખેડ તો કરી ના શકીએ, વેપાર જ કરીએ, એટલે દરિયાકાંઠે ક્યાંક સમથળ ગોતીએ, જ્યાં પીવાનું પાણી હોય. અરે હરિ ભગત, તમે અહીં ક્યાંથી ?'

'હું તો બાપ, તમારી ભેગો જ છું; કંથકોટથી આઘે આઘે હાલ્યો આવું છું.'

'તો હાલો, ક્યાંક કાંઠે પાણી હોય એવી જગા શોધીએ. ખેડનો કાંઈ મોહ નથી, આપણું કામ દરિયાકાંઠે. પણ પીવાનું પાણી જોઈએ. ને આંહીં રાપર ચોવાસીમાં તો પાણીની પૂરી તાણ છે.'

તેઓ આગળ આગળ ચાલ્યા. એક દિવસ, બે દિવસ...ચાર દિવસ... એટલામાં એમણે દરિયો જોયો, 'હાં, હવે, આંહીંથી પાણીની શોધ કરીએ. કોઈક પાણીકળો સાથે હોત...'

'હું છું ને બાપજી, હાલો!' હરિ ભગતે તુળસીની ડાળખી લીધી અને પીપળાની ડાળખી સાથે આડી ટેકવી.

અને પછી એને જમણે હાથે આગળ ધરીને હરિ ભગત ચાલ્યા. ક્યારેક ધરતી જોતા જાય, ક્યારેક ધરતી ઉપર કાન માંડતા જાય, ક્યારેક રણની કાળી માટી હાથમાં લેતા જાય, ક્યારેક રસ્તામાં વેરાયેલા પથરા જોતા જાય, ક્યારેક ઊભા રહીને આસપાસ જુએ. આમ એમણે વાંકાચૂકા મારગે આગળ વધવા માંડ્યું.

દરિયો હવે માંડ અર્ધો કોસ પણ દૂર રહ્યો ન હતો.

ને એકાએક હરિ ભગતના હાથમાંથી તુલસીની ડાળખી ઊંચી નીચી થવા લાગી. 'આંહીં પાણી છે!' હરિ ભગતે કહ્યું.

પાણીવાળી જગ્યાનું એંધાણ કરીને શેઠ લોકોએ નજર કરી. આસપાસની જમીન જાણે ફાટેલી પડી હતી. એમાં ચીરા પડ્યા હતા. એક મોટો ચીરો તો છેક દરિયામાં જતો હતો. આખી જમીન ઊંચીનીચી ને ટીંબા જેવી હતી.

'આ ભૂમિ ધરતીકંપની છે. જુઓ, આંહીં ધરતીકંપની ફાટ છે. આંહીં કોઈક નગરી જીવતી દટાઈ હોય એમ લાગે છે.' સોલ શેઠે કહ્યું.

'પાટગઢ હશે. એક કાળે એ મોટું શહેર આટલામાં હતું, પણ આજ તો એનાં એંધાણ પણ નથી રહ્યાં ક્યાંય.'

'હશે, પણ એક વાત છે ભાઈ!' સોલ શેઠે મહાજનને કહ્યું : 'આટલા નજીકમાં ક્યાંય કોઈ ગામ નથી. ધરતીકંપનો આ ચીરો જીવતો લાગે છે. એટલે અવારનવાર ધરતી ધણધણે એવું તો ખરું. તો આંહીં વસવાટ કરવો ઠીક ગણાય ?'

'એ વિચારવા જેવું તો ખરું. પણ એક વાત છે : આ હરિભગતે ચીંધી એ જગામાં ઝાડીનું ઘેરું ઝુંડ છે. આટલામાં પાસે કે દૂર નથી ક્યાંય ઝાડપાન કે ઝાંખરું, છતાં આટલામાં કેવી ઘેરી ઘટા જામી છે ! એમ કરશું ? એના છાંયામાં જરાક વિસામો લઈ જોઈએ.'

ઝાડીમાં બે-ત્રણ જણા પેઠા. 'અલ્યા, સાચવીને જજો !' મહાજનમાંથી એકબેએ બૂમ પાડી.

એકાએક ઝાડીની અંદરથી સોલ શેઠે સાદ દીધો : 'એ આમ આવો, આમ આવો, આમ આવો ! જરા જુઓ તો ખરા !'

બધા ઉતાવળા ઉતાવળા ત્યાં ગયા : હીરો કામદાર, જગો મહેતો, કરસન દોશી, બધા ગયા.

ઝાડીનાં ઊંચાં ઊંચાં ઝાડોની વચમાં જાળાં ને ઝાંખરાંનો ઘેરો ગોળ ટોપ હતો. ને એની આગળ સોલ વસા ઊભા હતા. 'જુઓ, જુઓ.' સોલ વસાના અવાજમાં નર્યા વિસ્મયનો રણકાર હતો.

એટલું કહી બધાને પોતાની પાછળ આવવાનો ઇશારો કરીને લાકડીથી જાળાની ડાળને બાજુ કરી ઝાંખરાં એક બાજુ દબાવ્યાં. ત્યાં છીંડી જેવું થયું. એમાં બધા એક પછી એક ગયા.

ગયા ને વિસ્મયમાં ઊભા રહ્યા. એમની વાચા જ જાણે હરાઈ ગઈ !

વચમાં નાનો પથ્થર જડચો ચોક હતો, લાકડાનું મંદિર હતું, ને મંદિરની અંદર પાર્શ્વનાથની ફણાયુક્ત શ્યામસુંદર મૂર્તિ હતી.

પુરાતની મંદિર !...કોઈએ કદી જેના વિષે જાણ્યું નહોતું, સાંભળ્યું નહોતું, એવું લાકડાનું નાનકડું મંદિર !...

થોડીવારે બધાએ દીર્ઘ શ્વાસ લીધો.

પછી સોલ શેઠે કહ્યું : 'કંથકોટમાંથી હિજરાયેલા આપણે અરિહંતનો આ કોલ માથે ચડાવીએ. આપણો નવો વસવાટ આંહીં જ કરીએ. હે અરિહંત ! તારા ચરણમાં અમારું કલ્યાણ હો ! અમારી દુન્યવી વિપદો અમે ભૂલી જઈએ. તારી છાયામાં અમે જીવીએ. આંહીં રહીને હે દેવાધિદેવ ! અમે જગતમાત્રનું ભદ્ર કલ્પીએ, અમારું ભદ્ર ચિન્તવીએ. હે 'અરિહંત ! તારી સન્નિધિમાં અમે સદા કાળ અમારી આંખોથી ભદ્ર જોઈએ, અમારા મનથી ભદ્ર ચિંતવીએ, અમારી વાચાથી સદા ભદ્ર જ બોલીએ. હે અરિહંત ! તારી ભદ્ર છાયમાં વસીને અમે તન, મન ને ધનથી દીન ના રહીએ.'

સોલ શેઠે પાઘડી ઉતારીને એ પુરાતન ધામમાં બેઠેલી, યુગોથી વીસરાયેલી લાગતી ને આજ જાણે દૈવી ચમત્કાર હોય એમ એમને પ્રત્યક્ષ થયેલી, અને ભદ્રનાં પ્રતીક સતી પાર્શ્વનાથની શ્યામસુંદર પ્રતિમાને ભાવપૂર્વક પ્રણિપાત કર્યા : 'હે ભદ્રેશ્વર ! હે ભદ્રદેવ ! અમારું ભદ્ર હો ! જગતનું ભદ્ર હો ! શાસનનું ભદ્ર હો ! સંસારનું ભદ્ર હો ! અમારી સંતતિનું ભદ્ર હો !'

પછી સોલ શેઠે પોતાના સાથીઓ સામે જોઈને કહ્યું : 'હે મહાજનો ! આ આપણા ભદ્રેશ્વર દેવ. ને એમની ભદ્રંકર છાયામાં આપણો નવો વાસ ! એ પણ આપણું અને સહુનું ભદ્ર કરનાર ભદ્રાવતી હો !'

## ૮. .... .... .... .... સંઘારનો કેદી

'**ના**ખુદા સંભાળ ! નાખુદા સંભાળ !' કૂવાથંભ ઉપરના પિંજરિયાએ સાદ દીધો.

કચ્છના અખાતની ભરતીથાયે વધારે ગહરી નિરાશામાં ડૂબેલા ચાવડા સંઘારના કાન આ સાદથી ચમકચા. શિકારી કૂતરાને જેમ સસલાની ગંધ, વાઘને જેમ બકરીની ગંધ, ચિત્તાને જેમ નીલગાયની ગંધ, તેમ સંઘારને આ સાદ મનમાં ભરેલી વિકરાળ ભૂખને જગાડનારો.

કંથકોટના બૂરા પરાજય ને એથીયે વધારે બૂરી એવી પીછેહઠની હૈયા દાહતી નિરાશાને એક બાજુએ હડાવી દઈ ને ચાવડો સંઘાર છલાંગ મારીને બેઠો થયો.

'પિંજરિયા સમાલ !' એણે વળતો સાદ દીધો કૂંવાથંભને એક બગલમાં દબાવીને અને એક પગ કૂવાથંભના મોર ઉપર ટેકવીને પિંજરિયો લંબાઈ ને ઊંચે ઊંચે જોતો હતો. એનો એક હાથ પશ્ચિમ દિશામાં લાંબો થયો હતો. એ તરફ ચાવડા સંઘારે લાંબી લાંબી નજર કરી. પિંજરિયાને જે ઉપરથી દેખાતું હતું એ ચાવડા સંઘારને નીચેથી કળાતું ન હતું. એટલે એણે સાદ દીધો :

'પિંજરિયા, સમાલ ! પિંજરિયા, સમાલ !'

'સમાલ બેલી !' પિંજરિયાએ કૂવાથંભ ઉપર બાંધેલા પિંજર-માંથી સાદ દીધો : 'સમાલ બેલી ! પચ્છમલાલ ! વહાણ વહાણ !'

'વહાણ ! વહાણ !' ચાવડા સંઘારે સાદ દીધો.

એણે આસપાસ નજર કરી. વીસ વહાણો એની પાછળ ચાલ્યાં આવતાં હતાં, ને એમાં એનું સંઘાર કટક હતું. હથિયાર–પડિયાર કંથકોટના જામના પગમાં મૂકીને જે કટક રણ અને માટીની વીસ ગાઉની પગતોડ કરીને ખારીથી પોતાનાં વહાણોમાં ચડયું હતું એ કટક આ વહાણોમાં હતું.

કંથકોટ એને આકડે મધ જેવું લાગ્યું હતું. આમ જુઓ તો ક્યાં દરિયો, ક્યાં દરિયાકાંઠો ને ક્યાં રણનો મહોરો–કંથકોટ, પણ લાખિયાર વિયરાના જામ લાખા ધુરારાના કામદાર મોતી શેઠ ને કલ્યાણ શેઠ બેય એની પાસે આવ્યા હતા. ને એમણે આવી વાત કરી હતી : લાખો ધુરારો લાખિયાર વિયરોનો. ને લાખિયાર વિયરો એટલે કચ્છની ઠકરાતોમાં મોટું માથું. કંથકોટના જામ રાયલ ને લાખિયાર વિયરોના લાખા જામ આમ તો બે સગા ભાઈઓ થાય. પણ ગરાસ, ચાસ ને કુટુંબ–કજિયામાં ભાઈ ને કસાઈ વચ્ચે ઝાઝો ફેર નથી પડતો ! એવા આ બે ભાઈ ! એમાં લાખા જામનો કુંવર રાયલ જામને હાથે મરાયો. મરાયો એ વાત સાચી, પણ લાખા જામ કહે કે રાવલે મારા કુંવરને જાણીબૂઝીને માર્યો ને રાયલ જામ કહે કે એ અજાણતાં મૂઓ. એ તો જે હોય તે, પણ એક વાત સાચી કે ત્યારથી લાખો જામ રાયલ જામ સામે કાળઝાળ વેર ભરીને બેઠો હતો. એ રાયલ જામનાં ગામો બાળતો, વસતીને રંજાડતો, એકલદોકલને પીંખી નાંખતો. આમ તો રાયલ જામે પણ કાંઈ ચૂડીઓ પહેરી નહોતી, ને એ પણ લાખિયારને જંપવા દેતો નહોતો.

પણ લાખો જામ કોઈ વાતે સમજતો જ નથી; એનો રાયલ જામ ઉપરનો રોષ હવે તો ભારે દ્વેષનું રૂપ ધરી બેઠો; અને વખત આવે તો એનું કાટલું કાઢી નાખવાના પણ વિચારો એને આવી જતા. પણ આ માટે જો જામ લાખો પોતે જાય તો નાહકના બીજા

છ ભાઈઓ વચમાં કૂદી પડે ને પછી કોણ કોની તરફ રહે એનું શું કહેવાય ? વખત છે ને એ છએ ભેગા થઈને મને ને રાયલ જામને બેયને પૂરા કરી નાખે ! અને વખતે સિંહ અને સુવરની લડાઈમાં તરસ ફાવી જાય, એવો ઘાટ પણ બને. એટલે લાખા જામને થતું કે કોઈક ત્રીજો આવી ચડે તો ટાઢે પાણીએ ખસ જાય ! એવામાં ચાવડા સંઘારની નજર કંથકોટ ઉપર પડ્યાના સમાચાર મળ્યા, અને સાચે-સાચ એણે દરિયો મૂકીને ધરતી ઉપર પગ માંડ્યો.

લાખા જામને તો મન ગમતું મળી ગયું. એક દિવસ કલ્યાણ શેઠ મધ ઝરતી વાણીથી ચાવડાને સમજાવતા હતા : 'અમારે કચ્છમાં એક વાતની ભારે નિરાંત : જો કોઈ પરદેશી આઠમાંથી કોઈ એક જામ ઉપર બહારથી ચડી આવે તો બાકીના સાત જામમાંથી એક પણ જામ એની સામે એક આંગળી પણ ઊંચી ના કરે; એને વગર દખલે એને મારગ જવા દે. એટલે જો તમારે કંથકોટને ભાંગવાનો વિચાર હોય તો અત્યારે ખરો મોકો છે. અત્યારે કોઈ કંથકોટને લૂંટવા કે ભાંગવા જાય તો કોઈ આંગળી સરખી ઊંચી ના કરે. વળી કંથકોટમાં તો સારા સારા વેપારીઓ છે, જૈન વેપારીઓ છે, ને એ ભારે માલદાર પણ છે. એમની હૂંડીઓ ઉત્તરમાં ઠેઠ કાશી સુધી, દક્ષિણમાં ઠેઠ રામેશ્વર સુધી, પચ્છમમાં ઠેઠ મિસર સુધી ને પૂર્વમાં છેક ખત્તા સુધી ચાલે છે. એ વેપારીઓ બધા સાત પેઢીના વેપારીઓ છે. એમના ભંડાર સોના, રૂપા, હીરા, માણેક ને મોતીથી ભરેલા છે. કંથકોટના જૈનો આગળ લાખિયારના જૈનો તો કંગાળ લાગે ! કંથકોટમાં તો, કહે છે કે, વાણિયાની છોકરી સાત સાત રતીના હીરાના પાંચિકાથી રમે છે, અને ઘરની દીવાલ આખી કેસરથી જ ધોળે છે ! માનો કે જાવા, મિસર, ખત્તા ને ખોના આખું કંથકોટમાં જ ઠલવાયું છે !'

ચાવડો સંઘાર તો સાંભળી જ રહ્યો; એને આકડે મધ દેખાયું.

કલ્યાણ શેઠે બાકીની વાત પૂરી કરતાં કહ્યું : 'હા, એક વાત

છે: નકટીની ખાડીથી કંથકોટ વીસ કોસ થાય ને એ છે પગરસ્તો. પણ રસ્તો ઉઘાડો ને ઓથ વગરનો છે. ઘોડાં જો દોડે તો એકાદ બે પહોરમાં કંથકોટ પહોંચી જાય. નકટીથી તે કંથકોટની હદ સુધી વચમાં હદ લાખિયારની. ને લાખિયારનો લાખો જામ સંઘારોને ઘોડાં આપે, સંઘારની સરભરા કરે, વહાણનાં દાણાપાણીયે આપે. કંથકોટના રાયલ જામનો ફૂંફાડો ભારે છે. પણ એ દાખડો કરી કરીને કટક જમાવે તોય પૂરાં પાંચસો ઘોડાં ભેગાં ન થાય. એનો ડંખ કાંઈ ગણવા જોગ નથી. એ પોતે લોભિયો ને એના કારભારી જૈન; ને ત્યાં સંઘમાંય બે તડાં છે, એટલે કામ પાર પાડવામાં વાંધો નહીં આવે!'

ચાવડાએ વાત માથે લીધી; લગભગ અડધી તો પાર પણ ઊતરી ગઈ. ગઢમાં દમ નહોતો ને જામમાંયે દમ નહોતો: આ હમણાં કામ પત્યું સમજજો! પણ ત્યાં તો નસીબનો ખેલ ફરી બેઠો અને એક ઊગતા જુવાન છોકરાને હાથે એનો બૂરો ફેજ થયો!

ચાવડો પોતે પકડાયો. ત્યાં એનું ભૂંડું અપમાન થયું. હથિયાર-પડિયાર મૂકીને એનું કટક પાછું ફર્યું! સંઘાર એટલે દરિયાનો જીવ. એ ધરતી ઉપર આવે તો જાણે મગર જમીન પર આવ્યો એવું લાગે. વહાણના ખેવૈયાને ઘોડાની ફાવક નહિ. વળી લાખા જામ સંઘાર કટકને—હારીને પાછા ફરેલા સંઘાર કટકને—સલામત પાછું ફરવા દેશે એનો ભરોસોય નહિ. માછલું જમીન ઉપર આવે ને તરફડે એમ સંઘાર પીછેહઠમાં તરફડતા હતા. મનમાં હરણફડકો એવો કે એમના શ્વાસ અધ્ધર ને અધ્ધર જ રહેતા હતા.

લાખા જામની વાત વહેવારની હતી. પરંતુ લાખો જામ સાથોસાથ રાજરીતનોય ખેવૈયો હતો. વળી લાખા જામના એક પૂર્વજે—પાંચ પેઢીના પૂર્વજે—એક બીજા ચાવડા સાથે જે વહેવાર કર્યો હતો એની યાદ એમને મોડે મોડે પણ સતાવતી હતી, ચિંતા ઉપજાવતી હતી.

એટલે બહુ જ ઉગ્ર નિરાશા અને અબૂઝ ભીતિથી ભરેલું સંઘાર કટક જ્યારે વહાણ ઉપર ચડ્યું ત્યારે જ એનો જીવ હેઠો બેઠો. અને એના મોવડીઓએ તો ત્યાં ને ત્યાં જ દરિયાપીરને નામે પાણી મૂક્યું કે, હવે ચાવડો સંઘાર કહે કે એનો બાપ આવીને કહે, કાળ–ભૈરવનો અઘોરનાથ આવીને કહે કે આશાપુરાના મહંત આવીને કહે, તોય ધંધો ખેડવાને કોઈ દિવસ ધરતી પર પગ ન મૂકવો !

પિંજરિયાની પહેલી બૂમથી કટક સાવધ થયું હતું. ચાવડા સંઘારે એમની સાવધાની જોઈ; એમની આંખોની ચોટ જોઈ. કેટલાક પોતાના હાથોને ગોળ ગોળ વીંઝીને જાણે છૂટા કરતા હોય, એ પણ એણે જોયું. એના મોઢા ઉપર વિકરાળ સ્મિત છાયું. સિંહ ગયો હતો શિકાર કરવાને, પણ ખાલી હાથે પાછો ફરતો હતો ! એને હાથી તો ભલે ના મળ્યો, પણ એકાદ સસલું તો મળતું હતું ને ! બીજું કાંઈ નહિ તો શિકારની આવડતનો રિયાજ તો થતો હતો ને ! ઉસ્તાદને વીણા ન મળે તો છેવટે એકતારો લઈનેય એ રિયાજ કરે ! કંથકોટ કે એના જૈન વેપારીઓ નહિ તો નહિ, રાયલ જામનો ભંડાર નહિ તો નહિ, છેવટે આ એકલુંઅટૂલું વહાણ તો મળતું હતું ને !

‘ માલમ હોશિયાર ! માલમ હોશિયાર ! માલમ હોશિયાર ! ’ ચાવડા સંઘારે સાદ દીધો. એ સાદ બધાએ ઉપાડી લીધો. શિકાર ઉપર તરાપ મારવાને તૈયાર રહેવાની એ હાકલ હતી.

સઢની કિનારની આલાદ ઉપર ચાવડો સંઘાર જરા ઊંચે ચઢ્યો—દૂર દેખાતા વહાણને માપવા, પારખવા, નાણવા, જાણવા.

‘ પિંજરિયા, સમાલ ! વહાણ પારખ !...પારખ !...’

આંખ ઉપર હાથનું નેજવું કરીને ચાવડો દૂર સીમમાં નાના ટપકા જેવા દેખાતા વહાણને થોડીવાર તાકી રહ્યો, ને ધીમે ધીમે એના ચહેરા ઉપર અજાયબી પથરાવા માંડી.

એ વહાણ તો સંઘારનું લાગતું હતું ! એ હજી ઘણું દૂર હતું, અને ટપકાથી વધારે કળાતું ન હતું, પણ એનો આખોય ડોળ, એની બાંધણીનો મરોડ, એના સઢનો કાપ, એનો ઝોક, એ તમામ એક જ વાત કહેતાં હતાં : એ વહાણ સંઘારનું હતું !

સંઘારનું વહાણ ? આંહીં ?...ને આટલા પથકમાં સંઘારનું કોઈ વહાણ હોય, ફેરો કરવા નીકળ્યું હોય, તો પોતાની જાણ વગર ?... પોતે સંઘારોનો નાયક, કાળા, કાબા ને ચાવડા ત્રણેયનો મોવડી, દરિયાસારંગ સામુરાય; અને પોતાને ખબર નહિ ? સંઘાર વિમાસી રહ્યો.

ત્યાં તો ઉપરથી પિંજરિયાએ એની વાતને ટેકો આપ્યો : ‘ સંઘાર ! સંઘાર ! સંઘાર !’ ઉપરથી સાદ આવ્યો. ને આખાયે કટકમાં અજાયબી છાઈ રહી.

‘ માલમ ! અહીં આવ ! ’ ચાવડા સંઘારનો અવાજ ગાજ્યો. સઢના ફડફડાટ, આલાદના ચડચડાટ, દરિયાનો ગાજ, તમામ ઉપરવટ થઈને અવાજ એકેએક વહાણમાં ફરી વળ્યો : ‘ માલમ, આંહીં આવ ! ’

માલમ આવ્યો. નાખુદાનું કામ દરિયાવાટ આંકવાનું ને દોરવાનું. માલમનું કામ કટકને સંભાળવાનું.

‘ માલમ ! સંઘારનું વહાણ આંહીં એકલદોકલ ક્યાંથી ? તને કાંઈ ખબર છે ? ’

‘ સંઘારરાજ ! આ તો આપણું જ વહાણ લાગે છે ! ’

‘ આપણું ? ’

‘ હા બાપજી, નકટીમાં આપણે આવ્યા ત્યારે આપણું એક વહાણ ઓછું થયું હતું. પણ ચડવાની ને હંકારવાની હોંસાતોસમાં કોઈને સરત ના રહી. વહાણનો સાદ પડ્યો ત્યારે જ મને ઓસાણ આવ્યું કે, ‘ આ આપણું જ વહાણ હોય તો ના નહિ. ’

‘ એમ ? તો તું પહેલાં કેમ ન બોલ્યો ? ’

'મને એમ કે આપણું વહાણ હશે તો ક્યાંય આઘું જવાનું નથી. ને કદાચ કોઈક આપણું એક વહાણ લઈને હાલ્યો ગયો હોય તો, ભલે ને એ મોટો ચમરબંધ હોય તોય, દરિયા ઉપર આપણને શું કરી શકવાનો છે? આ કંઈ જામશાહી દગાખોર ધરતી થોડી છે? આ તો દરિયો છે; ને દરિયો તો પેદા થયો ત્યારથી સંધારનો છે!'

'આ એ સાચું. આ તો મને થયું કે કોઈક શિકાર હાથ આવ્યો!'

'કદાપિ એ શિકાર હોય તો એનીય ના નહીં, હો! ચાવડા!' માલમે કહ્યું: 'આપણું એક વહાણ લઈને ભાગે એ કાંઈ આપણો વાલેસરી તો ના જ હોય!'

'આ એય સાચું.'

એટલામાં એ એકલવાયું વહાણ વધારે નજીક દેખાયું. ત્યાંથી નાસવાની મથામણ કરતું હોય એમ એ વારે વારે સઢ ફેરવ્યા કરતું હતું. ને ક્યારેક સઢમાંથી પવન ઊડી જતો તો એની થપાટ ઠેઠ ચાવડાના કાનમાં સંભળાતી હતી. ક્યારેક વળી સુકાન અવળસવળ થતું તો વહાણ આખુંયે મોટી હીંચ લઈ લેતું.

'આ વહાણ તો સંધારનું ખરું, પણ એના ખારવા સંધાર નહિ!' ચાવડાએ હસીને કહ્યું, 'સંધાર ખારવો તો ખત્તા ને ખોનાને હાથ દઈ આવે તોય એના પેટનું પાણીયે ના હલે. ને આ ખારવો તો કચ્છનોય પંથ પૂરો કરે એમ નથી લાગતું!'

ચાવડાનો અવાજ ફરી ગયો. એના અવાજમાં જાણે શકરાની સિસોટીનો મૂંગો ભણકાર ઊઠ્યો: 'પંખાઈ જાઓ! આંતરી લ્યો!'

વીસ વહાણો પંખાની જેમ પહોળાં થઈ ગયાં. તિરકસ ચાલતાં મોખરાનાં વહાણો આગળ નીકળી ગયાં. ધીમે ધીમે પંખો સાંકડો ને વધારે સાંકડો બન્યો. હવે વહાણ ને વહાણ ઉપરના ચાર ખારવા દેખાયા, વધારે ચોખ્ખા દેખાયા, કળાયા અને પરખાયા પણ ખરા!

ને કરવત ઉપર કાનસ ઘસાય એવા તીખા, તીણા અવાજે ચાવડાએ કહ્યું : ‘વાહ દરિયાલાલ, વાહ ! વાહ રે મા આશાપુરા, તારી કૃપા ! તેં આખરે સંઘારની લાજ રાખી ખરી ! આ તો કંથકોટના વાણિયાનો છોકરો !...શું નામ એનું ? જગડૂ...હા, જગડૂ !...’

વીસ વહાણોથી આંતરાયેલા વહાણને હંકારી શકે એવો કોઈ કસબી એ એકલવાયા વહાણમાં ના હતો. એમાં કોઈ કાબેલ દરિયાસારંગ પણ ન હતો. વીસવીસ પચીસપચીસ વહાણોના નાખુદાઓને હાથતાલી આપીને નાસી છૂટે એવો કોઈ ચતુર સુકાની પણ એ વહાણ ઉપર ના હતો. એટલે સાંકડા ને સાંકડા થતા જતા વહાણોના ઘેરામાંથી છૂટવાનું એ વહાણનું ગજું ના હતું.

ધીમે ધીમે બંગડી આકરમાં ગોઠવાઈ ને ઘેરો દબાતો ગયો. હવે તો ચક્રવ્યૂહની વચમાં આવી ગયેલા વહાણના સઢનો પવન પણ અંતરાવા લાગ્યો. ધીમે ધીમે ચક્રવ્યૂહ રચતાં વહાણોને પોતાનેય એકબીજાના સઢ એકબીજાના પવનને આવરવા લાગ્યા.

એટલે અંતરાયેલા પવનને કારણે વહાણનેય ઘસડાય એમ ઘસડાવા લાગ્યા. ને જોતજોતામાં તો વીસેવીસ વહાણોએ વચલા વહાણને જકડી લીધું. એનાં કડાં જકડાયાં, ભિડાયાં. ને થોડી વારમાં, આંખનાં પલકારામાં જ, એ વહાણ ઉપર, જાણે ચારેકોરથી મોજાં ઠલવાતાં હોય એમ, સંઘારો ઠલવાયા. અને એમણે જગડૂ ને એના ત્રણ સાથીઓને જકડી લીધા !

‘ લાવો, એને મારી પાસે લાવો ! ’ ચાવડાએ પકડાયેલા વહાણના મોરાના સથ્થા ઉપર ઊભા રહીને બૂમ પાડી.

ને જગડૂ , ચોખંડો, ખીમલી ને દૂદો, એ ચારે જણને પકડીને ચાવડા સંઘારની સામે ઊભા કરવામાં આવ્યા.

‘કેમ રે જવાન !’ ચાવડાએ કહ્યું : ‘આપણે ફરીને પાછા મળ્યા ખરા ! અને એ પણ બહુ ટૂંકા સમયમાં જ !’

જગડૂ કાંઈ બોલ્યો નહિ; અત્યારે બોલવા જેવું પણ ન હતું.

'તેં મને કંથકોટના કોટની રાંગે ઊભો કર્યો હતો, ખરું ને? જવાન! ત્યારે મને ચાવડા સંઘારને એ મોત વસમું લાગતું હતું. પરંતુ ચાવડા સંઘારના દિલમાં દયા છે. એણે તને આપેલું મોત પણ તને પ્યારું લાગે એવું હશે, હો! જરાય ગભરાઈશ મા! જરાય ગભરાઈશ મા! તું તારે જમરાજાને ઘેર છો એમ જ માની લેજે, હો!'

બેચાર જણાનો રોષ કાબૂમાં ના રહ્યો. સંઘારોની નેમ આખી ઊંધી વળી ગઈ હોય, સંઘાર જેવા સંઘારોને—જિંદગીમાં જેઓ મુસાફરી કરવાને નામે પાંચ પગલાં પણ ચાલ્યા ન હતા એમને—પંદર ગાઉનો રણનો પંથ કરાવનાર આ જુવાન!...દરિયાલાલે વેર લેવાને માટે જ એને અહીં મોકલી આપ્યો ને શું? મધદરિયે પકડાતા શિકારને મીન ભણાવવાના સંઘારો પાસે ભયંકર કીમિયાઓ હતા: આંગળીના ટેરવાથી સળગતો અંગાર પકડાવવો; આંખની હેઠ પાસે ધગધગતા સળિયા લઈ જવા; નાક પાસે ધગધગતાં લોઢાં ધરીને એના શ્વાસ લેવરાવવા; બે હાથ ને બે પગ દૂર દૂર બાંધીને સથ્થા ઉપર સુવારીને પેટ ઉપર ખારા પાણીના ઘડા ઠાલવવા; પણ આ તો બધા સાદા કીમિયા કહેવાય. આનાથીયે ભયંકર ઇલમ હતા એમની પાસે—વહાણમાં કોઈએ પઠાણમાં, રવિસરમાં કે કૂવાથંભમાં કાંઈ કીમતી મત્તા દાટી હોય તો એનો એકરાર કરાવવાના. બેચાર સંઘારોએ આવા ઇલમ તૈયાર કરવા માંડ્યા.

'ના રે ના!' ચાવડા સંઘારે કહ્યું. એનો ભરેલો પડછંદ દેહ આખો જાણે નકાર ભણી રહ્યો: 'ના રે ના! એ ઇલમ તો ભવાની માતાના દીધેલા; મા આશાપુરના એ ઇલમ તો આપણી અધૂરી આશા પૂરવા માટેના ગણાય. આની પાસે ક્યાં કાંઈ મત્તા છે? આવા ઉપર તે એ ઇલમ અજમાવવાના હોય? આ તો આપણું ખાજ છે. મૂકી દો એ બધું!'

ચાવડાએ જગડુ સામે જોયું. એના માથાના વાળ પકડીને એને ઊભો કર્યો: 'સાંભળ એય જવાન, તારી મુરાદ જાગી હતી ને ચાવડા સંઘાર સાથે અક્કલ લડાવવાની? તો હવે લડાવી લેજે! જરાય બાકી રાખ તો તને તારા બાપના સોગન છે! તું જમરાજાને ઘેર આવ્યો છે! ને જમરાજાને ઘેર તો નરકો હોય છે. અમારા શાસ્તરમાં સાત નરકો છે. તારાં શાસ્તરમાં કેટલાં છે? પણ જેટલાં હોય એનો તને અહીં હમણાં જ અનુભવ થશે, હો! તું સામે ચાલીને જે દિવસ કહીશ કે આના કરતાં કંથકોટના ગઢની રાંગ ઉપર મને ફાંસી કે શૂળી આપો, તે દિવસે તને કંથકોટના ગઢની રાંગ ઉપર જામ રાયલજી અને તારા બાપના દેખતાં જો હું તને શૂળીએ ના ચડાવું તો મારું નામ ચાવડો સંઘાર નહિ! તું સામે ચાલીને આવી માગણી કરે એવી કરામત કરવી, એ રીતે તારી સતામણી કરવી, એ કામ અમારું!'

અને કોઈ નકામી ચીજ ફેંકી દેતો હોય એમ ચાવડા સંઘારે માલમ તરફ જગડૂનો ઘા કર્યો. ગોફણમાંથી પથરો ફેંકાયો હોય એમ માથાના વાળથી ફેંકાયેલો જગડૂ માલમના પગ આગળ પડ્યો.

'માલમ! આ જવાનને ને એના સાથીદારોને હેરિયાંમાં બાંધી દો!'

પવન સમો ના હોય, સરખો ના હોય, પડી ગયો હોય, ત્યારે સામાન્ય રીતે વહાણ દરિયામાં ઠરી જાય, પડ્યું રહે અને થોડું થોડું ઘસડાતું જાય. પણ સાત સાગરના નામીચા ચોર-લૂંટારા સંઘારને કાંઈ એમ ચાલે? હજી ચાંચ બંદરનો ઉઘાડ થયો ના હતો; હજી ચાંચના કોળી ખારવાઓનો દરિયાની પીઠ ઉપર જનમ થયો ન હતો; હજી દરિયાના લૂંટારાને-ચોરોને ચાંચિયાઓ તરીકે ઓળખાવવાનું બન્યું ના હતું, ત્યારે સાત સાગરમાં જેટલી જનતા દરિયો ખેડતી હતી એ તમામમાં દરિયાના લૂંટારાઓ સંઘાર તરીકે ઓળખાતા હતા. બારાડીના કાળા, ઓખાના કાબા, નાઘેરના ચાવડા ને સોપારાના મોટા બધા જ સંઘાર કહેવાય. ને એ સંઘાર જમાતમાં પણ ચાવડાની

જમાત તો એટલી આગળ પડતી કે સંઘાર નાયક—પછી એ કાળો હોય, કાબો હોય, મોટો હાથ, ખારવો હોય તોય સંઘાર નાયક—ચાવડા સંઘારના નામથી જ ઓળખાય.

આવા સંઘારોને કાંઈ દરિયા ને પવનની દયા ઉપર નભવું ના પાલવે; એમને તો ઘા કરવા માટે ને ઘા કર્યા પછી ખસવા માટે પોતાના કબજામાં હોય એમ વહાણનો વેગ જોઈએ. એટલે જગતભરના વહાણવટામાં હેરિયાં ચાલુ થયાં. કોઈક દેશમાં તો ભારે ભયંકર કેદીઓને સજા કરવા માટે પણ એનો ઉપયોગ થતો. સરકારી આરમારોમાં પણ એનો ઉપયોગ થતો. પરંતુ હેરિયાંની રીત ચાલુ કરી સંઘારોએ.

હેરિયાં એટલે દરેક વહાણની બેય બાજુએ મોરાના સથ્થાથી માંડીને વંઢારના સથ્થા સુધી વહાણની બાજુને અડીને, પણ આંતરીથી હાથ નીચાં લાંબાં પાટિયાં જડવામાં આવે. વહાણના રવિસરના છેડા વહાણની આંતરી ઉપર બહાર કાઢવામાં આવે. દરેક છેડા ઉપર સીંદરીના મોટા ગોળ ઘડફા કરીને એમાંથી એક લાંબું હલેસું બહાર દરિયામાં નાંખવામાં આવે. આ પાટિયાં ઉપર, વહાણના રવિસરમાં જડીને લોઢાની ધીંગી સાંકળો બાંધવામાં આવે. ને આ સાંકળે એક એક ગોલો બાંધવામાં આવે. બંધાયો એ બંધાયો; પછી મરે ત્યારે જ એને દરિયામાં ફેંકી દે ને ત્યારે જ એનો છૂટકો! એનું ખાવાનું, પીવાનું, સુવાનું તમામ આ બેસણી ઉપર જ.

સંઘારોનાં વહાણો ઉપર આવા ગોલાઓ રહેતા. એની દેખભાળ કરવાને ખાસ સારંગ રહેતા. મીઠાનું એક પીપ ભર્યું હોય એમાં સાટકા બોળતો જાય ને ગોલાઓને સાટકા મારતો જાય. સાટકાના મારથી ને માર ઉપર આવતી ખારી ભિનાશથી અંગમાં ઝનઝનાટી આવે એટલે એનાં આળસ, થાક, તમામ ઊડી જાય. જગડૂને અને એના સાથીઓને બીજા ગોલાઓ સાથે તો નહિ—આ સફરમાં ગોલાઓ હતા નહિ—પણ હેરિયાં સાથે બાંધી દીધા. ને એમનું કામ વહાણ પવનમાં સઢથી ચાલે કે ના ચાલે, પણ હલેસાં માર્યા જ

કરવાનું—અટકયા વગર, રોકાયા વગર. ને એમની માથે સારંગને મૂકીને ચાવડો સંધાર જાણે પોતાનું ઝનૂન પણ વીસરી ગયો હોય એમ પોતાની છત્રીમાં ચાલ્યો ગયો.

માથે ધોમ ધખતો હોય, દરિયાનાં પાણી ચીકણાં તેલ જેવાં થયાં હોય, સઢ ફૂંફાડા મારતો હોય તોય હેરિયાં તો ચાલુ જ રાખવાનાં. માથે સારંગનો ચામડાની વાધરીનો કોરડો તૈયાર હોય—જરાક અટકે કે પડ્યો જ છે! કોરડાની આગ જેવી વેદનામાં મીઠાના પાણીનો વીંછી જેવો ડંખ ભળે. દરિયામાં લાકડું આપમેળે તરે ખરું, પણ માણસ જ્યારે ચાહી-ચલાવીને તરાવવા બેસે ત્યારે એમાં કેટલી આપદા પડે છે, એનો અનુભવ કાંઈ જેવો તેવો નથી.

વકરેલો દરિયો જેમ વહાણ સાથે રમે, બિલાડી જેમ ઉંદર સાથે રમે કે ઊંધો પવન જેમ સઢ સાથે રમે એમ સારંગ જગડૂ ને એના સાથીઓ સાથે ક્રૂર રમત કરતો હતો. કયારેક એ જરાય થાક ખાવા ન દે, કયારેક વળી થોડોક થાક ખાવા દે, કયારેક એ પરસેવો લૂંછવા દે તો કયારેક એ ન લૂંછવા દે! હાથમાં હલેસાંના લાકડાના હાથાને ચલાવતા ચલાવતા ફરફોલા પડ્યા, વાંસામાં સાટકાના સોળ ઊઠયા, માથે નમેરો સૂરજ તપી ઊઠયો—થાક, ત્રાસ અને ભૂખથી જગડૂને એકવાર તો મૂર્છા આવી ગઈ! સારંગે તપેલું ભરીને દરિયાનું પાણી એના ઉપર રેડયું, અને પછી નઠોરતાથી હસતાં હસતાં કહ્યું : ‘ કાંઈ વાંધો નહિ, કાંઈ વાંધો નહિ, કંથકોટના જુવાન, કાંઈ વાંધો નહિ! તને જો મોરછા આવે તો વાળવાને આવડો આખો દરિયો પડ્યો છે!’

મીઠાનું પાણી અંગ ઉપર સુકાયું ને માથે સૂરજનો તાપ પડ્યો : રોમે રોમે જાણે વીંછી ડંખ દેવા લાગ્યા! સારંગને ચાવડાની આજ્ઞા હોય કે પછી પોતાની હૈયાઉકલત હોય, પણ સારંગનું ધ્યાન જગડૂના ત્રણ સાથીઓ તરફ ઓછું રહેતું; જગડૂ ઉપર જ પળેપળ મંડાયેલું રહેતું. આખરે રાત પડી; ને મોડે મોડે પણ સારંગનેય રાત પડી! બાંધેલી સાંકળ ઉપર જગડૂ ઢગલો થઈ ને પડયો રહ્યો. એની આંખ મીંચાઈ... ને ત્યાં તો પાછી ભયંકર જીવલેણ સવાર પડી.

ચાવડો સંઘાર સવારમાં છત્રીમાંથી બહાર આવ્યો, જગડૂની સામે ઊભો રહ્યો.

જગડૂના અંગેઅંગમાં, એના શરીરની તસુ તસુ જગા ઉપર, સાટકાના લાલ–લીલા સોળ ઊઠચા હતા. એના અંગ ઉપર દરિયાનું સુકાયેલું પાણી તીખા ધોળા રંગથી ચમકતું હતું. એના માથાના વાળમાં, એની આંખની ભમ્મરમાં મીઠાની છારી ચમકતી હતી. એની આંખો લાલ હીંગળા જેવી થઈ હતી. એનો શ્વાસ ધમણની જેમ ચાલી રહ્યો હતો. એના હાથ સંચાની જેમ જાણે આપમેળે આગળપાછળ થતા હતા !

ચાવડાએ સારંગને બોલાવ્યો : 'કેમ રે ! આના હાથે તને કાંઈ લાંચ આપી છે ? એના શરીર ઉપર તો સોળ છે, પણ હાથો ઉપર કેમ નથી ? મેમાનની મેમાનગતિ કરે છે કે હજામત કરે છે ?'

અને ચાવડાએ સાટકો ખેંચી લીધો ને પોતાના પૂરા જોરથી જગડૂના હાથ ઉપર, કાંડા ઉપર, બાવડા ઉપર, ચાર–પાંચ સાટકા ખેંચી કાઢચા. પછી સાટકો સારંગના હાથમાં આપતાં ચાવડાએ કહ્યું : 'અમને તો કોઈ અંગ વહાલું નથી, કોઈ અંગ દવલું નથી; અમારે મન તો બધાંય અંગ સરખાં છે. શું સમજ્યો ?'

હોઠ પીસીને જગડૂ એ વેદના પી ગયો.

'કેમ રે જવાન !' ચાવડાએ કહ્યું.

જગડૂ બોલ્યો નહીં.

'હું બોલાવું ત્યારે તારે બોલવું, શું સમજ્યો ?' ચાવડાએ જગડૂના પડખામાં લાત મારતાં કહ્યું : 'કોઈ બોલાવે ત્યારે જવાબ ન આપીએ એ ભારે અવિવેક ગણાય છે. ને તારે એવો અવિવેક હવેથી ના કરવો, સમજ્યો ?'

તોય જગડૂ ચૂપ રહ્યો, એટલે ચાવડાએ સાટકો ખેંચ્યો, અને ઝનૂનથી જગડૂ ઉપર વીંઝવા માંડચો : 'બોલ, કહું છું બોલ !'

જગડૂ નીચે ઢળી પડ્યો છતાં ના બોલ્યો.

'એ જિદ્દી છે, તો એની જિદ્દ છોડાવતા ચાવડાને આવડે છે ! લોઢું લાવ !'

'એ બોલે એમ નથી લાગતું : મોરછામાં લાખે છે. સુંવાળું હાડ છે. અંત લેશો તો રામ રમી જશે ' સારંગે કહ્યું.

'તો પીડા મટી ! એ જુવાનને જોઉં છું ને મને આપણો ખાલી ગયેલો–ફોગટનો ફેરો યાદ આવે છે. સારંગ, જોજે, એ મરવાને આળસે જીવતો રહે ! એને મારવો છે, પણ આમ નહિ. એનું મોત તો માતાજીના ભોગમાં અઘોરનાથને હાથે થશે ને એનો પ્રસાદ હું આરોગીશ; ત્યારે જ આ અપશુકનિયાળનાં અપશુકન પાછાં વળશે !'

'આ બીજો...'

'એની મને તમા નથી. જીવતાં રહેવું હોય તો ભલે રહે; મરે તો લાશને ઉપાડીને દરિયામાં ફેંકી દેજે !' અને એકાએક ચાવડાને જાણે કાંઈક સૂઝયું ને એ ખડખડાટ હસ્યો, જોરથી હસ્યો.

'અલ્યા સારંગ, એમ કર. થવા દે એક મજો : આ ત્રણ જણા ભલે એની સામે બાંધ્યા રહ્યા. એને કામ કરવું હોય તો કરે, ના કરવું હોય તો ના કરે. હવેથી એમને રીતસર ખવરાવજે. અને એનું જોઈને આ જગડૂને વધારે દાઝવા દેજે ! સમજ્યો ?'

ને આમ ને આમ બીજો દિવસ આથમી ગયો. જગડૂનું અંગ જાણે હવે ચામડીમઢયું ના રહ્યું; લોહી ને માંસનો લાલ–લીલો–વાદળી પિંડ બની ગયું. ને બીજી સવાર ઊગી. રાતનાં અંધારાં ઊચકાયાં. ધીમે ધીમે અજવાળું, જાણે અંધારું ચીરીને, બહાર નીકળવા માંડયું, સીમ સુધી પહોંચ્યું.

ને પિંજરિયાની તીખી ચીસ હવામાં ગાજી ઊઠી : 'નાખુદા, સમાલ ! નાખુદા, સમાલ ! વહાણ...એક...બે...ત્રણ...પાંચ...સાત ...બાર...પંદર...વીસ...પચીસ...વહાણ...વહાણ...શંખની આરમાર ...નાખુદા સમાલ !...નાખુદા...સમાલ !...*આરમાર!...આરમાર!...'

---

* આરમાર શબ્દ આપણા વહાણવટાનો છે. આર એટલે દરિયો; ને દરિયા ઉપર દુશ્મનને મારી શકે એ આરમાર.

## ૯. .... .... .... .... પિરોટન

**ભરદરિયે** ભરમોસમમાં તીર સમા પવનમાં રંગે ચડેલી હાથણીની જેમ વહાણ સરકતું જતું હોય ને એકાએક પવન પડી જાય, વહાણ હાડોહાડમાંથી થરથરીને ઊભું રહી જાય ને મોરોવંઢાર કંપી ઊઠે એમ પિંજરિયાની એ બૂમ સાંભળીને ચાવડો સંઘાર હાડેહાડમાંથી પળવાર તો કંપી ઊઠ્યો.

સાધારણ રીતે તો વહાણવટાનો નિયમ એવો કે પિંજરિયો પોતાનો સાદ ધીમે ધીમે ચડાવતો જાય. એની પહેલી બૂમ ખાલી સમાલની હોય, એટલે કે એને કાંઈક કહેવું છે એની ખાલી જાહેરાત હોય. એનો બીજો સાદ દિશાનો હોય, કઈ દિશામાંથી એની માહિતી આવે છે એની ખબર આપવાની હોય. ત્યાર પછીની એની ત્રીજી બૂમ એને આપવાની માહિતીના આરંભની હોય: એમ એ એક પછી એક સાદ ચઢાવતો જાય, ને નીચે ઊભેલાઓને ધીમે ધીમે પગલે પગલે તૈયાર કરતો જાય.

પરંતુ જ્યારે એનો પહેલો જ સાદ ફાટી જાય, પહેલા જ સાદમાં એની આખીયે ગાથા સમાઈ જતી હોય, ત્યારે આવનાર જોખમ કાંઈ નાનુંસૂનું નથી એમ સમજવું. ને સંઘારને તો દરિયામાંથી બીજું આવવાનું હોય પણ શું? કાં શિકાર આવે ને કાં જોખમ આવે!

આરમારોનો ભેટો સંઘારો માટે કાંઈ નવો નહોતો. અજમ, અરબ, બર્બર અને જાવાઈ આરમારોના એમણે અનેક મુકાબલા કર્યા હતા, ને માથાભારે મુકાબલા કર્યા હતા. પરંતુ આ અત્યારનો ભેટો તો સાવ નવીનવાઈનો હતો, અણધારેલા હતો; સ્વપ્નામાંયે કદી વિચારેલો નહીં એવો હતો.

આ કચ્છનો અખાત. આ સામે દેખાય તે એનું દરિયાલાલનું બારું. જરાક આગળ જાય એટલે સંઘારોનું પોતાનું મથક આવે. આંહીં આરમાર કોની? આજ સુધીમાં આંહીં કોઈ કરતાં કોઈ આરમાર આવી નહોતી. અજમ અને અરબ આરમારો તો આટલે સુધી આવે જ નહિ, આવી શકે નહિ. સઢની એટલી એમની કારગત ન હતી; હજી તો એમની આરમારો ગોલાઓથી ને હલેસાંથી જ ચાલતી હતી. સઢ ફરકાવી જાણે ને સઢથી દરિયાવાટ ખેડી જાણે એક ચાવડા ને બીજા ચાવડા પાસેથી શીખેલા સંઘારો. ને સામા પવનમાં સઢ ફરકાવતા સંઘારો સામે એ આરમારોનો હિસાબ શો? અરે, આજ સુધી ખુદ એના ઘરના પાણીમાંયે એમનો હિસાબ સંઘારોને મન ફૂટી કોડીનોયે ના હોય! તો...તો...

પિંજરિયાએ ફરીને બૂમ પાડી: 'આરમાર...બાર બગલા... તેસરિયા સઢ...આરમાર...નાખુદા, સલામ!...નાખુદા, સમાલ!... સમાલ!...સમાલ!...'

પચ્છમની સીમમાં એક પછી એક સઢ ધીમે ધીમે ઊંચે ને વધારે ઊંચે થતા દેખાયા.

આ આરમાર કોની એનો વિચાર પછી કરશું. એ સીધેસીધી આવે છે, દરિયાલાલનું બારું આંતરીને આવે છે ને એનો ઇરાદો મેલો છે એ વાતમાં તો જરાય શંકા નથી.

ને ચાવડા સંઘારનો હુકમ છૂટચો: 'ભીડો નથી કરવો! ભીડો

નથી કરવો ! અત્યારે તો બારાડીના કાંઠાની ઓથ લઈ ને ભાગવું છે.'

આ હુકમ આપતાં ચાવડા સંઘારના મનમાં ભારે ચીડ ચડી, ભારે રોષ ચડ્યો, ભારે નાલેશી લાગી. આજ પહેલાં સંઘારે કોઈ કરતાં કોઈ વહાણુ સામે પારોઠના શિરોટા ખેંચ્યા ન હતા. પછી ભલે એ ખારવાનું વહાણુ હોય, વેપારીના બગલા હોય કે સરકારી–રજવાડી આરમાર હોય. અરે, ઈરાન, અજમ, અરબ ને જાવાની આરમારો સામેય કડાં ભીડ્યાં હતાં ને એ આરમારોનેય લૂંટી હતી, ડુબાવી હતી.

આજ સુધી તો દરિયાલાલની તવારીખ એક જ : સંઘારનું વહાણુ જુએ ને બાજનો છાપો જોઈ ને જેમ પંખી નાસે એમ સામું વહાણુ નાસે—પછી ભલે ને એ અજમના શાહનું હોય, અરબ સોદાગરનું હોય કે માબારના સામુરાયનું હોય !

અને આજ સંઘારનાં વહાણો પાછાં હઠતાં હતાં ! ને તેય કોની સામે ? કો અજાણી આરમારો સામે. આંહીં આ આરમારો આવી ક્યાંથી ? અરે, કોની છે એ તો કોઈ કહો. સંઘારોનો નાયક કહેવાય ચાવડો સંઘાર. સદીઓ પહેલાં સોમનાથનો ચાવડો રાજવી એક સંઘાર કન્યા સાથે પરણીને એને પોતાની મહારાણી તરીકે સ્થાપવા જેટલો ઉદાર થયો હતો. ત્યારથી સંઘારોનો નાયક ચાવડો સંઘાર કહેવાયો.

આજે તો બારાડી ને નાઘેરના કાંઠા ઉપર ચાવડાઓની ઠકરાતો હતી. વણુથલીમાં ચૂડાસમાનું રાજ્ય હતું. હળવદમાં ઝાલા હતા. પાંચાલમાં પરમારો હતા. એમાં ચાવડાઓ સિવાય બીજાઓને તો દરિયો હતો નહિ, ને જેમને હતો એમને એની કિંમત ન હતી. ચાવડાઓ ને સંઘારો વચ્ચે એક જમનામાં હતી એવી ભાઈબંધી આજે હતી નહિ; આજે તો એમની વચ્ચે બાપેમાર્યાં વેર હતાં. પણ ચાવડાઓ

સંધારો સાથે સીધો મુકાબલો નહોતો કરતા. એ આરમારો રાખતા ન હતા; પણ વહાણની બાંધણી, વહાણનો વેગ ને વહાણવટમાં સંધારો સાથે એ ભીડો કરતા.

ત્યારે આ આરમારો હતી કોની ? કચ્છના અખાતમાં એ આવી ક્યાંથી ? ને આવી તો આવી, પણ સંધારો સાથે મુકાબલો કરવાની ત્રેવડ ક્યાંથી લાવી ? હજારો વર્ષથી વાઘની સામે હરણાં મુકાબલો કરતાં જ નથી; એ બિચારાં તો વાઘને જોઈને ભાગે જ છે. હરણાંને માટે ભાગવું સહજ છે, વાઘને માટે પાછળ પડવું સહજ છે. પણ ક્યારેક કોઈ હરણું ભાગવાને બદલે સીધું વાઘની સામે ધસે તો ? તો બીજું કાંઈ નહિ તો હરણની એ હેસિયતમાત્રથી જ વાઘ દબાઈ જાય ને ભાગવા માંડે !

ચાવડા સંધારને થયું : અરે, બીજું તો ઠીક, પણ સાત સાગરમાં આ હેસિયત કોની ? કોણ પાક્યો આ દરિયા ઉપર એવો વિરલો, જે સંધારોનાં વહાણોની સામે મુકાબલો કરવા માટે પોતાનાં વહાણ સીધાં ઉપર જ હંકારે છે ?

ચાવડો સંધાર મુકાબલો કરવાને અત્યારે તૈયાર ન હતો, મુકાબલો કરવાની એની સ્થિતિ ન હતી. પોતાની નબળી સ્થિતિનો વિચાર એના ગ્લાનિ ને અફસોસના ભારતી દબાઈ ગયેલા મનનો મોટો ઉદ્વેગ હતો. એ તો ગાધવીથી નીકળ્યો હતો સંધાર પથકના દરિયાની સામે પાર લૂંટ કરવા. એ નીકળ્યો ત્યારે કોઈ આરમારના મુકાબલાની એને કલ્પના સરખીયે ના હતી. દરિયામાં જુદ્ધ માટેની જંતરીઓ એની પાસે ન હતી, જબૂતરા નહોતા, અગનબાણ પણ ન હતાં.

ને...ને...ને...ચાવડા સંધારના મોઢામાંથી એક ભયંકર ગાળ નીકળી ગઈ.

સામે આવતી આરમારના મોખરાના વહાણ ઉપરથી ભમરા ગુંજતા હોય એનો ટંકાર સંભળાયો. ને એની પાછળ જ એક અગનબાણ આભમાં તિરકસ ચડ્યું. એ અર્ધચંદ્રાકાર ઉપર ચડ્યું, અર્ધચંદ્રાકારે નીચે ઊતર્યું...ને...સંઘારના કાફલાથી માંડ દશ વામ પણ દૂર નહિ એમ દરિયામાં પડ્યું !

'સમાલ ! માલમ ! સંભાળ ! ચોકી ! ચોકી ! માલમ, સંભાળ !' ચાવડા સંઘારે ભૂંગરામાં સાદ દીધો. ને એનાં વહાણોએ એકસામટાં સુકાનો મરડ્યાં. એકસામટા વીસ સઢમાંથી પવન ખેંચાઈ ગયા ને એની એક સામટી થપાટોનો અવાજ, આભમાં હાથિયો ગાજે એમ, ગાજી રહ્યો.

ખારવાઓએ સઢો ફરકાવ્યા, સતાણ કર્યા ને ચાવડાનાં સંઘાર વહાણો તિરકસ જવાને બદલે સીધાં જ દક્ષિણ દિશામાં એટલે કે બારાડીના કાંઠા તરફ મરડાયાં.

એકાએક એક કડાકો સંભળાયો; થોડી ચીસ સંભળાઈ.

એકાએક સુકાન મરડાતાં એક વહાણના સઢમાંથી પવન સાવ ખાલી થયો. ને પવન ખાલી થતાવેંત જ કૂવાથંભના બે કટકા થયા. સઢ ને આલાદ ને ભાંગેલા કૂવાથંભનો ઉપરનો કટકો, તમામ દરિયામાં પડ્યાં. ભાંગેલો કૂવાથંભ વહાણની એક આખી બાજુ ઉપાડતો ગયો. વહાણ નમી પડ્યું, ને દરિયાએ કૂવાથંભના હુકડાને પાછી ઠેલ મારી. વહાણની બાજુમાં બરાબર સાપણ ઉપર કૂવાથંભના ટુકડાનો છેડો ખૂંચી ગયો, પાછો નીકળ્યો; ને એણે પાડેલા ગાબડા વાટે વહાણમાં પાણી ભરાવા લાગ્યું.

કાણા થયેલા એ વહાણને અને એ વહાણની અંદરના પોતાના સંઘાર સાથીઓને એમ ને એમ મૂકીને ચાવડો પોતાનાં બાકીનાં વહાણો સાથે ભાગ્યો; એને અત્યારે ભાગવા સિવાય બીજો આરો ન હતો.

શેષ સંઘાર દળ એ ડૂબતા વહાણ અને એમાંથી દરિયામાં કૂદી પડેલા પોતાના સાથીઓ તરફ તાકી રહ્યું. હવે પાછળ પડેલી આરમારના મોરાના સથ્થાઓ ઉપર તીરંદાજો આવ્યા, અને એમણે દરિયામાં કૂદી પડીને જીવ બચાવવા તરફડતા સંઘાર ખારવાને એક-એક નિશાન લઈને તીરથી વીંધી નાખવા માંડ્યા.

વેદનાથી ભરેલી તીણી ચીસોથી બધાના કાન ભરાઈ ગયા. પાછળ પડેલો દુશ્મન જે કોઈ હોય તે, પણ એ સંઘારના લોહીનો તો તરસ્યો લાગે છે: લોહીની તરસમાં તો એ સંઘારોને પણ પાછા પાડે એવો લાગે છે! નહિ તો કોઈ ડૂબતા દુશ્મન ઉપર આટલા ઠંડા કલેજાથી તીરનાં આવાં નિશાન લે ખરો? અલબત્ત, સંઘારો પોતે એમ કરતા, ઉમંગથી કરતા; એમ કરતાં કરતાં એકબીજાથી સામે હોડ પણ બકતા. સંઘારો માટે તો એમ કરવું, એ લડાઈનો કાનૂન હતો, પણ સંઘારના દુશ્મનોથી એમ લડાય ખરું?

ધીમે ધીમે દરિયો લાલ રંગાવા લાગ્યો. દુશ્મન આરમારો સદંતર ઠંડા લોહીની હતી, અને દરિયામાં તરફડતા સંઘારોમાંથી એકને પણ જીવતો મૂકવા માગતી જ ના હતી!

હોઠ પીસીને ચાવડો પોતાનાં વહાણોના સઢો સામે જોઈ રહ્યો. અત્યારે એની તમામ ગણતરીઓ પવનની દયા–માયા ઉપર જ નિર્ભર હતી. સીધી દોડ, સામે આરે પહોંચવું...સંઘારને થયું કે જાણે પોતે જાતે જ દરિયામાં કૂદી પડે ને વહાણોનો વેગ વધારવાને માટે પોતે ધક્કા દેવા માંડે!

પાછળ આગનો લિસોટો થયો, આગનો ભડકો થયો...અગનબાણે હવે ચોટ પકડી હતી. એક વહાણનો સઢ ને બીજા વહાણનું ખોખું સળગતાં હતાં.

આગ બુઝાવવા માટે આવડો મોટો દરિયો પાસે હોય, છતાં

ખારવામાત્રને વહાણમાં જો વણજોગા અવાજથીયે કોઈ વધારે મોટી બીક હોય તો તે આગની. એ બે સળગતાં વહાણોને એમનાં ભાગ્ય ઉપર મૂકીને ચાવડો આગળ ને આગળ ભાગ્યો.

પરંતુ આગળ પણ જોખમ માથું ઉપાડતું હતું. તેસરિયા સઢ ઉપર તોકની કરામત હવે કામ કરતી હતી. સામાવાળાનાં વહાણો ઉપર તોક ચડી ગઈ. વહાણના મોરા ઉપર કોઈ ગરુડની પાંખો ફડ-ફડતી હોય એવા સઢ ચડ્યા. ને એમાંથી બે વહાણો—ધીંગા પેટાળના, તરતા ગઢ જેવા બે બગલા—બેબે કલમી ને એક કૂવાથંભના એમ ત્રણ ત્રણ સઢ ને ત્રણ ત્રણ તોકનો બોજ આસાનાથી ઉપાડતાં બે ધીંગા વહાણો—તિરકસ ફંટાયાં.

હવે ચાવડા સંઘરના પેટમાં સાચે તેલ રેડાયું. એ બગલાની નેમ ઉઘાડી હતી—ચાવડાનાં વહાણોને આંતરવાની, ભાગતા સંધારોની સાથે સામે ચાલીને કડાભીડ કરીને ચાવડા સાથે જુદ્ધ વહોરવાની !

ચાવડો સંઘાર હવે જીવ ઉપર આવ્યો. ઉઘાડી દોડ થાય તો ચાવડાનાં બેચાર વહાણ કદાચ આગળ નીકળી જાય, પણ બાકીનાં ડૂબી જાય એમાં શક નહિ.

ચાવડાએ પાછળ નજર કરી.

એણે હાકલ દીધી : 'પિરોટન ! પિરોટન !'

કચ્છના અખાતમાં અત્યારે જ્યાં બેડ અને સિક્કાનાં બંદરો છે, ત્યાં આજે લગભગ નામશેષ બનેલો—કથાકાળે કોઈ પ્રચંડ અજગર આડો પડ્યો હોય એવો—પિરોટન છે. પિરોટન એટલે કાંઠા લગોલગથી શરૂ થઈને દરિયામાં લંબાતો રેતીનો ઢેર. એમાં વસતી ના હોય, ઝાડપાન ના હોય; માત્ર દરિયાની રેતી ખડકાઈ હોય.

પિરોટનની પાછળ ચાવડો સંઘાર ને એનાં શેષ રહેલાં વહાણો

પેસી ગયાં. વીસમાંથી દશ વહાણો તો ગારદ થયાં કે પકડાઈ ગયાં કે સળગી ગયાં કે નાશ પામ્યાં—એમનું તો જે થયું હોય એ ખરું ! ડંખ કપાયેલો વીંછી ધૂંધવાતો હોય ને દાઢ ભાંગ્યો નાગ ફૂંફાડા મારતો હોય એવો ચાવડો પિરોટનની પાછળ ભરાઈ ગયો.

પિરોટનના લાભ ચાવડાને તત્કાલ દેખાયા. પિરોટન એટલે રેતાળ ઢેર. વળી એના કંઠારનું ઠેકાણું નહિ. ક્યારેક એ નીચેના તળના ખડક ઉપર બંધાયો હોય. ક્યારેક પિરોટનની નીચે લાંબું લાંબું ઊંચુંનીચું પથ્થરનું તળ હોય. એમાં તો એક એક વહાણ દાખલ થઈ શકે. એમાં સંઘારો વહાણમાંથી સીધા રેતમાં કૂદી પડે ને રેતમાંથી વહાણ ઉપર ચડી આવે. એટલે દુશ્મનના વહાણને પિરોટનમાં જોખમ મોટું. એમાં એને ન પવન યારી આપે, એમાં ન વહાણવટ કારી કરે અને એમાં ન સઢ પણ મદદ કરે; કેમ કે પિરોટન બંધાયો હોય જ પવનની કોર ઉપર. જમીન ઉપરથી દરિયા ઉપર પવન આવે, ત્યારે એની સાથે સાથે એ કાંઠાની રેત લેતો આવે. રેતનો ધર્મ તો પવનમાં ઊડવાનો. ત્યારે દરિયામાં જ્યારે બારે માસ મોસમી પવન વહેતો હોય ત્યાં પિરોટન રચાય કેવી રીતે ?

જમીનમાં ક્યાંક ક્યાંક ભૌગોલિક રચના એવી હોય કે જંગલમાંથી ડુંગરની આડમાંથી ઊંચી કાંધી ઉપરથી દરિયામાં પવન આવે ત્યારે ક્યાંક એ અંતરાઈ જાય. એટલે વહેતા પવન અને સ્થિર હવાની સીમા ક્યાંક ક્યાંક બંધાઈ જાય. વહેતા પવનથી ઊડેલી રેતી આ સીમા ઉપર પડે તો ઊડે નહિ, એ ત્યાં જ પડી રહે ને કાળાંતરે એનો પિરોટન રચાય. એટલે જ્યાં પિરોટન જામે ત્યાં પવન ના હોય. અને પવન ના હોય એટલે ત્યાં અગનબાણ ચાલે નહિ. કેમ કે અગનબાણની અગન તો વહેતા પવનથી ફૂંકાતી રહે તો જ જીવતી રહે, નહિતર એ બુઝાઈ જાય.

આમ દુશ્મન સાથે આખરી મુકાબલો કરી લેવો હોય તો

દુશ્મનને લગભગ પોતાના જેટલો જ લાચાર હાલતમાં મૂકવામાં પિરોટન નબળા પક્ષને સબળ પક્ષ સાથે સરખેસરખો મુકાબલો કરાવી આપે: એવો દરિયાલાલનો આ દૈવી સહારો છે. પણ એ સહારો શરતી છે: શરત એ કે મુકાબલો કરવામાં એની ઓથ લેનારે મરવાને તૈયાર રહેવું જ જોઈએ. પિરોટન એને મરતાં ન રોકે–ન રોકી શકે. કેમ કે એ પણ પવન વગર, વહાણવટ વગર લાચાર જ બની જાય છે. માત્ર મરતાં મરતાં દુશ્મનને સાથે લઈ જવાય—એટલો એનો સહારો.

ચાવડા સંધાર જેવા સંધારને પિરોટનમાં ધકેલી દેનાર 'આરમાર પોતાને બરાબર મદદ મળતી રહે અને પિરોટનમાંથી કોઈ વહાણ બહાર સંચરી ના શકે એમ પિરોટનથી દૂર લંગર નાખીને પડી.

ચાવડાને એમ કે પોતે એકબે દિવસ પડ્યો રહેશે તો આરમાર પોતાની મેળે થાકીને ચાલતી થશે. પણ એને કયાં ખબર હતી કે એ આરમાર તો સંધારોની હજારો વર્ષની દરિયાઈ લૂંટફાટનું જીવતું જાગતું વેર થઈને આવી હતી? એને કયાં ખબર હતી કે એ આરમાર તો આજ મહિનાઓથી એના સગડ દબાવીને આવતી હતી? ને એને એ પણ કયાં ખબર હતી કે ચાવડાનાં વહાણોને અખાતના મોઢામાં પેસતાં એણે જોયાં હતાં, ને ત્યારથી એ અખાતનું મોઢું દબાવીને પડી હતી? એને કયાં ખબર હતી કે એ આરમાર એવા માણસની હતી, જેણે સંધારોનું નિકંદન કાઢવાની ભીષ્મપ્રતિજ્ઞા લીધી હતી? એને કયાં ખબર હતી કે શ્રીકૃષ્ણ ભગવાનની યાદવાસ્થલીના કાળથી માંડીને તે આજ સુધીની સંધારોની પરંપરાના સર્વનાશી અંતનો આરંભ એ આરમાર હતી? એ આરમાર હતી લાટના શંખની અને ખંભાતના સીદી સાદીકની.

વાત એવી હતી કે ચાવડા સંધારને તો ખ્યાલ પણ ન હતો કે દરિયાલાલની તવારીખે એક જબ્બર પલટો લીધો છે. એ બાપડાને હજીયે દરિયો એકલદોકલ વહાણની લૂંટ માટે ખોડી બામણીના ખેતર

જેવો જ દેખાતો હતો ! સંઘારોનાં માથાં ભાંગે એવા સાહસિક વેપારીઓ દેશપરદેશ સાથે વેપાર–રોજગાર કરવા માટે દરિયાનો મારગ ઉઘાડો કરવા અને હમેશને માટે ઉઘાડો રાખવા માગે છે, એ વાત એના જાણવામાં જ આવી ન હતી.

એને એ વાતનીયે ખબર નહોતી કે લાટદેશમાંથી ગુજરાતનાં ખુશ્કી લશ્કરી થાણાં ઉઠાડી મૂકીને હવે ત્યાં દખ્ખણમાંથી બીજી જ જાતના સોલંકીઓ આવ્યા છે. ને એ સોલંકીઓમાં પણ શંખ એટલે કે સંગ્રામસિંહ સોલંકી તો કોઈ જુદી માટીનો માનવી હતો. શંખ દરિયાને બરાબર જાણતો હતો—દરિયો જાણે એના કાનમાં વાતો કહી જતો. એ દરિયો ખેડતો. એ કાબેલ વહાણવટી હતો. અને +ખત્તા ને ખોના સાથે દરિયાઈ જુદ્ધો ને જુદ્ધોની કરામત એ તો એને માટે રોજિંદા વ્યવસાય જેવાં હતાં. એ શ્રીવિજયના* પાટધામ સિંહદ્વારમાં તો શંખનો જન્મ જ થયો હતો. બાપડા ચાવડાને ખ્યાલ ન હતો કે જેણે દરિયો આવો ગળથૂથીમાં પીધેલો છે, એવો દરિયાવીર, સંઘારે પોતાના માની લીધેલા દરિયાલાલને બારણે આવીને બેઠો હતો.

ચાવડા સંઘારને માટે ભાગ્યનો આ કારમો ઘા જાણે અધૂરો હોય એમ, ખંભાતમાં એક સીદી આવીને વેપાર કરવાને વસ્યો હતો. એ સીદીનો પૂર્વજ તો ગુજરાત ઉપર જ્યારે સોલંકીઓનો મધ્યાહ્ન તપતો હતો ત્યારે ખંભાતમાં આવ્યો હતો, અને વહાણોના બાંધકામ માટે મુલકમશહૂર બનનારી છીપા નારી લાછીનો જમણો હાથ બન્યો હતો.

---

+ ખત્તા એટલે ચીનદેશ. ખોના એટલે બ્રહ્મદેશ.

* શ્રીવિજય એટલે આજે જેને સિયામ ને મલાયા તરીકે ઓળખીએ છીએ એ દેશ. ત્યાં દક્ષિણના પાંડચોએ છેક ચોથી સદીથી રાજ્ય સ્થાપ્યું હતું. પાછળથી કલ્યાણના સોલંકીઓ પણ પાંડચોની સેવામાં ત્યાં ગયેલા. સિયામનો આજનો રાજવંશ એ કલ્યાણીના સોલંકીઓ ઉપરથી ઊતરી આવ્યો છે.

ખંભાતમાં એ અને એના અનુજો વહાણો બાંધતા હતા ત્યારે સોલંકીઓના સૂર્યને ગ્રહણ ઉપર ગ્રહણ નડવા લાગ્યાં. પરંતુ ગ્રહણ બધાને ખરાબ અસર કરે, ત્યારે કોઈકને એની અસર સારીયે થાય. જ્યોતિષ શાસ્ત્ર કહે છે કે દસપંદર હજાર જન્મકુંડળીઓમાં એક કુંડળી એવી હોય છે કે જેને ગ્રહણ રાજયોગ સમું ફળ આપે છે. કુમારપાળ સોલંકીના અવસાન પછી શરૂ થયેલી આ ગ્રહણપરંપરા આ સીદીને રાજયોગ સમી ફલદાયી નીવડી. ને કથાકાળે ખંભાતના નામધારી સોલંકી રાજવીની સામે એ સાચો હકીકતપ્રધાન રાજા ગણાયો.

લાટના શંખને દરિયાકાંઠો ઘેર કરવો હતો. એમાં એને સીદી સારો મદદગાર થયો. બેય જાનેજિગર ભાઈબંધ બની ગયા. ને ગુજરાતના ઇતિહાસની રૂખ પલટનાર આ દરિયાકાંઠાને પોતાનો કરીને ગુજરાતના ઇતિહાસની રૂખ ફરી એકવાર પલટાવવાની આ બેય જણાએ હામ ભીડી.

પરંતુ દરિયાલાલની દોલત પોતાની થાય, દરિયાલાલનો વેપાર-રોજગાર લાટ ને ખંભાતમાં ઊતરે એ આડે એક નડતર હતું—સંઘારોનું. સંઘારોનો જ્યાં સુધી સંહાર ન થાય, ત્યાં સુધી લાટનાં—ભરૂચ ને ખંભાતનાં—વહાણો એક તરફ સ્વાતિ, બીજી તરફ હોરમુજ, ત્રીજી તરફ બાલી ને ચોથી તરફ ખત્તા સુધી નિર્ભય રીતે ફરતાં થઈ શકે નહિ.

બહુ જ સાદી શોધ હતી શંખની. પરંતુ એ શોધ કરતાં દરિયાખેડુને એક નહિ, બે નહિ, પણ બે હજાર વરસ લાગ્યાં હતાં. એ શોધ એટલે દરિયામાં લૂંટ ચલાવવાથી જેટલી લક્ષ્મી મળે છે, એનાં કરતાં અનેકગણી વધારે લક્ષ્મી દરિયા મારફત વ્યાપાર કરવાથી મળે છે એ; માણસને મારી એને લૂંટી લેવાથી જેટલો લાભ થાય છે, એના કરતાં અનેકગણો લાભ એને જીવતો રાખીને એની સાથે વેપાર કરવાથી થાય છે એ.

એટલે શંખ અને સાદિકે મળીને દરિયાલાલની પીઠ ઉપરથી સંઘારનું બીજમાત્ર સાફ કરી નાખવાની પ્રતિજ્ઞા લીધી હતી.

સારાયે ગુજરાતમાં, સારાયે દક્ષિણાપથમાં અને સારાયે શ્રીવિજય-રાજ્યમાં શંખના નામથી ઓળખાતો સંગ્રામ સોલંકી એના કાળમાં ભારે કાબેલ વહાણવટી હતો. યવનાચાર્ય નામના એક સમર્થ ખગોળ-શાસ્ત્રીનું યવનજાતક એને કંઠસ્થ હતું. વહાણોની બાંધણી અને એક એક બાંધણીની એક એક ખાસિયતનો એ જાણકાર હતો. ગુજરાતમાં સોલંકીઓનો સૂરજ મહારાજા કુમારપાળના અવસાન પછી અસ્તા-ચલ તરફ નમતો થયો હતો. મહારાજા અજયપાળનું શાસન લાંબું ચાલ્યું હોત તો કદાચ એની અસ્તાચલ તરફની ગતિ થંભી ગઈ હોત; પરંતુ ગુજરાતના દુર્દૈવ વશાત્ અજયપાળનું અકાળ કમોત થયું. એમનાં રાજરાણીએ—ગોમાંતકના પરમર્દી રાજાની રાજકન્યા મહારાણી નાયકાદેવીએ—ઇતિહાસની એક પળ માટે આભને થોભ દીધો ખરો, પણ પછી તો સોલંકીનો સૂરજ ભારે વેગથી અસ્ત પામ્યો. રહી માત્ર સંધ્યાકાળની આભા. પછી તો એ આભાયે વીખરાઈ ગઈ ને રાત્રીયે આવી પહોંચી !

એ કાળે ભરૂચમાં–લાટમાં સોલંકીઓનો દુર્ગપાળ હતો શંખ એટલે કે સંગ્રામ સોલંકી. ને સમય સાધીને શંખે ગુજરાતનું આધિપત્ય દૂર કર્યું હતું, માળવાનું સ્વીકાર્યું હતું.

એનો પ્રાણથીયે પ્યારો મિત્ર હતો ખંભાતનો સીદી સાદીક. એ બન્નેએ મળીને દરિયાનો વેપાર ખીલવવા તજવીજો કરી. ને એ તજવીજમાં પહેલી તજવીજ હતી સંઘારોને નામશેષ કરવાની. જ્યાં સુધી ઓખામંડળ ને નાઘેરના કાંઠા ઉપર સંઘારાનો મોરચો હોય ત્યાં સુધી હોરમુજ, અરબ ને અજમ સાથેનો ભરૂચનો વેપાર જામી શકે નહીં, ચાલી શકે નહિ.

બાપડો ચાવડો સંઘાર! કાળની બદલાયેલી કરવટની એને

કશી ગતાગમ ન હતી. એને ભાન ન હતું કે ઇતિહાસમાં ભારે યુગપલટો આવી રહ્યો છે. સંધારોનો યુગ આથમે છે, ઠક્કરોનો ઊગે છે.

પિરોટનમાં જઈ બેઠેલો ચાવડો સંઘાર ધૂંધવાઈ રહ્યો હતો. પોતાના દરમાં કોઈ મહાભોરીંગ પછડાટા મારતો હોય, ફૂંફાડા મારતો હોય, એમ એ પિરોટન પાછળની નાળમાં ફૂંફાડા મારતો હતો.

એને નાસવું જ હોય તો તો એ પોતાનો જીવ બચાવીને કાંઠે ઊતરી જાય. પણ પછી એણે પોતાનાં વહાણોને માંડી વાળવાં પડે, પોતાના સાથીઓને માંડી વાળવા પડે, એટલું જ નહિ, આ તો ડોસી મરે એનો ભો નહોતો, જમ ઘર ભાળી જાય એની પીડા હતી! દુશ્મનો કોણ હતા એનો અંદાજ હવે આવી ગયો હતો. એ લોકો કાંઠા ઉપર વાંસોવાંસ ઊતરે તો? તો કદાચ પોતે ગાધવી બંદર પાછો પહોંચે પણ નહિ, અને કાંઠો સાવ ઊઘાડો થઈ જાય.

હવે એ જમીનમાર્ગે નાસી શકે નહિ. ને દરિયાનો મારગ તો નાસવા માટે ઉઘાડો રહ્યો જ નહોતો. પિરોટનનું નાકું રોકીને જ દુશ્મન એની રાહ જોતો હતો.

સાદીકે શંખને પિરોટનની પાછળ જઈને સંઘારનો નાશ કરવાની સલાહ આપી. પણ વહાણવટનો જાણકાર શંખ કોઈની અવળી સલાહ માને એમ ના હતો.

શા માટે આપણાં વહાણોને જોખમમાં મૂકવાં? શા માટે આપણા માણસોને કપાવવા? એને બીજો રસ્તો જ ક્યાં છે? નાગ દરમાં છે ને દરનું મોઢું આપણે બંધ કર્યું છે, એટલે વહેલાં કે મોડા ભૂખે-દુઃખે, પાણીની તાણે પણ ચાવડાને માટે રસ્તા બે જ: કાં તો એ કાંઠે ઊતરે, ને કાંઠે ઊતરે તો એનો એક પણ માણસ બચે નહીં કે એનું એક વહાણ પણ જીવતું જાય નહિ; અને કાં તો એ પિરોટનની બહાર નીકળે. એમ થાય તોય એનો એક પણ માણસ

જીવતો ના જાય ને એકે વહાણ સલામત ના જાય. પછી આપણે ઉતાવળ શાની ? પડ આપણું છે, તો નાહકના ઝનૂને ચડેલાની સામે શા માટે જવું ?

એટલે શંખ સોલંકી પોતાના વહાણ કે માણસનું નકામું જોખમ વહોરવાને બદલે પિરોટનનું બારું દબાવીને બેસી ગયો. આજ નહિ તો કાલ, કાલ નહિ તો પરમ, ને પરમ નહિ તો પછીને દહાડે પણ ચાવડાને બહાર નીકળવું પડવાનું જ છે.

જ્યારે પિરોટનની પાછળ ભરાયેલા ચાવડાને શંખના આ નિરધારની ઝાંખી થઈ ત્યારે એના પ્રકોપથી જાણે આકાશ ને ધરતી બેય લાલ લાલ રંગાઈ ગયાં. એને ઊંડે ઊંડે આશા હતી કે સંધારોની થયેલી ખુવારીથી સંતોષ પામીને, કંટાળીને, છેવટે શંખ સોલંકી પાછો જશે—એનેય બીજાં કામકાજ હશે જ ને !

પણ પિરોટનની રેતી ઉપર માથે તપતા સૂરજ ને નીચે બળતી રેતીમાં બેઠેલા સંધારોને ને ચાવડાને પોતાનેય હવે સમજાયું કે શંખને બીજું કાંઈ કામકાજ છે જ નહિ ! ત્યારે ચાવડાએ શંખને ને શંખની સાત પેઢીને ગાળો દીધી, કુદરતને ગાળો દીધી, આશાપુરાની અનેકાનેક બાધાઓ લીધી; એકવાર આમાંથી મારગ નીકળી જાય— આશાપુરાની દયાથી—તો પછી શંખને બતાવી દેવાની પણ એણે પ્રતિજ્ઞા લીધી; તો પછી શંખને ને સીદીને જીવતા બાળવાની, ભરૂચ ને ખંભાતને લૂંટવાની પ્રતિજ્ઞાઓ પણ કરી.

ઘણું ઘણું એ બોલ્યો, ઘણું ઘણું ખીજ્યો, ઘણી ઘણી એણે જાણીતાં ને નહિ જાણીતાં દેવ-દેવીઓને અને દરિયાલાલને વિનવણી કરી, પરંતુ એમાં કશું ન વળ્યું.

એ ચિંતા અને ક્રોધમાં ગરકાવ હતો ત્યાં એના કાને એક અવાજ અથડાયો : ‘ હું મારગ ચીંધું, પણ મારી શરત આકરી છે ! ’

પૂંછડી દબાતાં જેમ નાગ ફૂંફાડા મારે એમ ચાવડો સંઘાર એકદમ પાછો ફર્યો; એની ઝેરીલી આંખો જગડૂ ઉપર ઠરી રહી.

'તું જ !...આ બધાં કાળાં કરમનો કરનારો તું જ છે! આ બધા માટે તું જ જવાબદાર છે!...તને...તને...તને...હમણાં તો હું સાવ ભૂલી ગયો હતો...પણ તેં ઠીક યાદ આપ્યું. માલમ!...અરે માલમ! ...માલમ ક્યાં મૂઓ ?' ચાવડો આવેશમાં ગાજી ઊઠ્યો.

માલમ દોડતો આવ્યો. સંઘારે ગુસ્સામાં આજ્ઞા કરી: 'આને... આને—આપણી તમામ આફતના આ મૂળને—જીવતો ને જીવતો દાટી દો—અત્યારે ને આ ઘડીએ!'

'હસ્તો.' જગડૂએ ઠંડે કલેજે કહ્યું: 'હાસ્તો. પણ તમને કોઈ ને તો દાટનાર પણ નહિ મળે. પછી તો ગીધડાંને ભારે ઉજાણી થશે!'

'તું...તું...તું...તું...'

'હું રસ્તો બતાવી શકું એમ છું—તમારે આબરૂથી જીવવું હોય તો. પછી જોઈ લેજો કે આખા મુલકમાં શેષ સોલંકીની કેવી મશ્કરી થાય છે! એની કેવી બેઈજ્જતી થાય છે!'

'તું...તું...આમાંથી રસ્તો બતાવી શકે એમ છે? તો બોલી નાંખ! ઝટ બોલી નાખ!'

જગડૂએ માથું ધુણાવ્યું: 'મારી શરત પહેલાં પાળવાની.'

'શરત ? મારી સાથે શરત કરનારો તું કોણ ? ચાલ બોલી નાખ ઝટ. બોલે છે કે નહિ ? માલમ, સાટકો લાવ!'

'અરે ચાવડા! હજીય ના સમજ્યો ? તારા સાહસનો મને ભય લાગશે, એમ તું માને છે? છતાં હજીયે હોંશ રહી જતી હોય તો હું આ ઊભો! અજમાવી લે!'

ચાવડો હોઠ પીસીને જોઈ રહ્યો—આખા દરિયાલાલમાં જેના

નામની હાક વાગે એવો પોતે, અને સામે ઊભો હતો સત્તર વરસનો પાતળિયો છોકરો ! ક્યાં સુધી એ જગડૂ સામે તાકી જ રહ્યો. પછી એણે સાટકો નીચે નાંખ્યો અને કહ્યું : ' શું છે તારી શરત ? '

' મારી શરત નથી, શરતો છે ! '

' બોલી નાંખ, જે હોય તે ! '

' મને તમારે એક વહાણ દેવું, ખોરાક–પાણી દેવાં, વહાણ જોગા ખારવા દેવા, અને એક હજાર સોનૈયા રોકડા દેવા. '

' હા......આ......આ...આ......હા...આ......! ' ચાવડાએ કહ્યુ : ' સોનૈયા...તને...દેવા ? અલ્યા, સંઘાર તે સોનૈયા લે કે દે ? ...'

' તો પછી જેવી તમારી મરજી. '

' માલમ ! ' ચાવડાએ કહ્યું : ' આને અને એના સાથીઓને રેતીમાં દાટી દે ! પછી ચાલો, બધા કેસરિયાં કરો, અને દુસ્મન ઉપર તૂટી પડો ! '

' અને એક ઘડીમાં જ બધાંય વહાણુ ને બધાય ખારવા દરિયાને તળિયે જઈને બેસો ! ' જગડૂએ ઉમેર્યું.

' તું...તું...ચૂપ રહે !...તું જ અપશુકનિયાળ છો ! તું હાથ આવ્યો ત્યારે જ મેં તને પૂરો કેમ ન કર્યો, એનો મને અફસોસ થાય છે ! પણ ક્યારેક મારા મનમાં દયા આવી જાય છે ને એવી દયા ડાકણને ખાય છે ! '

ચાવડો હોઠ પીસીને પોતાના થોભિયામાં હાથ પસવારતો રહ્યો. એણે કાંઠા સામે જોયું. કાંઠો દૂર દૂર નાળોથી ભંગાયેલો ને છૂટા-છવાયા માછીમારોથી વસેલો હતો. મોટો અજગર મારગ રોકીને પડ્યો હોય એમ પિરોટનના બારા આગળ શંખની આરમાર જાગતી પડી હતી.

ના. આમાંથી ક્યાંક કહેતાં ક્યાંય જવાનો કોઈ કરતાં કોઈ મારગ ન હતો. પણ ત્યારે આ વાણિયાનો છોકરો તો કહે છે કે હું તમને મારગ બતાવું !...અને ચાવડો એકદમ પાછો ફર્યો અને બોલ્યો : ‘ તારી શરતો કબૂલ ! મારગ બતાવ.’

‘ મારી શરતો તમને બરાબર યાદ તો છે ને ? એક વહાણ, વહાણમાં ખોરાક–પાણી, વહાણ જોગ ખારવા, એક હજાર સોનૈયા...’ જગડૂએ સાફ સાફ વાત કરી.

‘ હા...હા...કબૂલ. પણ હવે ઝટ મારગ બતાવ ! ’

જગડૂએ કહ્યું : ‘ એમ નહિ મારા ભાઈ ! તમે ઘણા ઝનૂની માણસ છો, અને બહુ ટૂંકી યાદગીરીવાળા છો. તમારા સાથીઓની સામે તમે આ શરતો પાળવાના આશાપુરાના સોગન લો, પછી તમને મારગ બતાવું. અરે ચાવડા ! તમને ક્યાં ખબર નથી ?—વાણિયા વગર તો રાજા રાવણનું રાજ ગયું રાજ ! ’

'**ચાલો** મારી સાથે.' આશાપુરાના આકરા સોગન લીધા પછી ચાવડો જગડૂ સામે જોઈ રહ્યો. મશ્કરી, ઉપાલંભ, રોષ તમામ એનાં શમી ગયાં હતાં. એ નરી ઈન્તેજારીની મૂરત બની ગયો હતો.

'પહેલાં મારી સાંકળો છોડો, પછી મને નહાઈ ધોઈને સાફ થવા દો. પછી મને તમારામાંથી કોઈકનાં પહેરવાનાં કપડાં આપો.'

એક ઘડી પછી જગડૂ ને એના ત્રણે ભાઈબંધો નહાઈ ધોઈ સાફ થઈને, સૂઝતાં કપડાં પહેરીને કાંઈક માણસના નૂરમાં આવ્યા. થોડીવાર સુધી તેઓ એકબીજાને સહારો આપીને આમ તેમ ચાલીને પોતાના પગ મોકળા કરી રહ્યા. આ બધો વખત નરી આતુરતાથી પીડાઈ રહેલા ચાવડાએ તો કેવળ નાચવાનું જ બાકી રાખ્યું.

એક હોડીમાં બે સંઘારો હલેસાં મારતા બેઠા. ચાવડાએ સુકાન લીધું. મોરા ઉપર જગડૂ બેઠો.

'પિરોટનની કાંધી ઉપર હંકારો!' જગડૂએ કહ્યું.

રેતીના ઢેરની ધારે ધારે હોડી ચાલી રહી. જગડૂની આંખો ક્યારની એક જ જગ્યા ઉપર ચોંટી હતી. હોડી એ જગ્યાએ આવીને ઊભી રહી, એટલે જગડૂએ કહ્યું: 'આ છે તમારો મારગ!'

કંઠારમાંથી આવતી નાળ ત્યાં પૂરી થતી હતી. ને એની મૂછ ઉપર

ચેરિયાં ઊગ્યાં હતાં. ત્યાંથી પિરોટનનો તિરકસ બંધ શરૂ થતો હતો.

ચાવડાના રોષને હવે માઝા ન રહી. આંહીં ક્યાંય રસ્તો નહોતો; આંહીં તો ફક્ત જમીન ને રેતી ને ચેરિયાંનું જંગલ જ હતું!

'મશ્કરી? મારી મશ્કરી? મારાં વહાણોને તે પાંખો છે કે આંહીંથી ચાલે?' ચાવડો ઊકળી ઊઠ્યો.

ક્રોધ અને નિરાશાથી તપેલા તાંબા જેવા બનેલા એના મોં સામે સ્વસ્થતાથી જોઈને જગડૂએ કહ્યું: 'બાપ! સંઘાર કીધો એટલે થઈ રહ્યું! હજાર વરસથી દરિયો ખેડે છે, છતાં અક્કલ તો ઓછી જ રહી! આંહીં આટલા માછીમારો છે, આટલા તમારા માણસો છે, પછી તમારાં વહાણો માટે મારગ કાપતાં વાર કેટલી લાગશે?'

'મારગ કાપતાં?...કાપતાં!...કાપતાં!' જાણે કોઈએ ગાલ ઉપર તમાચો માર્યો હોય એમ વાતનો મર્મ સમજાતાં ચાવડાના અંગે-અંગમાં ઝણઝણાટી આવી ગઈ. એ આ ઊગતા જુવાન સામે જોઈ રહ્યો...બસ જોઈ જ રહ્યો...

'એક વાત કહું ચાવડા!' જગડૂએ કહ્યું, 'જરા સંભાળી-સમજીને કામ કરજો!'

'એટલે? મારગ ખોદવો તે ખોદી નાંખવો! આમાં વળી સંભાળવાનું શું ને સમજવાનું શું?'

'જો બહારનાને અંદેશો આવશે તો તમારુંય કામ બગડી જશે ને મારુંય કામ બગડી જશે. માટે તમે બહાર નીકળવાની તૈયારી કરતા હો એવો દેખાવ એની સામે કરજો!'

ચાવડો સાંભળી રહ્યો, થોડીવાર જગડૂ સામે જોઈ રહ્યો: 'તું સંઘાર હોત તો આજ મારું આસન તને ખાલી કરી દેત!'

હોડીમાં સહુ પાછા આવ્યા.

ચાવડાએ માલમને બોલાવીને સૂચના આપી. બે સંઘાર વહાણો મોરા ફેરવીને પિરોટનના નાકા તરફ નીકળ્યાં, હરીફરી રહ્યાં, પાછાં આવ્યાં, આગળ ગયાં.

શંખ મૂછમાં મરકી રહ્યો : 'સંધારો સળવળતા લાગે છે ખરા! બાપડા પડ્યા પડ્યા કેટલા દિવસ રહે? વહેલા કે મોડા પણ બહાર નીકળ્યે જ છૂટકો! આ બે વહાણો દેખાયાં, પાછાં ગયાં; આપણે સાવ નજીક! હવે એમ કરો : એને જરાક પટ આપો, એક વાર બહાર નીકળવા દો; પવન આપણો છે, એનો નથી.'

એટલે શંખનાં વહાણો પિરોટનની પાછલી ઓથમાં એવી રીતે જરા વધારે દબાયાં, કે અંદરથી આવતાં વહાણો તરત નજરમાં આવે ને નજરમાં આવે ત્યારે પાછા ફરવાનું મોડું થાય.

શંખ રાહ જોતો રહ્યો : એક દિવસ...બે દિવસ...ત્રણ દિવસ.... પણ ફરીને સંધારનાં વહાણુ નાકે દેખાયાં જ નહિ. એટલે સીદીએ શંકા બતાવી : 'માળું, સંઘાર સળવળતા તો નથી! ક્યાંક...'

'હવે ક્યાંક શું ને બ્યાંક શું?' શંખે કહ્યું, 'પિરોટનમાંથી કદી કોઈ ચકલુંય બહાર ફરકી શક્યું છે ખરું? હોડી સરખીયે બહાર જઈ શકે ખરી? સંઘાર અંદર પડ્યા પડ્યા હવે એકબીજા સાથે ઝઘડતા હશે.'

'ક્યાંક હાથતાલી તો નહિ આપે ને?'

'રામ રામ કરો શેઠ, રામ રામ કરો! જીતમાં સહુ ભાગ માગવા આવે; હારમાં કોઈ ભાગ ન માગે. એટલે હવે એ બધા માંહોમાંહે એકબીજાનો વાંક કાઢવામાં પડ્યા હશે! બાકી એને બહાર નીકળ્યા વગર તો છૂટકો જ નથી—આજે નહિ તો કાલે!'

પણ સંઘારો તો કાલેય બહાર ન આવ્યા, ને પરમ દિવસેય બહાર ના આવ્યા!

હવે તો શંખનેય મનમાં વિમાસણ થવા માંડી. આખરે થાકીને એણે એક વહાણ અંદર મોકલવાને માટે શણગાર્યું : હથિયારપડિયાર વગેરેથી સજ્જ, ખારવાઓથી લચોલચ.

અંદર જઈને જોયું તો પિરોટન સાવ ખાલી હતો ! અંદર એક પણ સંઘાર ન હતો, એક પણ વહાણ ન હતું; અરે, એ સ્થાને કોઈ સંઘાર કદી આવી ગયો હોય એવું કોઈ એંધાણ પણ નહોતું !

સંઘારો જાણે અંતરિક્ષમાં અલોપ થઈ ગયા હતા ! જાણે વહાણ સાથે સીધેસીધા આભમાં ઊડી ગયા ! શંખ અને સીદીના ચહેરા, કાપો તો લોહી ના નીકળે એવા બની ગયા. બેય અચંબામાં એક-બીજાની સામે જોઈ રહ્યા. ખારવેખારવા સામસામે જોઈ રહ્યા. ઘડીભર તો જાણે સહુની વાચા જ હરાઈ ગઈ !

આની પાછળ વહાણો જતાં એમણે જાતે જોયાં હતાં. આમાંથી વહાણને બહાર નીકળવાનો બીજો માર્ગ ન હતો; માત્ર એક જ માર્ગ હતો; એને તો એ આંતરીને ઊભા હતા. ત્યારે સંઘારો ગયા ક્યાં ?

સંઘારો પોહિત્રાના બેટના અંદરના ભાગે થઈને દ્વારકાને વળીને ગાધવી બંદર તરફ જઈ રહ્યા હતા. ને એ વહાણો ઉપર ચાર ભાઈ-બંધો ક્યારેક સુકાન સંભાળતા તો ક્યારેક સઢ તાણતા તો ક્યારેક આલાદ ખેંચતા આમતેમ હરતાફરતા હતા. હવે કોઈ સંઘાર એમની સામે આંખ ઊંચી કરી શકે એમ ન હતો. હવે એમને મા આશા-પુરાનાં રામરખવાળાં હતાં.

સંઘારે દરિયો તો ખૂબ ખેડ્યો હતો, પણ એણે રણ જોયું ન હતું, ને જગડૂ રણનો જાણકાર હતો. ' કળ્યો કોયડો કોડીનો ' એ રીતે જગડૂને આ વાતનો ઉકેલ સૂઝ્યો હતો.

રેતી ને જમીન જ્યાં મળે ત્યાં રેતી જેટલી ઉપર ઠરે છે એટલી નીચે નથી જામતી. ને એમાંય જમીન ઉપરના ચેરિયાંઓએ પિરોટન-

માંથી બહાર નીકળવાનો મારગ કેવળ ઢાંકી જ રાખ્યો હતો. નાળની મૂછ જેવી ખોદાઈ કે તરત આખી નાળ એમને માટે ઉઘાડી થઈ ગઈ. ને નાળમાત્રનો એક કાયદો : દરિયાનો એક અફર આચાર : નાળમાં ભરતી ચઢે એક મોઢામાંથી તે ભરતી ઊતરે બીજા મોઢામાંથી.

પિરોટનની રેતીનો ઢેર હવે સંઘારોને આશીર્વાદ સમો થઈ પડ્યો. શંખની આરમાર જોઈ શકે તે પહેલાં તો સંઘારો ઠેઠ પિરોટનની સીમ સુધી પહોંચી ગયા. હવે એમને પવન વહેલો મળે, ભરતી વહેલી મળે. અને સમો પવન હોય ને સમી ભરતી હોય તો જાણે તીર છૂટયું હોય એમ વહાણ ચાલે.

શંખ અને સીદીને જ્યારે સંઘારોનો નાસવાનો રસ્તો યાદ આવ્યો ત્યારે તો સંઘારો પોહિત્રાના બેટડાઓની વચમાં આવી ગયા હતા. ને પોહિત્રાના નાનામોટા સેંકડો બેટ–બેટડા વચ્ચેથી મારગ પારખવા માટે તો કોઈક સંઘાર નારીને પેટ અવતાર લેવો જોઈએ ! એને ટાળીને આગળ વધવાને માટે શંખનાં વહાણોને કચ્છના કાંઠા તરફ વધારે ઝોક રાખવી પડે, એટલે સંઘારોનો પીછો પકડવાનેય જાણે સંઘારોથી સાવ સામી દિશામાં જ જવું પડે !

હવે શંખની વહાણવટી તરીકેની કસોટી શરૂ થતી હતી. હવે શંખને ભરૂચ ને ખંભાત સુધી પહોંચવામાં વચમાં ઉઘાડા દરિયામાં સંઘારો આવતા હતા. એકલાં નાસી છૂટેલાં સંઘાર વહાણો જ નહિ, સંઘારોનું મથક—જગતમાત્રનું, સાત સાગરની સંઘારવટનું મહાધામ —ગાધવી વચમાં આવતું હતું. ગાધવી અને ચાવડા સંઘાર એ બે જો જુદાં પડે તો તો બેયનો નાશ થઈ શકે. પણ ગાધવી ઉપર મંડાણ માંડીને બેઠેલા ચાવડા સંઘારનો મુકાબલો કરવો એ તો શંખ ને સીદીની તમામ તાકાત અને અક્કલનો તાગ માગી લે એવું કામ હતું.

દરમિયાન ઓખામઢીને બગલમાં લઈ ને, દરિયામાંથી દ્વારકાધીશનાં દર્શન કરીને, સંઘારો સપાટાબંધ ગાધવી તરફ આગળ વધી રહ્યા

હતા. હવે ચાવડો જાણતો હતો કે ભરૂચ ને ખંભાત નીચેવાસ છે, અને શંખ ઉપરવાસ છે. વચમાં ગાધવી છે ને પોતે છે. ને એના ઘવાયેલા અભિમાનના દીપક ઉપર વેરનો કાળો ધૂમ ઘૂમરાવા લાગ્યો છે.

'હાજો હંકાર! હાજો હંકાર!......' એનો એક જ સાદ ગાજતો રહેતો, 'સઢ ચઢાવો, તોક ચઢાવો, કલમી ચઢાવો, નબળાં વહાણોને આગળ કરો, ઝટ ગાધવી ભેગા થાઓ!'

સંધારોને પણ જાણે લોહીની ગંધ આવી હતી. ન એ ગંધમાં એમને જગડૂની ગંધ મીઠી લાગતી હતી. કંથકોટ એમની યાદગીરીમાં અત્યારે ક્યાંય પાતાળમાં ચંપાઈ ગયું હતું. પિરોટન કમળની જેમ એમના ખદબદતા મનની ઉપર તરતું હતું. જગડૂ હવે શાણો વાણિયાનો દીકરો બન્યો હતો—જેના વગર રાજા રાવણનાંયે રાજ્ય ગયાં હતાં ને ચાવડાનાં જવા બેઠાં હતાં, જવાને તૈયાર થઈ ચૂક્યાં હતાં.

પિરોટનની નાળમાંથી સંધાર વહાણો બહાર નીકળતાં ત્યારે એમને સઢ કામના ન હતા. એકેએક વહાણને હલેસાં મારી મારીને હંકારવાનું હતું, ને એકેએક સંધાર હલેસાં મારવામાં લાગી ગયો હતો. ખુદ ચાવડો પોતે પણ હાથ ફેરવવાને કોઈકની જગાએ બેસી જતો!

વહાણના સથ્થા ઉપર બેસીને જગડૂને એ પણ જોવાનું મળ્યું.

અને આખરે ગાધવી બંદર આવ્યું.

જ્યાં એકવાર ભગવાન વાલ્મિકીએ તપ માંડ્યું કહેવાય છે એ વરતુ નદીને કાંઠે ગાધવી બંદર આવ્યું છે. એ ગાધવી અનાદિકાળથી અસુરો ને સંધારોનો વાસ મનાયું છે. એ ગાધવીમાં રહીને પુરાણોએ નામચીન બનાવેલો મુર અસુર ગોપીઓનાં હરણ કરીને એમને અસુર દેશમાં ચડાવતો હતો.

એ ગાધવી અનાદિ કાળથી અનેક તાંત્રિક વાતો સાથે સંકળાયેલું

હતું. ત્યાં બેસીને કાલમુખ આચાર્ય અઘોરનાથે ભયંકર તપ કર્યું હતું, કાળભૈરવની સાધના કરી હતી, ને ત્રિપુરસુંદરીની સ્થાપના કરી હતી.

એ ત્રિપુરસુંદરી કાળાંતરે આશાપુરા થયાં, કાળાન્તરે હર્ષદમાતા થયાં. સંધારોનાં એ કુળદેવી, ઇતિહાસના આદિકાળમાં, વરતુ નદીને કાંઠે, બરડાની છેક દરિયાને મળી જતી ડુંગરધારને માથે ભપકાથી બિરાજ્યાં હતાં. સંધારોના વિજયકાળે એમને દુશ્મનોના નરમાંસના બલિ ચડતા. પરાજયને ટાણે એમને પશુઓના ભોગ ચડતા. સંધારોની કોઈ પણ નાનીમોટી વાત ભોગ અને બલિ વગર અધૂરી જ ગણાતી.

એ ગાધવી બંદરમાં હજારો વર્ષમાં એકવાર શિષ્ટ સંસ્કૃતિએ જરા ડોકિયું કર્યું હતું. વિક્રમ સંવતના આરંભનાં વરસોમાં સોમ-નાથમાં કનકસેન ચાવડો નામે રાજા થયો. ને ત્યારે ગાધવીના સંધાર-સંઘશિરોમણિ કાળા નાગને એક પુત્રી હતી સોહિણી નામે.

કનકસેન ને સોહિણીનાં લગ્ન થયાં હતાં. થોડા સમયને માટે ગાધવીમાં ચાવડાનું શાસન આવી ગયું. પરંતુ ચાવડા અને સંધારનો સંઘ લાંબો ના ચાલ્યો. ને જેટલો ચાલ્યો એમાંય ચાવડાઓએ વધારે ખોયું. એને કારણે ચાવડાઓ દરિયામાં લૂંટ કરતા શીખ્યા, દારૂ પીતા શીખ્યા; ને આખરે સંધારોમાં દટાઈ ગયા.

અને શેષ સ્મૃતિ આટલી જ રહી : સંધારોનો સંઘનાયક એ ચાવડો સંધાર કહેવાય એટલું જ.

ગાધવી બંદરની નાળમાં ને વરતુ નદીના મુખમાં વહાણો જેવાં નાંગર્યાં તેવો જ ચાવડો સંધાર જગડૂને પોતાને ત્યાં લઈ ગયો. અને ત્યાં ચાવડી રાણીને એની મહેમાનગતિ કરવાનું સોંપીને ચાવડો સંધાર ચાલી નીકળ્યો. નીકળતાં પહેલાં એણે જગડૂને વાયદો આપ્યો :

‘ મારી શરત હું બરાબર પાળીશ. હમણાં પંદર દિવસ તું મારો મહેમાન બનીને રહે. પંદર દિવસ પછી તને વહાણ મળશે, વહાણમાં

ખોરાક પાણીનું ભરત મળશે, પાંચ કાબેલ ખારવા મળશે, હજાર સોનૈયા રોકડા મળશે. આ હું તને મા આશાપુરા, જે મારી ને તારી વાત સાંભળે છે ને જે તમામ વાતો જાણે છે, એની સાખે કહું છું. પંદર દિવસ સુધી તું મારો મહેમાન. હવેથી તું મારો ભાઈબંધ. મારી રાણી તારી મહેમાનદારી કરશે, સંઘારસંઘ આખો તારી મહેમાનદારી કરશે. તને જે આપવાનું છે એ પંદર દિવસ પછી તને મળી જશે: હું આપીશ, નહિ તો મારી રાણી આપશે.'

× × × ×

ભાઈબંધોએ પંદર દિવસ હરવાફરવામાં, ખાવાપીવામાં ગાળ્યા, હોડીઓ લઈને ઘૂમવામાં કાઢચા. ક્યાંય કોઈ એમનો મારગ રોકતું નહીં. ચાવડા સંઘારનો ચાડિયો બધે ફરી ગયો હોય એમ એ માનવંત મહેમાનો તરીકે મન ફાવે ત્યાં ફરતા.

એમણે બરડો જોયો, વરતુનાં વહેણ ઠેઠ વલ્મીકપુર સુધી જોયાં, વલ્મીકપુરથી કુંદનપુરનો મોટો જાત્રામારગ પણ જોયો.

કંથકોટની વાતોમાં, પોતાનાં માબાપ શું કરતાં હશે એની કલ્પનામાં, ચાવડો સંઘાર ક્યાં ગયો હશે એના તર્કમાં એમણે પોતાના દિવસો ગાળ્યા.

એક દિવસ બંદર કાંઠે જબરો કોલાહલ સંભળાયો. ઊંચા ઊંચા નાદ જાણે આભના ઘુંમટમાંથી ઘૂમરાઈને પાછા વળતા હતા.

તેઓ બંદરકાંઠે દોડી ગયા. બંદરકાંઠે એમણે સંઘરોનું ગાંડું બનેલું ટોળું જોયું. ટોળામાંથી માર્ગ કરીને એ આગળ ગયા.

એમણે જોયું કે આગળ નાળમાં સંઘારનાં વહાણો નાંગરતાં હતાં. ને ચાવડો સંઘાર પોતે એક ઊંચા, હાડેતા, અબનૂસના લાકડામાંથી કોરી કાઢચો હોય એવા, કાળી ચામડી ને જાડા હોઠવાળા કેદીને સાંકળે બાંધીને ઊભો હતો!

'જગડૂ ! વાણિયા ! એ વાણિયા ! આંહીં આવ દોસ્ત, આંહીં આવ !' ચાવડાએ સાદ દીધો.

જગડૂ નજીક ગયો એટલે બધા સાંભળે એમ ચાવડાએ કહ્યું : 'અરે શાહ ! આને ઓળખે છે ? નથી ઓળખતો ? એ છે ખંભાતનો સીદી સાદીક. ઓળખ્યો એને ? પિરોટનવાળો ! ભરૂચના શંખ સોલંકીનો ભાઈબંધ ! સંઘારોનો ઉચ્છેદ કરવાની પ્રતિજ્ઞાવાળો !...એ જ ખંભાતનો શાહ સોદાગર સીદી સાદીક...'

ત્રણ પેઢીથી ખંભાતમાં વેપાર કરતા આ યવનધર્મી સોદાગરના નામથી તો દૂર દૂરના વેપારીઓ ને વેપારીઓના કુટુંબીજનો પણ માહેર હતા. સીદી જગતશેઠ ન હતો, કેમ કે જગતશેઠ હોવાનો એણે કદી દાવો કર્યો ન હતો. પરંતુ ઉત્તર અને દખ્ખણમાં આજકાલ જે વિચિત્ર રીતોથી ભરેલી અને અનેક અંધાધૂંધીઓથી ભરેલી વ્યવસ્થા ચાલતી હતી, તેમાં એક આ સાદીક જ એવો માનવી હતો, જેનો વેપારી બોલ તુરકાણ હિન્દ અને રજપૂત હિન્દ ઉભયમાં પ્રમાણભૂત ગણાતો હતો. એ ધર્મે મુસલમાન હતો, પણ એને ત્યાં જૈન વસહિઓનાં, હિન્દુ ધર્મસ્થાનકોનાં, નાસભાગ કરતા રજપૂત રાજદરબારીઓનાં નાણાં જમે પડ્યાં રહેતાં. લોકવાયકા તો એવી પણ હતી કે જોઈએ ત્યારે કાળી રાતે પણ એ નાણાં પાછાં મળતાં.

આ સીદીને માટે એક બીજી પણ લોકવાયકા હતી અને એ ચારેકોર જાણીતી હતી : સિકંદર-સાની અલાઉદ્દીનના સાળા સૂબા અલુખાને સીદીને પોતાની પાસે પકડાવી મંગાવીને એની પાસેથી હિન્દુઓની થાપણો માગી હતી. સીદીએ જવાબ આપ્યો હતો કે : 'સરકાર, મારું ઈમાન એ મારી પાંચ નમાજ ને ખુદાની બંદગીમાં છે. મારો મજહબ એક જ છે. મને યકીન છે કે અગર જે લોકોએ મારા ઉપર વિશ્વાસ રાખ્યો છે એમના વિશ્વાસને હું દગલબાજ બનું તો હું શયતાન ગણાઉં. એવા કામમાં મારો ખુદા ખુશ ના રહે. એ

કામ મારી પાસે કરાવવામાં આપનો ખુદા પણ રાજી નહિ રહે!'

ધાકધમકીઓ તમામ સીદી માથે અજમાવવામાં આવી હતી ને એ બધી નાકામિયાબ નીવડી હતી. એણે સાફ સાફ કહ્યું હતું કે 'સુલતાન મારું ઈમાન નહિ લઈ શકે, જોઈએ તો મારું માથું આપી દઉં!'

આવો હતો આ સીદી વેપારી. ને આવી હતી એની નામના.

એ પૂરો પાંચ હાથ ઊંચો હતો. એની કાયા કાળા રંગના સીસમના લાકડામાંથી કોરી કાઢી હોય એવી હતી. એનો એક દાંત જરા બહાર નીકળતો હતો. એના કાન પાછળથી સાવ બેવડાઈ ગયા હતા. ભલભલી ફત્તેહમારી કે ધીંગારીંગા બગલાના ફરકતા સઢ એકલે હાથે એ ફેરવી શકતો; એટલી એની તાકાત ગણાતી.

એવો હતો સીદી સાદીક, ખંભાતનો મુસલમાન સીદી વેપારી ને કોટવાલમાંથી રાજા બનેલા ભરૂચના શંખ સોલંકીનો ભાઈબંધ.

એની સામે જગડૂ તો સાવ બાળક લાગે—કોઈ તોતીંગ લીંબડાના ઝાડને જાણે ગળો વળગી હોય એવો!

જગડૂની આંખો એની આંખો ઉપર ઠરી. એ આંખો મોટી લીંબુની ફાડ જેવી—દરિયો ખેડનાર ખારવાની હોય છે એવી વાદળી છાંટવાળી અને સદંતર નિર્ભય! એને સાંકળે બાંધ્યો હતો. પરંતુ એની આંખો જોયા પછી એ સાંકળ એને કલંક જેવી નહીં પણ ખુમારીની શોભા જેવી શોભતી હતી.

ચાવડો ભયંકર અને કર્કશ હાસ્ય કરી બોલ્યો: 'એમાં જુઓ છો શું? એ જ પોતે સીદી! બાપડાની ઘણા વખતથી હોંશ હતી ગાધવીના કાંઠા ઉપર ઊભવાની! આજ એની એ હોંશ પૂરી થઈ!'

પછી ચાવડો સીદી તરફ જોઈને બોલ્યો: 'જોઈ લે સીદી, જોઈ લે. તને એકને જ વહાણવટું આવડે છે ને બીજાને નથી આવડતું એ

ગુમાનમાં હવે ના રહેતો ! આજે આંહીં તું જેમ ઊભો છે એમ તારે મને ઊભો રાખવો હતો, અને હું અત્યારે જેમ ઊભો છું તેમ તારે ઊભું રહેવું હતું...તેં દાવ તો ઘણા ખેલ્યા, પેંતરાયે બહુ અજમાવ્યા, ને મને સૂતો પકડ્યોય ખરો. પણ સીદી, જોઈ લે આ છોકરાને ! આજ તું આંહીં કેદી તરીકે ઊભો છે ને હું તને કેદ કરનાર તરીકે ઊભો છું, એ બધો પરતાપ આ છોકરાનો ! જોઈ લે, એને ધરાઈ ધરાઈ ને જોઈ લે !'

જગડૂએ આવીને પૂછ્યું : 'તમે જ સીદી ? ખંભાતના વેપારી સીદી તમે પોતે જ ?'

ચાવડાનું નઠોર હાસ્ય જાણે તમાચા જેવું લાગ્યું : 'હા, એ પોતે જ ! વેપાર, દલાલી, વીમો, કોલ, ભરત ને એવાં એવાં પોતાનાં કામ પડતાં મૂકીને આ તુરક મને—ચાવડા સંઘારને—પકડવા, અને મારો નાશ કરવા નીકળ્યો હતો ! પણ એ બાપડો વેપાર કરી જાણે, લડી શું જાણે ? ભાઈ સંઘારોના દરિયામાં એવી રીતે ચાલ્યા જતા હતા જાણે બાપના બગીચામાં ફરવા નીકળ્યા હોય ! ભરતી ચડતી પૂરી થાય ને વેળ ઊતરવી શરૂ થાય ત્યારે ભલભલાં વહાણનો કબીલો પણ જરાક તો વેર-વિખેર થાય જ; એ દરિયાની કરામત છે, માણસની નહિ. સીદી ને શંખ ભલે વહાણો લાખ લાવે ને વહાણો શણગારવા પાછળ અઢળક ધન વાપરે, તોય દરિયો તો અનાદિકાળથી સંઘરોનો જ રહ્યો છે. દરિયાના આચાર જેટલા અમે જાણીએ એટલા બીજું કોણ જાણે ? અમે મોકો લીધો. સીદીના પાંચ–સાત ખારવા મરાયા, દશ–બાર જાનિસાર મરાયા, ચાર–પાંચ ગારદી મરાયા. ને છેવટે સીદી બાપડો આંહીં ઊભો રહ્યો ! હવે એને સજા શી કરવી ? સજા કરવી તો એવી કરવી કે એની સાત પેઢી સંભારે ! બોલ જગડૂ, તારી કરામતનો કેદી આ સામે ઊભો છે સીદી. વચને બંધાયેલો તારો દોસ્ત હું ચાવડો પણ એને સજા દેવા આ સામે ઊભો છું. આખું સંઘારજૂથ આંહીં ઊભું છે. બોલ, એને એવી

તે શી સજા કરું કે સાંભળનાર સીદીને ફટ કહે અને મને બહાદુર કહે? બોલ, એને શી સજા કરું?'

સદંતર ભાવનાહીન દેખાતો સીદીનો ચહેરો જાણે હબસીનિયાના પહાડ જેવો ભૂખરો ને સ્થગિત થયો. એનું મન હજીય મજબૂત હતું કે ઉજ્જડ થઈ ગયું હતું એ તો કોઈ કહી શકે એમ ન હતું, પરંતુ જગડૂએ એક વાત પારખી: એના માથાના વાળથી માંડીને તે એના પગના નખ સુધી ક્યાંય ભયની છાંટ સરખી દેખાતી ન હતી.

'સંધાર!' સીદીએ કહ્યું: 'તને એક વાત કહું: હવે તારો ને તારા સંધારોનો સમય આથમે છે. કદાચ તું મને મારી નાંખે તોય એથી મારા જમાનાને તું મારી શકવાનો નથી. અને કદાચ તું મને જિવાડે તો એનાથી તારા જૂના જમાનાને જિવાડી શકવાનો નથી. સંધાર, તારો નાશ, તારી જમાતનો નાશ, દરિયાની છાતી ઉપરથી સંધારમાત્રનો નાશ એ કાંઈ મેં નથી ફરમાવ્યો, કે નથી શંખ સોલંકીએ ફરમાવ્યો; એ તો ખુદ ખુદાતાલાએ જ ફરમાવ્યો છે!'

ચાવડાની આંખમાં જાણે લાલ અંગારા છાયા. સીદીએ બતાવેલા આથમતા જમાનાનો આથમતો સૂરજ જાણે આખો ને આખો જ આવીને એની આંખમાં બેઠો! ભેટમાંથી એણે કટાર કાઢી. ધીમા પરંતુ ભયંકર અને ભારે પગલે એ સીદી તરફ આગળ વધ્યો.

એટલામાં જગડૂએ કહ્યું: 'ચાવડા સંધાર, મને એક વાત સૂઝે છે.'

'બોલ, જે કહેવું હોય તે તરત જ કહી દે!'

'તમારે મને પાંચ ખારવા આપવાના છે. એ માટે મને તમારા ચાર ગોલા આપો, ને પાંચમો આ સીદી આપો!'

'તને સીદી સોંપું?...તો...હું...જાનના જોખમે એને પકડવા ગયો હતો તે શું તારે માટે? આ જૂના-નવા જમાનાના પાખંડીને હું બતાવી દઈશ કે જમાનો જૂનો જામે કે નવો આવે, પણ એના તો બધાય જમાના પૂરા થઈ ગયા છે!'

'એમ જ થશે! તમારી એ કામના પૂરી થશે, પણ જરાક જુદી રીતે! ગોલા તરીકે એ જીવી જીવીને કેટલુંક જીવશે? તમારા ગોલા કેટલુંક જીવે છે?' જગડૂએ કહ્યું.

'વરસવટોળ...પણ...'

'બસ. તો આ સીદી વરસવટોળ જીવે તો ભલે જીવે. જીવતો હશે તો એ જોશે કે જમાનો જૂનો આવે કે નવો આવે, દરિયાલાલની વચમાં તો ચાવડો સંધાર અભંગ અને અડગ છે—હિમાલયના જેવો.'

'બેલીઓ!' ચાવડા સંધારે હુકમ કર્યો, 'મા આશાપુરાની સાખે લીધેલા સોગનથી બંધાયેલો હું, તમને આજ્ઞા કરું છું કે આ વાણિયાના છોકરાને લઈ જાઓ, એના સાથીઓને લઈ જાઓ, આપણા વહાણોમાંથી એને જે જોઈએ તે એક વહાણ કાઢી આપો. આપણા ગોલાઓમાંથી એને જે જોઈએ તે ચાર ગોલા કાઢી આપો. અને પાંચમા ગોલા તરીકે આ સીદીને પણ એના વહાણ ઉપર ચડાવી દો!'

પછી ચાવડાએ કટાર નીચે નાખી દઈને કહ્યું: 'જગડૂ! સંધારો દુશ્મનાવટ ભૂલતા નથી, દોસ્તી ભૂલતા નથી, અહેસાન ભૂલતા નથી, પોતાના શપથ ભૂલતા નથી. દુશ્મનાવટથી શરૂ થયેલી આપણી દોસ્તી અહેસાન ઉપર સવાર થઈને શપથ સુધી પહોંચી છે. એ જ રાહે એ પાછી વળીને પાછી દુશ્મનાવટે ના પહોંચે એ જોવાનું કામ હવે તારું છે. આ સીદીની સામે મારા હૈયામાં કેવો આતશ ધૂંધવાય છે એનો તને ખ્યાલ નથી. છોકરા! મગરમચ્છના મોઢામાંથી તું આજે માછલું છોડાવી જાય છે! પણ એ હિસાબ અધૂરો ના રહે એટલું જોજે!'

## ૧૧. .... .... .... .... .... અડધે રસ્તે

**કો જળપરી** જાણે સાગર ઉપર ખેલવાને આવી હોય એમ વહાણ ચાલ્યું જતું હતું. દરિયાલાલે જાણે શાંતિ અને સલામતીની ધજા ફરકાવી હોય એમ એનો સફેદ સઢ પવનમાં ફરફરતો હતો. સામે અખૂટ અને અનંત સાગર લહેરાતો હતો. ઊગતા સૂર્યનાં સોનેરી કિરણોએ, જાણે દરિયામાં વેપારરોજગારની આબાદીની સીડી હોય એવો, પાતળો લાંબો છેક સીમ સુધી લંબાતો કેડો આકાર્યો હતો.

વંઢારના સથ્થા નીચે ધવર પાસે ચૂલો હતો. ને ચૂલાની આસપાસ સરસ મજાની છતરી હતી. ત્યાં આસન જમાવીને પાંચ–સાત ખારવાઓ રોટલા ટીપવામાં, ટીપતાં ટીપતાં ગાવામાં પરોવાયા હતા. એમના મુખી જેવો એક ખારવો ઢોલક લઈને તાલ આપતો હતો.

સમા પવનથી ભરાયેલા સઢના તાણથી વહાણ જરા પેટાળ પડ્યું હતું. એની એક અત્રી દરિયાની સપાટીથી ઊંચી હતી ને ત્યાં ભરતીસાપણનો કંદોરો દેખાતો હતો. સામી અત્રી પેટાળ પડેલી જરા નીચી હતી. ને ભરતીસાપણનો કંદોરો દરિયામાં દબાયો હતો. વંઢારના સથ્થા ઉપર જગડૂ ને એના સાથીઓ—ખીમલી પીંજારો, ચોખંડો મહારાજ અને દૂદો ભગત—વહાણનો ઊકળતો શિરોટો જોતા બેઠા હતા. આગળ ઉદય પામતા તકદીરની રાહ જેવો સોનેરી જળકેડો, પાછળ રૂપેરી શિરોટો, જરા ખાંગું થઈને પેટાળ પડેલું વહાણ,

સવારની ઝાકળમાં ધોવાઈને વૈશાખી વાદળ જેવો સ્વચ્છ સફેદ બનેલો સઢ, સઢમાં પવન ભરાવાથી આભમાં જાણે વીસ હાથ ઊંચો લાગતો શ્વેત મિનારો અને સૂરજનાં સોનેરી કિરણોમાં નહાતી આલાદ—મોસમમાં સવારના પહોરમાં સફરી જહાજ જેવું રમણીય, કમનીય દૃશ્ય આ જગતમાં બીજું કોઈ નથી.

આ શાંતિ અને આ સવલત અને આ રમણીયતાથી અલિપ્ત હોય એમ મોરાના સઢ ઉપર સીદી એકલો બેઠો હતો. એનું મુખ સૂર્યની સન્મુખ ના હતું. એની પીઠ સૂરજનાં કિરણોને અવરોધતી હતી. જાણે એક કાળો આકાર કોઈ દેવમંદિરના ભિત્તિચિત્ર જેવો બેઠો હોય, એવો એ દૂરથી લાગતો હતો.

એના મનમાં શું હશે એ કોઈ જાણતું ન હતું. એના ચહેરાની રેખાઓ કળાતી ન હતી. સથ્થા ઉપર જાણે કોઈ માનવી નહિ પણ મોરાની પૂતળી બેઠી હતી.

એ સીદી–ખંભાતનો એ સીદી સાદીક, હબસીનિયાથી માંડીને તે હિન્દેશિયા સુધીનો એ શાહ સોદાગર–સારાયે હબસીનિયા ને મિસર, બલ્ખ ને બોખારા સુધી એની વણઝારો ફરે; એનાં સો સો સફરી વહાણો દરિયાલાલની પીઠ ઉપર ફરે. એની આંખ ઊંચી થાય ને ખંભાતનો હાકેમ ફરી જાય. એનો એક બોલ નીકળે ને ખંભાતમાં રાજપલટો થાય. ખંભાતની એની હવેલીના ઓટલા ઉપર દેવગિરિ અને માળવા, ગુજરાત અને લાટના હાકેમો એની સલામની રાહ જોતા ઊભા રહે. દરિયાલાલનો એ રાજા. એની શક્તિ અને સંપત્તિ પાસે ધરતીનાં માળવા ને ગુજરાત, દેવગિરિ ને લાટનાં રાજ્યો–સામ્રાજ્યો કોઈ હિસાબમાં જ ન હતાં!

એક પણ દિવસ એવો નહોતો ઊગતો કે એનો કોઈ ને કોઈ પાસો સવળો ના પડ્યો હોય; પણ એવાનેય એક દિવસ એવો ઊગ્યો કે એનો પાસો અવળો પડ્યો! ને એક જ અવળા પાસાએ જાણે એની

તમામ કમાઈ ઉપર પાણી ફેરવ્યું ! સામ્રાજ્યો, રાજ્યો ને દંડનાયકોને શતરંજનાં પ્યાદાંની જેમ રમાડનારો આ સોદાગર કોઈ રાજાનો નહિ, કોઈ મહારાજાનો નહિ, કોઈ સામુરાયનો નહિ, કોઈ દરિયાસારંગનો નહિ, પણ એક ચાંચિયાનો કેદી બન્યો !

લાટનો શંખ ભરૂચના બારામાં બેસીને દેવગિરિ, બદામી, ગુજરાત ને માળવાને રમાડતો હતો. ને સીદી સાદીક શંખને રમાડતો હતો. સાધન–સામગ્રીમાં શંખને સાત સાગરના ખેવૈયાનું પીઠબળ હતું. ભરૂચને વિકસાવવું હોય તો પહેલાં વચમાં પડેલા સંધારોનો નાશ કરવો જોઈએ. એક વાત સાચી : આ જગતમાં કોઈ કરતાં કોઈ બંદર એની એક વારની નાશ પામેલી જાહોજલાલીને પાછી લાવી શકતું નથી. એટલે ભરૂચ તો ફરીને વિકસે કે નાયે વિકસે, પણ ખંભાત વિકસેલું બંદર હતું એટલે એ તો એકદમ ફૂલે–ફાલે.

સીદીના કોઈ પાસા અવળા પડ્યા ન હતા. એના નાખુદાઓ, માલમો, સારંગો ને ખારવાઓ ક્યારેય પાછા પડ્યા ન હતા. એટલે શંખની સખાતે સાદીક પણ સોળે કળાએ શણગારેલા મોરની માફક નીકળ્યો હતો.

પણ એની કળા તમામ હરાઈ ગઈ ! એનાં પીંછાં બધાં ખંખેરાઈ ગયાં ! એની સોદાગરી વહાણવટ, જુગ જુગથી લડાઈની તાલીમ પામેલી સંધારની વહાણવટ સામે ટક્કર ના ઝીલી શકી.

ને એ કેદી બન્યો ! એનાં વહાણોનું શું થયું એ તો એ જાણતો નહોતો, પણ કાંઈ પણ સારું તો ના જ થયું હોય એમાં એને શંકા ન હતી. એના નાખુદાઓ અને ખારવાઓનું શું થયું એય એ જાણતો ન હતો. ભંડનમાંથી મૂળમાં બચ્યા જ થોડા હશે; ને જે બચ્યા હશે તેમના વિષે કલ્પના કરવાનું સહજ ન હતું. તોપણ, સીદીને ઇન્સાફ કરવાને એટલું તો કબૂલવું જોઈએ કે એના સોદાગરી

સામ્રાજ્યમાં એ કેવળ શાહસોદાગર જ ન હતો; ત્યાં તો એ માત અને તાત પણ લેખાતો. સેંકડો વિધવાઓ, સગીરો, વૃદ્ધો એના નામની રોજ રોજ દુવા પુકારતાં. અરે, ખુદ ખલીફાના દરબારમાં પણ સીદીની ખેરાત માગ મુકાવતી હતી. કોઈ કરતાં કોઈ નેય સીદીની આ નામનાની શેહ પહોંચે એમ હતી. પણ કમનસીબ એનું એ હતું કે જે માનવીને એ નામના જરા પણ સ્પર્શે કે સંકોચાવે નહિ, એવા નઠોર અને કઠોર મનના માનવીના હાથમાં એ પડ્યો હતો, સામે ચાલીને ફસાયો હતો!

ક્યાંય સુધી એ સ્તબ્ધ અને જડ બેઠો રહ્યો—જાણે વહાણના મોરાનો એક ભાગ હોય એમ!

આખરે એ ઊઠ્યો. એની ઉંમર અને એના દેહને જોતાં માથું ઝુકાવવાનું મન થાય એવી ચપળતાથી એ મોરાના સથ્થા ઉપરથી પાટિયાં ઉપર ઊતર્યો. અનેકાનેક હલેસાં મારનારા ગોલાઓથી એ પાટિયાં ઘસાઈ ઘસાઈને જાણે અરીસા જેવાં બન્યાં હતાં.

એ જ્યાં ઊતર્યો એ વહાણની જમણી બાજુ હતી. આ અત્રી ઉપર જ સઢનું પરમાણ ઝૂલતું હોય. એ તરફ વહાણનો, સઢનો, આલાદનો ઝોક હોય. ક્યારે આલાદનો એકાદ હીંચકો, સઢનો એકાદ ફડફડાટ આવી પડે, ક્યારે વહાણ ત્યાં આડી મારે એ તો કોઈ કહી શકે નહિ.

એમ છતાં જાણે નક્કર ધરતી ઉપર ચાલતો હોય એમ સીદી ત્યાંથી ચાલ્યો. એનો પગનો પંજો અને પાની બેય પાકી પકડ લેતાં હતાં. એની કેડ વહાણની હીંચ સાથે સ્વાભાવિક હીંચ લેતી હતી. દરિયાના પગ ને વહાણની ચાલ એ તો કંઈ કંઈ સમંદર ખેડ્યા હોય એને જ મળે. એ ચાલ અને એ પકડ કોઈ અનુકરણથી આવડે જ નહિ. ને આ સીદીએ તો સાત સમંદર ખેડ્યા હતા.

સઢની પાટલી વટાવીને એ વંઢાર આગળ આવ્યો; ભંડારને એ

કુદાવી ગયો. ધવરની ચરખી ઉપર એ એક ફલાંગે ચડ્યો. ને ત્યાંથી વંઢારના સથ્થાની રાંગ પકડીને સાહજિક રીતે પોતાના હાથના ટેકાથી ઉપર કૂદી આવ્યો.

આવીને એ જગડૂ સામે ઊભો. જગડૂ ને ચોખંડો શેતરંજ માંડીને બેઠા હતા. થોડીવાર એ એ જોઈ રહ્યો. પછી ખોખરા જેવા બનેલા અવાજે એણે પૂછ્યું :

'અરે ઓ જગડૂ! મારું તેં શું કરવા ધાર્યું છે?'

'તમારું? હું કાંઈ સમજ્યો નહિ.'

'હા, મારું. તને ખબર તો છે કે હું ખંભાતનો સોદાગર સીદી સાદીક. પછી આમ અજાણ્યો કેમ થાય છે?'

'એ ખબર તો મને છે જ. ત્યારે તો તમે આંહીં છો; એટલો બધો તો હું અજાણ્યો નથી, પણ તમારો સવાલ હું સમજ્યો નહીં.'

'સાવ બાળક છો, કેમ?'

'તમારી પાસે તો બાળક જ ને!'

'તારે બાળકપણાનો દંભ કરવો હોય કે મારી સાથે રમત કરવી હોય તો તું જાણે, પણ એ રમતમાં તને કશી મજાહ રહેશે નહિ, એટલું તું સમજી રાખજે છોકરા!'

'હું કોઈ રમત રમતો હોઉં એવો મને તો ખ્યાલ પણ નથી. તમને હોય તો મને સમજાવો!'

'શિખાઉ ચાંચિયો લાગે છે!'

'કોણ, હું?'

'હા, તું.'

'હું ચાંચિયો?'

'ના રે. તું તો મોટો સોદાગર ભાઈ! પણ હજી સંઘારના

ગોળાનું પાણી પૂરું પીધું નથી લાગતું ! સંઘારની ભાઈબંધી તો કરી, એની પાસેથી વહાણ લઈને નીકળ્યો પણ ખરો, પણ તારો ગુરુ હજી કાચો છે છોકરા ! તું હજી ના સમજ્યો—ચાવાડા સંઘારે મને તને કેમ સોંપ્યો છે તે !'

'એ હું સમજુ છું; કદાચ એ વાતની તમને ખબર નહિ હોય. હું એ વાત જાણું છું ને મારા આ ભાઈબંધોય એ જાણે છે. કેમ મહારાજ, કેમ ભગત, કેમ ખીમલી ! તમને બરાબર ખબર છે ને કે ચાવડા સંઘારે આપણને સીદી સાદીક સોદાગરને કેમ સોંપ્યો છે તે ?'

ત્રણે ભાઈબંધોએ જોરથી હકારમાં માથાં ધુણાવ્યાં. પણ સીદીએ જાણે નકારમાં માથું હલાવ્યું. અર્ધ તિરસ્કાર ને અર્ધ નિરાશાથી હસતાં હસતાં એણે કહ્યું :

'નથી ખબર, નથી ખબર, તમને કોઈનેય ખબર નથી ! શેતાન ગુરુના બેવકૂફ ચેલાઓ, તમને કશી જ ખબર નથી ! તમને એમ લાગે છે કે તમારા હાથમાં સોનાનો ચરુ આવી ગયો છે. પણ ચાવડા સંઘારે તમને એ વાત કહી નથી લાગતી, જે વાત અરબ, અજમ, મલબારી સંઘારો તમામ પાકેપાકી જાણે છે. મારી પેઢી તમામને મારો હુકમ છે, મારી ઓરત ને મારાં બેટાબેટી, મારા મુનીમ, ગુમાસ્તા, મુન્શી, મહેતા કે નાખુદા તમામને મારો હુકમ છે કે ચાહે આસ્માન ફાટી જાય, સલ્તનત પલટી જાય, સમંદર માઝા મૂકે, ચાહે સો હો જાય, પણ મારું એક કાચી કોડી જેટલુંય બાન કોઈએ પગાર કરવું જ નહિ !'

'એ તો આપના જેવા સાગરશૂરા સોદાગરને છાજે એવો હુકમ છે. પણ મારે પોતાને એ વાત સમજવી જોઈએ એમ તમે શા માટે કહો છો ?'

'તને એટલા માટે કહું છું કે મારું કોઈ બાન તને ચૂકવશે નહિ. મારું બાન ફૂટી બદામ જેટલુંયે તને સાંપડવાનું નથી. કંગાલમાં

કંગાલ સાગરખેડૂને પણ જો સંઘાર પકડે તો એના છેવટે પાંચ દ્રમ્મ દેનાર પણ કોઈક નીકળે; પણ મારું બાન, પાંચ દ્રમ્મ તો શું, એક ફૂટી બદામ જેટલું પણ તને નહિ મળે, સમજ્યો? એટલે તને પૂછું છું કે મારું તેં કરવા ધાર્યું હોય તે ઝટ કર એટલે મારાથી તમે છૂટો ને તમારાથી હું છૂટું!'

'તો સોદાગર, શું તમે એમ માનો છો કે તમને અમે બાન મેળવવા માટે પકડ્યા છે?'

'ત્યારે બીજું શું? તું કંઈ મને છોડાવવાને, મારી પાછળ સખાતે થોડો આવ્યો હતો?'

'ના, પણ જિનપ્રભુએ અનાયાસે એ અવસર આપ્યો ખરો!'

'જિન પ્રભુ?......જિન પ્રભુ?...તે છોકરા, શું તું ચાંચિયો નથી? સંઘારસંઘનો માણસ નથી?'

'ના.'

'ત્યારે તું કોણ છો?'

'હું તો વાણિયાનો દીકરો છું, અને દરિયા ઉપર તકદીર અજમાવા નીકળ્યો છું.'

'તો પછી મને તેં ચાવડા પાસેથી શા માટે માગી લીધો?'

'સીદી સાદીક સોદાગરનું નામ તો કયા વેપારીના દીકરાએ સાંભળ્યું ના હોય? ને સોદાગરનો દીકરો સોદાગરને મદદગાર ના થાય, એ બને પણ કેમ?'

'તે...તે...સાચે જ શું હું બાન માટે પકડાયો નથી?'

'ના રે ના. એ વળી તમને કોણે કહ્યું? અમે કાંઈ સંઘારવટ કરવા નથી નીકળ્યા; અમે તો વહાણવટ કરવા નીકળ્યા છીએ. તમે તો શાહ સોદાગર સીદી સાદીક! તમે તો અમારા મહેમાન!'

'હું તમારો મહેમાન ? બાન નહિ ?'

'અમે આપને કહ્યું કે અમે તો વહેવારિયા છીએ. ને વહેવારને રસ્તે, વહાણને મારગે, તગદીર અજમાવવા નીકળ્યા છીએ; એટલે વહાણિયા પણ ગણાઈએ. રખતરખા તો વહેવારમાત્રનો પાયો છે.'

'પણ આમ મારી દયા ખાવાનું તારે કાંઈ કારણ ?'

'દયા ? હું જિનપ્રભુનો દાસ. દયા બતાવવાનો અવસર આવે ને જો હું એ અવસર ચૂકું તો મારી જનેતા લાજે સીદી ! અને આ તો દયા પણ ક્યાં છે ? હું પણ સંઘારના હાથે કેદ પડ્યો હતો. દૈવવશાત્ સંઘારનું એક કામ મેં કર્યું ને એણે મને એક વહાણ ને પાંચ ખારવા આપવાનું વચન આપ્યું. દરિયે તો હું આ પહેલવહેલો જાઉં છું. મારી સાત પેઢીના પૂર્વજો તમામ દરિયામાં મોટા થયા છે ને દરિયામાં સમાયા છે. ગઈ કાલ કેદ થવાનો મારો વારો હતો; આજે તમારો આવ્યો. દરિયો તો દોહ્યલો દેવ છે. દરિયાલાલ તો રીઝેય ખરા ને રૂઠેય ખરા. ગઈ કાલે હું; આજે તમે; પરમ દિવસે વળી પાછો મારો વારો-ય કેમ ન આવે ? એટલે જેને જેટલા ઉપયોગી થવાય એટલા ઉપયોગી થતા જવું, એ રખતરખા તો સાગરખેડના મૂળમાં રહેલી છે. સીદી, તોય એમાં મારી મતલબ છે એની તો ના નહિ કહું.'

'શી મતલબ છે તારી ?'

'મારી મતલબ, મારો સ્વાર્થ તમને કહું એ પહેલાં તમને એક વાત ફરીને કહી દઉં: તમે બાન હતા નહિ ને છો નહિ. તમે તો અમારી વહાણવટ અને દરિયાલાલની રખતરખાના મહેમાન છો. તમારે જ્યારે કોઈ બંદરે ઊતરવું હોય, કોઈ વહાણ બદલાવવું હોય ત્યારે તમારો રાહ રોકનારું આંહીં કોઈ જ નથી.'

'સમજ્યો. તો પછી મને માગી લેવામાં તારી મતલબ ?'

'મારી મતલબ એક જ: તમારી પાસેથી સોદાગરી શીખવાની.

તમે સાત સમંદરના શાહસોદાગર છો. તમે હબસીનિયાથી હિન્દેશિયા વચ્ચેના દરિયાલાલના રાજા છો. તમારો ચેલો બનું, તમારી પાસે સોદાગીરી શીખું, કેમ કે આજ પહેલાં મેં દરિયો જોયો નથી, ને એક નાનો સરખો સોદો પણ કર્યો નથી.'

'વહાણિયા મને પસંદ નથી. અને તું તો વહાણિયો છો!'

'પણ હું તો વાણિયો છું.'

'મને વાણિયાયે ગમતા નથી.'

'છું તો જૈન જ.'

'અને જૈન તો મને ગમતા જ નથી: સોદાગરીમાં તરત જ કમાણી કરવા નીકળનારા મને જરાય પસંદ નથી!'

'મારું એવું છે ખરું. મારે માથે મારી અને મારી સાત પેઢીની આબરૂનાં નગારાં બાજે છે. ત્યારે તો હું રણની વાટ મૂકીને દરિયાની વાટે નીકળ્યો છું.'

'જે જે વાતો મને પસંદ નથી એ તમામ વાતો તારી છે, અને છતાં તું મારો ચેલો થવા નીકળ્યો છે! તો એમ કર, મારી સાથે રખતરખા રાખવાનું છોડી દે ને તારે મારું જે કરવું હોય તે ઝટ કર!'

'મારે તમારું શું કરવું હોય? તમને ખવરાવું, પિવરાવું, તમારી સગવડ સાચવું ને તમારે જ્યાં ઊતરવું હોય તે બંદરે ઉતારી દઉં. બીજું મારાથી શું થાય? મારી એક એક વાતની પાછળ મારા ચોવીસ તીર્થંકરો ને મારા બાપદાદાની સાત પેઢી બેઠી છે, સીદી!'

'તો મને પાછો ચાવડાને સોંપી દે! બાકી તારી મતલબમાં તો મારાથી કાંઈ થાય એવું નથી.'

'તો રહ્યું. બાકી ચાવડા સંધારને તમને સોંપું એ તો બને જ નહિ મારાથી. એને તમારી સામે કેવી કારમી અદાવત છે, એ એને

મોઢેથી મેં સાંભળ્યું છે. એ પછી હું તમને એને સોંપું ખરો ? મારે શી ખોટ છે ? આ વહાણ ઉપર નવ જણ છે; ભેગા તમે દસમા ! '

'તો એમ કર : એ ચાર ગોલા ભેગા મને પાંચમો ગોલો ગણી લે ! '

'આ વહાણ ઉપર કોઈ કરતાં કોઈ ગોલો જ નથી. જે ખારવાઓ મને ચાવડાએ સોંપ્યા છે, એ ખારવા છે; બીજું કોઈ નથી. અમે સહુ સાથે મળીને સરખેસરખા રહેવાના. હું કમાઈશ તો સહુને ખલાસ મળશે; નહિ કમાઉં તોય કોઈને મારું વહાણ ચલાવવાને બાંધી રાખવાનો નથી. મારી ખલાસ એમને કરવી હોય તો મોકળે મને કરે, ના કરવી હોય ને બીજે કયાંય જવું હોય તો એમને જ્યાં ગમે ત્યાં એ જઈ શકે છે. '

'અને હું પણ ? '

'તમને ખારવા કેમ કહેવાય ? તમે તો રહ્યા શાહસોદાગર. દરિયે નીકળનારમાત્રના તમે તો આદરપાત્ર છો. તમે અમારા મહેમાન છો. ફરી ફરીને આ વાત મારી પાસેથી કહેવરાવવાથી તમને શો ફાયદો છે ? મહેમાનની આમન્યાની જેમ યજમાનની આમન્યા જેવી પણ કોઈ વાત છે કે નથી ? '

'તારી પાસે કાંઈ મૂડી છે ? '

'ના. '

'મૂડી વગરનો વેપારી મને પસંદ નથી. '

'એ મારું તકદીર ! એમાં આપ શું કરો ? '

'છોકરા ! મારી વાત સાંભળ. મારી મહેમાનગતિ કરવી હોય તો કર; ના કરવી હોય તો મરજી પડે ત્યાં મને ઉતારી મૂક; ને મરજી પડે તો મને દરિયામાં ફેંકી દે—એ તારી મુન્સફીની વાત છે. પણ તને સોદાગરીનો રસ્તો બતાવવા માટે મને પસંદ હોય એવી કોઈ વાત

તારી પાસે નથી. મને વહાણિયો પસંદ નથી. ને તું વહાણિયો છો! મને વાણિયો પસંદ નથી ને તું વાણિયો છો! મને જૈન પસંદ નથી, ને તું જૈન છો! સોદાગરીમાં એક ઝપાટે કમાઈ કરવા નીકળનારાને હું સોદાગર કહેતો નથી; એને તો હું સંઘારનો ભાઈ કહું છું! ને તારે તો તરત કમાઈ લેવું છે. સોદાગરી કરવા નીકળનાર પાસે પોતાની કશી મૂડી ના હોય એ પણ મને પસંદ નથી. મારાથી તારા માટે કાંઈ થઈ શકે એમ નથી.'

'મને ચોક્કસ ખાતરી છે કે એ વાતનું મને જેટલું દુઃખ છે એટલું જ તમને પણ હશે. પરંતુ તમે તમારા જીવનમાં તમારા વ્યવહાર ને રોજગાર માટે જે કાંઈ સિદ્ધાન્તો બાંધ્યા હોય કે જે કાંઈ ગાંઠો બાંધી હોય એ મારા માટે છોડવાનું તમારે કારણ નથી.'

'બસ, હવે તું સમજ્યો!'

'એ પછી પણ તમે અમારા મહેમાન જ છો. મહેમાન તરીકે તમે આંહીં રહો. રસ્તે કોઈ જતુંઆવતું વહાણ મળે ને તમારે એમાં જવું હોય તો ખુશીથી જજો. રસ્તે બંદર આવે, ત્યાં ઊતરી જવું હોય તો ઊતરી શકશો.'

'ઠીક.'

સીદી જેવો આવ્યો હતો એવો પાછો ચાલ્યો ગયો; જઈને એ પાછો મોરાના સથ્થા ઉપર બેસી ગયો.

રોટલા પાકી ગયા. ભરદરિયે વહાણ ઉપર રોટલા એ કોઈ મોટો કે યાદગાર અવસર નથી બનતો; ત્યાં તો માત્ર પેટને ભાડું આપવાની વાત મોટી હોય છે. ઘઉં, બાજરી ને જુવારની મેળવણીના લોટના રોટલા; આભમાંથી પૂનમનો ચાંદ ઊતરી આવ્યો હોય એવા સફેદ ને વચમાં શામળા. તેલ-મરચું પહોંચે ત્યાં સુધી શાક; નહિ તો એમ જ ખાવાના! મીઠાની તો દરિયામાં જરૂર જ નહિ; હવા જ એવી હોય કે બધામાં

ખારાશ લાગી જ જાય. ક્યારેક સાથે ટીમણ પણ હોય. ટીમણ એટલે સુખડી–ગોળપાપડી, હથોડીથી ભાંગવી પડે એવી કડક. ખાસ પીણામાં કાવો. કાવો એટલે ફુદીનાનો ભૂકો, મરીનો અને સૂંઠનો ભૂકો ને સોપારીના કટકા સાથે ઉકાળીને તૈયાર કરેલો ઉકાળો. એનો સ્વાદ ખારાશને તોડી નાંખે એવો તમતમતો હોય. આ કાવો ઉનાળામાં ગરમીને તોડે ને લૂ ન લાગવા દે; શિયાળામાં ગરમી આપે.

ભોજનનો પાટ લઈને જગડૂએ સીદી સામે મૂક્યો.

'આટલું ને આવું છે અમારું ભોજન; મહેરબાની કરીને એ ચલાવી લેજો !

'છોકરા !' સીદીએ પાટને પોતાની સામે મૂકતાં પૂછ્યું, 'ધાર કે હું તને કહું કે તું મને પાછો ખંભાત મૂકી જા, તો ?'

'તો મૂકી જઉં.'

'ખંભાતમાં મારા માણસ તને ચાવડા સંઘારના સાથી તરીકે પકડી લ્યે, એની બીક ના લાગે ?'

'મારા બાપે, મારા ગુરુએ ને મારા ધર્મે મને એક વાત પાકી શીખવી છે સીદી સોદાગર, કે જો આજ મેં તમારી સાથે સારમાણસાઈ બતાવી તો કાલે મારા તરફ સારમાણસાઈ બતાવનાર કોઈક જરૂર નીકળશે ! એ એક જ ભરોસા ઉપર તો આખી દુનિયા ચાલે છે.'

'તો, હું કહું તો, તું મને ખંભાત મૂકી જાય, એમ ને ?'

'મહેમાનની ઇચ્છા પાળી શકાય ત્યાં સુધી પાળવી જોઈએ. તમે કહો તો વહાણને ખંભાતની દિશામાં ફેરવવાનું માલમને કહું.'

'ના, હું તો અમસ્તો પૂછતો હતો. પણ તારે જવું છે ક્યાં ?'

જગડૂ નિખાલસ રીતે હસ્યો : 'જેને આજકાલ દરિયાલાલની સોદાગરી કરવાની લગની લાગી હોય એનું ધ્યાન દરિયાલાલમાં કાં ભરૂચ, કાં ખંભાતમાં ને કાં હોરમજમાં હોય; બીજે તો ક્યાં હોય ?

ભરૂચ ને ખંભાત એ બે તો તમારા પથક. એમાં મારી તેવડ શી ? મારું ગજું શું ? હોરમજમાં બીજું કાંઈ ન મળે તોપણ છેવટે આ એક વહાણનું ભરત તો મળે.'

'તો તું હોરમજ જવાનો, કેમ ?'

'જી.'

'આ ચાવડાનું લશ્કરું વચમાં નડયું ના હોત તો મારેય હોમરજ જવાનો ઇરાદો હતો. હું પણ તારી સાથે હોરમજ જ આવીશ. તને કોઈ તકલીફ તો નહિ પડે ને ?'

'મને શી તકલીફ પડવાની છે ?'

'ના, તકલીફ તો કોઈ ના પડે. આટલા મોટા પચીસ હાથ લાંબા બતેલાને તમારે શું ખાવો છે ? પણ તોય ભાઈ, હું મહેમાન ખરો ને ? યજમાન પાસે વિવેક તો કરવો જોઈએ ને ?'

જગડૂ પાછો આવ્યો. વંઢારના સથ્થા ઉપર ચાર ભાઈબંધો ખાવા બેઠા.

ખાતાં ખાતાં દૂદા ભગતે કહ્યું : 'માળો સીદી પણ ભારે પાકો ! પાલીના વાણિયાનાયે કાન પકડાવે એવો !'

'હાસ્તો. મહેમાન મૂઓ છે, પણ કેવું કહ્યું : મને વહાણિયો પસંદ નથી; મને વાણિયો પસંદ નથી; મને જૈન પસંદ નથી; મને નમૂડિયો પસંદ નથી; મને આ પસંદ નથી ને મને તે પસંદ નથી ! ......' ખીમલી પીંજારાએ સૂર પુરાવ્યો.

એણે બધી વાતો નાપસંદ કરી, પણ એણે એમ ના કહ્યું કે આ તમારા વહાણમાં મોરાનો સથ્થો હું દબાવીને બેઠો છું, એ મને પસંદ નથી. એણે એમ પણ ના કહ્યું કે આ તારા રોટલાનું ટીમણ મને પસંદ નથી.'

'પણ ભાઈ, હવે જવા દો એ વાત ! આપણે કાંઈ કોઈના મનના

માલિક થોડા છીએ ? કોઈ માણસે પોતાના મનમાં પોતાના રોજ રોજના વહેવાર ને રોજગાર માટે જે ખાસ ગાંઠો બાંધી હોય, એ છૂટે કેમ ? ને એમ ગાંઠો છોડે તો એનો રોજગાર પણ કેમ ચાલે ? ને વાણિયાનો દીકરો વાણિયાના દીકરાને સોદાગરી શીખવે, પણ પારકો શું કામ શીખવે ? હાથે કરીને હરીફ ઊભો કરે ને પેટ ચોળીને પીડા ઊભી કરે એવો તે કોણ હોય ? પણ આપણે એક કામ કરો.'

'શું ?'

'આ આપણે ચોપાટ ને શેતરંજમાં વખત ગાળીએ છીએ એ ખોટું છે. આપણી પાસે આ ચાર ખારવા છે, એમને આપણે મોકળા કર્યા છે ને એમને આપણે ખાવા–પીવા–સૂવામાં હારોહાર રાખીએ છીએ. એની સાથે ભાઈ તરીક વરતીએ છીએ, એથી એ તો ખુશખુશ થયા છે. પહેલાં તો એમને એમ થયું હશે કે ઊલમાંથી ચૂલમાં પડ્યા ! પણ આપણે તો સંઘાર ના નીકળ્યા, ચાવડાના સાગ-રીત ના નીકળ્યા; આપણે વાણિયા નીકળ્યા ને એમને ગોલા તરીકે નહિ પણ આપણા માણસ તરીકે રાખીએ છીએ. એટલે એ તો રાજી રાજી છે. એ વહાણવટના જાણકાર છે. એટલે આપણે ચારેએ હવે સોગટાંબાજી મૂકી દેવી ને એમની પાસેથી વહાણવટ શીખી લેવી. પછી એ જાય તોપણ આપણે કોઈની દયા ઉપર જીવવાનું ન રહે. '

'ભલે. '

ચાર ખારવા સાથે ચાર જણ ચોંટી જ ગયાં : નાખુદો, માલમ, સારંગ ને ખારવો.

ફનોસ કેમ જોવાય, કમાન કેમ જોવાય, સઢ કેમ સંકેલાય કે શણગારાય, આખર કેમ ક્યારે ને કેવો થાય, એને બનાવાય કેમ, કૂંડીમાંથી પાણી ઉલેચાય કેમ, કૂવાથંભની પારી કેમ જડાય, કેમ ખસેડાય, થંભની ડગ હોય તો કેમ કઢાય, સુકાન કેમ સચવાય, કેમ ફેરવાય, ક્યારે ફેરવાય, આલાદ ક્યાં હોય, એ કેવી હોય, કેમ બંધાય,

કેમ છોડાય—જાણે ભૂખ્યો માણસ રોટલા ખાતો હોય એમ આ ચારે ભાઈબંધો વહાણવટને ખાવા માંડ્યા.

ને નવરાશ મળે ત્યારે પણ એ વહાણની બાંધણીની જ વાતો કરે: પઠાણ ને ખૂવો, સુકાન ને કલમી, આલાદ ને સઢ, કલફાત અને કંદોરો, કયા વહાણમાં કેમ માલ ભરાય, ક્યારે કેવો માલ ક્યાં ભરાય એ બધું એ સમજવા લાગ્યા.

વહાણ હાથે બાંધવું હોય તો માપ ને સુતારી સમજણ મેળવવા ચારે જણાએ ચારેય ખારવાઓને જાણે ચૂસી લેવા માંડ્યા.

આ બધો વખત સીદી મોરાના સથ્થા ઉપર એકલો અને અટૂલો, બધાથી અલિપ્ત બેઠો રહેતો. ક્યારેક એ વિચિત્ર પ્રકારના અક્ષરોવાળી કિતાબ કાઢતો ને એકધ્યાને વાંચતો.

ક્યારેક એ ખારવાઓ પાસે આવીને ઊભો રહેતો. ક્યારેક એ જગડૂ ને એના કોઈક ને કોઈક ભાઈબંધ પાસે આવીને ઊભતો. એ જોતો, જોઈને ચાલ્યો જતો. જબાન તો જાણે એની હરાઈ ગઈ હોય એમ ઊઘડતી જ નહોતી.

વહાણ સડસડાટ ચાલ્યું જતું હતું. દરિયો મહેરબાન હતો. વહાણ માફક હતું. પવન સમો હતો.

ને ચારેય ભાઈબંધો હવે તો વણજોગો અવાજ પારખવા માટે પણ કાન માંડી શકતા હતા.

ને એમ ને એમ દિવસ ગણતાં માસ ગયા.

ને એક દિવસે—

જગડૂએ નાખુદાને કહ્યું: ‘અરે ભાઈ, આશા! હમણાં જોતજોતામાં સુકાન ભારે થઈ ગયું છે. એ શું હશે? ક્યાંક આલાદનો રસ્તો તો અટવાયો નથી ને?’

'ના.' નાખુદાએ જગડૂના હાથમાંથી સુકાનનો વીણો લીધો, સઢ સામે નજર રાખીને એને મરડચો.

'હા……' નાખુદાએ જગડૂના હાથમાં સુકાન આપ્યું. આપીને એણે નીચે દરિયો જોયો. દરિયાના રંગમાં એણે પારદર્શક નીલવરણ જોવાને બદલે કોઈએ જાણે માથે તેલ રેડચું હોય એવી, મોજાં-ઉછાળમાં કાંઈક પરવશતા જોઈ. ધ્યાનથી એણે જોયું. પાણી જાણે તેલિયું થઈ ગયું હતું. એણે માલમ પાસેથી લોલી મંગાવીને પાણીમાં નાંખી. વહાણનો વેગ જાણે ધીમો પડી ગયો હતો. વહાણની અત્રી ઉપર નજર કરી: વહાણ પેટાળ આલ્યું આવતું હતું, પણ એનો ખૂણો ઓછો થયેલો ભાસ્યો.

'ખારવા !' નાખુદાએ સાદ દીધો, 'ખારવા ! પિંજર સમાલ !'

સડસડાટ ખારવો, ઝાડ ઉપર વાંદરું ચડે એમ, કૂવાથંભ ઉપર ચડી ગયો. મોર ઉપર પિંજર હતું. એમાં કૂવાથંભના મોરને દબાવીને બીજે હાથે આંખ ઉપર નેજવું કરીને એ ચારેતરફ દૂર દૂર લંબાવી શકાય એટલી લાંબી નજરે સીમમાં જોઈ રહ્યો.

'સારંગ ! માલમ !' નાખુદાએ કહ્યું : 'આલાદ સમાલ ! શેઠ, મહારાજ, ભગત ને આ પિંજારો. તમારું સહુનું ખરેખરું કામ પડશે, હો !'

'શું છે ?' જગડૂએ કહ્યું : 'ક્યાંય સંઘાર દેખાય છે ?'

'સંઘાર તો નથી શેઠ, બાકી સંઘારના મોટાભાઈ સંહારના આવવાની આ નિશાનીઓ છે !'

'એટલે હું ના સમજ્યો.'

'તૂફાન આવે છે. ક્યાંક દૂર વાવડો ગાંડો થયો છે. દરિયાનાં આ પાણી એની અગમચેતી રૂપ છે. પાણી જોતાં એ પચીશેક કોશ દૂર હશે; પણ ચારપાંચ ઘડીમાં જ એના ધીંગાં ઘડિયાળાં સાંભળવા મળશે.'

'જેમાં વહાણો ભાંગી જાય, બૂડી જાય એ આ ?'

'હા એ. તમામ નકામી આલાદ ભંડારમાં નાંખો. તમામ નકામી ચીજો ભંડારમાં નાંખો. ચૂલો વાસી દો. ભંડાર વાસી દો. હમણાં વહાણને દરિયા સાથે જંગ જામશે.'

'હોરમજ કેટલું દૂર હશે ?'

'શેઠ, સાબદા રહેજો, ગભરાતા નહિ. મન કઠણ રાખજો અને હું કરું તેમ કરજો, હું કહું તેમ કરજો. આજ તમારી ધીરજ ને હામની આકરી કસોટી થશે. સમજ્યા ?'

'તૂફાન આપણી સાથે ભટકાઈ પડશે તો શું થશે ?'

'તૂફાનને કાંઈ નહિ થવાનું. ને આપણું...આપણે તો હવે ભગવાનને ભરોસે ને દરિયાને ખોળે......!'

## ૧૨. .... .... .... તૂફાન આયા !

**ધીમે ધીમે** અજવાસ વધારે ને વધારે ભૂરા રંગનો થતો ગયો. ધીમે ધીમે દરિયાનો લોઢ ઊંચો ને ઊંચો આવતો ગયો. કો મસ્ત નદીમાં ચોમાસાનું પૂર ચડતું હોય એમ દરિયામાં વો વધારે વેગવંતો ને એનો ઉછાળ વધારે ને વધારે તીખો થવા લાગ્યો. અત્યાર સુધી મોજાંઓની ફૂમકી ઉપર કેવળ સૂરજનાં કિરણોની કોર બંધાતી; હવે એમાં જાણે રૂપાની ઘૂઘરીઓ બંધાવા લાગી ને એકબીજા સાથે અથડાઈને છનછનવા લાગી. સીમ સાંકડી બનવા લાગી. નજર સાંકડી બનવા લાગી. સઢ વધારે ને વધારે માંદો થતો ગયો. ને કો અગોચર ભયથી જાણે હાડેહાડમાંથી ધ્રૂજતું હોય એમ વહાણ કંપવા લાગ્યું.

નાખુદો ફનોસ પાસે ઊભો હતો. પગ પહોળા કરીને એ કાવરાનને થંભો દઈને ચારેતરફ શકરા જેવી નજર નાંખતો હતો. ખારવો પરમાણ પકડીને ઊભો હતો ને સઢ સંકેલવાનો હુકમ ક્યારે આવે છે એની એ રાહ જોતો હતો. માલમ સુકાન ઉપર બેઠો હતો. બે પગ એણે સથ્થાની કિનાર સાથે ભિડાવ્યા હતા. સુકાનનો વીણો એણે બગલમાં દબાવ્યો હતો. વહાણ આખુંયે ઊંધું વળે તોય એ પોતે ઊથલી ન પડે એવો જાણે એ ચોટી ગયો હતો. સારંગ ધીમે ધીમે નીચે ને નીચે નજર રાખીને વહાણની મોરોવંઢાર લંબાઈ ઉપર ફરી વળ્યો હતો. જે કોઈ નકામી કે બિનજરૂરી ચીજવસ્તુ હોય એ

તમામને એ ભંડારમાં ફંગોળતો હતો ને ભંડારનાં પાટિયાં પાકાં બંધ કરતો હતો.

વહાણવટના નિશાળિયા તરીકે જગદૂ ને એના ત્રણેય ભાઈ-બંધોમાંથી એકેયનો અત્યારે જાણે કોઈ ઉપયોગ ના હોય એમ એમને કોઈ સંભારતું ના હતું. ચારે જણ પોતાના માનેલા ગુરુ પાસે ઊભા હતા, સાથે ફરતા હતા, પડખે બેઠા હતા, પરંતુ એમના તરફ કોઈ ધ્યાન આપતું ન હતું.

વહાણના જીવનમરણનો મામલો હતો. દરેકેદરેક તૂફાન—પછી એ નાનું હોય કે મોટું હોય—વહાણ માટે જીવનમરણનો જ મામલો ઊભો કરે છે. ત્યારે જ ખબર પડે છે કે એક વહાણમાં કેટલાં બધાં દોરડાં હોય છે ને કેટકેટલે ઠેકાણેથી મોત ચોરીછૂપીથી અંદર પેસી જઈ શકે એવાં બારાં હોય છે ! રવિસર, પાટિયાં, એનું જડતર, એની ચોપડ, એની કલફાત, એની આલાદ, એનો થંભ, એની પારી, એનું સુકાન—આ બધાં નામ તો એક એક જ, ને સાવ સાદાં, પણ એ એક એક નામની પાછળ કેટલું જડતર, કેટલા સાંધા, કેટલી ખીલીઓ હોઈ શકે છે એનો અંદાજ આસાન સફરમાં બહુ લોકોને નથી આવતો.

જાણે બધાના શ્વાસ બધાના કાનમાં આવી બેઠા હતા. ને બધાના કાન કો વણજોગા અવાજ ઉપર મંડાયા હતા. ખારવાને તૂફાનના ઘુઘવાટની બીક નથી. ખારવાને સાઠ સાઠ હાથ ઊંચે ઊછળતાં મોજાં-નીય બીક નથી. ખારવાને પવનની ચીસો ને મોજાંના મારનીયે બીક નથી. કોઈ મહાવલોણાથી દરિયો આખોય વલોવાતો હોય એવા એના તરફડાટનીયે બીક નથી. આભ કાળું થાય ને દરિયો લાલ થાય, દરિયો કાળો થાય ને આભ લીલું થાય, દરિયો લીલો થાય ને આભ નીલું થાય, એનીયે એને બીક નથી. એને બીક છે માત્ર એક જ અવાજની : કાનમાં પણ જાણે માંડ માંડ ભણકારા પાડે એવા વણજોગા અવાજની ! હજારો આકરા કડાકા, ભડાકા, ધડાકા ને ચીસોની વચમાં એ આછો

ભણકાર જો એને ના સંભળાયો, મોડો સંભળાયો તો પછી ત્યાં સુસવાટોની મહેફિલ જામે ને વહાણનાં પાટિયાં અને ભંગારનો ઓળ વહેલો કે મોડો સરગોસમાં જઈને જંપે.

એ ઓળ પછી સરગોસમાં સડે. એમાંથી કીટાણુઓ થાય. લાખો–કરોડો–અબજોને હિસાબે એ દરિયામાં રેલાય. ને એને કારણે રાતે રાતે દરિયલાલ સળગતો લાગે—દરિયો જાણે આભમાં ચડ્યો હોય ને આભ જાણે દરિયે ઊતર્યું હોય એમ ભાસે. લાહોલાહ પાણી, આખી ધરતી સળગે તો એને બુઝાવવા માટે પૂરતું થઈ પડે એટલું પાણી, એ પાણીની સપાટી ઉપર ક્યારેક વેંત તો ક્યારેક હાથ ઊંચી જ્વાલાઓ જલે! એ દરિયે દવ લાગ્યા જેવી કલ્પનાતીત વાતો જોવા માટે હજારો સહેલાણીઓ ખાસ દરિયે જાય છે; ત્યારે એમને ખબર પણ નથી હોતી કે એ ઠંડી આગ, દરિયે દવ લાગ્યો હોય એવો એ દેખાવ, તો જેમનાથી સમયસર વણજોગા અવાજો ના સંભળાય, ના પરખાય, ના ઝિલાય એવા ખારવાઓની જળસમાધિ બાદ વર્ષો પછીની સ્મશાનયાત્રા બની રહે છે.

એટલે બધાના શ્વાસ બધાના કાનમાં હતા ને બધાના કાન વણજોગા અવાજને પકડવાને તંગ થઈ ગયા હતા.

પાસે ઊભેલા જગડૂએ શેહથી ભરેલા અવાજે કહ્યું : 'કેવું તૂફાન આવે છે?'

'અણસાર તો બધાય સૂરિયાના છે. ઓતરાદો વાવડો ગાંડો બન્યો હોય એમ એ એની રોજની સીધી એકધારી દોડ કરવાને બદલે ગાંડા માણસની જેમ મરજી પડે તેમ આમતેમ, ચક્કરભમ્મર, આડો-અવળો, આગળપાછળ, અવળોસવળો મરજી પડે એમ મનમોજીની જેમ ઘૂમશે. અને આપણા માટે એ વાત વસમી થઈ પડશે શેઠ!'

'ચાવડો સંધાર કારણ વગર જૂઠું બોલે એવો માણસ નથી. એ કહેતો હતો કે તમે તો ભારે કાબેલ નાખુદા છો. તાલવ કોળી

જેવા મશહૂર દરિયાસારંગ ખારવાના તમે સીધા વારસદાર છો. તમારા વડવાઓ તો સોમનાથના ચાવડાઓના સામુરાયો હતા. તમનેય જ્યારે વાત વસમી લાગે ત્યારે એ તૂફાન કેવુંક આવશે, એ વિચાર જ થરથરાવે એવો લાગ છે.'

'તૂફાનની તો મને બીક નથી, શેહ પણ નથી, શેઠ ! પણ મને વહાણની બીક છે.'

'વહાણની બીક ? કેમ ? ચાવડા સંધારે શું મને જાસલ વહાણ આપ્યું છે ? તો તો તમારે મને ત્યાં જ કહેવું જોઈતું હતું ને ?'

'તમે સમજ્યા નહિ શેઠ ! વહાણ જાસલ છે કે પાકટ એની ખરી ખાતરી કાંઈ બંદરમાં કે સમા પવનમાં ન થાય. જેમ શાંતિનો કાળ હોય, ધિંગાણાનો બૂંગિયો વાગ્યો ના હોય, ત્યારે તો ગરાસિયોમાત્ર બહાદુર, એમ બંદરમાં તો વહાણમાત્ર સારું લાગે. જેમ નગારા ઉપર ડાંડી પડે કે સીમમાંથી વહારની બૂમ ફાડે ત્યારે ગરાસિયાની ખરી માપણી નીકળે, એમ તૂફાનમાં જ વહાણની ચકાસણી થાય.'

'તમારા જેવા કાબેલ નાખુદા હોય ત્યારેય ?'

'હા. વહાણ તો નીવડ્યે વખણાય. કાં તો વહાણ બેચાર મોસમ તમારા હાથમાં રમી ગયું હોય ને કાં તો એનું પઠાણ મંડાય ત્યારથી તે એનો થંભ ચડે ત્યાં સુધી એની બાંધણી, એના સુતાર, એના દરજી ને એનાં દોરડાં વણનારાને તમે રોજ રોજ નજરે જોયા હોય તો પહેલેથી એની તાકાતની અને સાબૂતીની ખબર પડે. આ વહાણ તો મારું અજાણ્યુ છે. એ જૂનું અને વપરાયેલું છે એટલે નીવડેલું તો હશે જ, પણ જૂનું એટલું બધું જ કંઈ સોનું નથી હોતું; ક્યારેક એ નકલી પણ હોય છે. વહાણનાં પાટિયાં મંડાતાં હોય ત્યારે એના ઘડતર વખતે તમે એના દોરા ને રેસા ને સાજણ નજરે જોયાં ન હોય તો કઈ ધાર કે કયું પાટિયું કે કયો થંભો ક્યારે દગો દેશે કે ક્યારે ઝીક ઝીલશે એ કેમ કહેવાય ? પણ હવે સબૂર શેઠ ! તૂફાન

આવી પહોંચે છે. સામે સીમમાં ધૂંધળા ધૂમ જેવો વૈશાખી વંટોળ જાણે ઘૂમરી ખાતો હોય એવી જ થાંભલીઓ દેખાય છે. તે તૂફાન છે, એ તૂફાનનું તારણ છે. તારણ બાંધીને તૂફાન આવે છે. હવે તો વહાણનાં નીવડચે વખાણ.'

દરિયાના પેટાળમાં જાણે વહાણની નીચેથી જ એક કાળી ચીસ ઊઠી. ચમકેલા હરણાના કાનની જેમ સઢ એકદમ સતાણ થયો, તરત જ એકદમ ઢીલો બન્યો ને કોઈ કાંઈ કરી શકે એ પહેલાં તો કૂવાથંભ પારીમાંથી ઊડી પડયો. અને સુકાનના દાંડાની થપાટથી માલમ ઊછળીને રાંગ સાથે ભટકાયો.

તૂટેલો કૂવાથંભ નીચો વળીને સઢ અને આલાદની સાથે વહાણની એક બાજુને દબાવી રહ્યો. ને બીજી બાજુ પવનની થપાટથી ગાંડાતૂર બનેલાં મોજાં વહાણને જાણે પીટવા લાગ્યાં.

'કાપો!' નાખુદાએ સાદ દીધો. ને ખારવાઓ તીખી છૂરીથી કૂવાથંભને બાંધતાં દોરડાં કાપવા લાગ્યા. પરંતુ ખારવાઓ માટે એ કામ સહેલું ન હતું. વહાણ એક તરફથી દબાયેલું હતું ને બીજી બાજુથી ઉપર ઊપડતું હતું—જાણે હમણાં ઊંધું વળી જશે. વહાણ આખું સાવ આડું થયું ને કશાક પણ આધાર વગર એના ઉપર હવે ઠરી શકાય એમ ન હતું. આખરે દરિયાનાં મોજાં વહાણની ડાબી બાજુ આખી ઉપાડી લે તે પહેલાં કૂવાથંભ આલાદમાંથી મોકળો થયો; સઢ ને આલાદનો ઢગલો થયો.

અને વહાણ તૂફાનની આગળ ને આગળ નાસવા માંડયું; ઘડીમાં મોજાંના શિખર ઉપર, ઘડીમાં મોજાંની ખીણમાં એ ચાલવા લાગ્યું. અને છેવટે વહાણનો વેગ પવનના વેગ સાથે એટલો તો વધી ગયો કે એનાં પાટિયાં ચીસો પાડવા લાગ્યાં. એની વાધરાધારો મોકળવા માંડી.

સીદી અત્યાર સુધી મોરાના સથ્થા ઉપર બેઠો રહ્યો હતો—

 

જાણે એને તૂફાન સાથે કશી મતલબ ના હોય એમ ! એ હવે ઊઠ્યો. એણે હાક્કલ કરી : 'લોલી બનાવ !'

'લોલી ?' નાખુદાએ પૂછ્યું.

'હા. એ કરામત ઝીલનના માછીમારો પાસેથી શીખવા જેવી છે. ઝીલનના માછીમારો જ્યારે મનારના અખાતમાં મોતી વીણવા જાય છે ત્યારે દરિયા ઉપર એમને પોતાનું વહાણ સ્થિર રાખવું પડે છે. એટલા માટે એ લોકો વહાણની પાછળ તરતી લોલી રાખે છે.'

સઢના કાપડમાં આલાદ, લાકડાં, ભંગાર, લંગર જે કાંઈ હોય તે નાંખીને પછી એને આલાદથી લાંબી લાંબી બાંધીને કૂવાથંભના મોભ સાથે બાંધવામાં આવે. ને એને પાછળ લાંબી લાંબી મજબૂત આલાદની મોકળાશ આપીને નાંખે. એ તરતું તાણ વહાણના વેગને નરમ પાડે.

આમ વહાણનો વેગ નરમ પડ્યો, ને તૂફાન તો જેવું આવ્યું તેવું પાછું ચાલ્યું ગયું. અને જગડૂશાહની વહાણવટની જાણકારી ઉપર જાણે શિખર ચડાવી ગયું.

તૂફાન આવ્યું ને ગયું, પણ સીદી અલિપ્ત ને અલિપ્ત જ રહ્યો.

એમણે મકરાણના બંદરમાં કડો સાફ કર્યો, કૂવાથંભ ચડાવ્યો, આલાદ સમારી અને ભંડાર ભર્યો. બધાને હતું કે સીદી આંહીં ઊતરી જશે. પણ ચાર દિવસના રોકતમાં સીદી મોરાનો સથ્થો છોડીને નીચે જ ના ઊતર્યો !

એમની સાગરયાત્રા આગળ અને આગળ વધતી રહી. અને બે મહિનાને અંતે એમણે હોરમજ બંદરમાં લંગર નાંખ્યું.

સીદી ઊભો થયો. એ આગળ આવ્યો. એણે જગડૂશાહને કહ્યું :

'કેમ વાણિયા, તારી મહેમાનગતિ પૂરી થઈ ?'

'હોરમજ આવી ગયું, એમ કહેતા હો તો પૂરી થઈ.'

'તો હવે મારી મહેમાનદારી શરૂ થાય છે.' સીદીએ કહ્યું.

સીદીમાં જાણે એકાએક કાંઇક ફેરફાર થયો. હવે એ મોરાના સથ્થા ઉપર બેઠેલો એકલવાયો–અટૂલો–એકાકી સીદી ન હતો. એના ચહેરા ઉપર જાણે કાંઈક નૂર છાયું હતું.

એણે ઊભા થઈને આસપાસ નજર કરી અને મોટેથી સાદ દીધો : 'નૌશેર!'

એક પહેલવાન ઇરાની આશ્ચર્ય અને આનંદથી ભાંગતા ચહેરાએ દોડતો આવ્યો : 'માલિક! મેરે માલિક! આપ?'

'હા. જા, જઈને બંદરના હાકેમને ખબર કર: ખંભાતનો સોદાગર સીદી જાતે આવ્યો છે. એને ખબર કરીને પાછો આવ!'

નૌશેર ગયો. થોડીવારમાં એક ઊંચા મિનારા ઉપરથી વાવટી ફરકી ઊઠી. ને એક મોટો ઘંટ એકધારો વાગવા માંડચો. ને એ ઘંટ-નાદનો પડઘો પાછો ફરતો હોય એમ બંદરનો હાકેમ અજમ ઉતાવળો ઉતાવળો આવ્યો ને એની પાછળ બંદરકાંઠાના માનવીઓની લાંબી લંગાર આવી.

હાકેમ ધક્કા ઉપરથી વહાણમાં કૂદ્યો, સીદીને બથ ભરીને ભેટચો. એણે લાગણી ભર્યા સ્વરે કહ્યું :

'આઈયે!...આઈયે!...દર હપ્તાહ શાહેઇરાનની પૂછા આવે છે કે સોદાગર સીદી સાદીક શાહ તશરીફ લાવ્યા કે નહિ? મેં હમણાં જ ઇસ્ફહાન તરફ મારતે ઘોડે કાસદ રવાના કરી દીધો છે. ત્યાં સુધી બંદરની સરાઈમાં આરામ કરો! પણ આમ ખબર વગર સાવ અચાનક કેમ?'

'આવવાનું તો હતું મોડું, પણ આ પથકમાં મારે નીકળવાનું થયું, એટલે થયું, લાવ પહોંચી જ જઉં. મારે પાછળ ત્યાં ઘણી રોક્ત છે; થયું, આંહીં ઊતરીને મારા મિત્રોની ખબર લેતો જાઉં.'

'સારું કર્યું. આપ એકલા જ છો ?'

'ના. આ આખું વહાણ જ અમારું છે. અને આ બધા મારા મહેમાન છે.'

પછી તો હમાલો આવ્યા, હેલકરી આવ્યા, અને બંદરની સરાઈમાં બધી તજવીજ થઈ ગઈ.

ને હોરમજમાં જેમ જેમ ખબર પડી કે સોદાગર સીદી સાદીક જાતે આવ્યો છે, તેમ તેમ વેપારીઓ, દલાલો, વચ્ચિયાતો, પેઢીના જૂના નાતાદારો સીદીને મળવા, બજારોની રૂખ જાણવા અખંડ ધારાએ આવતા જ રહ્યા.

ખંભાતને સામે પાર આ સીદીના અંગત પિછાનાવાળા કેટલા છે, અને એના નામમાત્રથી ખેંચાઈને કેટલા એની મુલાકાતે આવે છે, એ જગડૂશા તો જોઈ જ રહ્યો ! એક જ માણસ સેંકડો–હજારો માનવીઓને હળીમળી શકે, એમની સાથે વહેવાર જાળવી શકે, કંઈક નાની-મોટી વાતો, કંઈક અંદર અંદરના વહેવારની નાનીમોટી ગૂંચો એકલો યાદ રાખી શકે, એ પણ જગડૂને નવાઈ ઉપજાવનારું લાગ્યું.

પરંતુ ખરી નવાઈ તો જગડૂને અને એના ભાઈબંધોને એ વાતની લાગી કે આટઆટલાં રોકાણોમાં સીદી પાસે કંઈક સોદાગરો આવે, કંઈક સોદાગરો સીદીને પોતાની પેઢી ઉપર લઈ જાય, એ બધી ધમાલની વચમાં પણ સીદીએ જગડૂ અને એના ભાઈબંધો માટે વિચાર કરવાનો અવસર રાખ્યો હતો !

કોઈ ઈલમની લાકડી ફરી હોય એમ જગડૂનો નિવાસ અરબસ્તાનના અલીબાબાના આવાસ જેવો બની ગયો. દરજીઓ આવ્યા ને પોષાક બનાવી ગયા. દાસદાસીઓ આવ્યાં. ગાડીઘોડાં આવ્યાં.

સીદીએ હસીને કહ્યું : 'આ મારી મહેમાનદારી છે.'

તે રાત્રે સીદીએ જગડૂને બોલાવીને કહ્યું :

'વાણિયા ! હું અત્યાર સુધી તારી રીતરસમ અને તારો વ્યવહાર, તારી હામ અને તારી કાળજી જોયા કરતો હતો. મેં તને વહાણ ઉપર કહ્યું હતું તેમ, વાણિયા મને પસંદ નથી, કેમ કે એ મને ખંભાતમાંથી કાઢવા માગે છે. જૈન મને પસંદ નથી, કેમ કે એ લોકો મારી સરસાઈ કરવા માગે છે; ગુજરાતી મને પસંદ નથી, કેમ કે એ લોકો મારા અને ભરૂચના દુર્ગપાળ સંગ્રામસિંહ વચ્ચે વિખવાદ કરાવવા માગે છે. એ સહુ સોદાગરી કરવાને આવે છે; પણ સોદાગરીની સાથે રાજરાજની, લોકવહેવારની, ધર્મ–સંપ્રદાયની ને મતમતાંતરની વાતો પણ લાવે છે. છતાં હવે તને મારી એ કોઈ નાપસંદગી નડવાની નથી, કેમ કે મેં જોયું કે તું સાચો સોદાગર છે, દરિયાલાલનો સાચો દીકરો છે! મારી અનુભવની વાણી છે, અગર મારી દુવા તને પહોંચતી હોય તો મારી દુઆ છે, કે દરિયો તારા મનની મનીષા પૂરી કરશે. આવતી કાલે તું શાવક મીનોચહેરની પેઢી ઉપર જજે. તને બોલાવવાને માણસ આવશે.'

'જી!'

'મેં કહ્યું છે એમને. એ લોકો ઈરાનની સોદાગરીના મારા આડતિયા છે. તારે જેવો જોઈએ, જેટલો જોઈએ એટલો એક સોદો તારા નામ ઉપર એ નોંધશે.'

આખી રાત ચારે ભાઈબંધોને ઊંઘ ન આવી : અવસર મળ્યો છે તો સોદો કેવો નોંધાવવો, એ જ વિચાર એમને આવ્યા કર્યો.

ચોખંડા મહારાજનો મત સીધો ને સાદો હતો : મણ બે મણ સોનું જ લઈ લેવું, પછી ખટપટ જ નહિ, વેચવા કરવાની કોઈ માથાકૂટ જ નહિ. પીંજારા ખીમલીનો મત હતો કે હમણાં હમણાં દેશમાં ઊથલપાથલ અને અવ્યવસ્થા એટલી છે કે પહેરવાનાં કપડાં જ મળતાં નથી, તો વહાણ ભરીને કપડાં લઈ જવાં—તરત દાન ને મહાપુન્ય થાશે. દૂદા ભગતનો મત એવો હતો કે માણસને આજે અનાજ

મળવું મુશ્કેલ થઈ પડ્યું છે. તુરકાણો આવ્યા, માળવાવાળા આવ્યા, ને સિંહણવાળા આવ્યા; એમાં વણઝારાની પોઠો બંધ થઈ છે ને ક્યાંક કોઈક આવી ચડે તો એને ફોજવાળા લૂંટી લે છે. માટે મોટી વાત અનાજની છે. સોના કરતાં અનાજનો વેપાર કરવા જોગ ખરો. પરંતુ......

જગડૂની ગડમથલ પાર વગરની હતી. જગડૂનાં આંખ અને કાન સીદી ઉપર હતાં. આવડા મોટા શાહસોદાગરે જ્યારે એની પીઠ થાબડી છે તો એ સોદાગર પણ કાન પકડે એવું કાંઈક એણે કરી બતાવવું જોઈએ. પરંતુ શું કરવું જોઈએ એ એને સૂઝ્યું નહિ. પોતે પોતાને માથે જે ધર્મકાર્ય લઈને નીકળ્યો હતો એ સફળ થવું જોઈએ. પોતાને માથે જે કાર્ય લદાયું હતું એ પાર ઊતરવું જોઈએ. પોતાની આબરૂ રહેવી જોઈએ. પોતાના કુળની આબરૂ રહેવી જોઈએ. અમરાશાએ એને મહેણું આપ્યું હોય તો એ મહેણું ભાંગવું જોઈએ ને જો આવાહન આપ્યું હોય તો એ આવાહન ઝીલવું જોઈએ.

એક વાત તો જગડૂના મનમાં હતી : જાણે લક્ષ્મી એની સામે જીવતીજાગતી રૂબરૂ ઊભી રહેતી. માંડવગઢના શેઠ અમરાશા ને એની કન્યા જસોદા; જગડૂએ એને જોઈ તો ન હતી, પરંતુ એની છબી જગડૂના ચિત્તમાં અને આંખમાં વસી ગઈ હતી. સાક્ષાત્ લક્ષ્મીનો અવતાર ધરીને જાણે એ એની સામે ઊભી હતી. જાણે અમરાશાના માંડુગઢની હવેલીના ઊંબરે હડપચી ઉપર હાથ દઈને સીમમાં મીટ માંડીને એની રાહ જોતી હોય એમ જાણે એ પૂછતી હતી કે નાથ, હવે ક્યારે આવો છો ?

આજ સુધીમાં કોઈનું આવું સગપણ થયું ન હતું. પણ સાથોસાથ આજ પહેલાં કોઈ અમરાશા પણ થયો નહોતો અને કોઈ જસોદાલક્ષ્મી પણ પેદા થઈ નહોતી. ને શાસનદેવની કૃપા હોય તો બીજો કોઈ જગડૂ પણ પેદા નહિ થાય.

રાત આખી જગડૂએ પથારીમાં તરફડિયાં માર્યા. કાંઈક એવું કરવું જોઈએ, કાંઈક એવું થવું જોઈએ...પણ શું થવું જોઈએ ?— એ જાણે જસોદાલક્ષ્મીને પૂછતો હતો. જસોદા જાણે એને પૂછતી હતી. ને એ બેની વચમાં જાણે હવામાં ઊગતા સૂર્યનાં કિરણોના થંભનો ને સંધ્યાવાદળીના ચંદરવાનો માંડવો રાહ જોઈને ઊભો હતો.

સવારના બીજા પહોરમાં એને માટે ગાડી આવી અને ઇસ્ફહાનની બજારમાં શાવક મીનોચહેરની પેઢી ઉપર એ ગયો. ત્યાં એણે એક વિચિત્ર દૃશ્ય જોયું : શાવક મીનોચહેરની પેઢી બજારમાં હતી. ને બીજી બધી પેઢીઓની જેમ રસ્તાથી ઊંચી હતી. રસ્તામાંથી પેઢી ઉપર ચડવાને માટે આમ તો પથ્થરનાં પગથિયાં હતાં, પરંતુ સૌથી ઉપરનો પથ્થર જરા આવતાજતાનું ધ્યાન ખેંચે એવો હતો. જાણે વાદળી રંગની શાહીનો બન્યો હોય એમ એ પથ્થર વાદળી રંગનો હતો. ને એમાં જુદા જુદા રંગના આડાઅવળા નાનામોટા દોરા પડ્યા હતા. પથ્થર સળંગ હતો, પણ એનો દેખાવ એવો લાગતો કે અનેક નાનામોટા કાંકરાઓને સાંધીને એ પથ્થર બનાવ્યો હોય.

વર્ષો પહેલાં કોઈ મલાગાસી નાખુદો શેઠની પેઢી ઉપર ચડતાં ઠોકર ખાઈને પડ્યો હતો. એટલે બીજી સફરમાં એ મલાગાસી હાથીદાંત સાથે આ પથ્થર પણ ઉપાડી લાવ્યો હતો ને એને પગથિયા તરીકે એણે પોતાને હાથે મૂક્યો હતો. આ પગથિયાને લીધે શેઠની પેઢી બીજી પેઢીઓમાં જુદી ભાત પાડતી : વાદળી પથ્થરવાળી પેઢી શોધવામાં કોઈને તકલીફ ન પડતી.

આ પથ્થર આરસ નહોતો, ખાણ નહોતો, એની પાછળ કોઈ ઇતિહાસ હોય તો કોઈને એની ખબર નહોતી. લોકવાયકાઓ ખુલાસો કરતી કે આ પથરો આ ધરતીનો નથી; આભમાંથી તારો ખરે, એનો બનેલો આ પથ્થર છે !

એ તો જે હો તે હો, પણ એ પથ્થરે એક આરબ સોદાગરનું

ધ્યાન ખેંચ્યું. એને થયું : આ પથ્થર મસ્તકની પોતાની હવેલીની મહેરાબમાં મૂકવા જેવો ખરો !

સોદાગરનો વચ્છિયાત દલાલ નૌશેર હોરમજ બંદરમાં સોદાગર સીદીનાં વહાણોની મારફત અને ભરત કરનારો. એને ને આરબને કાંઈક બોલચાલ થઈ. ને એમાં નૌશરને પોતાને કોનું પીઠબળ છે એ બતાવવાની ઇચ્છા થઈ આવી. એટલે આરબ સોદાગર સામે એણે સીદી સોદાગરના નામનો સાદ દીધો.

ને શેઠ શાવકની પેઢી આગળ જોતજોતામાં વાત વધી ગઈ. વાત બે–પાંચ દીનાર ઉપરથી છેક બે–પાંચ સફરી જહાજના દામ જેટલી વધી ગઈ.

‘ અરે, કોણ છે એ સીદી, કોણ છે એ ખંભાત ને કોણ છે એ મારફતિયો ? શાવક શેઠ, સીદી સોદાગર તમારો વચ્છિયાત હોય, સોદાગર હોય તો હું અલમન્સૂર પણ તમારો સોદાગર છું. લખો મારા એક લાખ દીનાર. જોઉં છું, એ બાપડી ખંભાતનો બાપડો સીદી સોદાગર મસ્કતના શાહસોદાગર અલમન્સૂર પાસેથી આ પથ્થર કેમ કરી લઈ જાય છે ? ’

‘ અરે પણ, ’ શાવક શેઠનો મીનોચહેર બોલ્યો, ‘ભાઈ, બે દમડીનો આ પથરો !......મલાગાસામાં ઠેરઠેર ઢેઢે પિટાય એવો આ પાણો !...એમાં આપ ને સીદી જેવા અમારા બે માનવંતા સોદાગારો વચ્ચે અથડામણ થાય...ને તેય મારી પોતાની પેઢી ઉપર ?...મારે તો એક દીનાર પણ નથી જોઈતો, ને બેયમાંથી કોઈનેય આ પથરો આપવો નથી ને કજિયાનું આ કાળબૂટ હવે અહીં રાખવુંય નથી. અરે કોણ છે ? હમણાં ને હમણાં હેલકરી બોલાવીને આ પથરો વખારમાં મૂકી આવો !

ઝઘડો આમ પત્યો ને આરબ સોદાગર પાછો ગયો. ટોળું વીખરાયું. જગડૂ આ સાંભળતો હતો, સાંભળી રહ્યો હતો.

એકાએક કોણ જાણે જગડૂને શું થયું, કાંઈક ન સમજાય એવો

તરંગ એના હૈયામાં ઊભરાઈ આવ્યો, ને બીજો વિચાર કરવાને થંભ્યા વગર એણે કહ્યું : 'સીદી સોદાગરના રસાલાના એક માણસ તરીકે મારો એક સોદો લખવાનું તમને સોદાગરે કહ્યું છે ને ?'

'હા. તમારું નામ જગડૂશાહ ને ? તમે જ કચ્છ કંથકોટના ને ? સીદી સોદાગરના બાનમાં તમારો એક સોદો જેવડો મોટો હોય એવડો અમારે લખવો, એવો સોદાગરનો હુકમ છે, હવાલો છે. ફરમાવો !'

'તમારે કજિયાનું કાળબૂટ જાય અને મારે મારી પત રહે, એટલા માટે આ તકરારી પથ્થર, ઠીક લાગે એ દામ લખીને, મને આપી દો !'

'અરે એ જવાન ! અય જવાન !' મીનોચેહર ઓથમાન ઉપરથી અરધો ઊભો થઈ ગયો. ગમાર થા મા ! ગમાર થા મા ! લક્ષ્મી ચાંદલો કરવા આવી છે, ત્યારે મોઢું ધોવા જા મા !'

'હું કાંઈ સમજ્યો નહીં તમારી વાત.' જગડૂએ કહ્યું.

'અરે ઓ બેવકૂફ !' મીનોચહેરે પરાણે સ્વસ્થતા મેળવીને કહ્યું, 'સીદી સોદાગરનાં બાન કાંઈ જેને તેને મળતાં નથી. ને એના હવાલા તો મોટા ચમરબંધીનેય મળતા નથી. કમાઈ લેવાની એક તક આપી છે તકદીરે તને, તો બે–પાંચ–દશ લાખ દીનારનો સોદો લખાવવાને બદલે આ પથરાનો પાંચદશ દીનારનો સોદો લખાવવા બેઠો, તો શું તારે આ પથરાથી તારું કપાળ ફૂટવું છે ?'

હવે જગડૂને સમજ પડી. નિખાલસ હાસ્ય કરીને એણે ખુલાસો કર્યો : 'શેઠજી ! આપ તો આ પેઢી ઉપર જમાનાઓથી બેસો છો, ને આપે કંઈક વ્યવહારના, કંઈક વેપારના ને કંઈક આબરૂના સોદા લખ્યા હશે, ને બાન પણ લીધાં હશે ને હવાલાય નાંખ્યા હશે. આ પણ મારો આબરૂનો સોદો છે શેઠજી !'

'વેપારીના દીકરાની આબરૂ હોય દીનારમાં; દીનાર ના હોય તો એની આબરૂ હોય એના હવાલામાં; પણ એક નાખુદાએ આંહીં લાવી મૂકેલ પથરામાં એ આબરૂ ક્યાંથી આવી ?'

'આપ મારી વાત ના સમજ્યા, પણ મારે એ સમજાવવી છે: હું વેપારી, વેપારીનો દીકરો, સાત પેઢીના વેપારવણજનો હું વારસદાર. બીજો કોઈક મારા હવાલા ઉપર સોદાગરી કરે તો હું રાજી થઉં. પણ હું કોઈના હવાલા ઉપર વેપાર કરું ખરો ? સીદીના હવાલા તો હજીયે બીજા કોઈકને મળશે, પણ એને લાભ લેવાની ના પાડનાર મારા જેવો બીજો તમે જોયો નહિ હોય !'

'હાસ્તો, બીજો ક્યાંથી જોયો હોય ? જે માણસ વેપાર કરવા આવે છે એ રળવા માટે આવે છે; કાંઈ ગાંડાંનાં ગામ વસાવવા નથી આવતો.'

'શેઠ, તમે તો સોદાગર છો, કંઈક દેશપરદેશના સોદાગરોની આબરૂના હામી છો. તો મારી આટલી વાત તમે કાં ન સમજો ? એક અવસરે સીદીનું વેપાર–રોજગારનું નહિ એવું એક કામ મારાથી થયું. એના બદલામાં એ આ મહેરબાની મને આપે છે. તમને એમ લાગે છે કે કોઈની મહેરબાનીથી કોઈ માણસ વેપાર ખેડી શકે ? હું એમની મહેરબાનીની ના પાડવા માગતો નથી; એમની મહેમાનગતિને અવગણના પણ માગતો નથી; પણ જો હું વેપાર કરીશ ને ધન રળીશ તો તે મારી આબરૂ ઉપર, અને મારા નામના હવાલા ઉપર; બીજાનું ધન મને પથરાની કિંમતનું જ છે. જે દિવસે મારા નામથી હું સોદો કરીશ, તે દિવસે તમારે ત્યાં ઘોડાઓનો સોદો કરીશ. ત્યાં સુધી આ પથરાનો જ સોદો રહેવા દો !'

'વાત તો તારી સાચી હો, જુવાન ! પણ સીદીને ખોટું લાગે તો તું જાણે હો, અમારો એમાં કંઈ વાંક નહિ !'

'સીદીને ખોટું શું કામ લાગે ? જેને માટે એક લાખ દીનાર બોલાયા હતા, એ વાત મામૂલી કેમ કહેવાય ? સીદીનું નામ જેની સાથે જોડાયેલું હતું, એ વાત પણ મામૂલી કેમ કહેવાય ? જે વાત તમારી દુકાનદારીની શોભા બની, સીદીની આબરૂનો સવાલ બની એ વાતનો સોદો...બધાયનાં મન રાજી રહેવાં જોઈએ ને ? તમારે માથેથી બે

ગ્રાહકોનો મતભેદ ગયો, ને મારે માથે મારો વટ રહ્યો. આરબનોય વટ રહ્યો કે એ પથરો સીદીને ના મળ્યો; અને સીદીનો પણ વટ રહ્યો કે એ પથરો આરબને ના મળ્યો; અને મારો પણ વટ રહ્યો કે પારકી આશાને સદાકાળ પથરાની જેમ જ ગણીને હું ચાલું છું !'

'રાસ્ત છે, છોકરા, તારી વાત બિલકુલ રાસ્ત છે ! તું જતે દહાડે સાચો સોદાગર થઈશ—જા, આ બુઢ્ઢાનો બોલ છે. હવે તારી ઇચ્છા હોય તો તારા પોતાના નામ ઉપર હું સોદો લખીશ !'

વાત બજારમાં ઠીકઠીક ચર્ચાઈ. બે મશહૂર સોદાગરો એક મામૂલી પથરા માટે લાખ લાખ દીનાર સુધી ખુવાર થવા બેઠા; ત્યારે શાવકની પેઢીએ એ બેય ગ્રાહકોને ખુવાર થતા વારવા એ પથરો એક વહાણિયા વહાણવટીએ નાખુદાને એના વહાણના નીરમમાં વાપરવા આપી દીધો. ત્રણેય સોદાગરોની વટની વાહ વાહ બોલાઈ રહી !

રાતે સીદીએ જગડૂને કહ્યું : 'આજ આખો દિવસ આ પથરાની વાત સિવાય બજારમાં મેં બીજું કાંઈ સાંભળ્યું નથી. મારે એ પથરો જોવો છે. છે કેવોક એ ?'

'એ પથરાને મારે તો વહાણમાં નીરમ તરીકે રાખવો છે—મારું આ વહાણ જ્યાં સુધી ટકી રહે, ત્યાં સુધી આપની મહેમાનદારીની મોંઘી ને મીઠી યાદ તરીકે.'

'મને જરા બતાવ તો ખરો !'

દૂદો માથે પથરો ઉપાડી લાવ્યો.

ચોખંડાએ કચવાટથી કહ્યું : 'લ્યો, જુઓ સોદાગર ! પથરા ન જોયા હોય તો જોઈ લ્યો—છે ને અમારા ભાઈબંધના માથા જેવો ! અવસર ચૂકે એને આવા પથરા જ સાંપડે ને !'

સીદીએ પથરા સામે જોયું, ધ્યાનથી જોયું, વધારે ધ્યાનથી જોવાને કોડિયું મંગાવ્યું, ફરી ફરીને ધ્યાનથી જોયું. પછી એણે કહ્યું : 'છોકરા ! આ તું નથી રળતો, પણ તારું તકદીર રળે છે !'

'એટલે ?'

'પચીસ–ત્રીસ વર્ષથી આ પથ્થર ઇસ્પહાનની ભરબજારમાં આઠે પહોર ને સાઠે ઘડી ઉઘાડો પડયો રહ્યો, પણ કોઈના તકદીરે જોર ના કર્યું. આજે તારે પેઢી ઉપર જવાનું થયું ત્યારે જ આ પથરાને પણ સળવળાટ થયો. છોકરા, હું કહું છું કે તું નથી રળતો, તારું તકદીર રળે છે.'

'તમારું કહેવું હું હજુ ના સમજ્યો.'

'આ પથ્થર પથ્થર નથી, છોકરા ! એ તો માત્ર પરીકથાઓમાં સાંભળેલી એવી હીરાની પાટ છે ! કો જમાનાજૂની હીરાની ખાણમાંથી નીકળેલી આ તો હીરાની પાટ છે ! એમાં તું જેટલી સાંધો જુએ છે એટલા હીરા આ પાટમાંથી નીકળશે ! મારી એક વાત માનીશ ?'

'જી, આ પથ્થર આપને સોંપી દઉં.'

'ગાંડા ! આવી વસ્તુ રળતાં નથી મળતી; બુલંદ કિસ્મત જેનાં જોર કરતાં હોય એને જ મળે છે. મારા તકદીરમાં એ હોત તો આરબ સોદાગર જ શાને આવત ? એ બીજા કોઈના તકદીરની નથી, તારા જ તકદીરની છે. ને કોઈ પારકાનાં તકદીરનું ખુટામણ કરવા જેવી સીદીની હાલત નથી, દાનત નથી. મારી વાત બીજી છે : આ હીરાપાટ ઈરાનના શાહને સુપરત કર. એ એમના રાજસિંહાસન કે રાજમુગટ માટે લાયક છે.'

'જી !'

'અને છોકરા, એક વાત આજથી તારા હૈયામાં લખી રાખ : તારું નસીબ રળે છે, માટે આજથી તારા નસીબમાં સેંકડો–હજારોનાં નસીબ મેળવી દેજે. કોને માટે, કોના તકદીરનું, કોને મળે છે એ તો એકમાત્ર આસ્માનમાં બેઠેલો અલ્લાહ જ જાણે છે. નસીબે તને યારી આપી છે. હવે તારા નસીબને તારે યારી આપવી હોય તો તારા નસીબમાં સેંકડોનાં નસીબ મિલાવી દેજે ! એ રાહે ખંભાતના મારા બેસણાથી પણ સવાયો એવો તું શાહસોદાગર થઈશ—થઈ જ ગયો સમજ !'

## ૧૩. .... .... .... મકરાણનો મગરમચ્છ

**એ** વહાણ તો ઈરાનના શાહની ભેટ, એટલે પછી એમાં શી કમીના હોય ? અસલી કોકેસસના પહાડના તોતીંગ સાગનો સળંગ સાઠ હાથ ઊંચો એનો કૂવાથંભ. નાનો ખૂવો અસલી સાગોનો. સાગો એટલે સાગ નહિ, પણ જેના રસમાંથી સાબુદાણા થાય એ ઝાડ. એ ઝાડ શેતૂર કે સાગ જેટલું ઊંચું ના થાય. દેવદાર પણ એનાથી ઊંચો હોય. પણ સાગોના ઝાડમાં બીજે ક્યાંય ના મળે એવી એક કરામત: એના સોટાને—એનું થડ ગમે એટલું જાડું હોય તોય એ સોટો જ કહેવાય—કમાનની જેમ બેવડ વાળીએ તોય એ ભાંગે નહિ, તરડાય નહિ, અને તૂફાનની હીંચ તો સાગોના સોટાનો ખૂવો લે એવી બીજો કોઈ ખૂવો ના લે. વહાણનાં પાટિયાં અસલી દેવદારનાં, ને દેવદાર પણ ગુજ્જર સ્થાનનો. એનું પોત હોરમજનું. સઢ માટે હોરમજનું પોત વખણાય. વણી વણીને જાણે આંગળાં ને હથેલીનાં લોહી અંદર સિંચાયાં હોય, એમ આછી લાલ ઝાંયની એની આલાદ. વહાણની આલાદને વણનારી તો દરિયાલાલને કાંઠે બેજ જાત: એક માંડવી-લખપતના કાંઠાના લંઘા, ને બીજી શિરાઝની કામરુ ઈરાની.

એટલે જહાજ મસ્ત હતું. ને મસ્તીભરી અદાથી ચાલ્યું જતું હતું. એની દરિયાવાટમાં સાગરરાજે ડોલરનાં ફૂલ બિછાવ્યાં હોય એમ એનો ડોલરિયો શિરોટો પાછળ છેક સીમ સીધી ખેંચાતો હતો.

હોરમજનું વહાણ ને શિરાઝી બાંધણી, એટલે એની પછાડ ઊંચી. કંદોરાથી એની રાંગ તો બહુ ઊંચી નહિ, પહેલો સથ્થો પણ ઊંચો નહિ, પણ પહેલા સથ્થા ઉપર એની બાંધણી જૂની જાતની.

ખૂલ્લા આગળ ઊંચો એનો ફનોસ. ફનોસની પાછળ બીજો સથ્થો. ને એ સથ્થાની રાહે રાહે નાની નાની મુલાયમ દેખાવની ને રમકડા જેવી છત્રી; ને છત્રી ઉપર પાછો એક સથ્થો. આમ ઉપર ચડતાં ત્રણ સથ્થા—જાણે દરિયામાં ત્રણ માળનો રમકડાંનો મહેલ તરતો હોય. શિરાઝી ધાવમાં કલમી આગળના સથ્થા ઉપર હોય.

વહાણનો નાખુદો કાબેલ હતો. હોરમજના કાંઠા ઉપર હરતો-ફરતો ને દેશમાં જવા માટે વહાણ શોધતો એ,તળાજાનો કોળી તાલોજી હતો. ને તાલોજી કોળી, જેની જોડ ના મળે એવો નાખુદો હતો.

લગભગ વીસથી પચીસ ખારવાની જરૂર પડે એવું આ જહાજ હતું. ને એ બધાય ખારવાને તાલોજીએ વીણી વીણીને પસંદ કર્યા હતા. આમ તો દરેક વહાણ ઉપર જરૂર પડે તો હલેસાંઓ ચલાવનાર દાસો પણ જોઈએ, પણ પોતાના વહાણ ઉપર કોઈ ગોલાને ચડાવવાનો જગડૂએ સાફ ઇનકાર કર્યો હતો.

પછી તો કાંઈ કરવા જોગ ના હતું. હોરમજમાંથી શાહી વિદાય લીધા પછી બગલો વચમાં ક્યાંય રોકાવાનો હતો નહીં—તીરની જેમ સીધો એ ખંભાત જ જવાનો હતો. અને ત્યાં સીદી સોદાગરને કાંઠે ઉતારીને એ પાછો ફરીને કચ્છના અખાતમાં જવાનો હતો. વચમાં એમને કાંઈ સોદા કરવાના ન હતા, કોઈ બંદરમાં વછિયાતોને મળવાનું ના હતું, કોઈ માલનાં વેચાણ કે ભરત પણ કરવાનાં ન હતાં.

વહાણની જૂની દરિયાવાટ કંઠારની. એક તરફની બગલમાં દૂર દૂર સીમની નીચે કાંઠાની આછી ધૂમરેખા દેખાતી રહે.

કંઠારનો મારગ બહુ લાંબો હોય તો એને ટૂંકો કરવાને વહાણ એકાદ દિવસ લાહોલાહ દરિયામાં જાય ખરું. પરંતુ જ્યાં કાંઠે કાંઠે જવાતું હોય ત્યાં જ નાખુદો આવી ટૂંકી વાટ લે. જે નાખુદો આવી વાટ લઈ શકે તે પાવરધો ગણાય. એટલે જહાજ કંઠારના દરિયામાં, ભારે શરીરનો બગલો હવામાં ઊડતો હોય એમ, ચાલ્યું જતું હતું. મોસમ ખુશનુમા હતી. પવન સમો ને પૂંઠિકો હતો. માથે બે બે

માળની છત્રી હોય એવું વહાણુ પેટાળ તો ના પડે, પણ જરાક ખાંચુ રહે ને દરિયાનાં મોજાં ઉપર સવારી કરતું હોય એટલે ડાબી-જમણી બાજુ ને આગળ પાછળ લોલ લેતું હોય.

આવું વહાણુ ચાલ્યું જતું હતું ને એના ઉપલા સથ્થા ઉપર જગડૂ, ચોખંડો, ખીમલી ને દૂદો ચોપટ માંડીને બેઠા હતા. ચોપટ બરાબર જામી હતી. એક તરફ જગડૂ ને ખીમલી ને બીજી તરફ ચોખંડો ને દૂદો ભેરુ બન્યા હતા. દૂદો બહાર રહી ગયો હતો. જગડૂ ને ખીમલી બેય એકબીજાને મદદ કરતા ઘણાખરા અંદર દાખલ થઈ ગયા હતા. ને આમ તો ચોખંડોય ઠીક ઠીક અંદર પેસી ગયો હતો.

પણ રમતને ચગાવવાને અને ભેરુએ પડ આપવાને માટે ચોખંડાએ પોતાની સોગઠી ગાંડી કરી હતી. ને આ ગાંડી, સીધે રસ્તે ચાલતાં સોગઠાંને વચમાં મારફાડ ને હોકારા-પડકારા કરતી, ઊંધે રસ્તે આગળ વધતી હતી. ગાંડીને કંઈક વાર ખડાં થયાં હતાં. કંઈક વાર ચોપાટના ઉસ્તાદ ખેલાડી ચોખંડાએ ખડાં કર્યાં હતાં. વચમાં વચમાં એણે કંઈક સોગઠીઓને ઘેર બેસારી દીધી હતી. ખેતરમાં કોઈ આખલો ખળું ખૂંદે એમ ગાંડી આખી ચોપાટ ખૂંદતી હતી.

વહેલી સવારથી ચારે જણા ચોપટ માંડીને બેઠા હતા ને ગાંડી બનેલી સોગઠીની આસપાસ ગાંડા જેવા બન્યા હતા. ચોખંડો વારેવારે માથું ધુણાવતો, ચોપટના એક પડથી સામા પડ ઉપર કાયા લંબાવતો, સોગઠીઓ ઉપાડીને બહાર ગોદડા ઉપર મૂકીને એના ઉપર ઘાવ ઉપર ઘાવ કરતો અસલ જુગટાના રંગમાં આવી ગયો હતો.

'અલ્યા પીંજારા, જોઈ લે, જોઈ લે, ગણી લે, બે અગિયાર, એક બાર, એક પચીસ, દાણા ત્રણ, પગડાં ત્રણ ને આ તારો પાકલ ટેટો ગયો !...ગણી લે...ગણી લે...તાંત પછી માંડજે !...' ચોખંડો ત્રાડતો હતો—જાણે ગામના પાદરમાં બહારવટિયા પડચા હોય ને એમની વચમાં કોઈ શૂરો રણ લલકારતો હોય એમ.

'એમ ને બમણા?' ખીમલી સામો પડકારતો, 'માર, મારો પાકલ ટેટો માર, પણ પછી જોઈ લેજે—ઓલ્યા દખ્ખણના બામણા ગળામાં શિવલિંગ પહેરે છે, એમ એ કાંકરી તારે ગળે ન બાંધું તો!'

'હવે બાંધ્યા, બાંધ્યા! એ તો આ મારો ભેરુ દૂદો જરા નબળો છે. માળો જાતનોય ઢેઢ ને રમવામાંય ઢેઢ! માળો દાવ નાંખે તો કાં તો ત્રણ ચત્તા ને કાં તો ત્રણ ઊંધા. નહિ તો તો તને પીંજારાને ને આ વાણિયાને હું છેક ઘોઘાના પાદરમાં મૂકી આવું, હો!'

'કોને, મને કાંઈ કહ્યું?' જગડૂએ પૂછ્યું.

'તે તું વળી કયાં કોઈ રાજા–બાદશાહનો દીકરો છો! ચોપાટ રમવા બેઠો છો ને સામા પડમાં છો; તો તનેય શું કામ ના કહું?'

દૂદાનું ધ્યાન જગડૂના ચહેરા ઉપર ગયું. દૂદાએ ચોખંડાને ઇશારો કર્યો ને એ થંભી ગયો.

'શું છે?' દૂદાએ પૂછ્યું.

'ના, બીજું તો કાંઈ નહિ, પણ આજ સવારથી હું સીદી સોદાગરને જોયા કરું છું.'

'એ તો અમેય જોઈએ છીએ—એ બેઠો ફનોસ પાસે!' ચોખંડાએ કહ્યું: 'આપણે એને કહ્યું, હાલો ચોપાટ રમવા, તો કહે કે ના, હું નાખુદા પાસે બેઠો છું. આ બેઠોબેઠો નાખુદા સાથે કંઈ ગુસપુસ કર્યા કરે છે.'

'શું હશે?'

'શેનું?' ચોખંડાએ પૂછ્યું.

'હોય શું? દૂદાએ કહ્યું, 'બાપડાને એકલવાયું લાગતું હશે તે નાખુદા સાથે વાતો કરે છે. બીજું શું હોય?'

'કેમ, તમને કાંઈ બીજું લાગે છે?' ખીમલીએ જગડૂને પૂછ્યું.

'હા.' જગડૂએ કહ્યું, 'આજ સવારથી એ ફનોસ પાસેથી ખસ્યો જ નથી. ચાર–પાંચ વખત એણે નાખુદા સાથે વાતો કરી. ને

કચારનો એ કંઠાર તરફ વારેવારે આંખનું નેજવું કરીને જોયા કરે છે. જુઓ, એણે હવે કમાન કાઢી.'

'કમાન તો બપોરે હોય; અત્યારે એનું શું કામ ?'

'કમાન માંડી,' જગડૂએ કહ્યું : 'ને આ નકશો પણ કાઢ્યો.'

'ને આ લોલી પણ નાખુદાએ નાંખી !' ચોખંડાએ અજાયબી ભરેલા અવાજે કહ્યું : 'માળું કાંઈક છે ખરું !'

થોડીવાર ચોપટ ચોપટને ઠેકાણે રહી, ને ચારે જણા નાખુદા અને સીદીને કાંઠા તરફ એકધ્યાન થયેલા જોઈ રહ્યા.

નાખુદાએ બૂમ પાડી : 'પિંજરિયા, સમાલ !'

ઉપરથી પિંજરિયાએ જવાબ આપ્યો : 'નાખુદા, સમાલ !'

'પિંજરિયા, સમાલ !' નાખુદાએ ભૂંગરામાંથી કહ્યું : 'પિંજરિયા સમાલ ! કંઠારમાં જો ! લાલ કોઠો કળાય છે ?'

પિંજરિયો આંખનું નેજવું કરીને એ કાંઠા તરફ જોઈ રહ્યો. આખરે એણે આંગળી ચીંધીને બતાવતાં કહ્યું : 'ડાબી છત્રી પંદર ખૂણ, લાલ કોઠો કળાતો નથી, આભાસ થાય છે. ડાબી છત્રી પંદર ખૂણ, નાખુદા સલામ !'

'સમાલ બેલી !' નાખુદાએ કહ્યું : 'સમાલ બેલી ! સુકાની, સમાલ !...સુકાની, સમાલ !...સમાલ ! સુકાની, સમાલ...!

'નાખુદા, સમાલ ! નાખુદા, સમાલ !' સુકાનીએ જવાબ દીધો.

'મોરો ફેરવ ! મલબારી લાલ...મલબારી લાલ...મોરો ફેરવ... સુકાની સમાલ...મલબારી લાલ...'

'મલબારી લાલ...મલબારી...નાખુદા સમાલ !...મલબારી લાલ... માલમ, સમાલ !...માલમ, સમાલ !... મલબારી લાલ !'

સૂતેલી ખલાસમાં જાણે જીવ આવ્યો. કોઈ સિંહ કે ચિત્તાની ડણકથી વાંદરાં ભડક્યાં હોય એમ બે ખારવા સડસડાટ ખૂવા ઉપર ચઢ્યા,

બે ખારવા તીર ઉપર ચડ્યા, બે ખારવા પરમાણ પકડીને ઊભા, અને બે ખારવા આલાદની સાર છોડવા લાગ્યા.

'સુકાની, સમાલ! સુકાની, સમાલ !...નાખુદા, સમાલ !...નાખુદા સમાલ !...સુકાની, સમાલ !...મલબારી લાલ...મલબારી લાલ !...' માલમે ચારેતરફ સર્વગ્રાહી નજર નાંખીને પોતાના ખલાસીઓ બરાબર જગ્યાએ બરાબર હોશિયાર છે કે નહિ એ જોઈ લીધું. અને પછી પોતે તૈયાર છે એમ સૂચન કરતો સાદ આપ્યો.

'સમાલ માલમ !...સમાલ...નાખુદા !...સમાલ માલમ !' સુકાનીએ સાદ દીધો. સાદ દઈને એણે સુકાનનો વીણો ફેરવવા માંડ્યો ને વહાણ કાંઠાની બગલ છોડીને કાંઠાથી વધારે દૂર, દરિયાની અંદર ઊંડું ને વધારે ઊંડું જવા લાગ્યું.

'આ શું ?' જગડૂએ અચંબો બતાવતાં કહ્યું : 'આ શું ? કદાચ આપણે મલબાર જવું હોય તોય કાંઠો કેમ છોડ્યો ?'

જગડૂ ઝપાટાબંધ ફનોસ ઉપર ગયો. એણે જોયું કે નાખુદો ને સીદી બેય એકીટસે કાંઠા તરફ નજર રાખી રહ્યા હતા.

'નાખુદા !' જગડૂએ પૂછ્યું : 'કંઠાર કેમ છોડી ભલા ?'

નાખુદાએ સીદી સોદાગર સામે આંગળી ચીંધી: 'હુકમ એમનો. અને મને એ સાચો લાગ્યો, શેઠ !'

'સીદી કાકા !' જગડૂએ પૂછ્યું : 'આમાં મને કાંઈ ના સમજાયું. વાટ છોડવી શું કામ પડી ? વાટમાં શું ભાંગ, ચર, ધડો કે એવું કાંઈ જોખમ છે ?'

'એ બધાથીયે મોટું જોખમ છે; આજ ને કાલ બેય દિવસ આપણે આમ ને આમ લાહોલાહ જવાનું છે.'

જગડૂએ સીદીના કરચલીવાળા ચહેરા સામે જોયું; એની સાવધ અને ચંચળ આંખો સામે જોયું; દરિયાલાલના પારણામાં જન્મેલા ને

દરિયાલાલના ખોળામાં જ મોટા થયેલા ને આખા દરિયાલાલમાં સમર્થ નાખુદાની ખ્યાત ભોગવતા નાખુદા સામે જોયું. એક તો એ જાતને કોળી એટલે એણે દરિયો ગળથૂથીમાં પીધેલો. એમાંય વળી તલાજાનો. તલાજાનો કોળી કહેવાય જ બારૈયો. ને એમાંય તાલોજી પોતે. દરિયાલાલના મિજાજની, પવનના મિજાજની ને દરિયાલાલની પીઠ ઉપર ફરતાં વહાણો અને પોતવાહોની એક પણ ગત એને અજાણી નહોતી. કો ચિત્રકારે સૂર્યનું ચિત્ર દોર્યું હોય એમ ચારેકોર કરચલીઓ પડેલા કૂંડાળાની વચમાં એની આંખો દરિયાના રંગની હતી. આ બેય જણા દરિયાલાલના જૂના જોગી હતા અને પોતે તો હજી શિખાઉ હતો.

તોય વાટ બદલવાનું કારણ એને ન સમજાયું. 'સીદીકાકા !' એણે કહ્યું : 'મને હજી આ દરિયાના રંગ અજાણ્યા છે. જ્યાંથી કંઠાર દેખાય નહિ, જ્યાં સામે કોઈ વહાણ મળે નહિ, એવા દરિયાના રણ જેવા પથકમાં લાહોલાહ દરિયામાં શું કામ જવું પડે છે ?'

'નાના શેઠ !' સીદીએ કહ્યું : 'આપણે વગડામાં ક્યાંક વણ-ઝાર લઈ જતા હોઈએ ને મારગમાં વાઘ મળે તો ?'

'તો વાઘને તગડી મૂકીએ !'

'નાના શેઠ ! તમારે તો સોદાગરજ થવું છે ને ?'

'જી. હા, પણ...'

'પણ ને બણ કંઈ નહિ; તો સાચી સોદાગરીના પહેલા પાઠ શીખી લ્યો. શેઠ, વગડામાં વણઝાર લઈને જઈએ ને મારગમાં વાઘ મળે તો એ રસ્તો બદલાવીએ—પણ એ વાઘથી ડરીને નહિ. વાઘ આપણી વણઝાર ચૂંથવા આવે તો એની સાથે લડી લઈએ ને એને હણીને જ જંપીએ; પણ સામે ચાલીને વઢવા ન જઈએ, મારગ બદલાવીએ, સમજ્યા ? આપણું કામ તો સોદાગરીનું.'

'જી, પણ...'

'પણ શું?'

'એક વાઘથી ડરી જઈએ? એમાં તો આપણી જુવાની લાજે!'

'તમે રજપૂત હો, વાઘનો શિકાર કરવા નીકળ્યા હો, તો જરૂર તમારી જુવાની લાજે. પણ તમે સોદાગર છો, સોદાગરી કરવા નીકળ્યા છો, ને વાઘને મારવાનું કામ તમારું નથી, એમ હોય તો?'

'જી...આપને શું જવાબ આપું?'

'જવાબ નથી જોઈતો મારે નાના શેઠ! પણ મારી ગત સમજી લ્યો! રાજા, મહારાજા, લડવૈયા, શિકારી જેમનું કામ મરવાનું જોખમ ખેડીને પણ વાઘને મારવાનું છે, એમના ઉપર કંઈ દુનિયાના વહેવાર ચાલતા નથી, પણ સોદાગરી ઉપર તો દુનિયાના રોજના વહેવાર મંડાયા છે. લડાઈઓ તો આવે છે ને જાય છે, વાઘો જીવે છે, મરે છે, મારે છે, ને હણાય છે; પણ એનાથી મુલકનાં દુઃખ દૂર થતાં નથી. આ ધરતી ઉપર રોજરોજ કરોડો માનવીઓને સવારના પહોરમાં ઊઠીને મોઢામાં દાતણ નાંખે ત્યારથી તે રાતના પથારીની સોડ તાણે ત્યાં સુધીમાં લડાઈઓ ન થાય તો એને હરકત નહિ આવે, પણ સોદાગરી નહિ હોય તો એનો વહેવાર થંભી જાય! આપણે સોદાગરો તો શાહો. બાદશાહો તો માણસોને મારીને બાદશાહ થાય છે, અને સોદાગરો તો માણસોને જિવાડીને શાહ થાય છે. જોખમ આવે ને એનાથી ભાગીએ તો આપણી જુવાની લાજે; પણ જાણીબૂઝીને સામેથી જોખમ વહોરવા માંડીએ તો ઊલટી આપણી સોદાગરી જ લાજે!'

'જી. તો આંહીં આપણી વાટમાં શું વાઘ બેઠો છે?'

સીદી હસ્યો: 'વાઘ તો નહિ, પણ મગર બેઠો છે, મગર! મકરાણનો મગર ખુરાંટ થયો છે!'

'મગર હોય, ને એ ખુરાંટ પણ થયો હોય, પણ એથી વહાણને શું? એ કાંઈ વહાણને થોડો ખાઈ જવાનો છે?'

‘ તને નવાઈ તો લાગશે; પણ આ મગર વહાણને ખાઈ જાય એવો છે ! ’

‘ એવો કેવો મગર ? મેં તો આવો મગર ક્યારેય જોયો નથી ને સાંભળ્યોય નથી ! ’

‘ ને આપણે જોવાય નથી, નાના શેઠ ! ’

‘ એ કેવો હોય ? ’

‘ કેવો હોય ? મારા જેવો ! તારા જેવો ! એને બે હાથ છે, બે પગ છે, એક માથું છે. વગડામાં એ વાઘ છે. રણમાં એ એકલદંતી શૂકર છે. દરિયામાં એ મગર છે. એનું નામ પીથલ. ’

‘ પીથલ ?... પીથલ ?... ’

‘ એ નગર સમૈનો સુમરો રાજા છે. ને પોતાને મકરાણનો મગરમચ્છ કહેવરાવે છે. ’

‘ પીથલ સુમરો ? ’

‘ હા. નગરસમૈનો સુમરો રાજા. ’

જગડૂએ કહ્યું : ‘ અમારા કચ્છના દરબારો, રાવો ને જામોય નગરસમૈથી જ આવ્યા છે. ’

‘ સાચું. નગરસમૈના જામ જાડાના બે દીકરા કચ્છ આવ્યા. એમનું મોસાળ પાટગઢમાં. એ ત્યાંના ચાવડા મામાને મારીને કચ્છમાં જાગીરો કરીને બેઠા. જાડાના વંશજો એ જાડેજા કહેવાયા ને જામ સમાના વંશજો સુમરા કહેવાયા. ’

‘ અમારા કચ્છવાળા તો ‘ વઢ, નહિ તો વઢનાર દે ’ એવા છે ! ’

‘ ને આ પીથલ સુમરો એમના માથાનાં પીંછા જેવો છે ! ’

‘ આપ અનુભવી છો, દરિયો પી ગયેલા છો ને તાલોજી નાખુદાને પણ આપની વાત વાજબી લાગી છે, એટલે આ વાત સાચી તો હશે; પણ પીથલ સુમરાને ને મકરાણને લાગેવળગે શું ? ’

'નાના શેઠ, જે વાતનું દુઃખ અમારા મુસલમાન બાદશાહોમાં પેઠું છે, એ તમારા હિન્દુ રાજાઓમાં પણ પેઠું છે. રાજામાત્ર દુઃખનું કારણ છે, એમ હું તો માનું છું. એ તો ચોર, લૂંટારા ને ડફેરનેય સારા કહેવરાવે એવા હોય; અને છતાં વંશાવલિ કાઢે ઠેઠ કોઈક ખલીફા કે પયગમ્બરના સગા–સાગવા સુધીની કે પછી તમારાં અવતારી પુરુષો કે દેવદેવીઓ સુધીની ! ને પછી એ દેવદેવી કે ખલીફા કે સગા–સાગવાનાં ઘોડાં જ્યાં ઘૂમ્યાં હોય એટલા પથકમાં પોતાનું રાજ, એમ માનતા હોય. આ તમારા પીથલ સુમરાનુંય એમ છે. '

'પીથલ સુમરાની વંશાવલિ ભલે ને કૃષ્ણ ભગવાન સુધી જાય, પણ કૃષ્ણ ભગવાને દરિયો ક્યાં ડહોળ્યો હતો ?'

'એ કહે છે કે ડહોળ્યો હતો. એના ગુરુના દીકરાને કોઈક ઉપાડી ગયો હતો ને એને પાછો લાવવાને એણે, કહે છે કે, દરિયાને તાબે કર્યો હતો. ખરી વાત શું, એ તો ભાઈ, તમે જાણો; આ તો એ કહે છે એ વાત મેં કરી. એ તો કહે છે કે આમ મિસરથી તે દ્વારકાં સુધીનો ને આમ જમના નદી સુધીનો પથક મારો.'

'એ પથકમાં તો ઠેકઠેકાણે એના દાદા બેઠા છે ને કોઈ આવી વાત કરવા જાય તો એનું માથું ભાંગી નાખે એવા છે. આપણા ગુજરાતના વીશળદેવ મહારાજની જ વાત કરો ને!'

'મોટા સાથે તો બાથ ભરતા ભરાય—જોકે પીથલ તો ભરી લ્યે એવો માથાભારે છે—પણ નાનાને તો એ બહાને રંજાડે ને !'

'હા, એમ છે ખરું !'

'તો બસ. એ કહે છે કે હું મકરાણનો રાજા, મકરાણના દરિયાનોય રાજા; મકરાણના દરિયામાંથી કોઈ સોદાગરી જહાજ જાય તો એ મારા બાપનું !'

'પણ એ તો નરી સંઘારવટ જ કહેવાય! આ તો ચાવડો સંઘાર જેવી વાત કરે છે એવી વાત થઈ!'

'નાના શેઠ! હજી તમે સોદાગરીમાં પાપાપગલી માંડો છો. જમાનો જોશો ત્યારે ખબર પડશે કે એક માણસને લૂંટે એ લૂંટારો કહેવાય, પણ એક ગામને લૂંટે એ રાજા કહેવાય ને આખા મુલકને લૂંટે એ વિજેતા કે બાદશાહ કહેવાય! એ જ રીતે વહાણને લૂંટે એ સંઘાર કહેવાય, પણ આખી દરિયાવાટ લૂંટે એ દરિયાસારંગ કહેવાય!'

'તે એને કોઈ કહેનાર નથી? આ મકરાણના મગરના દાંત ભાંગી નાંખે એવું કોઈ નથી?'

'જાગશે કોઈક.'

'ક્યારે?'

'ગધેડાને શીંગડાં ઊગશે ત્યારે!'

'પણ ક્યારેય ગધેડાને શીંગડાં ઊગ્યાં જાણ્યાં છે?'

'નાના શેઠ, સોદાગરોની કે લોકોની મુશ્કેલીઓ ટાળવા કોઈ રાજા બીજા રાજા સાથે લડવા નીકળ્યો સાંભળ્યો છે? કોણ નીકળે? એ બધા બાપડા ચકરડી–ભમરડી જેવા આસન ઉપર બેઠા છે. પાણીમાં અક્ષરોની જેટલી સ્થિરતા, એટલી એમના આસનની સ્થિરતા. અંદર અંદર ઝઘડવામાંથી ને બીજાઓને હેઠા પાડીને પોતે ઊંચા થવાની લાલચમાંથી ઊંચા આવે તો લોકો સામે જુએ ને?'

'પરંતુ મહારાજ વીશળદેવ...'

સીદી અર્ધ કરુણાથી, અર્ધ તિરસ્કારથી હસ્યો: 'નાના શેઠ, તમે હજી બાળક છો! રાજકાજ હજી તમે જોયાં નથી. આ તમારા વીશળદેવ મહારાજને તુરકાણની બીક, માળવાની બીક, કર્ણાટકની. આ અમારા માવળાને ગુજરાતની બીક, તુરકાણની બીક, દેવગિરિની બીક. આ તમારા દેવગિરિને ગુજરાતની બીક, તુરકાણની બીક. આ

તુરકાણને હિન્દુ રાજાઓ ભેગા થઈ જાય એની બીક. ઈરાનને ખલીફાની બીક. ખલીફાને મોગલની બીક. મોગલને વળી ભૂખ, ટાઢ ને બરફની બીક! આ એક વાત તમને કહું, તમે જો સોદાગર હશો તો સમજશો; તમારા જો હાડમાં સોદાગરી હશે તો સમજશો.'

'જી'!

'કહે છે કે ઉત્તરમાં હવામાન બદલાયું છે ને હમણાં વરસોથી બરફ પડતો જાય છે ને આગળ વધતો જાય છે. એમાં મોંગલોનાં ટોળાંનાં ટોળાં એ મુલક છોડીને નવા મુલક સર કરવા નીકળ્યાં છે. આ એનો ધક્કો આખી દુનિયાને લાગે છે.'

'ત્યારે પીથલ સુમરાને ના કહેનાર કોઈ નથી, એમ જ ને?'

'કોણ હોય? સોદાગરીની કિંમત કોઈને સમજાતી નથી; સહુને એમ છે કે આપણા મુલકમાં અનાજ–પાણી નહિ હોય તો બહારથી લૂંટી લાવીશું! જ્યાં સુધી આ લૂંટનું રાજકારણ બંધ નહિ થાય, ત્યાં સુધી આ મુલકમાં શાંતિ નથી આવવાની ને ત્યાં સુધી આ પીથલ સુમરા કે એના ભાઈને કોઈ કાંઈ કરવાનું નથી. સહુને એમ છે કે ભલેને એ દરિયામાં બાઝતો ને લૂંટતો, આપણે એની એટલી દુગ્ધા ઓછી!'

એકાએક ચોખંડા મહારાજનો અવાજ સંભળાયો: 'અલ્યા, તમે બધા સાંભળો છો? તમને કોઈને કાંઈ સંભળાય છે?'

અચાનક પડેલી બૂમથી બધા જાણકાર સ્તબ્ધ થયા, કાન માંડી રહ્યા. ચોખંડો જ્યાં ઊભો હતો ત્યાં જ કાન ઉપર હાથ મૂકીને સાંભળી રહ્યો.

એણે કહ્યું: 'મને તો સાવ સાફ સંભળાય છે; તમને કોઈને સંભળાય છે?...ઘંટનો અવાજ?...ઘંટનો અવાજ!...સંભળાય છે કોઈને ઘંટનો અવાજ?'

## ૧૪. .... .... .... પાપ તારું પરકાશ રે !

**અરે, ચોખંડો** તે કાંઈ ગાંડો થયો હતો ! મધદરિયે વળી ઘંટનો અવાજ ક્યાંથી ? ઘંટ તો દેવમંદિરમાં હોય. આ ચોખંડો મહારાજ નક્કી ગાંડો જ થયો છે ! બામણ ખરો ને ! એને તો ઘંટના જ ભણકારા પડે ને ! '

દરિયો તો રુદ્રદેવ કહેવાય. એના જેવી મોજ બીજું કોઈ ન કરાવે. એના જેવો રંગ બીજું કોઈ ન બતાવે. જાતભાતની અજાયબીઓનું એ તો જાણે ઘર ! એમાં તો સળગતાં પાણીય દેખાય, ને ઊડતી માછલીઓ પણ કળાય ! એમાં હાથી જેવા હાથીને એક જ કોળિયામાં ગ્રાસ કરી નાંખે એવી સુસવાટો દેખાય, ને એમાંથી પરવાળાં, મોતી ને છીપ પણ દેખાય ! એમાં માણસ જેવી માછલીઓ દરિયા નીચે પરવાળાના એવા મહેલો બાંધે કે એમાં જળપરીઓને આવીને રમવાનું મન થાય !

પણ જ્યારે એની એકલતા માણસને પીડવા માંડે, જ્યારે એનો વિરાટ દેહ માણસના હૃદયને સંકોચવા માંડે, ત્યારે માણસના કાનમાં ભણકારા પણ ઊઠે. દરિયાની સોબત જેવી બીજી કોઈ સોબત આ જગતમાં નથી; ને દરિયાની એકલતા જેવી બીજી કોઈ એકલતા પણ આ જગતમાં નથી.

ને માનવીને આ એકલતા ક્યારે પીડવા માંડે, એનો પણ ભરોસો શો ? જે માણસ પ્રહરના પ્રહર સુધી પોતાની એકાકી સોબતમાં મજા

ન માણી શકે, એને ક્યારે[illegible] ક્યારેક પણ દરિયો [illegible].

'સાંભળો છો ?...કોઈ [illegible] છે ? [illegible] અવાજ કોઈ સાંભળો છો ?' ચોખંડાનો અવાજ વધારે ને વધારે મોટો થયો.

બીજા કોઈ નેય આ અવાજ સંભળાતો ન હતો; માત્ર ચોખંડો ચોપાટ ઉપરથી ઊભો થઈ ને કાંઠા તરફની બાજુએ અનિમેષ જોઈ રહ્યો હતો, કાન માંડી રહ્યો હતો.

'ટનનન...ટનનન...ટનનન...ટનનન...' ચોખંડો જાણે પોતે જે અવાજ સાંભળતો હતો એ મોટેથી બોલવા લાગ્યો.

નાખુદો તાલોજી ફનોસ પાસે ઊભો હતો. એની નજર નખતર ઉપર જ હતી. એણે મોઢું ફેરવીને ચોખંડા સામે જોયું.

ચોખંડાનો દેદાર આતુરતાથી ભરેલો હતો. એનો ચહેરો ઉત્કટતાથી જાણે ઊભરાઈ ગયો હતો.

'પિંજરિયા, સમાલ !' નાખુદાએ સાદ દીધો.

'નાખુદા, સમાલ ! બેલી, સમાલ ! કાંઠી સીમની નીચે નથી કળાતી. લાલ કાંઠો નથી કળાતો.' પિંજરિયાએ એક હાથથી થંભને બથ ભરી, એક પગ મોર ઉપર ટેકવ્યો. બીજા હાથની એક આંગળી એણે મોઢામાં મૂકી, ભીની કરી, પછી લંબાવાય એટલું બીજા પગે ને હાથે લંબાઈ ને એણે આંગળી હવામાં ધરીને સાદ દીધો : 'વાયડો પૂઠિકો, પૂઠિકો, પૂઠિકો...નાખુદા, સમાલ !'

'સમાલ બેલી ! કાંઈ કળાય છે સીમમાં ? સમાલ !'

પિંજરિયો લંબાઈ ને આંખ ઉપર હથેળીનું નેજવું કરતો નખતરનું આખું ચક્કર ફર્યો.

'સમાલ બેલી, કાંઈ કળાતું નથી...કાંઈ નથી...લાહોલાહ દરિયો...બીજું કાંઈ કળાતું નથી.'

'કાંઈ સંભળાય છે? સમાલ!...સમાલ!...કાંઈ સંભળાય?'

પિંજરિયાએ કાન ઉપર હથેળી માંડી. ધીમે ધીમે ફરતો ફરતો એ આખો ગોળ ફર્યો.

'ના......ના...સમાલ, નાખુદા!......કાંઈ કળાતું નથી, કાંઈ સંભળાતું નથી...'

'સંભળાય છે!...સંભળાય છે!...તમે બધા બહેરા છો. તમારા કાનમાં દરિયાનો અવાજ ભરાઈ ગયો છે.' ચોખંડાએ જગડૂ સામે જોયું, 'જગડૂ! તને કાંઈ નથી સંભળાતું? મને સંભળાય છે...... ઘંટનો અવાજ સંભળાય છે. જો વાગે...ટન......ન...ટન...ન... ટનનન...'

જગડૂએ માથું ધુણાવીને ખીમલી સામે જોયું. એણે માથું ધુણાવીને દૂદા સામે જોયું. દૂદાએ ચોખંડા સામે જોઈને માથું ધુણાવ્યું.

'તમને...તમને કોઈને...નથી સંભળાતું?...ઘંટનો અવાજ... અવાજ......' ભડકેલું સસલું જેમ કાન માંડે એમ ચોખંડો કાન માંડી રહ્યો: 'મને તો આ સ્પષ્ટ સંભળાય!'

જેમ જેમ ચોખંડો બીજાઓના ચહેરા સામે જોતો ગયો, તેમ તેમ એનો ચહેરો વધારે ને વધારે તંગ થતો ગયો, વધારે ને વધારે લાલ થતો ગયો. થોડીવારે આથમતા સૂરજ જેવા બનેલા વદને એ દરિયાને તાકી વહ્યો, વારાફરતી બધાને તાકી રહ્યો. એની આંખો વધારે ને વધારે પહોળી થવા માંડી.

'લાલ...લાલ...લાલ...દરિયો લાલ થયો છે!...લોહીનો થયો છે!...ઘટનાદ સંભળાય છે...અરે ઓ બેવકૂફો!...અરે ઓ ગમારો!... અંતકાળ આવે છે!...ભગવાન શંકરનો ઘંટ આપણને બોલાવે છે!... પ્રાયશ્ચિત્ત કરો...હૈયાના ભાર હળવા કરો!...કાળભૈરવનો ઘંટ દરિ-

યાને જગાડી રહ્યો છે!...યમરાજનો ઘંટ આપણને બોલાવી રહ્યો છે!...ભગવાન શંકર આપણને નોતરી રહ્યા છે! સાંભળો...સાંભળો ...ઘંટનાદ–કાળઘંટનો નાદ...ટનનન...ટન...ન...ન!...'

નાખુદાએ ચોખંડા ઉપર નજર કરી. જમાનાનો ખાધેલો ને દરિયાનાં ખારાં–મીઠાં ઝેર પીધેલો નાખુદો સમજી ગયો કે ચોખંડાને દરિયો લાગી ગયો છે. જ્યાં એકના એક માણસો સાથે એકની એક વાતો કરવાની, એકનાં એક મોઢાં રોજ જોવાનાં, એકનું એક ભોજન રોજ કરવાનું, એકનું એક વહાણ રોજ જોવાનું, પચાસ હાથની જગ્યામાં જ આઠે પહોર ને સાતે દિવસ ને ચારેય અઠવાડિયાં ફરવાનું, એકનાં એક ખારાં પાણી, એકની એક આભપાટલી ને એકનાં એક મોજાં જોવાનાં, એવા દરિયામાં તો જેના હાડમાં, ચામમાં, રોમમાં ને માથામાં, નાક, કાન ને આંખમાં દરિયાની દોસ્તી હોય એ જ મહિનાના મહિના વહાણમાં ગાળી શકે. બિચારો ધરતીનો જીવ તો એવી એકલતામાં ને એની એકની એક માંડણીમાં ગાંડો જ થઈ જાય! ચોખંડો બિચારો નક્કર ધરતીનો જીવ! નક્કર પાડ–પૂજાનો જીવ! નક્કર આહારનો જીવ! એનું અહીં કામ નહીં!

'સાંભળો!...સાંભળો!...ટનનન...ટનનન......સાંભળો પાપી જીવો! પાપનો ભાર હળવો કરો! ધરમરાજાના આસન પાસે હળવા થઈને જાઓ!...પાપ પરકાશ કરો!...પાપનો ભાર હળવો કરો!... જે ભગવાન શંકરનો સાદ...સાંભળશે એ સુખી થશે...ટનનન... ટનનન...ટનનન...સાંભળો!'

અર્ધ બેધ્યાન ને અર્ધ બેભાન ને જાણે સિંદૂરમાં નહાયો હોય એવા કે ખાખરાના ઝાડ ઉપર કેસૂડાનું ફૂલ ખીલ્યું હોય એવા ચહેરાવાળા ચોખંડાને બીજા ખારવાઓ પણ તાકી તાકીને જોઈ રહ્યા.

નાખુદાએ સીદી સામે જોયું. સીદી હોઠ પીસીને આગળ આવ્યો. એણે એક તમાચો ચોખંડાને ચોડી દીધો: 'હોશમાં આવ બામણ!

હોશમાં આવ ! આંહીં ઘંટનાદ કેવો ને ઘંટ કેવો ?...હોશમાં આવ !'

સીદી ચોખંડાના નિર્વિકાર ને જડ જેવા લાગતા ચહેરા ઉપર બીજો તમાચો મારવા જતો હતો, ત્યાં પિંજરિયાનો સાદ આવ્યો : 'સમાલ, નાખુદા, સમાલ ! સમાલ નાખુદા !...ઘંટનાદ !...ઘંટનો અવાજ !...આઘેરો...આઘેરો !...'

ને સીદીનો હાથ નીચો પડ્યો. બધા એકબીજાની સામે જોઈ રહ્યા. કોઈ ને કાંઈ સંભળાતું ન હતું.

બધાની આંખો ચારેકોર દરિયા ઉપર ઘૂમી વળી. કાંઠી તો ક્યારની સીમમાં ડૂબી ગઈ હતી. ચોપાસ એકધારો દરિયો હલકતો હતો. એમને કોઈ અવાજ આછો આછો પણ સંભળાતો ન હતો. ને ચારેકોર છેક સીમ સુધી વિસ્તરતો સદંતર વેરાન દરિયો જ દેખાતો હતો.

ખલાસીઓ તંગ ચહેરે ચોખંડા સામે ને પિંજરિયા સામે વારાફરતી જોઈ રહ્યા હતા. ઉઘાડો દરિયો, નિરભ્ર આકાશ, સ્વચ્છ સપાટી, અલબત્ત, આમાં તૂફાન હોય તો તો જાણે જાતભાતના અવાજના ભણકારા સંભળાય ખરા; દરિયામાં વરસાદ પડતો હોય તોપણ જાણે દૂર દૂર ઘંટ વાગતો હોય એવો નાદ સંભળાય; પરંતુ તૂફાન ન હોય, વાદળ ન હોય, સીમ સદંતર સ્વચ્છ દેખાતી હોય, દૂર કે નજીક કાંઈ કરતાં કાંઈ નાનુંમોટું નજરે ન પડે અને ઘંટનો નાદ સંભળાય...આ તો કાંઈક પરચો !...પરચો !

'સાંભળો !...સાંભળો !...સાંભળો !...હજી ચેતો !...ચેતો !... પાપ પરકાશ કરો !...પરકાશ...'

નાખુદો હવે ફાળ ભરીને આગળ આવ્યો. એણે રાડ પાડી : 'ચૂપ કર !...ચૂપ કર બામણા !...વહાણ બોળવા બેઠો છે ? બસ... કર !...બસ કર !'

આજ સુધી તાલોજીને જેણે જેણે જોયો હતો એને કલ્પના

પણ ન આવે કે તાલોજીનો ચહેરો આટલો કરડો ને ભયંકર થઈ શકતો હશે.

'નાના શેઠ !' નાખુદાએ મોટે અવાજે કહ્યું, 'તમારા આ ભાઈબંધને વારો ! નહિતર એ આ ખલાસીઓને ભડકાવશે. ખલાસીઓના વહેમને જગવવાને કાંઈ લાંબી વાત નથી જોઈતી...નાના શેઠ, એની જબાન બંધ કરો !...નહિતર ભગવાનને સાહેદ રાખીને કહું છું કે હું એની જીભ ખેંચી કાઢીશ !'

'મારી જબાન ખેંચશે ?...કોણ ? તું ? અરે ઓ નાદાન !... તારું સરજત તને પહોંચી ગયું છે ! સાંભળ !...સાંભળ !...દરિયાનો સાદ સાંભળ !...દરિયાના દેવ શંકર બોલાવે છે. નાખુદા ! સાદ સાંભળ... તારા કાન સાબદા કર, તારી જબાન બંધ કર !' ચોખંડો બોલી રહ્યો.

જેમને દરિયો લાગી ગયો હોય એવા ખારવાઓનો અનુભવ નાખુદા તાલોજીને હતો; એવાં છડિયાંનો અનુભવ પણ એને હતો. એ બધાં જ બે-ચાર તમાચાના ઘરાક હતા. પણ ચોખંડાનો અનુભવ એને માટે સાવેસાવ નવો હતો.

કોઈએ હનુમાનની મૂર્તિ કોરીને સિન્દૂરથી રંગીને વહાણના સથ્થા ઉપર થાપી હોય, એવો ચોખંડાનો દીદાર હતો. કોઈ શૂરાપૂરાને જાણે સત ચડયું હોય, એમ એની આંખો જાણે દૂર દૂર જોતી હોય ને નજીકનું કાંઈ જ જોતી ના હોય, એના કાનો બીજું કાંઈ સાંભળતા ના હોય...એક ક્ષણ તો નાખુદો પણ કિંકર્તવ્યમૂઢ બનીને ઊભો રહ્યો ને બીજી પળે ખલાસીઓમાંથી એક ખલાસી બૂમ પાડી ઊઠયો : 'ઘંટ !...ઘંટ !...ઘંટ ...ઘંટ મને સંભળાય છે !...સંભળાય છે !'

પિંજરિયાને નાખુદાએ ફરીને સાદ પાડયો : 'પિંજરિયા, સમાલ !'

સમાલ નાખુદા...ઘંટ સંભળાય છે...કળાતું કાંઈ નથી.

દરિયો ખાલી. વાવડામાં ઘંટનો અવાજ...'

ને હવે તો ઘંટનો નાદ આછો આછો પણ પાકા ભણકારા જેવો સહુને સંભળાવા લાગ્યો.

' સાંભળો !...સાંભળો !...ભગવાન શંકરનું તેડું આવ્યું !...જય ભોળાનાથ !...જય ભોળાનાથ ! '

અને કોઈ કાંઈ કરી શકે કે કોઈ રોકી શકે, એ પહેલાં ચોખંડો દરિયામાં કૂદી પડચો.

' પાપ પરકાશ !...જય ભોળાનાથ !...' ને બીજો ખલાસી એની પાછળ કૂદી પડચો.

ચોખંડાએ દરિયામાંથી પોતાનું મોઢું બહાર કાઢયું : ' જય ભોળાનાથ !......જય ભોળાનાથ !......જય શંકર !...હું આવ્યો ! ...હું...આ...આવ્યો ! '

અને દરિયાનાં પાણી એના ઉપર ફરી વળ્યાં.

ક્ષણ એકને માટે હતત્રસ્ત જેવો બનેલો દૂદો પોતાનાં વસ્ત્રોને ફંગોળીને દરિયામાં કૂદ્યો : ' નાખુદા !...દોરડું નાખજે...બામણને તરતાં નથી આવડતું...હું જઉં છું...'

દરિયો શાંત હતો. માથે સૂરજ નિરભ્ર આકાશમાંથી પ્રકાશતો હતો. દરિયાનાં પાણી, શાંત સમા સમીરમાં, જાણે એકધારો આરામનો શ્વાસ લેતાં હતાં. એકલવાયું વહાણ ધીમે ધીમે સરકતું હતું......

' સુકાની...સુકાની ! ' નાખુદાએ ભૂંગરામાંથી સાદ દીધો : ' ઉથમણ કર !...ઉથમણ કર !...ખારવા, હોંશિયાર !...'

અને નાખુદાએ દરિયાના પાણીમાં લાંબુ દોરડું ફંગોળ્યું.

શાંત પાણીમાં ચોખંડો છેલ્લો જ્યાં દેખાયો હતો તે તરફ દૂદો લાંબા હાથે સેલારી તરથી જતો હતો.

વહાણુ ઉથમણુ લેવા માંડ્યું. ઉથમણુ એટલે સામા પવનમાં ચાલવું. એટલે સમા પવનમાંથી સામા પવનમાં જવા માટે એને અરધ ચક્રાવો લેવો પડે. એટલે અકસ્માતની જગ્યાની આસપાસ એ ધીમે ધીમે ગોળ ગતિ કરે.

બગલો દરિયાની એટલે લાંબા ખૂણને ધીરે ધીરે જવાબ આપે એવો પાછળથી બોજદાર ને આગળથી તીખો. તીખો મોરો ને ધીંગી પછાડ એટલે નવાં નકોર કપડાં પહેરીને કોઈ નાજુક નવેલી મેરાણી ચાલી જતી હોય એમ, મોઢું પાતળું, છાતી પાતળી...ને કેડની નીચે ઉપસેલાં કોરાં કપડાંને કારણે બહુ ફૂલેલી લાગે એવી.

ઘંટનાદ ઉપર એક કાન માંડીને ખલાસીઓએ પોતાના હાથ અચાનક દરિયામાં પડેલાની વહાર કરવાના કામમાં યંત્રવત્ વાપરવા માંડ્યા.

ખારવા જેટલી ભોળી કોમ બીજી કોઈ નહિ મળે. માનવસમૂહોમાં એકમાત્ર ખારવાનો સમૂહ એવો છે, જે ભારેમાં ભારે હિંમતબાજ છે, વધારેમાં વધારે હામવંતો છે ને વધારેમાં વધારે ભોળો ને વહેમી પણ છે. ધરતીની એકએક વાતને એ પૂરી અંધશ્રદ્ધાથી સાચી માને છે.

ને એમાં આ કૌતુક!...જાણે પાતાળમાંથી કે આભમાંથી અદીઠ અને અશરીર આવતો હોય એવો આ નાદ!...કોઈ બીજો પણ નહિ, કેવળ દેવના મંદિરમાં હોય...દરિયાના દેવના મંદિરમાં જ સંભવી શકે એવો ઘંટનો અવાજ...

હવે એ અવાજ એકધારો એકસરખો બધાને સાફ સંભળાતો હતો. જાણે કો અદીઠ ભક્તજન, કો અદીઠ અશરીર દેવમંદિરમાં ઘંટ વગાડતો હોય એમ...ટન...ટન...ટનનન...ટનન...

ને કોઈ કોઈ વહેમીઓના વધારે પડતા સરવા કાનોમાં તો 'જય ભોળાનાથ!'ના અવાજનાયે ભણકારા સંભળાવા માંડ્યા. હવે આખી

જ જાણે એ અશરીર અવાજથી ભરાઈ ગઈ.

સીદી, નાખુદો, જગડૂ વહાણની જમણી અત્રી ઉપરથી નીચે લળી લળીને જોતા હતા. નાખુદાના હાથમાં લાંબી પાતળી આલાદનું ફીંડલું હતું ને દૂદાને આપવા માટે એ ફેંકવાને તૈયાર હતું.

વહાણ અરધ ચક્રાવો લેતું હતું ને હવે પવનના ખૂણ ઉપર ખૂણ કાપતું હતું. જેમ જેમ મોજાં ઉપરથી સમા પવનમાં સામે મોરે સરકવાને બદલે, ફરતા પવનમાં એનો મોરો મોજાંને વાઢવા માંડ્યો, તેમ તેમ વહાણ વધારે મોરોવંઢાર સામી મારવા માંડ્યું ને મોજાંમાંથી જાણે કોઈ અંજલિ છાંટતું હોય એમ છાલકો ઊડી ઊડીને સથ્થા ઉપર વેરાવા લાગી.

દૂદાએ મહેનત કરી. એ તરવૈયો હતો મીઠાપાણીનો, કૂવાનો; છતાં એણે ખારા પાણીમાં વામ ભરવા માંડી. દરિયા જેવા દરિયામાં, જ્યાં કોઈ એંધાણ ના હોય ત્યાં, ચોખંડાએ ક્યાં ડૂબકી મારી એ કેમ કળાય ?

ચોખંડાએ ત્રીજી અને છેલ્લી વાર પોતાનું માથું બહાર કાઢ્યું. એ દૂદાથી દશ હાથ બાજુમાં હતો. એક હેલારો મારીને ચોખંડો ઉપર આવ્યો, અને મોટે સાદે બોલી રહ્યો : ‘ ઘંટનાદ !......ઘંટનો નાદ !......ભગવાન શંકરનો સાદ !......જય ભોળાનાથ !......જય ભોળાનાથ !......’

અને જાણે એ અવાજમાં એની સર્વ શક્તિઓ હણાઈ ગઈ હોય એમ એ પાછો પાણીમાં ગારદ થઈ ગયો ને દરિયાનાં પાણી એને માથે ફરી વળ્યાં !

‘ ચોખંડા !...... ચોખંડા ! હોંશિયાર !...હું આવું છું ! ’ દૂદાએ મોરો ફેરવીને હેલારો લીધો. ને નાખુદાએ આબાદ નિશાન લઈ ને હવામાં કાંઈક મહાસર્પ સળવળતો હોય, કોઈ નાગણ ઊડતી હોય,

એમ પોતાના હાથની આલાદ જ્યાં ચોખંડો ગારદ થયો હતો ત્યાં સરકતી ફેંકી.

એકાએક દૂદાની સામે પેલો આંધળી દોડ કરીને દરિયામાં ઝંપલાવનાર ખલાસી નીકળ્યો. એનું માથું બહાર નીકળ્યું ને એના તરફડતા હાથોએ દૂદાનું માથું પકડ્યું.

વહાણ ઉપરથી એક સામટી ચીસી ઊઠી. ને એક કાબેલ તરવૈયો એક આલાદને મોઢામાં ભરાવીને નીચે કૂદ્યો.

અણજાણ ઉતાવળે પકડાયેલી આલાદ રવિસરના ધોકાના ઉપરના છેડામાં ભરાઈ. ને તરવૈયા ખલાસીને એની જાણ ના રહી. મોઢામાં પકડેલી આલાદે એને દરિયાની સપાટીથી એકાદ હાથ ઊંચે સુધી જવા દીધો. પછી આલાદ ખેંચાઈ અને એણે ખલાસીને એક ઝાટકે વહાણની બાજુ સાથે અફાળ્યો. બે–ત્રણ ખારવાઓએ આલાદને રવિસરના છેડામાંથી મોકળી કરી. ને એક–બે ખારવા એને મદદ કરવા નીચે કૂદી પડ્યા.

અને ડૂબતાંને બચાવવાની સંપૂર્ણ વ્યવસ્થા કરીને જ્યારે ખારવાઓએ જોયું ત્યારે દરિયાની સપાટી સાવ નિર્જન હતી. કોઈ સર્પ પોતાનું મુકામ શોધતો હોય, એમ માત્ર નાખુદાએ ફેંકેલી આલાદ જ પાણી ઉપર તરતી હતી.

ને એમના માથા ઉપર ઘંટનો અવાજ જોરથી થવા લાગ્યો.

અને કોઈ અગમ્ય પરચાની સામે માણસ વામણો બનીને મૂક અને મૂઢ ઊભો રહે, એમ સહુ સ્તબ્દ બનીને ઊભા થઈ રહ્યા.

પિંજરિયાએ બૂમ પાડી : ‘ સમાલ નાખુદા !…જમણી બાજુ… સમાલ ! ’

ઘંટનો અવાજ હવે વધારે પાસે આવતો લાગતો હતો. ને સહુએ જમણી બાજુએ જોયું તો ચોખંડાનું શબ દરિયા ઉપર ચત્તું

પાટ પડીને મકરાણના કાંઠા તરફ વહી રહ્યું હતું ! દરિયો એને વહાણથી દૂર લઈ જતો હતો !

જગડૂને તો માત્ર મૂંગા મૂંગા જોયા કરવા સિવાય કાંઈ શેષ રહ્યું ન હતું : એને તો દરિયાનાં મોજાંની ગતિએ ગતિએ ક્યારેક મોજાંના શિખર ઉપર ચડતું, ક્યારેક મોજાંની ભાગમાં નજર બહાર ચાલ્યું જતું શબ જ જોઈ રહેવાનું હતું ! વહાણની કોઈ વહાર એને પહોંચી શકે એમ ના હતી.

ભગવાન શંકરના મહાધામ તરફ મહાયાત્રાએ ઊપડેલા આત્માને જાણે અવિરત સાદ પાડતો હોય, એમ હવે ઘંટનો એકધારો અવાજ સંભળાતો હતો.

દૂદા અને ખલાસીનાં તો કોઈ એંધાણ દેખાતાં નહોતાં.

કોઈ રોષે ભરાયેલો બાપ, બાળકે પથ્થરપાટી ઉપર દોરેલા આકારને ભૂંસી નાંખતો હોય એમ, આંખના પલકારામાં દરિયાલાલે વહાણના સથ્થા ઉપરથી જગડૂના બે સાથીઓને જાણે ભૂંસી નાખ્યા !

ચોટ લાગેલા ખારવાને મદદ કરવાને જે બે ખારવાઓ નીચે ઊતર્યા હતા એમાંથી એકે વિસ્મયનો પોકાર કર્યો. ને પોકાર પાડીને એ ઝપાટાબંધ વહાણના પાછલા ભાગમાં વહાણની સાપણને ટેકેટેકે તરવા લાગ્યો.

એકાએક ઘંટના નાદથી જાણે દરિયો ને આકાશ ભરાઈ ગયાં; વહાણ પણ ઊભરાઈ ગયું. અને બીજી જ પળે એ નાદ સદંતર બંધ થઈ ગયો ! ત્રીજી પળે વળી ફરી એના ક્યારેક ક્યારેક એક એક ટકોરા સંભળાઈ રહ્યા.

સુકાનના વીણા ઉપરથી ખલાસી ઉપર ચડ્યો.

'સાંભળો, ઘંટનાદ સાંભળો !' જોરથી હસીને એણે સાદ પાડ્યો. અને પોતાના હાથમાં આવેલા ઘંટને વગાડતો વગાડતો એ સથ્થા

ઉપર, પાણીથી નીતરતો, જાણે ઘંટનાદનો જળકેડો પાડતો હોય એમ, નાખુદા તરફ આગળ વધ્યો.

નાખુદા આગળ પહોંચીને એણે, બધા જ દેખી શકે એમ, ઘંટ ઊંચે કર્યો, પોતાના હાથમાં હલાવ્યો.

'આ કોઈ દરિયાનો સાદ નથી, ધરમનો સાદ નથી, પાપનો સાદ નથી; આ તો સાચેસાચ ઘંટ છે ઘંટ !'

અને ઘંટ એણે નાખુદાને આપ્યો.

'આ ક્યાંથી મળ્યો, હોકમજી ?' નાખુદાએ પૂછ્યું.

'આપણા વહાણના સુકાનની પાંખના પાંખિયામાં એક લાકડાના કટકા સાથે એ જકડાઈ રહ્યો હતો.'

'પણ હવે સહુ ધીરજ ધરો ! હોનહાર હો રહી ! દરિયાના બાળને દરિયે બોલાવી લીધો છે, એનો હરખ–અફસોસ કોઈ ના કરો. સહુ વહેમને ભાંગી નાંખો ! વહાણને હવે તો ગમે તેમ કરીને સંભાળો ! સુકાની, વહાણને હવે સમું–સુતર લે !'

જે તરફ ચોખંડાનું શબ દરિયામાં, એની નજર સામે, એની લાચારી ઉપર, તણાયું હતું, એ તરફ અનિમેષે જોઈ રહેલા જગડૂને નાખુદાએ કહ્યું :

'નાના શેઠ, દરિયે કોઈનો હરખ ના હોય, કોઈનો અફસોસ પણ ના હોય; આપણું લેણું એટલું ઓછું ! અને આ તમામ આફતના મૂળ સમો આ ઘંટ......'

સંચાની પૂતળી હોય એમ જગડૂએ ઘંટ હાથમાં લીધો. એના કદ કરતાં એનું વજન ઘણું ભારે લાગતાં એણે ઘંટને વધારે ધ્યાનથી જોયો. ઘંટ નક્કોર સોનાનો હતો, ને એના ઉપર લખ્યું હતું :

'સોમનાથના સોમપુરા સલાટ અંદરજી મેઘજી વીસ વરસથી

હોરમજ બંદરમાં વસવાટ કરે છે. ત્યાં એમણે બાદશાહનો મહેલ બાંધ્યો છે, શિરાઝની મસ્જિદ બાંધી છે, ભગવાન ભોળાનાથે એને બરકત આપી છે; એના પુણ્યસ્મરણમાં આ સોનાનો ઘંટ એમણે ભગવાન સોમનાથને સમર્પણ કર્યો છે.'

'પણ આ ઘંટ આહીં ક્યાંથી?' નાખુદાને કૌતુક થયું, આવો સોનાનો ઘંટ દરિયામાં તરતો ક્યાંથી?'

'એક જાડું પાટિયું હતું—કોઈક વહાણના ભંગારનું—એમાં એ ભરાઈ ગયેલો.'

'એ પાટિયું ક્યાં છે?'

'ઉપર લાવ્યો છું; સથ્થા ઉપર પડ્યું છે.'

'એને અહીં લઈ આવ.' સોદાગર સીદીએ કહ્યું.

ખલાસી હોકમજી જઈને એ પાટિયું લઈ આવ્યો.

સીદીએ પાટિયું જોયું. રવિસરમાંથી છૂટું પડી ગયેલું, ગીલતી-સાપણનું એ લાંબું પાટિયું હતું. એનો એક છેડો વિચિત્ર રીતે ધારો પાડતો બટકી ગયો હતો. એની બીજી સપાટ કિનાર ઉપર કાળાં-પીળાં–ભૂરાં ધાબાં હતાં.

નાખુદાએ પાટિયું જોયું. એની ભાંગેલી ધારોમાંથી એનો અંદરનો ભાગ ઉઘાડો થયો હતો એ જોયો. એણે એ સૂંઘી જોયું; નખેથી ખોતરીને છીંકણી સૂંઘતો હોય એમ એનો ઉખેડ પણ સૂંઘ્યો. પછી એણે કહ્યું:

'આ ઘોઘાની બાંધણીના વહાણની સાંપણનો કટકો છે. કોઈકે આ વહાણ સળગાવ્યું લાગે છે.'

પછી નાખુદાએ પાટિયું સીદીને પાછું આપ્યું ને પૂછ્યું: 'મોટા શેઠ, તમને કેમ લાગે છે?'

'વહાણ આપણા મલકનું હોવું જોઈએ, એમાં તો ના નહિ. ચોપડમાં માછલીનું તેલ આપણા મુલક વગર દરિયાલાલમાં બીજું કોઈ વાપરતું નથી. બાકી ઘોઘાનું હોય કે ના હોય એ હું ના કહી શકું.

'ઘોઘાના બારૈયા કોળી સુતાર વિના આવી વાઘરાધાર બીજે ઠેકાણે પડતી નથી—નીચેથી પંખતી ને ઉપરથી સાંકડી; એટલે ખંભાતમાં એકબીજા ઉપર પાટિયેપાટિયું ગોઠવે છે એમ નહિ પણ વાઘરાધારની અંદર ઉપરનું પાટિયું નીચેથી ધારમાં સેરવે; નીચેનો ભાગ પંખતો હોય એટલે પાણી પીને પાટિયું ફૂલે ને પછી જડબેસલાક થઈ જાય. આને માટે ખાસ મલબારી સાગનું જ પાટિયું જોઈએ. આ સાગ મલબારી છે. આ વાઘરાધાર ઘોઘાની છે. આ વહાણ ઘોઘાનું.'

'પણ કોઈકે એને સળગાવ્યું હોય એમ કેમ કહેવાય? કદાચ પોતમારી આગ લાગી હોય તો?'

'પોતમારી આગ સાપણમાં ન આવે, મોટા શેઠ, ને તેય બહારથી.'

'હા, એ ખરું. ને વળી આપણે છીએ પણ મકરાણી કાંઠીના દરિયામાં, જ્યાં પીથલ સુમરો પકડેલાં વહાણને કાં તો ડૂબાવી દે છે ને કાં તો સળગાવી મૂકે છે.'

પિંજરિયાનો સાદ એમની વચમાં આગના ગોળાની જેમ ફાટ્યો: 'નાખુદા, નાખુદા! સમાલ! જહાજ!...જહાજ!...જહાજ!... મકરાણી કાંઠી દીમનું. જમણી અત્રીએ...જહાજ!...જહાજ!... જહાજ!...પીથલ સુમરનું જહાજ!...સુમરાની આરમાર...નાખુદા, સમાલ! નાખુદા, સમાલ!...જમણી અત્રી...મકરાણી કાંઠી...જહાજ ...પીથલ સુમરાની આરમાર!'

દૂર દૂર સીમમાં એક જહાજના સઢને ઊંચે આવતો એમણે જોયો.

## ૧૫. .... .... .... પીથલ સુમરો

**એ અવાજ!** દરિયાલાલ ઉપર આમ તો બિરાદરીનો સાદ; ગામગામના સમચારો મળવાનો સાદ; એકબીજાને ખૂટતાં સીધાં ને પાણીની આપલેનો સાદ; અગાધ સાગર વચ્ચેની એકલતામાં જાણે આંધળાંને લાકડી ને ભૂખ્યાને ભોજન મળ્યાનો એ સાદ!

પણ મકરાણી કાંઠી ઉપરનો એ સાદ કોઈ બિરાદરીનો ન હતો, કોઈ સખાતનો ન હતો. મકરાણી કાંઠી ઉપરનો એ સાદ તો જાણે મગરમચ્છની ડણકના પડઘા જેવો હતો.

નાખુદાએ સુકાનીને ઉતાવળે સાદ દીધો. ને સાદનો પડઘો પાછો ફરતો હોય એમ સઢની થપાટ સંભળાઈ. સુકાનીએ કારીગરી, હિકમત અને આળપંપાળને બાજુએ મૂકી હતી. ને સુકાન સીધું મલબારી લાલ ઉપર વાળીને મૂકયું હતું.

જહાજ જાણે હમણાં ઊંધું પડયું કે ઊંધું પડશે. ખારવા–ખલાસીઓના પગો જાણે ઊપડીને માથે આવ્યા. સઢે કૂવાથંભને ભારે જોરથી થપાટ મારી ને આડું પડેલું વહાણ મોરોવંઢાર થરથરી ગયું. ધીરે ધીરે વહાણ પાછું સભર થયું ને એનો મોરો મલબારી લાલ તરફ સીધો અગ્નિ ખૂણામાં મંડાયો.

આ તો દરિયાના ખેલ ને દરિયાનાં પાણીના મામલા. નવી વાત જાગે તો જૂની વાત, પાણી ઉપર લખેલા અક્ષરોની જેમ, સાવ ભૂંસાઈ જાય. બની ગયેલા વસમા પ્રસંગને જાણે શું નાખુદો કે શું

બારવો સાવ વીસરી ગયા ને હવે સહુનું ધ્યાન દૂર દૂર સીમમાં પોતાના ખૂવાનો મોર કાઢતા જહાજ ઉપર ઠર્યું હતું. નાખુદો જાણે એટલા ઉપરથી પાછળ આવતા વહાણનો ને પોતાના વહાણનો વેગ સરખાવવા મથતો થતો.

માત્ર એક જગડૂનું ધ્યાન ચલિત થયું નહિ; જે સ્થાને એના બાળપણના બે સાથીઓએ જળસમાધિ લીધી હતી, એ સ્થાન એણે અંદાજે નક્કી કર્યું હતું ને એ સ્થાન ઉપર જ એની આંખો અવિચલ મંડાઈ ગઈ હતી. એનો ચહેરો તંગ હતો. એની આંખો સુક્કી હતી. એના પડદા પાછળ, જાણે ખારા સાગરનેય અદેખાઈ આવે એટલાં, પાર વગરનાં આંસુ ભર્યાં હતાં. એના હોઠ એના દાંતમાં પિસાયા હતા ને એમાં લોહીના ટસિયા ફૂટયા હતા. એના હાથો સથ્થાના કાવરાન ઉપર હતા ને હમણાં જાણે કાવરાનનો થાંભો એ હાથની મૂઠીની ભીંસમાં બટકી પડશે, એમ લાગતું હતું.

જગડૂનું ઈરાની જહાજ કો રેતીના રણમાં હાથી નાસવા માગે એમ આગળ ધપતું હતું. એનો મોરો જાણે ઉતાવળ કરતો હતો. ને એનો વંઢાર જાણે એને પાણીમાં જકડી રાખતો હતો. તીખા મહોરા ને ધીંગા બોજદાર વંઢારવાળા બગલાની મોજ તો શાંતિના સમયની છે; જ્યારે વહાણના નાખુદાને કે વહાણના વહાણવટીને માથે ફિકર ના હોય, ત્યારે બગલાની સફર એ તો જિંદગીની એક મોટી મોજ છે. દરિયાના મિજાજની પણ એ બગલાને જાણે ઝાઝી પરવા નથી દેખાતી; એ તો જાણે દરિયાના રાજાની અદાથી એકધારું ચાલ્યું જાય છે. બગલો એ વેપારીનું વહાણ ગણાય છે.

પણ જો એ બગલાને માથે કોઈ ને કોઈ જાતની ચિન્તા બેઠી હોય, ત્યારે તો એ ચિન્તાને વધારનારું જ જહાજ છે. એની ગતિ ઝડપથી વધારી શકાતી નથી. એની ગતિ ઝડપથી મંદ કરી શકાતી નથી. સુકાનને એ સીધો જવાબ દેતું નથી. સઢને એ સીધું તાણ

આપતું નથી. જૂના જમાનાનો જાણે કોઈ સુખી ડોસો વખત પ્રમાણે ચાલ બદલવાની ના પાડતો હોય એમ, આ જહાજ દરિયાના પલટાતા રંગની સાથે ચાલ બદલવાની ના પાડે છે.

નાખુદાએ પોતાની કરામતો વાપરવા માંડી. પવનને એક ખૂણ કાપીને લેવાનું કર્યું. એણે કલ્લમી ઉપર સઢ ચડાવ્યો.

પણ એની ગતિમાં કાંઈ ખાસ વધારે ઝડપ આવી નહિ— જોકે એની મૂળ ઝડપ પ્રમાણમાં એકધારી અને સારી હતી.

ને પાછળ આવતું જહાજ તો જાણે કેવળ ચીલઝડપ માટે જ બંધાયું હતું. પાતળા તીર જેવો એનો ઉઠાવ ને એના ઉપર ત્રણ ત્રણ ખૂવા ને એના ઉપર ત્રણ ત્રણ સઢો; ને એમાં વચલા મોટા ખૂવા ઉપર ચોખંડો સઢ. એ વહાણ જાણે દરિયા ઉપર તરતું ન હતું, દરિયાની સપાટીથી જાણે એક વેંત ઊંચું રહીને ઊડતું હતું !

દરિયામાં એક વહાણ જો બીજા વહાણનો પીછો પકડવા માગે તો દોડ તો થાય જ. ટૂંકામાં ટૂંકી દોડ મોરો આંતરવાની, ને લાંબામાં લાંબી દોડ મોરોવંઢાર પીછો પકડવાની. આગલા વહાણના શિરોટામાં જ જો પાછલા વહાણનો જળકેડો પડે તો તો પાછલા વહાણને લાંબી જ દોડ કરવાની રહે. પાછલું વહાણ મકરાણના પીથલ સુમરાનું હતું, એ વાત અજાણી નહોતી. ને એનો ઇરાદો પણ કાંઈ સારો નહોતો, એય અજાણ ન હતું. મકરાણના દરિયા ઉપર પીથલ સુમરો માલિકી હક્ક જાહેર કરતો હતો. ને એની માલિકી ગુજરાતની વેપારી વહાણવટ માટે શો મર્મ ધરતી હતી એ તો વહાણ ઉપર બે બે જાતનો ભોગ લઈને આવી પડેલા સોમપુરા સલાટ અંદરજીના સોનાના ઘંટથી માહિત થતી હતી.

એમાં કોઈ શક ન હતો કે પાછળનું વહાણ આગળના વહાણનો પીછો પકડીને એનો શિરોટો બરાબર પકડતું આવતું હતું.

નાખુદા પાસે કરામતો ઘણી હતી; પણ એની એક પણ કરા-

મતને જવાબ આપે એવું આસાન આ વહાણ ન હતું. એની અસલ બાંધણીમાં જ એની પીઠ ઉપર ભારે બોજ હતો. ને એ બોજને કારણે એની પીઠ દરિયા ઉપર તરવાને બદલે પાણી કાપતી હતી.

નાખુદાએ ઉથમણ કરી જોઈ. પવનને વધારે ને વધારે તીખો ખૂણ આપવા માંડ્યો. પરંતુ પાછળનું વહાણ આગળના વહાણ ઉપર સરસાઈ ભોગવતું ઝડપથી ચાલ્યું આવતું હતું. એમાં પણ શક ન હતો કે એ વહાણને વેપારીઓની વહાણવટ આંતરવાને જ બાંધવામાં આવ્યું હતું. વળી એમાંય શક ન હતો કે મકરાણના દરિયાના દાવાદાર પીથલ સુમરાએ એ દાવાને વાઘનખ આપવાનાં હથિયારો સજ્યાં હતાં.

હવે પાછળના વહાણના સથ્થાની બેય અત્રી ઉપર ખારવાઓ દેખાયા, ખારવાઓની લંગાર દેખાઈ. આગળના વહાણને બતાવવાને માટે એ લોકો ઊંચે ઊંચે ઉછાળીને કાંઈક દોરડે બાંધીલી વસ્તુઓ સાથે નટખેલ કરતા હતા. આ વસ્તુ શું હતી, એ પણ એમને ગુપ્ત રાખવું ન હતું: એ કડાં હતાં—વહાણેવહાણ ઘસાય ત્યારે દરિયામાં એમને સાથે જકડી રાખવાનાં કડાં હતાં. હવે એમના ઇરાદા માટે કોઈને રજ સરખીયે શંકા હોય તો તે દૂર થતી હતી.

સીદી સોદાગર એફીટસે પીથલ સુમરાના મકરાણી જહાજને જોઈ રહ્યો હતો—જાણે માપી રહ્યો હતો. એની નજર ક્યારેક મકરાણી જહાજના સથ્થા ઉપર જમા થતા ખારવાઓને ગણતી હતી, ક્યારેક પોતાના વહાણના ખારવાઓની ગણતરી કરતી હતી.

ને એ ગણતરીમાંથી કોઈ સંતોષ મેળવાય એમ પણ ન હતું. મકરાણી જહાજ ખુલ્લી રીતે વઢવા જ નીકળ્યું હતું. એટલે એના ઉપર બીજો બોજ જ નહોતો. લગભગ સો જેટલા ખારવા તો ગણી શકાતા હતા. એમના કુહાડાઓ ને એમની કોશો પણ દેખાતી હતી ને જેને ના દેખાય એને દેખાડવાને માટે એ ઊંચી કરીને બતાવતા

હતા; લાંગા લાંબા ભાલાઓ ને પાતળાં પહોળાં પાનાંની ફરસીઓ પણ દેખાતી હતી. સીદી ક્યાંય સુધી જોઈ રહ્યો. પછી એ ધીમે પગલે જગડૂ પાસે આવ્યો. દૂર દૂર, હવે તો પાછળ સીમની પણ નીચે કો અગોચર સ્થાન ઉપર એની નજર મંડાઈ રહી હતી.

'નાના શેઠ!' સોદાગરે એની પીઠ ઉપર હાથ મૂક્યો.

'હેં...હેં...હેં...હેં...' જાણે ઊંઘમાંથી ઝબકીને જાગતો હોય એમ જગડૂએ ઝબકીને પૂછ્યું: 'હેં, શું?'

'હોનહોર હો ગઈ!' સોદાગરે કહ્યું: 'હવે હોશમાં આવો!'

'ચોખંડો મહારાજ અને દૂદો, એ તો મારા લંગોટિયા ભાઈબંધો...સોદાગર શેઠ! એમનાં માબાપોને હું શું જવાબ આપીશ?... અને પીથલ સુમરો...ઉમેદ છે સોદાગર શેઠ! બસ, એક વાર એની સાથે મુલાકાત થઈ જાય.'

સોદાગરે માયાથી ભરેલું છતાં કડવાશથી નીતરતું હાસ્ય કર્યું: 'એ મુલાકાત બહુ દૂર નથી, નાના શેઠ, એ આવી જ રહી છે!'

'હેં...પીથલ સુમરો?...ક્યાં છે? ક્યાં છે?'

'એ આવી રહ્યો,' સોદાગરે કહ્યું: 'જરા પાછળ નજર કરો!'

જગડૂની નજર હવે પાછળ આવતા જહાજ ઉપર પડી. 'આ પીથલ સુમરાનું જહાજ છે?' એણે પૂછ્યું.

'હા. એ વહાણનો ઇરાદો એની માલિકી છાની નથી રાખતો.'

'એના ઉપર પીથલ સુમરો પોતે હશે?'

'લાગે તો છે. જે મોરા ઉપર ઊભો છે એ જ મને તો સુમરો લાગે છે.'

જગડૂએ ક્યાંય સુધી જોયા કર્યું. પછી એણે કહ્યું: 'એનો ઇરાદો સારો નથી લાગતો.'

'મને પણ એમ જ લાગે છે.'

'ભંડન થશે?'

'ભંડન તો નહિ થાય, પણ ભંજન થશે, નાના શેઠ! આપણી પાસે એવાં સાધનો ક્યાં છે કે ભંડન કરી શકીએ?'

'નાખુદો તાલોજી શું કહે છે?'

'એ અને ખારવાઓ શીશો ને તરાપો તૈયાર કરે છે.'

'અને આપ?'

'પીથલ સુમરો મારું બાન માગશે કે નહિ, ને માંગશે તો કેટલું માંગશે, એનો વેત વિચારું છું.'

જગડૂ ક્યાંય સુધી બેય વહાણોને વારાફરતી જોઈ રહ્યો; બેયના વેગ વચ્ચેનું અંતર વિચારી રહ્યો.

'ત્યારે તાલોજીને કાંઈ સૂઝતું નથી, એમ?'

'ના.'

'તો શું આપણે ગુજરાતને કાંઠે પહોંચીશું જ નહિ? ને આપણો સામાન આ સોમપુરાના ઘંટની જેમ દરિયામાં જ તણાશે?'

સોદાગર થોડીવાર ચૂપ રહ્યો; પછી બોલ્યો: 'નાના શેઠ! હવે તો જીવ્યા-મૂઆના જુહાર! હું જો જીવતો રહીશ તો તમારા ખબર પહોંચાડીશ; તમે જો જીવતા રહો તો ભરૂચના સોલંકીરાજ શંખરાજને મારા ખબર પહોંચાડજો!'

'સોદાગર શેઠ! આપ તો દરિયામાં જ ઊછરીને વૃદ્ધ થયા છો. તાલોજી પણ દરિયામાં જ મોટો થયો છે. તમે બેય જાણકાર છો, પણ ક્યારેક...ક્યારેક...બિનઅનુભવીને સૂઝે...સૂઝે...'

અને સીદી સોદાગરને મૂકીને જગડૂ ઉતાવળો ઉતાવળો તાલોજી પાસે ગયો. એણે કહ્યું: 'તાલોજી! વહાણવટમાં હું તો તમારો ચેલો.'

તાલોજીને ગુરુચેલાની વાત અત્યારે અસ્થાને લાગી. પાછળનું

મકરાણી જહાજ હવે એક રાશ પણ દૂર ન હોતું.

'તો આજ ચેલા તરીકે માગું છું,' જગડૂએ કહ્યું, 'મકરાણી જહાજ ભંડન કરવાને જ આવે છે. એ ભંડન ખેલવાને મને મોકો આપો નાખુદા !'

ક્ષણભર દિગ્મૂઢ બનેલા નાખુદાએ પૂછ્યું : 'પાછળના વહાણમાં કોણ છે, એ જાણો છો ?'

'પીથલ સુમરો પોતે ! ત્યારે જ આભમાંથી ચોખંડો ને દૂદો એમના મારણહાર સામેનું મારું ભંડન જોશે ને ?'

'ભંડન જોશે ? આભમાંથી ? નાના શેઠ, કંઈ ગાંડા તો નથી થયા ને.?'

'એ પણ તમે જોજો ને તાલોજી. હું ભંડનની રજા માંગું છું તમારી પાસે; મને એ રજા આપો !'

'આમાં રજા આપવા જેવું છે શું, નાના શેઠ ? એ વહાણ ભંડન માટે બંધાયું છે; આપણું જહાજ ઈરાનના શાહની સહેલગાહ માટે બંધાયું છે. એમના ખારવાઓ દરિયાના જુદ્ધમાં કેળવાયેલા છે; આપણા ખારવાને કોથળા ઉપાડવાની ને આલાદ ખેંચવાની તાલીમ મળી છે. ખરું કહું તો, મેં પણ કોઈ દિવસ ભંડન કર્યું નથી ને કેમ થાય એ હું જાણતો પણ નથી. એ આપણને ડુબાવવા જ આવે છે. ઉગારનો કોઈ મારગ મને નથી દેખાતો. તમને ઠીક પડે એમ કરો !'

'સાંભળો નાખુદા !' જગડૂએ કહ્યું, 'તમે ખેવૈયા છો, વડીલ છો, મુરબ્બી છો, દરિયાના જાણકાર ને અનુભવી છો; અને આ તો મારી પહેલી જ સફર છે. એટલે નાને મોઢે મોટી વાત કરતો હોઉં તો માફ કરજો; પણ એક માણસ જો સામે ચાલીને ભંડન વહોરવા આવે તો તો એ આપવું જ જોઈએ ને ! ને એમાંય પીથલ સુમરાની સાથે તો ચોખંડા ને દૂદાનો હિસાબ પણ પતાવવાનો છે ને !'

નાખુદાને સમજાયું નહિ કે જગડૂ ગાંડો છે કે શાણો?

'દરિયામાં તમારા જેવો વહાણવટી બીજો કોઈ નથી, ને, અભિમાન તો નથી કરતો છતાં, મારા જેવો ઝુકાવનારો પણ બીજો કોઈ નથી. આપણે બે મળીને શું એક દરિયાચોરને જેર ન કરી શકીએ...?' જગડૂએ કહ્યું, 'નાખુદા, એક કામ કરો: સુકાન ઉપર તમે જાતે બેસો. ત્યાં મારો અવાજ તમને નહિ સંભળાય, હું તમને મારા હાથના ઇશારા કરીશ, સમજ્યા? જાઓ, વાર ના કરો!'

નાખુદો કાંઈ સમજ્યો નહિ. પરંતુ એની નજર પાછળ પડેલા શિકારી જહાજ ઉપર પડી. સપડાયેલા શિકારને જકડી રાખવાનાં કડાં જોર જોરથી ઉછાળતા ખારવાઓ એના સથ્થા ઉપર દેખાતા હતા. ઈરાની જહાજ જકડાય કે તરત અંદર કૂદી પડવાને એના સથ્થા ઉપર કુહાડાઓ અને ફરસીઓ લઈને જંગીઓ તૈયાર ખડા હતા. આશરે દોઢસો જેટલા જંગીઓ તો નરી નજરે કળાતા હતા; અને નજરે ન કળાય એવા બીજા કેટલા હશે એનો તો અંદાજ જ નહોતો. પરંતુ એક વાત તો સારા દરિયાલાલમાં જાહેર હતી કે એક માત્ર ગુજરાત ને મલબારનાં જહાજો સિવાય બીજાં જહાજો દરિયો માઠો હોય કે પવન સામો હોય તો વહાણને હંકારવાને હરહંમેશ ખેવૈયાઓ રાખતા હતાં. ખેવૈયો એટલે મોટાં મોટાં હલેસાં મારીને વહાણને હંકારનાર ગોલો. નાખુદાને એક વાત સ્પષ્ટ સમજાઈ હતી; બધાને પણ એ એટલી જ સાફ કળાઈ હતી કે ઈરાની વહાણમાં મકરાણી વહાણ સાથે ભંડન કરવા જેવો દાવ નહોતો, વેગ નહોતો, તાકાત પણ ન હતી. ને એ વાતની પીથલ સુમરાને પૂરી માહિતી હતી.

નાખુદો કેવળ જગડૂ સામે નજર કરીને ઊભો રહ્યો.

જગડૂએ કહ્યું: 'નાખુદા! હવે વાર ના કરો! આમ પણ આપણે મરવાનું જ છે. આપણું વહાણ એ તો આપણું નાક! એ જો પીથલ સુમરાને કબજે થાય, તો પછી આપણે નાક કપાવીને જીવતા ના રહી

શકીએ. એટલે આમે પણ મરવાનું છે ને આમ પણ મરવાનું છે; માટે તમે જાઓ અને મને મારો નુસખો અજમાવી જોવા દો !'

નાખુદો ગયો; જઈને સુકાન ઉપર બેઠો.

જગડૂએ સારંગને બોલાવ્યો. એને ટૂંકામાં ટૂંકી, પણ જરાય ગેરસમજૂત ન થાય એવી સૂચના આપી. એ સૂચના સાંભળીને ખારવાઓ તો સ્તબ્ધ થયા, પણ સીદી સોદાગરનાં તો જાણે ગાત્ર જ ગળી ગયાં ! વહાણના વંઢારના ભાગમાં નાખુદાની પાસે જ જગડૂ ઊભો રહ્યો; અને પાછળ ધસ્યા આવતા જહાજને અનિમેષ તાકી રહ્યો.

જગડૂએ એક હાથ ઊંચો કર્યો, નીચો કર્યો, વળી ઊંચો કર્યો. વહાણ જરાક થરથર્યું. એનો વેગ જરાક નરમ પડ્યો.

પાછળ મકરાણી સુમરાઓએ હરખના પોકાર કર્યા. એમનાં ફરસીઓ ને કુહાડાઓ હવામાં નાચી રહ્યાં. એમના લાંબા ભાલા અત્યારથી જ જાણે દુશ્મનોને વીંધી નાખવા તલપાપડ થઈ રહ્યા. એમનાં કડાં જાણે શિકારને જકડવાને ઊછળી રહ્યાં.

વહાણ નજીક આવ્યું. હવે એનો મહોરો ઈરાની વંઢારથી જરા પાછળ રહ્યો. જરાક પાછળ...હવે લગોલગ થયો......

જગડૂએ પાછળ જોયા વગર આંગળીની ચપટી વગાડી. તરત મોરા આગળથી, લંગરની સાંકળ ઉપરથી, બે ખારવાઓ નીચે ઊતર્યા. પરંતુ મકરાણી જહાજનું એના ઉપર ધ્યાન ના હતું.

પીથલ સુમરાએ જોરથી સાદ દીધો: 'સીદી ! આવ્યો ને પાછો ?...હવે તારી જીવતાં ખાલ ઉતારીને તારા શંખ સોલંકીને ના મોકલું તો મારું નામ પીથલ સુમરો નહિ !'

જગડૂને જોઈને પીથલે ભયંકર હાસ્ય કર્યું :

'આ વળી નવો સોદાગર કોણ જાગ્યો, જે મકરાણી દરિયામાં પીથલ સુમરા પાસેથી ગુજરાત જાય ? ગુજરાતનો વેપાર બંધ છે...

વીશલદેવ વાઘેલો પીથલ સુમરાનો હિસાબ ચૂકતે ના કરે ત્યાં સુધી ગુજરાતની દરિયાવાટ પીથલ સુમરાએ બંધ કરી છે. શું એ વાત એ જાણતો નથી? એના મોઢામાં તો હજી એની માનું દૂધ ફોરે છે!... ને બાપડી એની મા બોર બોર જેવડાં આંસુ પાડશે...હા!...હા!...હા! ...હા!...પીથલ સુમરાનો આંતર્યો કોઈ સોદાગર જીવતો જાય, એવી જણનારી તો હજી પાકે ત્યારે ખરી!...હા!...હા!...હા!...હા!'

પીથલ છાતી કાઢીને માથું પાછળ નાંખીને જોરથી હસ્યો. એના તિરસ્કારભર્યા હાસ્યથી જાણે દિશાઓ ભરાઈ ગઈ.

એકાએક એનું હાસ્ય એના કંઠમાં થીજી ગયું ને એના ચહેરા ઉપર અપાર વિસ્મય છાયું. મકરાણી જહાજ ઈરાની જહાજના વંઢાર આગળથી સંચરતું હતું. એકાએક ઈરાની જહાજ થંભી ગયું; એ જહાજે ભારે મોટી હીંચ લીધી. અને સાથોસાથ ઈરાની જહાજનો આખોય ખૂવો, સઢ અને આલાદ મકરાણી જહાજ ઉપર છવાઈ ગયાં!

અચાનક પડેલા ખૂવાએ મકરાણી જહાજને જાણે કેડમાંથી દાબ્યું ને આખા જહાજ ઉપર જાણે સઢનો પડદો પડી ગયો! બહાવરા ને મૂઢ બનેલા મકરાણી જંગીઓને કંઈ સૂઝ પડે એ પહેલાં તો ઈરાની ખૂવાના મારથી મકરાણી ખૂવો બે કટકા થઈ ને પોતાના બાંધેલા સઢ ને આલાદ સાથે એમના માથે ઢગલો થઈ ને પડ્યો.

ને સાથોસાથ મકરાણી જહાજની નીચે કુહાડાના ઘા સંભળાયા. સઢના બોજદાર પોતના મારથી સથ્થા ઉપર ઢગલો થઈ પડેલા ખારવાઓ કે મોરા ઉપર નર્યા ભયભીત અચરજની મૂર્તિ સમા પીથલ સુમરાને કાંઈ સૂઝ પડે એ પહેલાં તો એમના સુકાનનાં પાટિયાં ચૂરો થઈ ગયાં. ને એમની ભરતીસાંપણ ઉપર મોટાં ગાબડાં પડ્યાં.

નર્યા વિસ્મયથી પીથલ સુમરો મૂઢ થઈ ગયો. વાઘ હરણાનો શિકાર કરવા જાય, એનો ઝડપથી પીછો લે, હરણાને નાસતું જુએ;

વાઘ એમ લગોલગ પહોંચે ને છેલ્લી મારણફાળ ભરવાને તૈયાર થાય ત્યાં એકાએક હરણાને પલટી લઈને સામે થતું જુએ, તોપણ એને આટલું વિસ્મય ના લાગે !

પીથલ સુમરો, જાણે કોઈ બીજા જ વહાણનો તમાશો જોતો હોય એમ, ઈરાની જહાજના બે ખારવાને દરિયામાં પડીને પોતાના સુકાનનો ખુરદો કરતાં ને પોતાના જહાજની દરિયાકોર ઉપર કુહાડાઓથી મોટાં મોટાં ગાબડાં પાડતા જોઈ રહ્યો.

એની પાસે ખારવાઓની તંગી નહોતી. એની પાસે જોઈએ તેટલા હંકારનારા હતા, જંગી હતા, પણ એ બધાય સથ્થા માથે હતા; ને સથ્થા માથે તો, કોઈ કબર ઉપર વલંદીઓ પડી હોય એમ, સઢના પોત ને આલાદનાં ગૂંચળાં પડ્યાં હતાં, ને એની નીચે એ દટાયાં હતાં. સઢનાં પોત પણ ભાંગી પડેલા ખૂવા સાથે બંધાયાં હતાં. આલાદમાં જ્યાં ત્યાં ગાંઠો પડી હતી. સઢની ગાંઠો ને પોતના બાંધા કાંઈ જેવા તેવા કે કાચાયે ન હોય.

સઢના પોતમાં આટલું વજન હોય છે, સઢની ગાંઠો આટલી હઠીલી હોય છે ને આલાદનાં દોરડાં આમ હાથ, પગ કે ગળામાં ભરાઈને ખારવાને વારંવાર હેઠે પાડી શકે છે, એનો ખ્યાલ પણ ઘણાયને પહેલી વાર જ આવ્યો હશે !

જગડૂએ ઇશારો કર્યો ને બે ખારવાઓ દરિયામાંથી ઈરાની જહાજ તરફ આવ્યા. વહાણ ઉપરથી આલાદ નાંખવામાં આવી; ને એને એ વળગી રહ્યા. જગડૂએ હાથથી સંકેત કર્યો ને મકરાણી જહાજને ઈરાની જહાજે એક આંચકો–ધક્કો માર્યો. એ ધક્કો પણ કાંઈ સાધારણ જહાજનો નહોતો, ભારે બોજદાર જહાજનો હતો.

સઢ ને સુકાન વગરનું બનેલું મકરાણી જહાજ એ ધક્કાથી પડખાભેર પડ્યું. ઈરાની જહાજના ખારવાઓએ ઢાળેલ ખૂવા ને પોતની આલાદ તમામ સેરવીને ઝપાટાબંધ ફેંકી દીધી. ને કલમીના

નાના સઢ અને સુકાનના જોરથી ઈરાની જહાજ મકરાણી જહાજથી દૂર ખસી ગયું. દરિયામાં પડેલા ખારવાઓને ઉપર ખેંચી લીધા.

મકરાણી જહાજ ઈરાની જહાજના ભારે બોજદાર ધક્કાથી ખાંગુ વળી ગયું, સાવ પડખા ભેર પડયું ને એમાં પડેલાં ગાબડાંમાંથી વહાણમાં પાણી ભરાવા લાગ્યાં.

વહાણ આડું પડખાભેર થયું એટલે એના ઉપરના સઢનો ભંગાર પણ સળવળતો ને તાણ કરતો ઘસડાતો ઘસડાતો, નીચે સપડાયેલા કંઈક ખારવાઓને દબાવતો, સથ્થાનાં પાટિયાં સાથે ભીંસી નાખતો નીચે દરિયામાં ખસવા લાગ્યો. ને કાળી ચીસો સઢના પોત નીચેથી ઊઠી રહી ! ખૂવાના લાકડા ને સથ્થા વચ્ચે ઘંટીમાં આટો દળાય એમ એ દળાઈ રહ્યા. જાણે કોઈ કરવતથી રહેંસાતા હોય એમ વેગથી સરકતી આલાદ નીચે એ રહેંસાવા માંડયા. સઢનું નીચેનું તાણ ને વહાણ સાવ પડખાભર એટલે કોઈના પગ ઠરે નહિ, કયાંય પગ ટેકવવાનું ઠેકાણું નહિ, કયાંય પકડવાનો સહારો નહિ. ને પળપળના નીચેના તાણને લીધે ખારવાઓ તો જાણે સઢના કફનમાં વીંટળાતા હોય એમ બેવડ વળી, ચીસો પાડતા, દરિયામાં પથરા પડે એમ ફેંકાવા લાગ્યા. કેટલાક સઢના કફનમાં વીંટળાઈ ને ગૂંગળાઈને મૂઆ. કેટલાક આલાદની નીત નવી પડતી ફાંસલીઓથી પાણીમાં ઊંધે માથે લટકીને મૂઆ. કોઈ વળી હાથપગ ભાંગેલા તે એમ ને એમ દરિયામાં ચીસો પાડતા ગયા. ને જે થોડા શેષ રહ્યા એ, અંગે લાગેલા વહેતા જખમમાં દરિયાનાં નીતનવાં લૂણ ભરાતાં, કાળી ચીસો પાડી રહ્યા.

પીથલ સુમરો તો પલભર કઠપૂતળી જેવો બની રહ્યો. એના કાનમાં હજી ખારવાઓની ચીસો ગાજતી હતી. પળ પહેલાં એ ચીસો હરખની હતી, શિકારને ચૂંથી નાખવાની લિપ્સાની હતી; બીજી પળે એ ચીસો મરણચીસોમાં પલટાઈ ગઈ ! એ પલટો કેમ થયો, એ જ એને તો સમજાયું નહિ. ને એ સમજવાની કોશિશ કરે એ પહેલાં

તો એ પોતાના વહાણના મોરા ઉપરથી દરિયામાં, જાણે નકામો કચરો ફેંકાય એમ, ફેંકાયો !

નાખુદો તાલોજી દરિયામાં કૂદી પડચો. એણે એક ડૂબકી મારી. એના હાથમાં પાતળી આલાદ હતી. ડૂબકી મારીને એ પીથલ સુમરા પાસે નીકળ્યો. પીથલ એને બાઝવા ગયો, એટલામાં નાખુદાએ એના મોઢા ઉપર જોરથી મુક્કો માર્યો; પીથલનું માથું પાછું પડયું ને એટલો દરિયો લાલ રંગાઈ ગયો ! નાખુદા તાલોજીએ એની કેડ ઉપર આલાદ બાંધી દીધી. ‘ સારંગ ! ’ એણે સાદ દીધો : ‘ ખેંચો ! ’

તાલોજી તરતો તરતો આવ્યો ને ઉપરથી જગડૂએ નાંખેલી સીડી ઉપરથી ઉપર ચડચો. બે ખલાસીઓએ, કોઈ દેઢ મૂએલા ઢોરને રાશ બાંધીને ઘસડે એમ, પીથલ સુમરાને મકરાણી જહાજ ઉપર ઘસડચો, ને સથ્થા ઉપર ફેંકચો. ત્યાં તે થોડું પાણી પીધેલી ને હતબુદ્ધિ–હતચેતન હાલતમાં પડચો રહ્યો. માત્ર એની આંખો એના વહાણ ઉપર જાણે કાંઈ જોતી ના હોય, જોયેલું માનતી ના હોય, એમ અધમોરછાની નજરે તાકી રહી !

મકરાણી જહાજ સાવ આડું પડચું હતું. એની દરિયા સાથે જડાયેલી બાજુમાં ગાબડાંમાંથી પાણી આવતું હતું ને બે બે વહાણોના ખૂવા, સઢ ને આલાદ એને પાણીમાં ચોંટાડેલું રાખતાં હતાં.

ધીમે ધીમે એ ભંગારની નીચેથી એક–બે એક–બે લાશો નીકળીને દરિયાના પાણી ઉપર સરકવા લાગી. ધીમે ધીમે એ ભંગાર અને એ ભયંકર સફેદ કફન નીચેની ચીસો હળવી ને હળવી થતી હતી. બે–ચાર ખારવાઓ એની નીચેથી જીવતા પણ નીકળ્યા ને જાણે કોઈ મહા ભયથી ભાગતા હોય એમ ઈરાની જહાજની સામી બાજુએ તરતા જવા લાગ્યા. બિચારા થોડુંક તર્યા હશે ને દરિયાનાં પાણી એમને ગળી ગયાં !

ઈરાની જહાજ કલમીના સઢ ઉપર ધીમે ધીમે સંચરતું હતું. અને જ્યાં પાણીમાં ભંગાર આળોટતો હતો એનાથી આગળ નીકળી ગયું હતું. ને એની બેય બાજુએ થઈને, જાણે દરિયાએ પોતાની અનંત–અખૂટ કાળની કબર ઉઘાડી મૂકી હોય એમ, ભંગારની નીચેથી લાશ પછી લાશ નીકળતી જ જતી હતી! ને કોઈ મહાસર્પને શેળાએ પૂછડીમાંથી પકડીને મોઢું બંધ કરીને જકડી રાખ્યો હોય ને ગતિહીન બનેલો સર્પ એની કાંટાવાળી પીઠ ઉપર ચક્કરભમ્મર કરતો પછડાટા લેતો હોય એમ પડખાભર પડેલું મકરાણી જહાજ ફરીફરીને ખૂવાના માથે અફળાતું હતું. હરપળે એનાં બેચાર પાટિયાં તૂટતાં હતાં. હરપળે એક–બે રવિસર વિખૂટાં પડતાં હતાં. ને તોય સાપ જેમ શેળાની પીઠ ઉપર માંથાં અફાળે એમ વહાણ ફરી ફરીને અફળાતું હતું. એક જબરજસ્ત અવાજ સાથે વહાણ ફાટયું. એના ભંડારમાં પુરાયેલી હવા ભારે દબાણને લીધે ફાટી. ને ફટાકિયાની જેમ વહાણના ચૂરેચૂરા ચારેકોર વેરાયા.

એક જબરજસ્ત આંચકા સાથે વહાણનો ભંગાર આખો જ મિનારાની જેમ ઊંચો થયો ને ઊંચો થઈને દરિયામાં તણાઈને ડૂબી ગયો. જ્યાં ડૂબ્યો ત્યાં પાણીની ભમરીઓ પડી. કોઈ મોટી ગળણીમાં પાણી ઊતરે એમ પળવાર ત્યાં જાણે એક મોટી ગળણી મંડાઈ અને ગોળ ઘૂમતાં પાણી એમાં જાણે નીચે ઊતરવા લાગ્યાં.

બીજી પળે એ ગળણી પણ સમાઈ ગઈ, ને ત્યાંથી વહાણનો ભંગાર, લાશો, સામાન, સરંજામ સપાટીએ આવીને દરિયામાં ખેંચાઈ જવા માંડયાં. ઈરાની જહાજ ઉપર સીદી, નાખુદો ને ખારવાઓ પણ એટલા જ વિસ્મયથી જોઈ રહ્યા હતા. પળવાર પહેલાં એમને મોતનો ભય હતો; પળ પછી એ મોત ઉપર એમણે ફતેહ મેળવી લીધી હતી! સારંગ તો પોતાના હાથમાં પકડેલી ચાર ડગરીઓને જ તાકી રહ્યો હતો.

'માળી આ ચાર ડગરીમાં આટલી કરામત ! આટલી કરામત ! ખૂવાની પાસેની માત્ર ચાર ડગરી જ કાઢી નાંખવાનું જગડૂએ એને કહ્યું હતું. ત્યારે એને એનું રહસ્ય સમજાયું નહોતું; એને તો એ બેવકૂફી-ભર્યું લાગ્યું હતું. ને...અત્યારે...અત્યારે...દરિયાની પીઠ ઉપર લાશો ને પાટિયાં સિવાય મકરાણી જહાજનું નામનિશાન દેખાતું ન હતું.

તાલોજી તો જગડૂને ભેટી પડ્યો : 'નાના શેઠ ! મલક આખામાં વગોણું રહી જાત કે તાલોજીનું વહાણ લૂંટાયું ને બુડાડ્યું ! તમે... તમે મને ભવોભવના મેણામાંથી ઉગાર્યો...ને અમને સહુને મોતના મોંમાંથી ઉગાર્યા.'

લાગણીના વેગમાં સીદી તો એક શબ્દ પણ બોલી શક્યો નહીં; એ કેવળ મૂંગો મૂંગો જગડૂને બથ ભરી રહ્યો. એની વૃદ્ધ આંખમાંથી કેવળ આંસુનાં બે બિન્દુ જ સરી પડ્યાં.

તાલોજીએ પીથલ તરફ આંગળી ચીંધીને જગડૂને પૂછ્યું : 'નાના શેઠ ! હવે આનું શું કરવું છે ?'

જગડૂએ બે કદમ પીથલ સુમરા તરફ ભર્યાં; ત્યાં ઊભો રહીને એ ક્યાંય સુધી પીથલને તાકી રહ્યો.

પછી એણે કહ્યું : 'પીથલ સુમરા ! વીશળદેવ વાઘેલા સાથેનો હિસાબ તો વાઘેલો પોતે સમજી લેશે; પણ મારે તમારી સાથે મારા બે ભાઈબંધોનો હિસાબ સમજવાનો છે. હું રજપૂત નથી. મને વેરને વહોરતાં ને વેરને ખાતર મારતાં આવડતું નથી. હું જૈન છું, એટલે મને મારી આમન્યા આડી આવે છે, એટલે, મારા બે ભાઈબંધોનાં કમોત છતાં, હું તને જીવતો જવા દઉં છું. જા, જીવતો રહે !...પણ જીવતો રહે ત્યાં સુધી કચ્છના જગડૂશાને યાદ કરતો રહે !'

પછી સારંગને એણે હુકમ કર્યો. એક લાંબા પહોળા પાટિયાને મકરાણી જહાજના ભંગારમાંથી આંતરવામાં આવ્યું. એના ઉપર પીથલ

સુમરાને બાંધ્યો. ' જીવો પીથલ સુમરા ! દરિયાની દયા હોય ત્યાં સુધી જીવો...ને કચ્છના જગડૂને હવે કોઈ દિવસ ભૂલતો નહીં. '

પીથલ સુમરાને હવે વાચા આવી : ' હું રાજબીજ છું, રજપૂત છું. મારી સાથે વેર બાંધનારો સુખી નથી રહેતો. હું તારા ગામ ઉપર મીઠું વાવીશ; તારા ગામને હું તારાજ કરીશ. હું...હું...હું...'

' ભલે ', જગડૂએ કહ્યું : ' ઇચ્છા થાય ત્યારે પધારજો કચ્છમાં ! તમારા સ્વાગત માટે તૈયાર રહીશ. દરમિયાન તમે જાઓ ! જગડૂને તો તમે આટલું પાટિયુંય ના આપત, પણ જગડૂ તમને પાટિયું આપે છે ! દરિયાચોરને જો દરિયાલાલ જીવતો રાખવા માગતા હોય તો તમે ભલે જીવતા રહો ! '

બે ખારવાઓએ જેની સાથે પીથલ સુમરાને બાંધ્યો હતો, એ પાટિલું લીધું, ઉપાડયું, એક–બે હિલોળા લીધા, અને દરિયામાં ફંગોળી દીધું !

એક ચીસ હવામાં સંભળાઈ. અને ઊંચેથી નીચે પાણીમાં પછડાયેલું પાટિયું ઉપર તળે થતું, કયારેક મોજાંઓની ટોચ ઉપર ચડતું ને કયારેક મોજાંઓની ભાંગમાં દટાતું ને કયારેક કયારેક કળાતું આગળ ને આગળ ચાલવા લાગ્યું !

# ૧૬. .... .... .... .... માંડવગઢની જાન

**આજે** યશોદાના આનંદનો કોઈ પાર ના હતો: આટઆટલી રાહ જોવરાવીને પણ છેવટે એનો પ્રીતમ એને પરણવાને આવતો હતો!

ઉતાવળા ઘોડાના અસવાર ભદ્રેશ્વરથી આવ્યા હતા. ઘોડા પણ કેવા? અસલ હોરમઝની ઓલાદના—જાણે પહાડને જીવ આવ્યો હોય એવા! એ અસવાર સમાચાર લાવ્યા હતા: 'ભદ્રેશ્વરના શેઠ જગડૂશા જાન લઈને આવે છે. જાનના સામૈયાની ત્રેવડમાં રહેજો!'

એ અસવારની પાછળ પરભુ ગોર આવ્યા હતા—રથમાં બેસીને. ને એમણે અમરાશાને વાતો કરી એથી તો માંડવગઢનો એ શેઠિયો જાણે હરખના આવેશમાં નાચવું કે રોવું એ જ નક્કી ના કરી શક્યો!

અમરાશા એટલે માંડવગઢનો શ્રેષ્ઠી. માંડવગઢમાં રાજ ચાલે દેવપાલ પરમારનું, પણ અમલ તો ચાલે અમરાશાનો. માંડવગઢ એ મૂળ તો પરમાર ભાયાતનું ગામડું, ને દેવપાળ પરમાર એટલે એક ગામનો ઠાકોર. જાતે સાત્ત્વિક માણસ. દિવસે કોઈનું બૂરું ના જોઈ શકે ને રાતે આભના તારા ગણે. એનો બધો વહીવટ કરે અમરાશા.

અમરશા સમજુ માણસ. એમણે ઝીણી નજરે પોતાની આસપાસની દુનિયા જોઈ. માળવામાં તો જાણે જાદવાસ્થલી જામેલી. ધારા ને ઉજ્જૈનના પરમારો, એ બેય આમ તો રાજા ભોજના વંશજો; પણ એમનાં અંદરઅંદરનાં વેર ભારે ભયંકર. કહેવત છે ને કે સગા ભાઈ જેવો દુશ્મન બીજો કોઈ ના હોય! ને આ પરમારોએ એ વાત

ઈતિહાસને ચોપડે સાચી કરી દેખાડી હતી! અંદર અંદર ઝઘડતા કૂકડા જેવા એ બેયની ઉપર તાક માંડીને બેઠેલો દિલ્હીનો સુલતાન. નીચેથી તાક માંડીને બેઠેલો ગુજરાતનો વીશળદેવ વાઘેલો; ભંગાર થયેલા ગુજરાતને—માળવા ને દેવગિરિની ઉપરાછાપરી સાત સાત ચડાઈઓ ને તુરકાણોની ચારચાર ચડાઈઓમાં સાવ નાશ પામેલા સિદ્ધરાજ જયસિંહના ગુજરાતને—સજીવન કરવાની એને તમન્ના હતી.

માણુસ ચારેકોર જ્યાં નજર કરે ત્યાં નિરાશા અને બરબાદીના રણ સિવાય બીજું કશું દેખાય નહિ, એવી બિસ્માર હાલત થઈ ગઈ હતી. એમાં અમરાશાએ ખારા રણમાં મીઠી વીરડી જેવું માંડુગઢ બનાવ્યું. ચારેતરફના ઘોર સંહારમાંથી જેને ઓથ જોઈતી હોય એ માંડુગઢ આવે. સાથેસાથ કિલ્લો તો એનો એવો બનાવ્યો કે ચાર–ચાર પાંચ–પાંચ વરસ સુધી દુશ્મનો અફળાય તોય એની કાંકરી સરખી ન ખરે, કે અનાજ–પાણી–ઘાસની તંગી ના આવે. પણ એ કાળમાં તો ચાર વરસ સુધી કોઈ ગઢને ઘેરવાનીયે કોઈને ફુરસદ નહોતી. એક સાથે બે બે ગઢ કે બે બે મોરચે જંગ ખેલે એવી તાકાત નહોતી ધારા કે ઉજ્જૈનના પરમારોની કે નહોતી તાકાત દિલ્હીના સુરત્રાણની, ને નહોતી તાકાત વીશાળદેવ વાઘેલાના પાટણની.

આમ સામસામા ત્રિકોણ મોરચામાં માંડુગઢ એ તો માંડુગઢ જ હતું! એનો હુન્નર, ઉદ્યોગ, વેપાર ને લડાયક બચાવની તજવીજ એ બધાં ઉપર આ સમર્થ શ્રેષ્ઠીની સાવધાન નજર રહેતી. જેમ દોરડા ઉપર થાળીમાં ચાલતા નટને એક પળ પણ નજર ચોરવી પામવે નહિ, એમ અમરાશાને નજર ચોરવી પાલવે એવું ન હતું.

ને કથીરના ઢગલામાં સોનાની થાળી જેવું માંડુગઢ અમરાશાએ જાણે સાવ સોનાનું બનાવ્યું હતું. આવા માંડવગઢના આવા વ્યાવહારિકને ઘેર જાન આવતી હતી. અમરાશોએ તો લગ્નોત્રી મોકલી હતી, ને સામે પક્ષેથીય કાંઈ બીજાં કહેણ નહોતાં આવ્યાં.

માત્ર પરભુ ગોર રથમાં બેસીને આવ્યો હતો, સંદેશો લાવ્યો હતો : 'અમરાશા શેઠ, તમારી દીકરી જશોદા, એનું વેવિશાળ સોલ શેઠના જગડૂશા સાથે કર્યું છે. જાન જોડવાની તમે અમુક શરત કરી હતી, એ શરત પૂરી કરીને જગડૂશા શેઠ જાન જોડીને આવે છે. માટે સામૈયું કરવાને સાબદા થાઓ !'

પછી પરભુ ગોરે બધી વાત માંડીને કરી : 'જગડૂ અઢળક ધન કમાયો. જગડૂએ પીથલ સુમરાએ બંધ કરેલી હોરમઝની દરિયાવાટ ઉઘાડી. જગડૂએ ભદ્રેશ્વરમાં માંડગઢ જેવી બીજી ઓથ તૈયાર કરી છે. સોમનાથના સલાટથી માંડીને દેવગિરિના પટ્ટનૂલ સુધી ત્યાં જઈને વસ્યા છે. જગડૂએ ભદ્રેશ્વરનો કોટ બાંધ્યો છે. આખા કચ્છમાં કંથકોટ ને લાખિયાર ને લખપતના જૈનોને રાજ્યનો ત્રાસ હતો, એમને ત્યાં વસાવ્યા છે. જગડૂએ વણઝારના બંધ મારગો ઉઘાડ્યા છે. જગડૂએ માથાભારે ઠાકોરોને નમાવ્યા છે. જગડૂએ રણનું નાકું બાંધ્યું છે અને ભદ્રેશ્વરમાં બાવન દેવકુલિકાવાળું વિમાન જેવું દેરાસર બાંધવા માંડ્યું છે. આ તમારી શરતો બધીય પૂરી કરીને જગડૂએ જાન જોડી છે.

'જામ રાયલ ને જામ દેશલ જાનમાં આગળ ચાલે છે. લાખિયાર ને લખપત, પાટણ ને કર્ણાવતીના જૈન સંઘપતિઓ એ જાનમાં છે. સિંહ ને બકરી એક આરે પાણી પીએ, એમ એમાં હોરમઝ ને ખંભાતનો શાહ સોદાગર સીદી સાદિક પણ છે ને ગાધવીનો ચાવડો સંધાર પણ છે. માટે અમરાશા શેઠ, સાબદા થાઓ અને જાનનું સામૈયું કરવાની તૈયારી કરો !'

અમરાશાને તો રાજા દ્રુપદ જેવું થયું હતું : દ્રૌપદીના સ્વયંવર માટે મત્સ્યવેધની એણે પ્રતિજ્ઞા તો લીધી, પણ પછી એવી પ્રતિજ્ઞા કોઈ પૂરી કરી શકશે કે નહિ એનો એને પોતાને જ મોટો સંશય થયો હતો. અમરાશાએય પણ તો આકરું લીધેલું, પોતાનાં કુળ ને આબરૂનો સરખો જોડીદાર શોધવા માટે એ પણ ખોટું પણ ન હતું; પરંતુ ત્યાર પછી, જેમ જેમ વર્ષો વીત્યાં તેમ તેમ, એની મૂંઝવણ વધતી ચાલી. નાળિયેર

તો અપાઈ ગયું હતું, પણ પછી જેને નારિયેળ અપાયું હતું એના કશા સમાચાર આવ્યા નહોતા. વર્ષો સુધી તો પોતાની કન્યા અવિવાહિત કુલવધૂ છે કે કુંવારી કન્યા છે, એનીય જાણે એને ગમ નહોતી પડતી! જેને નાળિયેર આપ્યું એ જમાઈ જીવતો છે કે નહિ એની જ એને સૂઝ નહોતી પડતી. કંથકોટમાંથી સહુ જૈનોને ત્યાંના જાગીરદાર જામે કાઢી મૂકયા હતા ને એ જૈનો રણને કાંઠે ને સાત શેરડાના મારગને કાંઠે ગામડું વસાવી રહ્યા હતા એટલીય એને ખબર નહોતી.

જેમ જેમ કાળ વીતતો ગયો તેમ તેમ કચ્છમાં બીજાં બીજાં સ્થાનોના જૈનો ઉપર આવેલી આપત્તિઓની એને ખબર મળતી ગઈ. બાડાના જામે જૈનોને કાઢી મૂકયા હતા. લાખિયાર વિયરોના લાખા જામે પણ જૈનોને હદપાર કર્યા હતા. એ જૈનો રાપરમાં જઈને વસ્યા તો લાખા ને રાપરવાળાને તકરાર થઈ, સામસામી લૂંટો ચાલી; ને છેવટે એના સમાધાનમાં રાપરમાંથી જૈનોને જવું પડયું. રાયમ જામને તો બીક લાગી હતી કે માળા ચાવડા સંઘારનેય જીવતો પકડે એ કયારેક મને પકડીને મારી જાગીર પચાવી પાડે તો?

આમ કચ્છના જૈનો ઉપર દુઃખના પાકા ગણેશ બેઠા હતા.

આમાં અમરાશા મૂળ મુદ્દો સમજતા નહિ. મૂળ વાત આટલી હતી: પાટણમાં રાજા ભીમદેવ બીજાના રાજ્યમાં કારભાર બ્રાહ્મણોના હાથમાં આવ્યો અને અનેક નાનીમોટી ચડાઈ ઓમાં જૈન કોમ લૂંટાઈ, એટલે પાટણથી જૈનો કચ્છમાં વસવાટ કરવા આવેલા. કચ્છમાં નવી જાગીરદારી આવી હતી સિંધથી, એટલે એમને ત્યાં જૈનો જોર કરી ના જાય એની આ બધી વિરોધીઓની ખટપટ હતી.

પણ સમો એવો હતો કે અત્યારે જૈનોમાં કોઈનામાં હીર હોય તો તે દેખાવું જોઈતું હતું. સમસ્ત વસ્તીને માટે ઠેરઠેર વસમા દિવસો હતા, લાંબા ગાળાનાં ભયંકર જોખમો હતાં, સર્વનાશના ચારેકોર મંડાણ થયાં હતાં. ત્યારે ટૂંકી નજરની ખટપટ બધે હતી. મોટા

ભયો તરફ આંખ મીંચીને સહુ એકબીજાને ભોગે નાના નાના લાભો મેળવવા મથતા હતા. ત્યારે સબ સબકી સમાલિયો, જેવું હતું. માળવામાંથી–માંડુગઢમાંથી કચ્છ જેટલે લાંબે પંથે હાથ લાંબો થઈ શકે એમ ન હતું. કચ્છ તો પાટણના પાદર છેવું ગણાય, પણ પાટણમાંથીયે કોઈ હાથ લાંબો કરે એમ ન હતું. મહારાજ્યો ઉપર આફતો ઝઝૂમતી હતી ને નાના ઠાકોરો દબદબાથી ઘૂમાઘૂમ કરતા હતા.

ત્યારે કચ્છમાંથી કોઈક કચ્છી જ પાકવો જોઈએ, પણ...પણ... રોજ રોજ માઠા સમાચારો સિવાય બીજા સમાચાર આવતા ન હતા.

ને જ્યારે હીર હોય તો ઝબકવું જોઈએ, એવા દિવસો હતા ત્યારેય એના જમાઈનું ક્યાંય નામનિશાન સંભળાતું ના હતું. કોઈ કહેતું, ચાવડો સંધાર એને ઉપાડી ગયો! કોઈ કહેતું, પીથલ સુમરાએ દરિયાને એનો ભોગ દીધો! પણ સાચી વાત એટલી હતી કે એના કોઈ વાવડ નહોતા, ને દીકરી તો ઘરઆંગણે મોટી થતી હતી. ને દીકરીને હવે બીજા બધા જુવાન ભાઈ–બાપ સમા હતા! 'પરણું તો એને, નહિ તો જનમ કુંવારી રહું,' એવું એનું પણ હતું.

ત્યાં તો દુકાળના વરસમાં પહેલો વરસાદ પડે એમ સમાચાર આવ્યા: 'તમારી શરત પૂરી કરીને તમારા જમાઈ જાન જોડીને આવે છે. એની જાનમાં વાઘ–બકરી એક આરે પાણી પીતાં હોય એવા જાનૈયા આવે છે.'

હરખનો પાર ના રહ્યો અમરાશાનો; ને હરખનો પાર ના રહ્યો અમરાશાથીયે વધારે જશોદાનો! એની શ્રદ્ધા અને તપશ્ચર્યા આખરે ફળી હતી. કંઈ કંઈ સોનેરી સોણલાંઓને ધરતી ઉપર ઉતારનારો ને કંઈ કંઈ ઓથારોને પાતાળમાં ચાંપી દેનારો એનો હૈયાનો હાર ચાલ્યો આવે છે...ચાલ્યો આવે છે...માંડુગઢને ઝાંપે...

આખા માંડુગઢને પોતાના નિપુણ વ્યાવહારિકની પ્રતિજ્ઞાની ખબર હતી. અને જમાનાના રંગ પ્રમાણે આવી પ્રતિજ્ઞા પૂરી કરનાર માણસ

વિરલ ગણાય, એ પણ જાણતા હતા. આવા વિરલ જુવાન સાથે માંડુગઢને આજ મૈત્રી બંધાય છે, એ જાણીને વસતીના હરખનો પણ કોઈ પાર ન હતો. જમાનો એવો હતો કે માંડુગઢને મજબૂત પીઠ-બળવાળા મિત્રોની જરૂર હતી. ચારેકોર લડાઈ, લૂંટ અને બરબાદીનો ધૂમ છાયો હતો. ને એમાં પીથલ સુમરા અને ચાવડા સંઘારનાં નામો કંઈ ઓછાં ભયંકર ન હતાં. ચારેકોર વાઘો એકબીજા સામે ઘૂરકતા હોય ને કોણ ક્યાંથી કોનો કોળિયો કરવા ક્યારે આવશે એની ગમ ના પડતી હોય ત્યારે, વચમાં વરુઓ ખૂંદતાં હોય એમ, દિલ્હીના સુરત્રાણ, દેવ-ગિરિનો સિંહણ, માળવાના વર્મા પરમારો ને બુન્દીના ચંદેલો એકબીજા સામે ઘૂરકતા હતા. ને એ બધાનો શિકાર, મરવા પડેલા ગુજરાતને મૃતસંજીવની પાતો વીશળદેવ વાઘેલો હતો. વાઘેલારાજને પણ નિરાંતની ઊંઘ નહોતી. એને તો, જાણે બહારના આટલા દુશ્મનો ઓછા હોય એમ, ઘરઆંગણે પણ કલેશ જાગ્યો હતો. આમાં કોઈ કોઈને સાથ આપે એમ ન હતું. ને સાથ આપે તો કોઈ કોઈનો વિશ્વાસ કરે એમ ન હતું. 'જાગે એ જીવે અને સોવે વો મરે!' એવો ઘોર કલિકાળ એના પરમ ભયંકર સ્વરૂપમાં પ્રવર્તી રહ્યો હતો.

એવા કપરા કાળમાં, એવી કપરી ભૂમિમાં, માંડુગઢ એક અનોખો એવો દુખિયાનો વિસામો હતો. રાજા, દરબાર, ઠાકોર, સૂબા, દેશમુખ, લશ્કર, ચોર, ડફેર, લૂંટારા, આગ, લૂંટ વગેરે રજવાડી સંતાપોથી ત્રાસેલાં માનવીઓ માંડુગઢમાં આવી વસ્યાં હતાં. જેમને ચાલતા ઝઘડા સાથે કોઈ સંબંધ રાખવો ના હોય, જેમને પારકી દુગ્ધા છોડીને પોતાના વ્યવસાયમાં રચ્યાપચ્યા રહેવું હોય, એ તમામને— બ્રાહ્મણ, ક્ષત્રિય, વશ્ય, શૂદ્ર તમામને—ત્યાં આશરો મળતો. એના વિશાળ અમરગઢની અંદર જાણે મધપૂડો ગણગણતો હતો.

ને માંડુગઢની બજારના ચોકમાં મોતીનો એક થાળ હજીયે એમ ને એમ જ પડ્યો હતો. નવલખ ચાબદાર મોતી ઉપર ધૂળ ચડતી

હતી, તોય કોઈ એને હાથ લગાડતું નહોતું. આ મોતીનો થાળ... બજારના ચોકની વચમાં પડેલો...એનીયે એક કહાણી હતી :—

વાત એવી બની કે દખ્ખણના એક વીરવણિગા શ્રેષ્ઠીને ત્યાં દંપતીની ઉંમર મોટી થતાં સુધી કોઈ સંતાન નહોતું. એટલે એમણે બાધા લીધી કે અમને જો ભગવાન પુત્ર આપે તો અમે માંડુગઢના દેવપાલ પરમારને મનારનાં મોતીનો થાળ ચડાવીશું.

બનવા કાળ છે તે શ્રેષ્ઠી વણિગાને ત્યાં પુત્રનો જન્મ થયો. એ જમાનો ભારે વિકટ હતો. એટલે બાવાના વેશમાં દંપતી માંડુગઢ પહોંચ્યાં. એ બાપડાંને એમ કે માંડુગઢમાં દેવપાલ પરમારની દેરી હશે. ને દેવપાલ બાપા કોઈ જમાનામાં શૂરાપૂરા થયા હશે ને એમણે ગાયોની ને બાઇઓની રક્ષા કરી હશે; ને તેથી એમના નામની બાધાઓ ચાલતી હશે. કોઈ જીવતા માનવીની આવી ખ્યાત એ જમાનામાં છેક દખ્ખણ સુધી પ્રસરી હોય એમ તો માને જ કોણ ?

પણ માંડુગઢમાં આવ્યા પછી એમને ખબર પડી કે જેમને મોતીનો થાળ ભેટ ધરવાનો છે, એ કોઈ મરેલો શૂરોપૂરો નથી; એ તો જીવતોજાગતો રાજા છે, ગઢનો ધણી છે !

ત્યારે દેવપાલ પરમારને એમણે મોતીનો થાળ ભેટ ધર્યો.

પરમારે કહ્યું : ‘ આના ઉપર હું મારો હાથ ફેરવું છું; હવે તમે એ લઈ જાઓ, કેમ કે અમારે ત્યાં ભેટ ધરવાનો ને ભેટ લેવાનો કોઈ રિવાજ નથી. ’

‘ મહારાજ ! તો પછી એને કોઈ સત્કાર્યમાં વાપરજો. ’

‘ તમે જ વાપરો શ્રેષ્ઠી ! પારકાની ભેટ લઈને એનાથી સુકૃત થાય ખરું ? ને જે થાય એ સુકૃત હોય પણ કેમ ? માટે એ તમારે હાથે જ વાપરો ! ’

શ્રેષ્ઠી નગરશેઠ પાસે ગયા.

નગરશેઠે કહ્યું : ' આ ગામમાં સહુ પોતપોતાના વ્યવસાયથી જીવે છે. દેવમંદિરો એમના ભાવિકોથી શોભે છે. દાનનો મહિમા અહીં ઘણો છે, પણ એથીયે વધારે મોટો મહિમા તો દાન દેવું કે લેવું જ ના પડે એવી રહેણીકરણીનો છે. આપ આમ કરો : આ થાળ અમારા શહેરની વચમાં મૂકી દો; જે કોઈને એની જરૂર હશે તે એ લઈ જશે.'

આમ એ મોતીભર્યો થાળ શહેરની મધ્યમાં મુકાયો, આબનાં મોતી ઉપર રસ્તાની ધૂળ ચડવા માંડી, તોય એ થાળ ત્યાં જ પડ્યો રહ્યો. આવું હતું માંડુગઢ—જ્યાં દાન લેનાર પણ કોઈ મળતું નહિ !

ને આવા માંડુગઢ સમોવડું નગર કચ્છની ભૂમિ ઉપર વસાવીને માંડુગઢના મહેમાને પણ રંગ રાખ્યો હતો. કચ્છમાંય વસતી પરેશાન હતી, અનેક જાતના જુલમો નીચે કચડાતી હતી. સાંજની સવાર ક્યારે પડશે કે સવારની સાંજ કેવી પડશે, એની ચિન્તામાં એ જીવતી હતી. એવી વસતીની વચમાં એક ગઢ બંધાયો હતો.

એ ગઢમાં જે આવે એનો આદર થતો હતો, એને આવકાર મળતો હતો. ત્યાં ઉદ્યોગ પણ ખીલ્યો હતો. રણની ચોપાટને નાકે, દરિયાના સાત શેરડાને નાકે આવું ગામ બંધાયું હતું.

એ ગામ તે ભદ્રેશ્વર, ભદ્રાવતી. સાચી વાત, આવા ગઢનું નામ ભદ્રાવતી જ હોય ને બીજું વધારે શુભ નામ હોય પણ શું ?

એ ગઢની રાંગ ઉપરથી બહાર નજર કરતાં, ચાર–આઠ ભાઈઓને તસુ તસુ જેટલી ભૂમિ માટે એકબીજાના દીકરાઓને કાપતા, એકબીજાનાં ગામ–ગામડાં સળગાવતા લોકો જોતાં; એના દરિયામાં સંઘારનાં લૂંટારાં વહાણો ભમતાં.

ને આવા નગરનો બાંધનારો આજે માંડુગઢના વ્યાવહારિકની વરસોજૂની બનેલી પ્રતિજ્ઞાને પૂરી કરીને જાન જોડીને આવતો હતો; ને એવી જાનમાં ભયંકર નામો ધરાવનારાઓ પણ બકરાં જેવાં થઈને આવતા હતા; સંહારના શોખીનો શાંતિ અને ધર્મના કામે આવતા હતા !

વસતીના હરખનો પાર નહોતો. ઘેર ઘેર તોરણો બંધાયાં હતાં, ને રસ્તે રસ્તે માણસોએ પોતપોતાના ધંધાની ચીજોની કમાનો બનાવી હતી. રસ્તામાં પાણી છાંટયાં હતાં. ગઢને દરવાજે જાનનું સામૈયું કરવા પરમાર પોતે પધારવાના હતા. નગરનારીઓ, જાણે પોતાને ઘેર જ માંડવો નંખાયો હોય એમ, શણગાર સજીને નીકળી હતી.

ગામમાં જાણે દિવાળી આવી હતી. જસોદાનો હરખ સમાતો નહોતો. વર ને ઘર બેયને પ્રીછી શકે, એવી એની ઉંમર હતી. એ જમાનાને હિસાબે એની ઉંમર મોટી હતી. ને એને શણગારવામાં ગામની કુલવધૂઓ ને કુલકન્યાઓની હરીફાઈ ચાલતી હતી.

સ્ત્રીઓ ચમકીને કહેતી: ‘ અરે, જુઓ, સાંભળો, સાંભળો, દરવાજા ઉપર નોબત વાગી! જાન આવી પહોંચી!...ચાલો, ચાલો...જરા જાનની શોભા તો જોઈએ...’

ગઢ ઉપરથી જોનારને તો જાણે પાદરે લશ્કર આવ્યું હોય એમ જ લાગ્યું. આ લશ્કર આવ્યું હતું તો માંડવગઢની લક્ષ્મી લેવા, પણ લઢીને નહીં, પ્રેમથી.

કોઈ કહેતું: ‘ આ રથ જાય એ જોયો? એમાં બેઠાં છે એમને ઓળખ્યાં?...એ છે વરરાજાનાં મા ને બાપ—સોલ શેઠ ને રાજમા. ને આ રથ જોયો?...એ છે વરનાં બહેન! આ રથમાં છે જામ રાયલ પોતે—કંથકોટમાંથી જેમણે જૈનોને કાઢી મૂકચા હતા તે. પણ હવેની એમની વાત જુદી છે.’

વળી કોઈ કહેતું: ‘ અને જરા આ રથમાં બેઠા છે એ મહેમાનને તો જોઈ લો: એ છે ચાવડો સંઘાર: ભયંકર દરિયાચોરોનો ભયંકર મુખી! એને હાથે કંઈક સોદાગરોની બરબાદી થઈ છે ને કંઈક સોદાગરોના જીવ ગયા છે! ભયંકર સંઘારોમાં પણ એનું નામ થરથરાવે

એવું છે...પણ હવેની એની વાત પણ જુદી છે! ભાઈ, હવે તો કથીરને જાણે પારસ સ્પર્શી ગયો છે! ને કહે છે કે, જમાઈરાજ તો દરિયાવ-દિલના છે; બધાયની બધી ભૂલચૂક માફ કરી બેઠા છે. પણ મારા ભાઈ, દરિયાના પેટાળમાં તો વડવાનલ ભર્યો પડ્યો છે. આમ તો એ દેખાય નહિ, પણ દેખાય ત્યારે ધરતીનું ધનોતપનોત કરી નાંખે!

'અને...આ જમાઈરાજ જોયા?...પચીસ વરસના પાતળિયા જુવાન...શીળી આંખો ને ભોળા ચહેરાવાળો માણસ...આજાનબાહુ... પણ એ શીળી આંખોએ પીથલ સુમરાને નાથ્યો છે, ચાવડા સંઘારને નાથ્યો છે, ગુજરાતની વહાણવટ ને સોદાગરીના પરમ શત્રુ શંખ સોલંકીને પણ નાથ્યો છે; જાણે ત્રણ ત્રણ કાલીનાગને નાથીને આવે છે એ તો!'

વળી કોઈ કહેતું: 'ભદ્રાવતીનો એ દુર્ગપાળ સાદા પોષાકમાં આવ્યો છે હો! પણ એમ તો માંડવગઢની લક્ષ્મી પણ ક્યાં કમ છે? ભાઈ, ભગવાને જુગતે જોડી રચી છે. એ જોડીને અખંડ રાખજો!'

નોબતો ગડગડે છે, નિશાન ગડગડે છે—જાણે આભમાં હાથિયો ગરજે છે...અમરશા ફૂલમાળ પહેરાવીને સોલ શેઠને હેતથી ભેટચા. એમનાં ઘરવાળાં રાજમાને ભેટચાં. દેવપાલ પરમાર મહેમાનોને ભેટચા... નગરનાં નરનાર ટોળે વળ્યાં.

જાનનું સામૈયું વાજતેગાજતે થયું ને એને સોનારૂપાનાં ફૂલોથી વધાવી. જાન એને ઉતારે ગઈ ને ત્યાં એમને ભાવતાં ભોજન જમાડચાં.

સાંજના જાનના માણસો ને શહેરના સંભાવિતો માંડવે ગયા અને પરભુ ગોરે મોડી રાત સુધી લગ્નની વિધિ કરાવી. લગ્નીવિધિ પતી ગઈ ને ચાવડો સંઘાર ઊભો થયો, અને લાગણી પૂર્વક બોલ્યો: 'જગડૂશા શેઠ, સાંભળો, ને મારી બહેન, તમે પણ સાંભળો! અમરાશા શેઠ તમે પણ સાંભળો: સહુએ પોતપોતાના ગજા પ્રમાણે વરકન્યાને ચાંદલો

કર્યો છે. પણ મેં કાંઈ કર્યું નથી. હવે હું જગડૂશા શેઠને ચાંદલો આપું છું. સાંભળો...ગાંધવી બંદર મેં એને ચાંદલામાં દીધું !'

સાંભળનારા સ્તબ્ધ થઈ ગયા : ગાંધવી બંદર ! સંઘારોનું પાટધામ ! સંઘરોની દરિયાબારી...ગાધવી બંદર આખું ચાંદલામાં !

પરંતુ આ વિષયમાં કોઈ વધારે ચર્ચા કરી શકે, વિચાર કરી શકે, એ પહેલાં જ શ્વાસથી હાંફતો એક સાંઢણીસવાર આવ્યો, ને જગડૂના પગમાં જાણે ઢળી પડ્યો.

'જગડૂશા શેઠ !...જગડૂશા...શેઠ !...ખીમલી પીંજારાએ મને તાબડતોબ આપની પાસે અહીં મોકલ્યો છે.'

'ખીમલીએ ? આપણી ભદ્રાવતી નગરીને કાંઈ થયું છે કે શું ?' જગડૂએ ચિંતાપૂર્વક પૂછ્યું.

'ભદ્રાવતીનો ગઢ ભાંગ્યો છે—પીથલ સુમરાએ !'

'પીથલ સુમરાએ ? પીથલ સુમરાએ ?' જગડૂએ પૂછ્યું, 'એ હજી જીવે છે ?'

'એ હજી જીવે છે. ભદ્રાવતીનો ગઢ ભાંગી ગયો છે. એણે કહાવ્યું છે : ભદ્રાવતીને એના શેઠની ગેરહાજરીમાં નહિ લૂંટું; માટે તમારા શેઠને મારા નામથી—પીથલ સુમરાના નામથી—કહેવરાવો કે પીથલ સુમરો તમારા શેઠને ભૂલ્યો નથી. ને પીથલ સુમરો ભદ્રાવતી નગરીને વસવા દેશે ને એનો ગઢ બાંધવા દેશે—જયારે ગધેડાને માથે શીંગડા ઊગશે ત્યારે !'

'શેઠ !' જગડૂએ અમરાશાને કહ્યું, 'અમારી જાનને રંગેચંગે વળાવજો. હું રજા લઉં છું. લાવો એક સાંઢણી ! ચાવડા સંઘાર, તમે પણ મારી સાથે ચાલો !'

## ૧૭. .... .... .... ગધેડાને શીંગડાં ઊગ્યાં!

**ભદ્રાવતીમાં** પહોંચીને જગડૂએ ફરીને ગઢ બંધાવવાની બધી તજવીજ કરી. એમણે કોળી અને લૂણૈને વસાવ્યા અને કોઈ કરતાં કોઈ જામને ભદ્રાવતીને પજવવાની ઇચ્છા થાય તો એમને ડાર્યા. રાપરના જામ પોતાના બીજા ભાયાતોથી સતાવાયેલા હોઈને વસતી તરફ નરમ હતા; જગડૂએ એમને મજબૂત કર્યા.

અને પછી સમસ્ત સંધારવટ લઈને જગડૂશા મકરાણ તરફ ચાલી નીકળ્યા.

એમણે મકરાણને તારાજ કર્યું; મકરાણના બંદરને ભાંગી નાંખ્યું; પુરાણયુગના પાતાલ બંદરની જાત્રા કરી. મકરાણના કાંઠા ઉપર સંધારો ઊતર્યા ને પાછળ પાછળ કોળીઓ આવ્યા. સિન્ધુ નદીના મુખમાં એમનાં વહાણો ઉપર અને ઉપર ચડવા લાગ્યાં. નદીના બેય કાંઠાને એમણે ઉજ્જડ ને વેરાન કર્યા.

ઉપર અને ઉપર એમનાં વહાણો ચાલ્યાં, ફરીફરીને વસ્તીનાં માણસો, ગામનાં માણસો પીથલ સુમરા પાસે જવા લાગ્યાં.

પરંતુ પીથલ સુમરાએ આ ભૂતાવળની કોઈ દહેશત સેવી નહોતી. એણે જગડૂશા માટે ગમે એવી ગણતરી કરી હોય, તોય એને સંધારોનો સથવારો મળશે એવી તો કોઈ ગણતરી રાખી ન હતી.

સંધારો પાસે માણસોની કમીના ન હતી, ને વહાણોની કમીના

પણ ના હતી; લડાઈના સરંજામ ને લડાઈ ને ભંડનનાં હથિયારો ને સાજની કોઈ કમીના ન હતી. ને સંઘારોને એમનું મનમાનીતું કામ મળ્યું હતું : દુશ્મનનાં વહાણોને ડુબાવવાનું ને મુલકને લૂંટવાનું !

પુરાણકાળની વાત છે : આગને ભૂખ લાગી ને આગને ખાવાને અમુક જંગલો આપી દીધાં; એમ સિન્ધુ નદીના કાંઠાના સારસ્વત દેશમાં આગને ભૂખ લાગી ને જાણે જગડૂએ એ દેશ આગને આપી દીધો.

પીથલ સુમરાએ નગર સમૈના ગઢ ઉપરથી નજર કરી તો એને ચારેકોર કેવળ આગનાં કૂંડાળાં જ દેખાવા માંડ્યાં.

એનાં વહાણો અત્યારે કામનાં ના રહ્યાં. મકરાણના દરિયા ઉપરના એના દાવા પણ હવે કોઈ અર્થના ના રહ્યા. એનાં વહાણોનો મોટો ભાગ તો ક્યારનોય પાણીને તળિયે જઈને બેઠો હતો !

એને હવે મોડે મોડે ભાન આવ્યું કે એણે ગજા ઉપરવટ જોખમ ખેડ્યું હતું ! મોડે મોડે એને સમજાયું કે એણે આજ સુધી કંઈક રાજા–રજવાડાંને સતાવ્યા હતાં ને સતામણીની એને કાંઈ કિંમત ચૂકવવી પડી ન હતી. શંખ સોલંકી એની સામે ચૂપ હતો. વીશળદેવ વાઘેલો એની સામે ચૂપ હતો. અરે, વાત તો સાંભળો : દિલ્હીનો સુરત્રાણ પણ એને સામેથી ઘોડાંઓનાં દાન કરતો હતો !

હવે પીથલ સુમરાએ નગર સમૈના વણઝારાઓ અને સોદાગરોને જગડૂ પાસે મોકલવા માંડ્યાં.

ને જે આવ્યા તેની પાસે જગડૂની વાત એક જ હતી : ‘ પીથલ સુમરો જાતે આવે, ને મને સોનાનાં શીંગડાંવાળો માટીનો કે પથ્થરનો ગધેડો આપે. મારે એને ભદ્રાવતીના ગઢમાં ચણવો છે ! ’

આવનારા કહેતા : ‘ અરે શેઠ, તમે તો સમર્થ માણસ કહેવાઓ. રાજા હઠ કરે, પણ આપણે વાણિયા હઠ કરીએ ખરા ? તમે

માગો એ વર્મલ આપીએ, પણ વાતનો તંત મૂકી દો !'

'એ વાત નહિ બને શેઠિયાઓ ! મારી વાત આટલી જ છે: મારે ભદ્રાવતીનો ગઢ બાંધવો છે—પચાસ પીથલ સુમરાઓ ના પાડે તોય. એ ગઢનાં દામ ને એમાં જડવાનો ગધેડો જ્યાં સુધી મને નહિ મળે ત્યાં સુધી મારું એક પણ માણસ હઠશે નહિ ને નગર સમૈમાં કોઈ ધરાઈને ધાન ખાશે નહિ !'

પીથલ સુમરાએ આ વાતમાંથી છટકવાની ઘણી તજવીજો કરી, ઘણી સમજૂતો મોકલી, ઘણી વિષ્ટિઓ મોકલી, પણ જગડૂશાનો જવાબ એક જ હતો:

'મારા રાજા વીશળદેવ વાઘેલાને મેં આમંત્રણ આપ્યું છે. મારો ગઢ હજી અધૂરો છે. એ અધૂરો ગઢ પીથલ સુમરાએ બંધાવી દેવાનો છે. ને એની શોભા પણ એણે જ વધારવાની છે.'

આખરે વસતીના ભારે દબાણની સામે પીથલ સુમરો નમ્યો ખરો, પણ પૂરો નમ્યો નહિ.

એણે જગડૂની મુલાકાત માગી; એણે જગડૂને કહેવરાવ્યું:

'જગડૂને મારી વતી આટલું કહેજો: મારા દરિયામાં જ મને પાટિયા સાથે બાંધીને દરિયમાં ફેંક્યો હશે એ ભૂલ હું માફ કરું છું. દરિયામાં ત્રણ દિવસ ભૂખ્યો-તરસ્યો હું ઘસડાયો, એ પણ હું માફ કરું છું. હવે જગડૂશા એની હઠ છોડી દે. મરતાં લગીયે આ વાત તો હું કબૂલ કરીશ નહિ. આ વાત કબૂલ કરું ને મુલકમાં મારી હાંસી કરાવું, એના કરતાં નગર સમૈ ખોવું પડે તોય મને કબૂલ છે ! રાજબીજ જોડે હાડનાં વેર ખેડવાં સારાં નહિ; માળવા ને ગુજરાતનાં વેર ભૂલી ગયા છો કે સિન્ધની સાથે આવાં વેર તમારે બાંધવાં છે?'

જગડૂ તરફથી જવાબ મોકલાયો: 'સુમરારાજ, આટલી વાત મારી સાંભળો. હું રાજબીજ નથી ને રાજબીજનાં વેરની મને સમ-

જાણે નથી. ને જેની મને સમજણ નથી એનો મને કોઈ ભો પણ નથી. નગર સમેનું રાજ તમારું રહે કે જાય એમાં મને સનાને નથી ને સૂતક પણ નથી. પણ તમે જેમ રાજબીજનાં વેરની વાત કરી, એમ તમને હું વાણિયાના વેરની વાત કરું ને સમજાવી દઉં કે વેર ખેડવાં હોય ને પીથલ સુમરા, તો કોઈ રાજબીજ સાથે ખેડજો ! એમાં તમને રખતરખાં મળશે. કેમ કે એ બાપડાનેય એના રાજની બીક હોય છે. એ બાપડાનેય એમ હોય છે કે આજ એનો વારો તો કાલ મારો ! એટલે એ હારમાંયે પહેલી વાત પોતાનું રાજ રાખવાની કરશે ને જીતમાંય પહેલી વાત પોતાનું રાજ રાખવાની કરશે. પણ અમને સોદાગરને વટનો ખેલ હોય ત્યારે કાંઈ કરતાં કાંઈ રાખવાની ઇચ્છા જ નથી હોતી. અમારે કયાં કોઈને લૂંટીને ધન ભેગું કરવું છે ? દરિયો અમારો દેવ છે. દરિયાલાલે એક વાર આપ્યું એવું બીજી વાર પણ આપી રહેશે. રાજબીજ ને રાજકાજમાં મને સમજણ પડે નહિ ને તમારી પાસેથી મારે એ સમજણ લેવી પણ નથી. મારે એક વાત છે ને બીજી કોઈ વાત નથી : તમારું નગર સમે રહે કે જાય, તમારી આબરૂ રહે કે જાય, તમારી હાક રહે કે જાય, તોય મારે તો એક જ વાત છે : ભદ્રાવતીનો ગઢ મારે બાંધવો છે; એ માટે દામ આપો. એ ગઢમાં સોનાનાં શીંગડાંવાળા ગધેડાની શોભા કરવી છે; એ શોભા તમે આપો !'

પીથલ સુમરાએ તો છેલ્લાં કેસરિયાં કરી લેવાનો ઠરાવ જાહેર કરી દીધો, પણ વસતીએ કહ્યું : 'આ કજિયો કંઈ અમારો નથી; તો પછી એની પાછળ અમારે ખુવાર થવાનું કાંઈ કારણ ? તમારે વઢવું હોય ને વઢી લેવાની ઉમેદ હોય તો ભલે પૂરી કરો; અમે સહુ હવે જગડૂની ભદ્રાવાતીમાં વસવાટ કરીશું !'

હવે પીથલ સુમરાને ભાન આવ્યું. હવે એને રાજબીજનું સનાતન સંકટ યાદ આવ્યું. રાજા તાતો હોય ને એનો સૂરજ મધ્યાહ્નને હોય ત્યારે તો જાણે વસતી એનું માને ને એને સલામ પણ

ભરે, પણ રાજાના ગ્રહ અવળા ફરે છે ત્યારે વસતીને ફરીબેસતાં વાર નથી લાગતી. એને કાંઈ રાજ કરવું નથી; એને તો નિરાંતે કામધંધો કરવો છે. એને કાંઈ પીથલ સુમારા સાથે લેવાદેવા નથી; એને તો લેવા-દેવા છે રાજની ગાદી સાથે. એ તો જે એના ઉપર બેસશે એને સલામ ભરશે.

ત્યારે વસતી તો રાજા રામનીયે નથી થઈ, એ સૂત્રનો મર્મ પીથલ સુમરાને મોડે મોડે છતાં વેળાસર સમજાયો. ત્યારે એને સમ-જાયું કે પીથલ સુમરો જાય એ વસતીને પોસાય એમ છે; પણ વસતી જાય એ પીથલ સુમરાને પોસાય એમ નથી. ને ત્યારે વસતીનું મન રાજી રાખવાને માટે પીથલ સુમરાએ જગડૂનો ઠરાવ કબૂલ રાખ્યો.

ભદ્રાવતીનો ગઢ ફરીથી બંધાયો ને ભદ્રાવતીમાં જગડૂશા આવીને વસ્યા. ને પછી તો જેમ જેમ દરિયાવાટ ખીલતી ગઈ, જેમ જેમ જગડૂશાની સોદાગરી વધતી ગઈ, તેમ તેમ ભદ્રાવતીની શોભા પણ વધતી ગઈ.

એનો બ્રાહ્મણ ભાઈબંધ દરિયામાં મૂઓ—એણે દરિયાકાંઠે એના નામનું મંદિર બાંધ્યું. એનો ભાઈબંધ દૂદો—પાણીકળા હરિભગતે જ્યાં પાણી જોયું ત્યાં એણે એના નામની સેલારી વાવ બંધાવી. ત્રીજે ખૂણે એણે પોતાની વણઝારોની દેખરેક રાખનાર પોતાના ભાઈબંધ ખીમલી પીંજારા માટે હવેલી બાંધીને એની પાસે મસ્જિદ બંધાવી અને ચોથે ખૂણે ગામમંદિર બાંધ્યું.

અને જેના ચારે ખૂણા આવાં સંભારણાંથી શોભતા હતા એવો એણે ઊંચો ઊંચો ગઢ બાંધ્યો. ને ગઢના દરવાજા ઉપર એણે પીથલ સુમરાનો સોનનાં શીંગડાંવાળો પથરાનો ગધેડો મૂક્યો!

આ ગઢની વચમાં પોતાના ગુરુ પરમદેવસૂરિના આદેશ પ્રમાણે એણે જિનાલય બંધાવ્યું—બાવન દેરીઓથી શોભતું જાણે દેવવિમાન જ જોઈ લ્યો!

ગઢમાં પાણીની કમીના ન હતી; કચ્છની મરુભૂમિ સમી એ ધરતીમાં પાણી અખૂટ હતું. ધંધા–રોજગાર અને હુન્નર-ઉદ્યોગની પણ ત્યાં કોઈ કમીના નહોતી. જેને આવીને વસવું હોય એને ત્યાં આશરાની કમીના ન હતી.

જગડૂશાની વણઝારો મોટી. એની સોદાગરી મોટી. એની સોદાગરીની વાટ છેક ઈરાન ને મસ્કત ને જાવા સુધી લંબાતી. દેશ–પરદેશમાં એના સ્થવિરો ઘણા હતા.

ગાધવી બંદર ચાવડા સંઘારે એને ચાંદલામાં આપેલું. ચાવડો સંઘાર ત્યાંથી ખસી ગયો હતો. દરિયામાં લૂંટફાટના તોફાની અને ઘડિયાળા જીવનને બદલે જગડૂની સોદાગરી ને સોદાગરીની દરિયાવાટના સાહસિક છતાં સલામત જીવનમાં કંઈ કંઈ સંઘારોનેય જિંદગીનો નવો કેડો મળ્યો. ચાવડો સંઘાર જગડૂની દરિયાવાટનો ચોકિયાત બન્યો.

શોભા તો ગાધવીનીયે ઘણી વધી હતી. પારાવારની સોંઘી ને કાયમની મજૂરી; જંગલ અને ડુંગરાઓ વચ્ચેના મારગમાંથી ચાલી જતી વણઝારો; એમાં જાતભાતનાં કામ કરનારા જોઈએ, મજૂરો જોઈએ, ઢોર ઉછેરનારા જોઈએ, ઢોર પાળનારા જોઈએ, વણઝારા જોઈએ, વણઝારાના ચોકિયાત જોઈએ, રખોપા જોઈએ—સંઘાર નરનારને આ બધા ઉદ્યમની આડે જાણે ઊંઘ પણ આઘી જતી રહી.

અને પછી તો જેમ જેમ વહાણોની વહાણવટ ચાલી, તેમ તેમ ખારવાઓની પણ જરૂર પડી. ને ખારા પાણીનો ખારવો કે ભારવો સંઘાર જેવો બીજો મળે ક્યાં? ને જેમ જેમ ખારવાઓ, ભારવાઓ, ચોકિયાતો ને ટાયાઓ વધારે ને વધારે કામ પામવા માંડ્યા, તેમ તેમ જીવનનો રંગ એમને લાગતો ગયો, તેમ તેમ કાળા અને કાબાઓ બરડાની અને સરૈયાવાડની ને બાબરિયાવાડની ને ક્યારેક તો કચ્છ બારાડીની કોમો સાથે લગ્નવ્યવહારથી પણ જોડાવા લાગ્યા; કેમ કે તમે સિદ્ધાન્તમાં–ધર્મશાસ્ત્રોમાં ગમે તેવી લગ્નવ્યવસ્થા આંકો,

પણ વ્યવહારમાં તો ધંધાદારી સ્થિરતા, ધંધાદારી ભાઈચારો અને ધંધાદારી બિરાદરી જ લગ્નવ્યવસ્થાને ઝોક આપે છે.

બાડાના જામ હમીરને જગડૂશા સાથે પ્રીત બંધાઈ. ને એનો કુંવર રાજકાજ, જાગીર ને જમીનના ઝઘડાઓ છોડીને જગડૂશા સાથે વહાણવટે ચડવાને ગાધવી ચાલી નીકળ્યો. ત્યાં એને ચાવડા સંઘારની કન્યા સાથે પ્રેમરંગ લાગી ગયો. એ લગ્ન થયાં. ને એ લગ્નમાંથી ભવિષ્યની સાહસિક વાઘેરની દરિયાસારંગ કોમ જન્મી. ને હમીરના કુંવર ને ચાવડા સંઘારની કાબાકન્યાના પરિવારે તો ગુજરાતના વહાણવટાની તવારીખમાં ને ગુજરાતની આઝાદીની લડતમાં અમર નામ રાખનારી માણેક શાખા જન્માવી.

આંખના પલકારામાં, કોઈ જાદુગરની લાકડી ફરે એમ, સંઘાર બિરાદરી જાણે ઓગળી ગઈ. હજાર હજાર વર્ષથી દરિયાલાલના દેશોદેશના—ઈરાન ને મસ્કત, ગુજરાત ને મલબાર, ભરૂચ ને લાટના—અમરજિત જોદ્ધાઓ જે નહોતા કરી શક્યા એ જગડૂના હાથે પાંચસાત વર્ષમાં થયું: સંઘાર બિરાદરી ઓગળી ગઈ; એની બે કાળા અને કાબાની મહાન જાત જાણે દરિયાલૂંટની ચોપાટને ફેંકીને બેઠી થઈ ગઈ. કાબાઓમાંથી વાઘેરો ને ખારવાઓ, મોટાઓ ને લંઘાઓ થયા; કાળાઓમાંથી આયર, મેર, જેઠવા, વણઝારા અને વરતનિયા થયા.

જમાનાના પૂરમાં જે ન ઘસડાયા ને જે થોડાઘણા સંઘારવટને વળગી રહ્યા તે કેવળ પોશિત્રા ને કાળુભારના બેટ–બેટડાઓમાં વસવાટ કરી રહ્યા.

ભદ્રેશ્વર–ભદ્રાવતીની શોભા તો કંઈ અનેરી હતી. એની નેમ કોઈ શાહીબંદર બનવાની ન હતી; એની નેમ તો ગુજરાત, કચ્છ, મારવાડ ને સિંધની ભારે અવ્યવસ્થામાંથી જેમને શાંતિ, ઉદ્યમ, પુરુષાર્થ ને અવકાશ જોઈતાં હતાં એમના આશરાનો ગઢ બનવાની હતી.

ને એવો એનો કાળમીંઢ પથ્થરનો કોટ હતો. એને માટે બરડા-

માંથી પથ્થરો આવ્યા ને એને માટે પાસેની પાણખાણના અજબ પથ્થરો પણ આવ્યા. તદબીરને તકદીર કેવી યારી આપે છે, એનું એક જીવતું-જાગતું ઉદાહરણ આંહીં હતું. ગઢ બાંધવો હતો ને તાબડતોબ બાંધવો હતો. અને જાણે બાંધવાની બધી સગવડ પણ ધરતીમાતાએ તાબડતોબ કરી આપી: ત્યાં અખૂટ પાણાખાણ નીકળી; કચ્છની રેતાળ ધરતીમાં પાણાખાણની તો કલ્પનાયે ન થઈ શકે, ત્યાં એ નીકળી; અને તે પણ જ્યાં ગઢ બાંધવો હતો ત્યાં જ નીકળી!

એ પાણાખાણ પણ કેવી? એના એક પથ્થરને ઘડીને સપાટ કરીને માથે બીજો એવો પથ્થર મૂકો ને ઉપર પાણી રેડો; બસ, કામ પૂરું! પછી એને બીજું કાંઈ ન જોઈએ: ન ચૂનો જોઈએ, ન માટી જોઈએ.

આ ગઢને ચારે છેડે ચાર ધર્મધામ: એક ચોખંડા મહાદેવ; બીજું, દૂદાહરિની વાવ અને એની પાસે શંકરનું ધામ; ત્રીજું, ખીમલીની હવેલી ને ખીમલીની મસ્જિદ; ચોથું, સેલાર વાવ ને ગામદેવતા. ગઢના આ ચાર દરવાજા, ચાર ખૂણા.

ને ગઢની મધ્યમાં એક ભવ્ય જિનાલય. દરિયામાંથી મળેલો સોમનાથનો ઘંટ સોમનાથ મહાદેવને સમર્પવાને જ્યારે જગડૂશા સોમનાથ ગયા હતા, ત્યારે એ પોતાની સાથે ત્યાંથી સોમપુરા સલાટોને લેતા આવ્યા હતા: એ કાળમાં સલાટ એટલે સોમપુરા.

એ ભવ્ય મંદિરમાં પ્રવેશતાં જ જાણે પરમ શાંતિ લાગે. બરાબર સામે મુખ્ય મંદિર, ને બેય બાજુ મંદિરોની-દેરીઓની હાર. મુખ્ય મંદિરની પાછળ પણ દેરીઓની હાર. એકંદર બાવન દેરીઓ થાય. એમાં આરસનું જડતર, હવા-ઉજાસની પૂરી સગવડ. એમાં એવી કરામત કરેલી કે એકેએક મંદિરમાંથી ભાવિક એકેએક મૂર્તિનાં દર્શન કરી શકે!

મંદિરને મધ્યમાં રાખીને ચાર મુખ્ય માર્ગો ને માર્ગની બેય બાજુ નાનાં-મોટાં હાટો ને એમાં જગતમાં બનતી કોઈ પણ ચીજ

વેચાય. અનેકવિધ નાનીમોટી કારીગરીઓ, ઉદ્યોગો, હીરાના જડતરથી માંડીને માટીના કામ સુધીની કંઈક ચીજો ત્યાં વેચાય અને ખરીદાય.

ત્યાં પાઠશાળાઓ હતી, અને હુન્નરશાળાઓ હતી. રાજાઓને એમની ટૂંકી નજરની રાજકીય ખટપટના લોહિયાળ કાદવમાં આળોટતા રહેવા દઈ ને, 'તમને મારીને, લૂંટીને, સળગાવીને, ઢોરની જેમ જીવતા વેચીને પણ અમે જીવીશું' એવી આખીયે રાજવટ ઉપર પીઠ વાળીને 'આપણે પરસ્પર એકબીજાને જિવાડીએ ને પરસ્પર એકબીજાના સહારાથી જીવીએ'ની વાત જ ત્યાં મંડાઈ હતી. ત્યાં પોતાના બચાવને માટે જાતે લડવાને બધા જ તૈયાર હતા. જરાક એક મરફો વાગે તો ગઢની રાંગ ઉપર હાજર થવામાં કોઈ જુવાન કે જુવતી પાછો પગ ભરે એમ ન હતું. છતાં ત્યાંથી કોઈ ટુકડી, કોઈ ટોળી પારકા ગામને લૂંટવાને કયારેય નીકળતી નહોતી.

મુખ્ય મંદિરના શિખર ઉપરથી આખીયે ભદ્રાવતી જાણે ભગવત-ચરણમાં સૂતેલી દેખાતી. ત્યાંથી એનો આખો વહેવાર દેખાતો. ત્યાંથી એના બંદરમાં નાંગરતાં વહાણો દેખાતાં. ત્યાંથી વણઝારાઓની વાટ દેખાતી. એ શિખર ઉપર જિનશાસનનો સફેદ ઝંડો ફરકતો હતો.

ભગવાન પરમદેવસૂરિ જગડૂશાના ગુરુ. પોતાની સાહસિક સોદા-ગરીમાંથી અવકાશ મળે ત્યારે જગડૂશા ને એમનાં પત્ની એમના ચરેણ સેવતાં.

આ ગઢનું જ્યારે વાસ્તુ થયું ત્યારે એ ઉત્સવમાં ગુજરાતના-પાટણના રાજા વીશલદેવ વાઘેલા જાતે ત્યાં પધારેલા. ત્યારે કચ્છના જામો પધારેલા. ત્યારે જગડૂશાના જે ગઢને માટે પોતાને આટલું માનભંગ થવું પડયું હતું, એ ગઢને જોવાને છૂપા વેશમાં પીથલ સુમરો પણ આવ્યો હતો ! પીથલ સુમરાની મકરાણના દરિયાની દાવે-દારી ને સોદાગરી વાટને મનસ્વી રીતે આંતરવાની રાજવટ તો ખતમ થઈ હતી. ને એ ખાતમાના સર્વનાશમાંથી ફરી વાર એ કોઈ પણ

અવતારે જાગે એવી ન હતી.

નગર સમૈથી કોરીને માર્ગે લખપત પહોંચવું; લખપતથી બારાડીને કાંઠે કાંઠે સાત શેરડાને નાકે જવું; ત્યાંથી હળવદ ને હળવદથી કર્ણાવતી, ને કર્ણાવતીથી પાટણ પહોંચી જવું—પીથલ સુમરાની મહત્ત્વાકાંક્ષાઓ આવી પાર વગરની હતી. ત્યાં સાત શેરડાના પુરાણા માર્ગ ઉપરનો આ ગઢ એને ભારે નડતર સમો બની ગયો! હમીર સુમરાનું જૂનાગઢ ઉપરનું જૂનું વેર પણ પીથલે પોતાનું કર્યું હતું. જ્યારે તુરકાણો બાજની જેમ માથે કાળઓછાયા નાંખતા હતા, ત્યારે આ માણસ પુરાણા વેરનું ભાથું લઈને પૂર્વજોના વેરની વાસનાના ભૂત જેવો ભમતો હતો. ભવિષ્યનાં દશ વર્ષમાં જ સુમરાવંશનો સર્વનાશ થવાનો હતો; પરંતુ એ ભયાનક ભાવીથી એ હજી અજાણ હતો; અને બાપદાદાના મિથ્યા ગૌરવના દીવાના હોલવાયેવા મોગરા જેવો એ પોતાની આગમાં પોતે જ જલતો હતો.

આવી હતી આ ભદ્રાવતી નગરી. એ તો દેવોને પણ અસૂયા ઉપજે એવી અલકાનગરી હતી. દ્વારકાને પણ અસૂયા આવે એવો એનો કોટ હતો. અને સ્વર્ગની અપ્સરાઓને પણ રમવા આવવું ગમે એવી સોહામણી એ નગરી હતી.

ને એ નગરીમાં વસીને જગડૂશા શેઠ સાત સાગરની સોદાગરી ખેડતા હતા. એ પોતે ધન કમાતા હતા એ તો મોટી વાત હતી જ, પણ બીજાને ધન કમાવા દેતા હતા એ તો એથીયે મોટી વાત હતી ને એથીયે વધારે મોટી વાત તો જાતમહેનતનાં પ્રામાણિક ધંધાને અભાવે જમાનાઓથી ચોરી ને લૂંટને રાહે ચડેલી કોમોને એમણે ધંધારોજગાર આપ્યા હતા, એ હતી.

એ નગરીનું અભય સહુને હતું. એની ધજા ફરકતી દેખાય એટલા પથકમાં કોઈ લડાઈ થઈ શકતી ન હતી; કોઈ તકરાર થઈ શકાતી ન હતી; કોઈ ચોરી કે લૂંટ થઈ શકતી ન હતી; કોઈ રંજાડ

થઈ શકતી ન હતી;

ત્યાં પુરુષાર્થ સિવાય બીજું કોઈ સમાજકારણ ન હતું; શાંતિ સિવાય બીજું કોઈ રાજકારણ ન હતું; ને જાતમહેનત અને ઉદ્યમ વગર બીજું કોઈ જીવન ન હતું.

એવી હતી એ નગરી. ગુજરાતની તવારીખમાં એના જેવી બીજી કોઈ નગરી થઈ નથી અને બીજી કોઈ થવાનીયે નથી.

આ નગરીમાં આશરો મેળવનારાઓ પણ કેવા કેવા હતા ?

ભાયાતોની ભભૂકી ઊઠેલી તકરારોમાંથી જાન બચાવવાને ખુદ પીથલ સુમરાને આ નગરીનો આશરો મેળવવો પડ્યો હતો. એકવાર તો ખુદ વીશળદેવને પણ આ નગરીની ઓથ લેવી પડી હતી.

તુરકાણોએ માંડુગઢ ઉપર ન જીરવાય એવી ચાલ ચાલી ત્યારે ખુદ દેવપાલ પરમાર ને અમરાશાનાં કુટુંબોએ પણ આંહીં આશરો લીધો હતો. ત્યારે જગડૂશાની સંઘારની બિરાદરી માંડુગઢના રક્ષણ અર્થે ઊતરી હતી. માંડુગઢના દરવાજામાંથી તુરકાણોને પાછા કાઢતાં ચાવડો સંઘાર ત્યાં વીરમોતે મૂઓ હતો. ખુદ જગડૂશા શેઠ માંડુગઢના બચાવ માટે ચડી ગયા હતા.

તુરકાણો સામે વીશળદેવ વાઘેલાએ જંગ ખેલ્યો ને આબુની તળેટીમાં એ ભીષણ સંગ્રામ ખેલાયો. એ જંગને માટે વીશળદેવ વાઘેલાને ગુજરાતના સૈન્યને માટે જગડૂશાએ ઘોડાઓ પૂરા પાડ્યા હતા. વીશળદેવ વાઘેલાએ ગુજરાતના સૈન્ય માટે ઘોડાઓ મંગાવ્યા હતા. વહાણમાં આવેલા આ ઘોડાઓ જ્યારે વહાણની સાથે ખંભાતના બંદરમાં ડૂબી ગયા, ત્યારે જગડૂશાહે એ માટે હોરમઝથી વહાણોની આખી વણઝાર વહેતી કરી હતી.

ભદ્રાવતીના માથા ઉપરથી કંઈ કંઈ સારામાઠા, કપરા અને કઠણ ઇતિહાસો વહી ગયા. આસપાસની દુનિયામાં ભારે ઊથલપાથલો થઈ, રક્ત વહ્યું, છતાં આ જગડૂશાએ ભદ્રાવતીને લોહીનો રંગ પણ

લાગવા દીધો ન હતો.

માળવામાં હત્યાકાંડો રચાયા, રચાતા રહ્યા. રાજા ભોજના વંશજ પરમાર ભાઈઓએ જાદવાસ્થળીમાં બરબાદ થવાનું જ કબૂલ્યું ને દિલ્હીનો તુરકાણ નિરાંતે એ બેયનો કોળિયો કરી ગયો ! માંડુગઢ તુરકાણોથી ભિડાતું–ભીંસાતું રહ્યું. ગુજરાત ઉપર તુરકાણોનો નવો જંગ તોળાયો, ઘેરાયો. દેવગિરિની મનીષા પણ હજી અધૂરી રહી હતી. લાટમાં શંખ સોલંકી ને વીશળદેવના ખંભાતના મંત્રી વસ્તુપાળ જીવનમરણના જંગમાં સંડોવાયા હતા. સિન્ધમાં સુમરા વંશના સર્વનાશનો આરંભ થઈ ચૂક્યો હતો. આખું ગુજરાત, માળવા, સિંધ ને દખ્ખણ જાણે એક ખાંડણિયામાં ખંડાઈ રહ્યાં હતાં.

ત્યારે એક ભયંકર આસ્માની પંજો જાણે આકાશમાંથી નીચે ઊતર્યો ને નાતજાત, કોમ, ધર્મ, શૂરાતન, ઇતિહાસ, સંસ્કારના કોઈ પણ જાતના ભેદભાવ વગર સર્વ કોઈનો સર્વનાશ કરીને જ જંપવા માટે લંબાયો.

કોઈ જાદુગરની જાણે કોઈ તિલેસમી લાકડી ફરી ગઈ !

સર્વત્ર જાણે સ્તબ્ધતા છાઈ ગઈ ! વેરમાત્ર થીજી ગયાં. જંગ-માત્ર થીજી ગયા. રાગદ્વેષ તમામ થીજી ગયા.

એક દિવસે પરમદેવસૂરિએ જગડૂને બોલાવ્યો. વંદના કરીને શેઠ ઊભા રહ્યા, ત્યારે ગુરુદેવે એને ધીરગંભીર અવાજે કહ્યું :

'વત્સ ! તારી અને ભદ્રાવતીની, તારી અને તારી ગૃહિણીની, તારી અને તારી સોદાગરીની કસોટીની ઘડી આવી પહોંચી છે. યુદ્ધ, લૂંટ, કાપાકાપી, એ તમામની અપેક્ષાએ શાંતિ અને સોદાગરીનો જ તું મંત્ર જપતો આવ્યો છે. આજે તારા એ મંત્રની મોટામાં મોટી કસોટીની ઘડી આવી પહોંચતી મને ભાસે છે.'

**પુરુષાર્થી** માનવીની પરાકાષ્ઠા કઈ? પોતાના મહાન શત્રુ સામે યુદ્ધ કરવું અને શત્રુ ઉપર સરસાઈ મેળવવી એ. માનવજીવન-ની પરાકાષ્ઠા આ : કાં તો માનવી પોતાના શત્રુને હરાવે; કાં તો પોતાની આસપાસના કપરા સંયોગો ઉપર સવાર થાય.

પુરુષાર્થી માનવી કાં તો પરાજયના સંતાપમાં મરે, કાં તો વિજયના થાકમાં મરે. ખાધું, પીધું ને રાજ કર્યું, એની એને મન ઝાઝી કિંમત નહીં.

જગડૂશાએ ભુજબળથી પોતાના ભાગ્યની પરીક્ષા કરી હતી. એને દુશ્મનો સામે યુદ્ધ કરવું પડ્યું ને એણે દુશ્મનોનો પરાજય કર્યો. એણે સોદાગરી માંડી ને ગુજરાત માટે વર્ષોથી બંધ એવી મકરાણની દરિયાવાટ ઉઘાડી. એણે અમરાશાની પ્રતિજ્ઞા પૂરી કરી અને વાણિ-યાના દીકરાને છાજે એવા સ્વયંવરમાં વરમાળા પહેરી.

સોલ શેઠના આ સાહસિક સુતે જીવનની મનીષા પૂરી કરી. રાજવીઓના હવામાં તોળાઈ રહેલા કે ધરતી ઉપર નાચી રહેલા કલહ, કલેશ, રક્તપાત અને આગના ધૂમની નીચે એણે ભદ્રાવતી નગરી બાંધી, ભદ્રેશ્વરનું મંદિર બાંધ્યું ને બાંધીને એનાં નામ દીપાવ્યાં.

પરંતુ હજી એને એક મહાશત્રુના કોપ સાથે જુદ્ધ કરવાનું બાકી હતું. એ કોપ કોઈ માનવીનો નહોતો, કે કોઈ રાજાનો પણ

ન હતો; એ કોપ ધરતીનોય નહોતો ને દરિયાનોય નહોતો. એ કાળો કોપ હતો કુદરતનો—જોકે સ્વાર્થી માનવીઓએ એમાં પોતાનો હાથ અને સાથ દેવામાં કાંઈ બાકી રાખ્યું ન હતું !

સંવત ૧૩૧૩માં વરસાદ ન આવ્યો. માનવીએ જાણ્યું, હશે, આ તો મેઘરાજા કહેવાય ! રીઝેય ખરો ને ખીજેય ખરો ! આમેય વરસાદ આવે તોય આ સુલતાનો, મહારાજાઓ, રાજાઓ, દરબારો, ઠાકોરો, ફોજદારો ને મંડળેશ્વરો ક્યાં ધરાઈને ધાન ખાવા દે છે ?

વરસોથી એ લોકોનાં ઘોડાં અને ધાડાં એકબીજાનું રોજ લૂંટી લેવા માટે, એકબીજાથી સરસાઈ મેળવવાને માટે ગામ ગામની સીમો ઊભા પાકથી લહેરાતી હોય તોય ભેળે છે. વરસાદ ઓછો આવશે, ખેતરો સૂકાં ભંઠ બનશે તો એમનો ઉત્પાત એટલો ઓછો થશે ! ભલા, બધા જ રાજાઓ વંઠે તો પછી રાજાઓનો પણ રાજા મેઘરાજાયે ક્યારેક કેમ ન વંઠે ? આ તો આ ભૂમિનાં જ કોઈ પાપ જાગ્યાં લાગે છે !...ચાલો ભાઈ, જેમ તેમ કરી વરસ ખેંચી નાંખીશું...

દેશમાં ક્યાંય અનાજનો સંઘરો નહોતો. દેશમાં ક્યાંય સલામત રસ્તો નહોતો. દેશમાં ક્યાંય રસકસથી ભરેલી ખેતીનો વગ નહોતો. કોણ ખેતી કરે ? પોતા જોગ કે એથી જરાક વધારે પાક ઊતરે ને એ પાક ઘર ભેળો થાય, એટલે ગંગા નહાયા ! લડાઈને કારણે પારકો રાજા આવીને જો તમને ના લૂંટે તો લડાઈને નામે તમારો રાજા આવીને તમને લૂંટે ! જ્યાં જાનમાલની સલામતી નહિ, ક્યારે ક્યાંથી કોનું લશ્કર આવશે એનો કોઈ ખ્યાલ નહિ, કયા કારણે જુદ્ધ ભભૂકી ઊઠશે ને કોની સાથે ભભૂકી ઊઠશે એનો રાજાને પોતાનેય ખ્યાલ નહીં, ત્યાં કોઈને પણ સલામતી લાગે જ કેવી રીતે ?

જ્યાં ખોદે ઉંદર ને ભોગવે ભોરિંગનો ન્યાય પ્રવર્તતો હોય ને જ્યાં ગામડે ગામડે એવા ભોરિંગો બેઠા હોય, ત્યાં મહેનત કોણ કરે ? શા માટે કરે ? એટલે સૌને એમ કે આ દુષ્કાળનું વરસ તો ગમે તેમ

કરીને ખેંચી કાઢીશું—છેવટે પેટે પાટા બાંધીને કે એક ટંક ખાઈને પણ ચલાવી લઈશું.

વિ. સં. ૧૩૧૪ની હોળીની સાંજે ગામ ગામને પાદર ઘર-ડેરાઓ એકઠા થયા. ગામતળ પાસે કોઈ ઊંચી જગ્યા, કોઈ ટેકરી, કોઈ મંદિરનું શિખર દેખાયું ત્યાં એ ગયા. જાણકારોએ બરાબર સંધ્યાકાળે ગામતળની શક્ય એટલી ઊંચામાં ઊંચી જગાએથી ધૂળની ચપટી વેરી–લોટથીએ બારીક રજ હવામાં ઉડાડી. એ ધૂળ હવામાં લહેરાવાને બદલે નીચે બેસી ગઈ. એ જોઈને ઘરડેરાઓએ માથાં ધુણાવ્યાં : 'ધાર્યું તો ધરણીધરનું થાય છે, પણ વરસ મોળું થાય એમ લાગે છે!'

ચૈત્ર ગયો. બળબળતો વૈશાખ ગયો. દાવાનલ જેવો જેઠ ગયો. પણ આભમાં ક્યાંય વાદળી જ ના દેખાય......ધરતી ઉપર ખાલી ગરમ પવન વેગથી ઉત્તરથી દખ્ખણ ફૂંકાતો જાય. ને ગરમ પણ કેવો? એનો સ્પર્શ થાય તો અંગમાં લહાય ઊઠે એવો! કુદરતનો નિયમ છે, જ્યારે જૂની હવા ચાલે ત્યારે હવા ઠંડી બને. પણ અહીં તો કુદરતે એ નિયમને ઊંચે મૂક્યો હતો. આ તો હવા જેમ ચાલે એમ વધારે ગરમ બનતી હતી. પવન એટલો ગરમ વહેતો કે ઘાસની ગંજી, ઘાસનું બીડ કે વાંસના વનને એનો સ્પર્શમાત્ર થાય કે એ સળગી ઊઠે. જાવા પાસે બરાસનો બેટ છે. ત્યાંથી વહાણ ભરીને કપૂર આવ્યું હતું. પવનની સહી ના શકાય એવી ગરમીમાં એ બધું ધક્કા ઉપર જ સળગી ગયું!

પાણી તો ક્યાંય ના મળે : નદીનાળાં સુકાઈ ગયાં, સરવર બધાં સુકાઈ ગયાં. અષાઢ, શ્રાવણ, ભાદરવો ને આસો, વર્ષાકાળના એ ચારે મહિના વીતી ગયા, પણ આકાશમાંથી પાણીનું ટીપુંય ન પડ્યું!

માણસોએ પેટે પાટા બાંધીને બીજું વર્ષ માંડ માંડ વિતાવ્યું. અને સંવત ૧૩૧૫નું વરસ તો દેશને માટે ભયંકર બેઠું.

સૂકી ધરતી ખાવા ધાતી હતી ને માનવીઓનાં હાડપિંજરો ખડકાવા લાગ્યાં; શેઠશાહુકારોનાં હીરા–મોતી ખજાને પડયાં. અનાજ તો એમનેય દુર્લભ થવા માંડયું.

ગુજરાત, કચ્છ ને સૌરાષ્ટ્ર, એના રાજાઓ જુદા જુદા પણ એની વસતી એક. દુકાળ–અકાળમાં ગુજરાત, કચ્છ, સૌરાષ્ટ્રનાં માનવી સિંધમાં ઊતરી જાય અને સિંધનાં બહોળાં પાણી ઉપર એ કપરા દિવસો કાપી નાંખે. પણ પીથલ સુમરાનું સિંધ અત્યારે બંધ હતું: ત્યાંયે તુરકાણોનાં ઘોડાં ફરતાં થયાં હતાં, ત્યાંય લડાઈઓ મંડાઈ ચૂકી હતી ને ગીજનીના બાદશાહો અને નગર સમૈના જામો જીવનમરણની કડાભીડમાં જડાયા હતા.

કડાંભીડ તો આખા દેશમાં જાણે થંભી ગઈ—જાણે કારમા દુકાળમાં એ થીજી ગઈ. એને બદલે ખલિફા અને બર્બરના સોદાગરો જીવતાં માનવીઓના સોદા કરવા નીકળ્યા. બાપ પોતાનાં છોકરાંને નિભાવવા છોકરાંની માનું વેચાણ કરતો, કે છોકરાંને વેચીને પોતાનો જીવ બચાવવા માગતો. જુવાન માણસો ઘરડાં માબાપોને છોડી દેવા લાગ્યા. જુવાન માબાપો નાનાં દીકરા–દીકરીઓને તજી દેવા માંડયાં. કોળિયો ધાન પણ ભારે મોંઘું થઈ પડયું!

હિમાલયની તળેટીથી તે ઠેઠ કૃષ્ણા નદીના કાંઠા સુધી આ ઘોર અકાલ છાઈ ગયો. પચાસ પચાસ વર્ષથી આ પથક અવિરત યુદ્ધમાં પડયો હતો. કામધંધા બધા ભુલાઈ ગયા હતા. ખેતી બધી ભુલાઈ ગઈ હતી. અનાજનો સંઘરો કોઈ કરતું નહિ. જુવાનમાત્ર સમજણો થાય કે તરત પોતાનું ગામ ને ખેતર છોડીને ફોજમાં ભરતી થવાને ચાલી નીકળતો. દેશમાં એકમાત્ર વ્યવસાય રહ્યો હતો સિપાહીગીરીનો.

આવતી કાલનો વિચાર જ કોઈએ કર્યો નહોતો, કોઈને થયો નહોતો. ભગવાનના રાજ્યમાં આવતીકાલ જેવું કાંઈ હોય તોય કોઈને દેખાતું ન હતું, સૂઝતું ન હતું. બસ, આજ લૂંટો—કોઈનું

ખેતર, કોઈનું ગામ, કોઈનું ધન, કોઈની ઘોડી, કોઈની કન્યા, કોઈની નાર ! સિપાહીગીરીમાં સિપાહીને તો હથેલીમાં ચાંદ દેખાતો હતો અને વસતીને ધોળે દિવસે તારા દેખાતા હતા ! આવતીકાલનો વિચાર કોણ કરે—જ્યાં ખુદ રાજાનાં ને સિપાહીનાં આજનાં ઠેકાણાં નહોતાં ત્યાં ?

એટલે અકાલનો પંજો જેવો પડ્યો કે પડતાંની સાથે એ આખા મુલકને જાણે પકડમાં લઈને ભીંસવા માંડ્યો. ગામોનાં ગામો ઉજ્જડ થયાં ને રસ્તાઓ ઉપર હાડપિંજરોના ગંજ ખડકાયા.

ત્યારે......ત્યારે......ત્યારે...એક દિવસ ગાધવી બંદરમાં લાખો વણઝારો આવ્યો. પણ એ લાખો વણઝારો કેવો ? સાંતલપુરના જામે લૂંટી લીધાથી કંગાલ બનીને મીણ વેચવા નીકળેલો લાખો નહિ; હવે તો વણઝારમાં ચાલવાને માટે એ અસલ જાતવંત ઘોડો રાખતો, ને તુરકાણી ઢબછબનાં પાયજામા ને બંડી પહેરતો. એ માથે સાફો બાંધતો ને સાફા ઉપર છોગું રાખતો. એની બંડીમાં સોનાનાં બટન શોભતાં ને બગલમાં એ ફાળિયે વીંટાળેલી તલવાર રાખતો ને કેડ ઉપર રજપૂતી ભેટ બાંધતો.

એને જોઈને કોઈ એને વણઝારો ના કહે; ક્યાંકનો ઠાકોર કે દરબાર જ માની લે !

જગડૂશા ગાંધવી બંદરમાં બે વરસથી વસતા હતા. વહાણોની દેખરેખ એ પોતે રાખતા. માલ માટે મોટી મોટી ખાણો એમણે બંધાવી હતી. એમાં એ માલ ભરતા હતા. બધું કામ એમની પોતાની દેખ-રેખ નીચે થતું હતું.

એક રીતે ગાંધવી બંદર ડુંગરો અને જંગલોને સામે પાર, રળિયામણી એવી વરતુ નદીને કાંઠે હતું, જ્યાં એકવાર ભગવાન શ્રી કૃષ્ણચંદ્રના પિતા વાસુદેવે મહાયજ્ઞ કર્યો હતો અને જ્યાં, લોકવાયકા પ્રમાણે, ભગવાન વાલ્મીકિના પૂર્વજીવન વાલિયા ભીલની–વાલા કાબાની જનમ ભોમકા આવી હોવાનું કહેવાય છે.

એવી વસ્તુને કાંઠે આવેલું ગાંધવીનું બંદર, એ કાળમાં, નજીકમાં નજીકની વસતીથી, ડુંગરો ને જંગલો ને સામે પાર, આશરે વીસ જોજન દૂર થાય.

ત્યાં એકવાર લાખો વણઝારો આવ્યો. એના પૂરા ભભકામાં આવીને એ શેઠને મળ્યો. એણે કહ્યું :

'શેઠ ! અત્યાર લગીની જિંદગીમાં જેટલું રળ્યા હશો, એટલું અત્યારે એક વરસમાં રળવાનો મોકો આવ્યો છે !'

'એમ કે ?'

'હા. લક્ષ્મી ચાંદલો કરવા આવી છે, એટલે હું આવ્યો છું તમારી સેવામાં.'

'ભલી કરી.'

'શેઠ, તમે તો મને યાદ ના કર્યો—ક્યાંથી કરો ? પણ આપણો નાતો જૂનો. તમારે શેઠ, પહેલાં મને ખટાવવો જોશે.'

'પણ વાત શી છે ?'

'અરે શેઠ, તમે જાણતા નથી ? ભારે અકાળ આવ્યો છે. બે વરસથી વરસાદ પડ્યો નથી. દેશમાં ક્યાંય અનાજનો કણ પાક્યો નથી.'

'ભારે ઉગ્ર અકાળ છે લાખા !'

'હા, શેઠ. વાત કરો મા, એવો કારમો અકાળ આવ્યો છે કે અત્યારે તો મા દીકરાને ખાય છે, દીકરો માને ખાય છે; બાપ છોકરાંને ખાય છે ! પેટવડિયે કામે કુળની કુલનાર તો શું, પણ રૂપરૂપના અંબાર જેવી રાજરાણી જોઈતી હોય તોય મળે છે !'

'ભગવાન પરમદેવસૂરિજીએ આજથી બે વર્ષ પહેલાં મને ભાવી ભાખ્યું હતું—ઘોરતમ કાળ આવે છે એવું ! શું, એવો કાળ આવી પહોંચ્યો ?'

'વાત કરો મા શેઠ! પરમદેવસૂરિએ ભાવી ભાખ્યું એ સાચું ભાખ્યું. ને શેઠ, સમો તો તમેય બરાબર સમજ્યા, હો!'

'હું સમો બરાબર સમજ્યો. એમ ને?'

'હા. ધંધો મારો વણઝારાનો રહ્યો ને શેઠ, એટલે કયો સોદાગર શું વહાણવટું ખેડે છે, એ તો મારે મારા ધંધા માટે જાણવું જ જોઈએ ને? કાને સાંભળ્યું ને એકબે વાર આવીને જાતે જોઈ પણ ગયો કે શેઠ જગડૂશા તો મલબારથી ને લંકાથી, જાવાથી ને ઈરાનથી અનાજ મંગાવે છે. કહે છે કે શેઠ, તમે તો ઠેઠ ખત્તાથી અનાજ વહોરી મંગાવ્યું છે ને કહે છે કે અહિહોલના વણિગાઓને તો તમારી ઊભી હૂંડી છે અનાજની; વિજયમાંથીયે અનાજ આવ્યું છે.'

'એવું છે ખરું લાખા!'

'આ મને એમ કે મૂડાના મૂડા અનાજ મંગાવીને જગડૂ શેઠ જેવો સોદાગર સોના, ચાંદી, મખમલ ને ઘોડાઓને બદલે આ ધૂળ જેવા ધાનમાં શું મોઢું નાંખે છે?'

'લાખા, ધાન હજીયે તને ધૂળ જેવું લાગે છે?'

'એ જ વાત કરું છું ને શેઠ! હું તો તમારી ચતુરાઈનાં કેટલાં વખાણ કરું! આ બીજો કોઈક કાચી છાતીનો સોદાગર હોય તો એ, કોઈ જતિ, સાધુ કે જોગીએ મેષ–વૃષભ–મિથુન ને ધન–મકર–કુંભનાં ચોકડાં પાડીને જોશ જોયા હોય એના ઉપર, પોતાની આખી સોદાગરીનું જોખમ ના ખેડે. તમારી છાતી ખરેખર, પાકી!'

'મારી છાતી તને કઠણ લાગી, લાખા?'

'હાસ્તો. ધાનને ખરીદી લાવવા કરતાં એને સંઘરવામાં ખરાજાત વધારે લાગે. એ કાંઈ પાકી છાતી વગર બને? બે બે વરસથી તમારાં સો સો વહાણો બીજું કાંઈ જ ના કરે, જે અનાજ આવે એ બધાનો બસ, સંઘરો જ કરે!...સાચું કહું તો, મને તો મનમાં હતું કે, આ વાણિયો બહુ ચઢ્યો છે તે મરવાનો થયો છે! હેઠો પડશે તો પીવા પાણીયે નહિ માગે! એ ગાંઠનાં ગોપીચંદન ગુમાશે ને ધાનની ધૂળ

થાશે તો એને ઉકરડે ફેંકી દેવાની મજૂરીયે માથે પડશે! પણ ના શેઠ, કાન પકડું, ગજબની છાતી તમારી! આવી છાતી મેં તો કોઈની ભાળી નથી! સોદાગર તો મેં મુલક મુલકના જોયા, પણ એમાંથી કોઈ તમારાં ખાસડાં ઉપાડવાનેય લાયક નહિ, હો!'

'કેમ આવડું બધું?'

'અરે, તમે બે વરસ સુધી પકડી રાખ્યું, તે આજ તો એનો એક એક કણ સોનાનો થઈ ગયો છે મારા શેઠ! બસ, હવે ખાણો ખોલો, વખારો ઉઘાડી નાંખો ને મને પોઠ ભરવાની રજા આપો, એટલી જ વાર. તમારી સાત ભવની તો શું, બહોંતેર પેઢીની ભાવઠ ભાંગશે; ને મારા જેવાનીય છેવટે આ ભવની તો ભાંગશે જ! હવે હું હંકારવા માંડું મારી વણઝાર ને તસે માંડો કાંટા ને એક મૂડા ધાનની સામે માંડો એક મૂડો સોનું જોખવા! શેઠ, જોજો તો ખરા, તમારી હવેલીયું નકરી સોનાની બની જશે!'

'લાખા! તું આવ્યો એ ભલું કર્યું. હવે બીજા વણઝારા-ઓનેય બોલાવ!'

'અરે શેઠ, ગાંડા થયા કાંઈ! વાણિયાને તે વળી વેપારની રીત વણઝારો શીખવતો હશે? હજી વરસ આખું કાપવાનું છે. જરા ખેંચી રાખો, ખેંચી રાખો, કમાવાની મોસમ હજી હવે જ આવે છે—તમારે ને મારે—મારે એમાં બીજા ભાગીદાર નથી જોઈતા: ભાગિયો એ તો અભાગિયો, કહેવાય!'

'લાખા, પણ મારે તો એક નહિ, પણ અનેક વણઝારો વહેતી કરવી છે, એનું કેમ?'

'પણ એનું કાંઈ કારણ, શેઠ? શું, આ અકાળ મહિના માસમાં ઊતરી જશે, એમ માનો છો તમે?'

'ના. પણ લાખા, મેં આ જીવનમાં પહેલો પગ માંડ્યો હતો ત્યારે જ મેં મારી સ્ત્રીને વચન આપ્યું છે: જેને ક્યાંય કશોય આશરો નહિ હોય એને જગડૂ આશરો આપશે. એટલે તો ભગવાન

શાસનદેવે મને સહારો આપ્યો. લાખા, હું તે કોણ માત્ર ? મારી હેસિયત પણ શી ? લાખા, જગડૂ તો નિમિત્તમાત્ર છે. આ એક માણસથી જીભ કચરાઈ ગઈ; અને એ માણસની કન્યા મને સતીની જેમ શ્રદ્ધાથી વળગી રહી...ભગવાન શાસનદેવે પોતાનું કાર્ય કરવાને મને તો માત્ર ભંડારી નીમ્યો જાણ ! લાખા, આ શું જગડૂની પેઢી છે ? અરે ગાંડા, આ તો એક મહાસતીની પેઢી છે, મહાસતીની !'

'હું ના સમજ્યો તમારું કહેવું, શેઠ !'

''જેને આશરો ન હોય એને આશરો આપે એ મારો કંથ'– મારી લક્ષ્મી એ વ્રત ઉપર તો મારા ઘરને પાવન કરી રહી છે. લાખા, હું કોણ ? હું તો ખાલી કાસદિયો છું, કાસદિયો—જમણા હાથે લઈને ડાબા હાથે દેનારો હું તો છું માત્ર ભંડારી ! ને શાસનદેવ મારી કસોટી કરે છે : 'ભરોસે સોંપેલી થાપણ એ પરત કરે છે કે નહિ ?' લાખા, આ ખાણો ઊઘડે છે આજે. એની વણઝારો વહેતી થશે. તારું મહેનતાણું તને મળતું રહેશે. તું તારે હવે પોઠો વહેતી કર.'

'ક્યાં ? કેમ ? કેવી રીતે ?'

'ચારે કોર, જ્યાં અનાજ નથી ત્યાં ! જેને જોઈએ એને ! ચારે કોર અનાજની રેલમછેલ કરી દે ! મારાં વહાણો હજી ચાલ્યાં જ આવે છે અનાજ લઈને, ને ચાલ્યાં આવતાં જ રહેવાનાં છે. તું તારે અનાજ વહેંચવા માંડ !'

'પણ દામ ? એનાં કંઈ દામ તો નક્કી કરશો ને, શેઠ !'

'દામ નહિ; એમ ને એમ. કોઈને હું દાન દેતો નથી, એટલે 'દાનમાં આપ' એમ હું કહેતો નથી. પણ જે ભૂખ્યાં હોય એ તમામને તું અનાજ આપજે ! વહેંચવા માંડ તારી શકિત હોય એટલી ઝડપે !'

'અરે શેઠ, આ તો કુબેરભંડારી પણ પહોંચે નહિ એવી વાત કરી ! આમાં તો તમારી પેઢી ને તમારી સોદાગરી બેય ગારદ થઈ જાય એમ છે ! આભ ફાટે ત્યાં થીંગડું દેવા જેવી વાત છે આ તો !'

'એ થીંગડું ક્યાં મારે કે તારે દેવું છે? હું તો મારા બાનનો ધણી લાખા! એની પત રાખવી કે ન રાખવી એ તો ભગવાનના હાથમાં છે. હું મારું કામ કરું, ભગવાન ભગવાનનું કામ કરશે!'

લાખાનું મન માન્યું તો નહિ, પણ બીજી રીતે અનાજ મળે એમ ન હતું. અને પછી તો ભદ્રાવતીથી ને ગાધવથી પોઠો ભરી ભરીને અનાજ રવાના થવા માંડયું.

ગુજરાતના રાજા વીસલદેવને ખબર પડી ને એણે વસતીમાં વહેંચવાને અનાજ મંગાવ્યું. દિલ્હીના સુરત્રાણને ખબર પડી ને એણે પણ હાથ લાંબો કર્યો. ને આંહીં તો શાહ હોય, ફકીર હોય, રાજા હોય, રંક હોય—કોઈનેય ના તો હતી જ નહિ.

અલકમલકથી વહાણો આવતાં જ ગયાં. પોઠો દૂર દૂર, નીચે છેક કૃષ્ણાને કાંઠે પાણી પીવા માંડી, ઉપર છેક ગંગાનાં નીરમાં પગ પખાળી રહી. કોઈનેય ના નહિ! કોઈનાયે ઉપર ઉપકાર કરવાનો દાવો નહિ! કોઈનેય દાન આપવાનું અભિમાન નહિ!

ધરતી માતાએ પેદા કરેલું ધાન ધરતીના સંતાનોની ભૂખનો હુતાશન શમાવવાને અખંડ પ્રવાહે ચાલ્યું......ચાલ્યું......ઉત્તરમાં છેક ગંગા કાંઠા સુધી, દખ્ખણમાં છેક કૃષ્ણાના કાંઠા સુધી......'

× × ×

'લક્ષ્મી!' એક દિવસ જગડૂશાએ પોતાની પત્નીને કહ્યું: 'તારું મન તો કચવાતું નથી ને?'

'એ મને પૂછો છો, નાથ?'

'આ બધું તારું છે ને તારા લેખે જાય છે. આપણા ઘરવાસનો આ કોલ છે.'

'મને આ ગમે છે મારા નાથ! મારા મનનેય ગમે છે. હજારો માણસોના જીવ લેનારા શાહો તો આ જગતમાં કંઈક થઈ ગયા છે, અને થશે; પણ હજારોને જિવાડનાર તો મારો જગતશાહ એક જ!'

'લક્ષ્મી, એક વાત કહું તને?'

'કહો !'

'જો, સાંભળ. આ બધું જ્યારે પૂરું થશે ને, ત્યારે આપણે કદાચ રસ્તાનાં રખડતાં ભિખારીઓ પણ થઈ જઈએ ! ઈરાન અને મસ્કત, જાવા અને બરાસ×, ખત્તા અને બોના, વિજય,* અહિહોલ અને લંકા—બધે જ સ્થળે મારાં સાધન અને સામગ્રી, મારી દોલત અને સંપત્તિ, મારી શાખ અને આબરૂ કેવળ આ એક જ કામ માટે વપરાય છે. સિવાય અનાજ અત્યારે બીજી કોઈ ખરીદી થતી નથી. આપણું કોઈ વહાણ બીજા કોઈ કામમાં રોકાતું નથી. આ બધું પૂરું થશે ત્યારે...ત્યારે...આપણે કદાચ કાંઈ જ નહિ હોઈએ !'

'તો એમાં શી ફકર છે ? આ બધું એક વાર હેમખેમ પૂરું થાય, પછી બીજી મનીષાયે શી છે ? ભોગ ભોગવવામાં આપણે ક્યાં મણા રાખી છે ? કુબેર ભંડારીને ભોગવવા નહિ મળ્યું હોય એટલું મેં ને તમે ભોગવ્યું છે ! હીરા અને મોતીથી તો આપણાં સંતાનો પાંચીકે રમ્યાં છે ! નવલખ અંબર એક વાર પહેરીને બીજી વાર આપણે વાપર્યું નથી. આપણે આંગણેથી કોઈ ભૂખ્યો–દુખ્યો પાછો ગયો નથી. ભગવાને આપણી પત રાખવામાં મણા રાખી નથી. મારા નાથ ! ને આ એક પત પાર ઉતારે...પછી કદાચ ભિખારી થવું પડે તોય શું ? ભગવાનને શું એક જગડૂની ફિકર છે ? લાખોની ફિકર ભળાવવા તો એણે આપણને આટલું આપ્યું. એના મહાકાર્યમાં આપણો આટલો ઉપયોગ થયો એ શું ઓછો છે ? મને જરાય રંજ નથી.'

જગડૂને એની પત્નીનો સાથ હતો, એનાં સંતાનોનો સાથ હતો. એને રાતદિવસ બીજૂં કાંઈ કામ ન હતું, બીજી કોઈ ચિન્તા નહોતી.

× જાવા પાસે એક બેટ છે. ત્યાં કપૂર અને અનાજ ખૂબ થાય છે. ત્યાંથી આપણા દેશમાં અનાદિકાળથી કપૂર આવતું એટલે આજ પણ ત્યાંથી આવતા કપૂરને આપણે બરાસકપૂર કે કપૂરબરાસના નામથી ઓળખીએ છીએ.

* આજે સિયામ અને ફ્રેન્ચહિન્દી ચીન કહેવાય છે તે પ્રદેશનું નામ વિજય હતું અને ત્યાં દક્ષિણના પાંડ્યોનું રાજ્ય હતું.

અનાજ આવે અને જરૂરવાળાને એ ઝટ પહોંચતું થાય એટલી જ એની ચિંતા હતી. અનાજને ચારેકોર પહોંચાડવાનું કામ લાખાનું હતું. એ અનાજને સંઘરવા–સાચવવાનું કામ ખીમલીનું હતું.

ઉપરાઉપરનો આ ત્રીજો અકાળ...કારતક ગયો, માગશર ગયો, પોષ ગયો, મહા, ફાગણ ને ચૈત્ર પણ ગયા. હવે માણસ આભ સામે મીટ માંડી બેઠો : હવે તો વાદળાં બંધાવાં જ જોઈએ. હવે...હવે...હવે... ઓતરાદો વાયરો શરૂ થયો !...વાયરો શરૂ થયો !...વાયરો પણ કેવો ? અંગને અડે તો ખાલ ઉતારે એવો ગરમ ! માણસ ખ્યાલ ન રાખે તો એને ટક્કર મારે એવો...એ વાયરાથી બે બે વર્ષના સુક્કા પ્રદેશ ઉપર ધૂળનું એ મહાવાદળ છાયું...આકાશ ધૂંધળું દેખાય, ક્યારેક ચાર ચાર દિવસ લગી સૂરજ ન દેખાય એવી ડમરી જામી જાય.

× × ×

'શેઠ !' એક દિવસ ખીમલી આવ્યો ને ભારે હૈયે ઊભો રહ્યો. એની આંખમાં આંસુની ધાર હતી.

'કેમ, ખીમલી ! શું છે ?'

ખીમલીએ બોલવા પ્રયત્ન કર્યો, પણ એની જીભ ન ઊપડી.

'શું છે ?'

'શેઠ !...શેઠ !...ધરમીને ઘેર ધાડ !...શું કહું, શેઠ ?......'

'ભાઈ, વાત તો કર ! ખબર તો પડે !'

'દરિયો ખળભળી ઊઠયો છે શેઠ !...ને...ખબર આવ્યા છે...કે...'

'બોલ ને ભાઈ, આપણાં વહાણ ડૂબ્યાં, એમ જ ને ?'

'એટલું હોય તો તો હું કહેવા ન આવું શેઠ ! આ તો એના-થીય વિશેષ છે.'

'શું ?'

'તોફાનમાં...એક વહાણ ડૂબ્યું...ને એમાં મહેતા કામ આવી ગયા !'

મહેતા એટલે જમાઈ; જગડૂશાની જુવાન વયની પુત્રીનો પતિ !

'તેં આ વાત બીજા કોઈ ને કહી છે ?'

'ના શેઠ !'

'તો હવે કોઈને કરીશ ના. જા, લક્ષ્મીને બોલાવ !'

સમાચાર સાંભળીને લક્ષ્મી સ્તબ્ધ થઈ ગઈ.

'જો, સાંભળ ! કોઈ અફસોસ અત્યારે કરવાનો નથી !' જગડૂએ કહ્યું : 'કોઈ શોક કે પાથરણાં અત્યારે કરવાનાં નથી. તને ખબર છે ને લક્ષ્મી, આપણે આજે ભગવાનના નામે એક જગન માંડીને બેઠાં છીએ ! એ જગનમાં ભગવાને આપણો આ ભોગ માગ્યો હશે. પણ આપણું કામ ચાલુ રહેવું ઘટે. હવે આદર્યું અધૂરું ના રહે !'

'શેઠ !...શેઠ !...શું કરું ?'

'કાંઈ નહિ. વાણિયાનો દીકરો ભૂખ્યા માનવીને પહોંચાડવાના અનાજના વહાણ ઉપર ન ડૂબે તો બીજે ક્યાં ડૂબે ? આપણા માટે એવાં વીરમોત ક્યાંથી ? લક્ષ્મી !...'

'કાળજું કઠણ રાખીશ, મારા નાથ ! આપણી પત ભગવાનને હાથ છે. આજે તો આખો મુલક દુ:ખી છે. પણ આપણી યશબા હજી નાની છે !...બસ નાથ ! એટલો જ કલેશ મનમાં રહી જાય છે !'

ત્રણ ત્રણ વરસની મેઘરાજાની આટલી નિર્દયતા અને આટલો કોપ ...ને એ કોપનો સામનો એક સોદાગર કરે ?...જાણે મેઘરાજાના મહાપિતા દરિયાનો રોષ જાગ્યો : 'મારી દયા ઉપર એની સોદાગરી, મારી દયા ઉપર એની સંપત્તિ, મારી દયા ઉપર એની આબરૂ ! ને પ્રજાનો નાશ કરવાના—આ નિર્માલ્ય, અંદરઅંદર ઝઘડતી, અંદર-અંદર રક્તપાતમાં રાચતી પ્રજાનો નાશ કરવાના—મારા દૈવી નિર્ધારમાં વળી એક સોદાગર અંતરાય નાંખે ?...ને...ને...ને...એનાં વહાણો મારી છાતી ઉપરથી ચાલ્યાં જાય, એ હું જોઈ રહું ?'

વૈશાખ માસમાં દરિયાએ માઝા મૂકી. એના ગાજૂસ ઊઠીને ધરતી ઉપર ઘૂમી વળ્યા, ને એનાં મોજાંઓ કાંઠા ઉપર ધસી ધસીને કંઠારનો નાશ કરવા લાગ્યાં.

ત્યાં સમાચાર આવ્યા : 'શેઠ, અનાજનાં અઢાર વહાણો આવ્યાં છે...પણ...પણ...બંદરમાં આવીને એ નાંગરી શકતાં નથી !'

## ૧૯. .... .... .... .... પંદરની પાળ

**ગાધવી** બંદર...જગડૂશા શેઠની સોદાગરીનું બંદર ગાધવી; ચાવડા સંઘારે એને ચાંદલામાં આપેલું.

ભદ્રેશ્વર–ભદ્રાવતીમાં બંદર ખરું, પણ ભદ્રાવતીના કર્ણધાર જગડૂશા ને એમની સોદાગરી વિશાળ. ભદ્રેશ્વરનું બંદર નાનું, ને વળી સાત શેરડાના મારગ ઉપર વસવાટના નગર તરીકે એની વરણી થઈ ત્યારે તો કચ્છના જામો કનડગત ન કરે અને પાણીની સગવડ મળી રહે, એવી જગ્યા તરીકે થઈ હતી; ત્યારે ત્યાં આખા દરિયાલાલને આવરી લેતી સોદાગરી ઊતરશે, એનો તો કોઈ ને ખ્યાલ પણ ન હતો.

એટલે ભદ્રાવતીના શેષ સોદાગરો ત્યાં એમની સોદાગરી કરતા ને એમનાં વહાણોના નેજાઓ દરિયાલાલનાં ચોરાસી બંદરોમાં ફરકતા.

જગડૂશાનું કામકાજ ગાધવીમાં. એમની સોદાગરીમાં આખી સંઘાર જાત સમાઈ ગઈ હતી. ને સંઘાર જાતનને બીજો હુન્નરઉદ્યોગ નહિ, બીજી કોઈ ફાવ નહિ, ને કોઈની વહાર પણ નહિ, એટલે ગાધવી બંદર જગડૂશાનું. અને એમની તમામ સોદાગરી ત્યાં.

અકાળના વરસોમાં અનાજ માટે જગડૂશાનો વાસ પણ ત્યાં જ.

એક દિવસ શેઠ જગડૂશા દરિયાકાંઠે ગયા. એમની સાથે લાખો વણઝારો, ખીમલી, સંઘારોનો સંઘપતિ ચાવડો સંઘાર પણ હતા— સંઘારોનો સંઘપતિ હોય એ ચાવડો સંઘાર કહેવાય. જગડૂશાનો જૂનો દુશ્મન ને દોસ્ત ચાવડો સંઘાર તો માંડુગઢના દરવાજામાં વીરમોતે

મૂઓ હતો. અત્યારે એનો ભાઈ મોવર ચાવડો સંધાર હતો.

દરિયાકાંઠે એમણે ભયંકર દશ્ય જોયું : વરતુ નદી તો ત્રણ ત્રણ કારમા અકાળ અને વરસાદ વિહોણા કાળમાં સાવ સુકાઈ ગઈ હતી. એમાં માત્ર રેતી અને ધૂળ ઊડતી હતી.

નદીનું મુખ સુકાઈ ગયું હતું એટલે દરિયો જાણે દૂર ગયો હતો. કાંઠો દરિયામાં ખસી ગયો હતો, ને વળાંક લઈને આવતો હતો. જ્યાં એ વળાંક લેતો હતો, ત્યાં સંધારોનું મૂળગામ હિંગળાજ* હતું. હિંગળાજના પાદરમાં એક ઊંચી ટેકરી હતી. છેક કાંઠી સુધી એમાં ઢાળવાળો રસ્તો હતો. રસ્તો કરવામાં જ્યાં ખાંચ કે મોટાં કોતર આવતાં ત્યાં સપાટ ઓટા જેવું બાંધ્યું હતું. આવા સાત ઓટા હતા.

સાધારણ રીતે દરિયો પોતે આંહીંથી દૂર હતો. માત્ર વરતુ નદીનું પહોળું મુખ જ હિંગળાજ અને ગાધવીની વચ્ચેથી સરકતું.

પરંતુ દરિયાલાલે જ્યારે રુદ્રરૂપ ધારણ કર્યું, ત્યારે જૂની ભૂગોળ જાણે સાવેસાવ ભૂંસાઈ ગઈ.

દરિયાનાં ભયાનક મોજાંઓના લોઢ ઉપર લોઢ, જાણે ધરતી આખીને પાયમાલ કરવી હોય, પ્રલયનાં પાણીની રેલ વહાવવી હોય એમ, ઘર ઘર જેવડા ઊછળતા હતા. હિંગળાજનો વાસ આખો દરિયા નીચે આવી ગયો હતો. માત્ર ટેકરી ઉપરનું સંધારોની કુળદેવી હિંગળાજ માતાનું પુરાણું મંદિર દેખાતું હતું. ટેકરી ઉપર, મંદિરના ઓટલા ઉપર, પાણીના લોઢ ઉપર લોઢ આવીને પછડાતા હતા, અને કાળી ચૌદશની રાતે જોગણીઓ કરતાલી લઈને રાસ રમતી હોય એમ ગર્જના કરતા હતા.

દરિયાનાં મોજાં એકબીજાં સાથે અફળાતાં ને એમાંથી ધોળાં ફીણો ઊછળતાં ને એના છાંટા દૂર દૂર સુધી, જાણે વરસાદ પડતો હોય એમ, વેરાતા હતા. કાંઠાની અંદર એક એક કોસ સુધી, જાણે અનરાધાર વરસાદ વરસ્યો હોય એમ, પાણીની નીકો અને વહેળાઓ

* આજે એ મિયાણીને નામે ઓળખાય છે.

આ કારમાં મોજાંઓથી વહેતાં હતાં.

અને આવા દરિયા ઉપર ઉત્તરનો પવન એકધારો વહેતો હતો, અને ઊંચે ઊછળતાં મોજાંઓને આડી થપાટ ઉપર થપાટ મારતો હતો. ક્યારેક એ ઊંચે ઊછળતાં મોજાંની દિશા ફેરવી નાંખતો ત્યારે બે–ચાર મોટાં મોજાં એકસામટાં અથડાઈ પડતાં અને જાણે આભ ફાટયું હોય, ધરતી ફાટી હોય કે હાથિયો ગાજતો હોય એવા અવાજો થતા હતા. ત્યારે આભમાં, જાણે હવામહેલ ચણવો હોય એમ, પાણીના ઊંચા ઊંચા થાંભલાઓ રચાતા હતા.

આખા દરિયા ઉપર મોજાંનો પછડાટ થતો ને એમાંથી છાંટાઓ ઊડતા. એ છાંટા ઉપર સૂર્યનાં કિરણો, જાણે જગતભરના હીરા, માણેક ને પાનાંની મશ્કરી કરતાં હોય એમ, લાલ–સફેદ–લીલા–પીળા રંગની ઝળકતી કણીઓ હવામાં વેરતા હતા. ત્યારે દરિયો જાણે આકાશમાં ચડતો લાગતો ને આભ જાણે દરિયામાં ડૂબવાને આવતું લાગતું.

મોજાંઓ ફરી ફરીને ×હિંગળાજ માતાના મંદિર સાથે અફળાતાં હતાં. ધરતી ને આભ હાલકડોલક થતાં હતાં.

અને એ બધા ઉપર, ધરતીના પેટાળમાંથી વડવાનલ વહી જતો હોય એમ, પવન ગાજતો વહી જતો હતો. આમાં ભયાનક અચરજની વાત આટલી હતી: સામાન્ય રીતે પવન દરિયા ઉપરથી ધરતી ઉપર આવે; આજે આ આખાયે અકાળમાં× પવન ધરતી ઉપરથી દરિયામાં જતો હતો! પરિણામે જાણે દરિયાના લોઢ ને પવનના લોઢ સામસામા ટક્કર લેતા હતા.

દૂર દૂર દરિયાની સીમમાં જગડૂશાનાં અઢાર વહાણો દેખાતાં હતાં. કોઈ બાળક પોતાના હાથમાં ધનતેરશનું ધમધમિયું ઘુમાવતો હોય, એમ એ વહાણો ઘડીમાં જાણે આભમાં ચડતાં, ઘડીમાં જાણે દરિયામાં ગારદ થતાં લગતાં.

આ કારમો દરિયો, આ સામો અને તૂફાની વાવડો, એમાં

× આજે હર્ષદમાતાને નામે ઓળખાય છે.

કોઈ વહાણુ કાંઠે આવે કેમ કરી ? પાછળ ભૂખ્યાં માનવીઓ અનાજની રાહ જોતાં હતાં, ને આગળ દરિયો વિકરાળ તાંડવ કરતો હતો !

આ અઢારે વહાણુ ડૂબી જવાનાં...ડૂબી જવાનાં !...શેઠની નજર સામે, એની લાંબી સોદાગરીમાં, એનું એક પણુ વહાણુ ડૂબ્યું નહોતું; પણુ આજ તો નક્કી અઢારે અઢાર ડૂબવાનાં !

ને...ને...હજારો મણુ અનાજ !...હજારોની જીવાદોરી !... ખાણુભંડારો ખલાસ થયા હતા એટલે હવે તો આ વહાણો ઉપર જ મીટ મંડાઈ હતી—શેઠની, વણુઝારાની અને મુલક આખાની.

અને દરિયો પણુ બસ આ સમે જ આવો નમેરો બન્યો હતો. જે દરિયાલાલે આજ સુધી એના બાનાની પત રાખી હતી, હવે એ જ દરિયાલાલે એનો જમાઈ જેવો જમાઈ લઈ લીધો ! એની બાળ પુત્રીને વૈધવ્ય આપ્યું !...ને એ બધા ઉપર બે બે વરસ જળવાયેલું એનું પત જાણે ડુબાવવા માડયું !...દરિયાલાલ તો દોણુલા દેવ : રીઝે તો દીકરા દે, ખીજે તો બધુંય લઈ લે !

અને...અને...સામા પવનમાં કોઈ ચીસ સંભળાય તો નહિ, છતાં આજે કાનમાં એવો ભણુકાર ઊઠયો...ને...એક વહાણુ શેઠની આંખ સામે જ જાણે વેરવિખેરે થઈ ગયું.

ને દરિયો જાણે આ ઉન્માદથી રાજી થયો હોય એમ, એના લોઢ જાણે ચાર આંગળ વધુ ઊંચે ચડયા.

જગડૂ શેઠ જોઈ રહ્યા : આંહીં કોઈ કારી ફાવે એમ ન હતું. સાગરને હવે સંહારની ભૂખ જ લાગી હતી. એ ભૂખને પોષ્યા સિવાય એ જંપવાનો જ ન હતો !

અને ત્યાં તો, જાણે દૂરથી કોઈ નટનો તમાશો જોતા હોય એમ, બીજું વહાણુ પણુ એક મોજાના થાંભલા ઉપર આભમાં ચડયું, અધ્ધર ઊંધું વળ્યું ને નીચે પડતાં પડતાં તો મોજાંના મારથી ફાટીને વેરણુછેરણુ થઈ ગયું !

અત્યાર સુધી ચૂપ રહેલો ચાવડો સંઘાર ધીમેથી બોલ્યો : ‘ શેઠ ! ’

‘ ચાવડા ! તમે તો હજારહજાર વરસના દરિયાના રંગી અને

દરિયાના સાથી. આવું તમે ક્યારેય જોયું હતું ?'

'હા. ક્યારેક જન્મારામાં એકાદ વાર તો આવું દરિયાનું ગાંડપણ સંઘાર જુએ જ છે.'

'તો આ વહાણો હવે નહિ બચે ?'

'ના, એકેય નહીં બચે !'

'પણ એમાં અનાજ છે. મુલકની એ જીવાદોરી છે. મારું પત છે. મારી પરણેતરનો કોલ છે.'

'તોય નહિ બચે !'

'એવડો મોટો મારા ઉપર કોપ ?'

'શેઠ, તમે તો માનો કે ન માનો, પણ હું અમારા લોકોની એક વાત કરું તમને.'

'આ વહાણો ઊગરે ને અનાજ કાંઠે સલામત ઊતરે એવી કોઈ વાત છે ?

'વાત છે તો એવી જ, પણ એને માનવી–ન માનવી એ તમારી મતિ અને મરજીની વાત છે !'

'બોલો. જુઓ...એ...આ ત્રીજું વહાણ પણ ઝડપાયું !'

'વાત એવી છે શેઠ, અમને તો એ અમારા જોગીઓએ અને બાવાઓએ કહી છે કે જ્યારે કૃષ્ણ ભગવાન સોમનાથમાં ભણતા હતા, ત્યારે એમના ગુરુના પુત્રને દરિયો લઈ ગયો. એમનો અભ્યાસ પૂરો થયો ત્યારે એમનાં ગુરુપત્નીએ દક્ષિણા માગી કે મારા પુત્રને દરિયો લઈ ગયો છે તે એને પાછો લાવી આપો ! ત્યારે કૃષ્ણ ભગવાને અમારી કુળદેવી હિંગળાજ માતાની મદદ માગી. માતાજીએ મદદ આપવાની હા તો પાડી, પણ એક વચન લીધું કે મને પાંચપચાસ વરસે જો ભૂખ લાગે તો મારો ભોગ હું લઉં, એમાં તમારે વચવાં ન આવવું ! કૃષ્ણ ભગવાન તો વિષ્ણુના અવતાર, ને વિષ્ણુ ભગવાનનું કામ તો જગત આખાને પોષવાનું, છતાં એમની પાસે માજીએ આવું વચન માગ્યું.'

'પછી ?'

'પછી માજીની સાથે કૃષ્ણ ભગવાન દરિયે ગયા. અને માજીએ એમના ગુરુનો દીકરો દરિયા પાસેથી પાછો અપાવી દીધો. ત્યારથી પાંચ-પચાસ-સો વરસે, જ્યારે પણ ગાધવીને કાંઠે દરિયાનો આવો કોપ થાય છે ત્યારે, અમે સંઘારો તો એમ જ માનીએ કે માજી ભોગ માગે છે. અમારો તો અઘોર પંથ ને શેઠ! ને અઘોરપંથીને હિંગળાજ માને ભોગ આપવો પડે. બહુ ભોગ લેવાનો ચડી જાય ત્યારે માજીનો કોપ આ રીતે ભભૂકે. અમે માજીને ભોગ આપીએ એટલે એ શાંત થાય.'

'તો તમે એમ માનો છો કે આ માજીનો કોપ છે?'

'હા. અમારા સહુ સંઘાર એમ માને છે શેઠ! એટલે તો જુઓ ને આ સીમમાં વહાણો ડૂબતાં દેખાય છે, તોય કાંઠેથી કોઈ સંઘાર એની સખાતે જતો નથી. નહિતર સંઘારનો દીકરો વળી દરિયાનાં તોફાનથી ડરે ખરો? ભલેને પછી પ્રલેકાળનો દરિયો હોય!... અરે...શેઠ...આ ચોથું વહાણ પણ...ગયું!...ગયું!...ગયું!'

'તો હિંગળાજ માને ભોગ અપાય કેવી રીતે?'

'અમારામાં રિવાજ તો એવો છે કે આમ તો જે ચાવડો સંઘાર હોય એ માજીના મંદિરમાં જાય, ઘીનો દીવો કરીને સામે ઊભો રહે ને માજી એને પોતાની વાત કહે.'

'તો તમે...'

'શેઠ, હું જઉં તો ખરો, પણ માજી મને કહેશે નહિ.'

'કેમ?'

'એ તો ગામધણીને કહે ને આ ગામના-બંદરના ધણી તો તમે છો. બાકી આપ કહો તો હું જઉં, એની ના નહિ!'

'તો હું જ જઈશ. મારી સાથે મંદિર સુધી તો ચાલશો ને?'

'જી.'

જગડૂશા હિંગળાજ માતાના મંદિરમાં ગયા. સંઘારમાત્રને ખબર પડી કે શેઠ માજીને પૂછવા જાય છે; એટલે જેમનાં ઘરો દરિયાથી વેરવિખર થયાં હતાં, એમની જમાત મંદિર આગળ એકઠી થઈ.

પૂજારી આવ્યો. એણે ઘીનો દીવો કર્યો, માની આરતી કરી. અને પછી જગડૂને મંદિરમાં એકલો મૂકીને બારણાં વાસીને એ બહાર નીકળી ગયો. એ જેવો બહાર નીકળ્યો કે એક ઊંચા મોજાના લોઢે એને ઉંબરમાંથી જ ઉપાડી લીધો !

લગભગ અરધા પ્રહર પછી જગડૂશા મંદિરમાંથી બહાર આવ્યા. એમનું મોઢું ગંભીર હતું.

'પૂજારીજી ક્યાં ?' શેઠે પૂછ્યું.

'એમને તો માજીએ ઉપાડી લીધા. એમને લેવા તો માજી છેક દરવાજા સુધી પધારેલાં !'

થોડીવાર તો જાણે કાંઈ જ ન સમજાયું. પછી જગડૂશાએ કહ્યું : 'ચાવડા સંઘાર ! કોણ જાણે, પણ મારા હૈયારામાં જાણે ભણકારા ઊઠ્યા. જાણે માજીએ મને મારા મનમાં પેસીને કહ્યું : 'મને આંહીં ઊંચે ગમતું નથી; મને નીચે ઉતાર !' મેં કહ્યું : 'ઉતારું માજી, તળેટીમાં સોનાનું મંદિર બંધાવું !' માજી મને કહે : 'ગાંડિયા ! હવે તારી પાસે વાલ જેટલુંય સોનું ક્યાં છે ?' મેં કહ્યું : 'માજી ! મારા પિતાજીને આપત્તિની આગાહી થઈ હતી. એમણે પોતાની માલમિલકત ગાળીને એની સોનાની પાટો કરીને ભીણમાં દાટી છે. આઠસો પાટ હજુ મારી અકબંધ પડી છે.'

'તું મંદિર બંધાવે તો જરૂર નીચે ઊતરું ! પણ એમ ને એમ ન ઊતરું. નીચે ઊતરવાના સાત ઓટા છે. એક એક ઓટે મને એક એક માણસનો ભોગ આપ !'

'શેઠ, આ તો માજીએ પોતે આપની સાથે વાત કરી ! આપ તો ખરેખર, ધન્ય થઈ ગયા ! હવે માજીના ભોગની તૈયાર કરો !'

'નરબલિ ?...માણસનો ભોગ ?...હું આપું ? મારાથી આપી શકાશે ?...'

'શેઠ, સંઘારો ઉપર તમારો અહેસાન છે. સાત સંઘારો માજીને

ખોળે બેસવાને તમને મળી જશે. એમાં પહેલો હું !'

'ના...ના...'

'તો મુલકમાંથી કોઈ નહીં મળે ? હજારો–લાખો માણસોમાંથી શેઠ, તમારી પત રાખવાને, સાત જણ નહિ મળે ?'

'ના, સાંભળો : આ વહાણો કાંઠે આવે ને એ અનાજ ઊતરે તો જ મારી પત રહે; આ વહાણો કાંઠે ન આવે તો મારી પત ન રહે. તો મારું જીવ્યું વૃથા છે. સંઘાર ! અમે ઘરના જ સાતેસાત ભોગમાં હોમાઈ જઈશું ! મારાં પાંચ પુત્રી–પુત્રો, છઠ્ઠી મારી પત્ની ને સાતમો હું !...જાઓ, ભોગની તૈયારી કરો !...'

અને જ્યાં એક એક ઓટે એક એકને ઊભા રાખીને જગડૂ માતાજીના મંદિર પાસે ગયો ત્યાં તો મંદિરનાં બારણાં આપમેળે ઊઘડી ગયાં. અને કરાલકાલી હિંગળાજ માતા મંદિરની બહાર નીકળ્યાં.

પહેલે ઓટે એમની સૌથી મોટી પુત્રી ઊભી હતી.

'રાજી છો કે નારાજ છો ?' માજીએ એને પૂછ્યું.

'રાજી છું મા !'

માતાજીએ માથે હાથ મૂકચો. પુત્રી શબવત ઓટા ઉપર ઢળી !

બીજે ઓટે એ જ સવાલ; એ જ જવાબ; એ જ હાથ; એ જ શબ !

ત્રીજો, ચોથો અને પાંચમો ઓટો પણ એમ જ વધાવ્યો !

છઠ્ઠે ઓટે માજીએ લક્ષ્મી ઉપર હાથ મૂકચો.

અને માજી સાતમા ઓટા ઉપર આવીને ઊભાં.

જગડૂ સામે વંદના કરીને ઊભો રહ્યો.

'સાતમો ભોગ મારો માજી !'

'રાજી છો ?'

'રાજી છું !'

'પણ પછી તારી પત રહી કે નહિ, એ તું નહિ જોઈ શકે, હો !'

'જોનારાં આપ પોતે હાજરમાન બેઠાં છો ને !'

'આ અકાળ ઊતરશે, મેઘરાજા વરસશે, ધરતી પાછી લીલાલહેર કરશે ! શાહો તો ધરતીએ કંઈક જોયા છે, પણ જગતના શાહ તરીકે તો એ તને જ અભિનંદશે; પણ એ જોવાને તું હયાત નહીં હો !'

'આપનું વચન છે મા, કે એવું થશે, પછી હું જોઉં કે ન જોઉં, બધું સરખું છે. ધરતી લીલાલહેર કરે એટલે બસ !'

એકાએક માનું રૂપ બદલાઈ ગયું : એનું કરાલ કાળ સ્વરૂપ જાણે શમી ગયું; પ્રસન્ન રૂપ આવીને સામે ઊભું !

એ પ્રસન્ન રૂપધારી મા પ્રસન્ન વદને બોલ્યાં :

'વત્સ ! નારીમાત્ર શક્તિનો અવતાર છે. તારી નારીને આપેલું વચન પાળવાને તેં જે કાંઈ કર્યું એથી હું તારા ઉપર પ્રસન્ન થઈ છું. આજથી આંહીં મારું સંઘાર રૂપ નહિ હોય; મારું કેવળ પ્રસન્ન રૂપ જ રહેશે ને હર્ષિદા તરીકે જ ઓળખાશે. તારો પુત્રપરિવાર તો જો આ આવે છે ! જો, આ તારો જમાઈ પણ આવે છે ! જો, આ દરિયો હવે શાંત થયો છે ! જો, આ તારાં અઢારે વહાણો હેમખેમ ચાલ્યાં આવે છે ! અને જો, વત્સ ! આભના નમેરા થયેલા મેઘ પણ વરસવા લાગ્યા. વત્સ, તારું કલ્યાણ હો ! વત્સ, હવે મારી પાસેથી તું કાંઈક વરદાન માગી લે ! હું તારા ઉપર પ્રસન્ન છું !'

'હું શું માગું, મા ! માગવું હતું તે તો આપે વગર માગ્યે આપી દીધું. હવે તો મા ! એક જ વિનંતિ : **'सर्वे जनाः सुखिनो भवन्तु !'**

'વત્સ ! માણસમાત્રને કર્મબંધન છે ને સહુ ગત જન્મ કે આ જન્મનાં પોતાનાં કર્મથી સુખી કે દુઃખી થાય છે. પરંતુ એક આશિષ તને–તારી નારીપૂજાને–આપું છું : આજથી આ આખાયે પથકમાં–જ્યાં જ્યાં તારું અનાજ પહોંચ્યું છે ત્યાં ત્યાં–પંદરની પાળ બંધાશે ! સંવતની પરંપરામાં કોઈ પણ સૈકાના [illegible] વરસમાં દુકાળ પડશે નહીં !'

જગડૂશા અ[illegible]સો એ આશિષ [illegible] ઝીલ[illegible]ાં !

# જગડુશાહ

ગુણવંતરાય
આચાર્ય

શ્રી જીવન-મણિ સદ્‌વાચનમાળા ટ્રસ્ટ
અમદાવાદ